આઠમની રાત

આંતરભારતીય પુસ્તકમાળા

આઠમની રાત

ગુરદયાલસિંહ

અનુવાદક

ચંદ્રકાન્ત શેઠ

નેશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા

ISBN : 81-237-1177-8

1994 (શક 1916)

Original Title In Punjabi : ADH CHANDNI RAAT

Gujarati Title : AATHAMNI RAAT

રૂ. 26.00

પ્રકાશક : નિયામક, નેશનલ બુક ટ્રસ્ટ, ઇંડિયા

એ - 5, ગ્રીનપાર્ક, નવી દિલ્હી - 110016

ભૂમિકા

આગગાડી વેગથી જતી હતી, ડબ્બામાં પ્રસિધ્ધ ઇતિહાસકાર ડૉ.ગંડાસિંહ તથા સ્વર્ગસ્થ ડૉ.વાસુદેવશરણ અગ્રવાલની વચ્ચે બેઠેલો એવો હું 'પંજાબીમાં પાલી તથા પ્રાકૃત સંસ્કૃતિ' વિષે જે ચર્ચા થતી હતી તે સાંભળતો હતો. "મને તો મારું નામ ગંડાસિંહ જ એ સમયમાં પહોંચાડવાને પૂરતું છે."

એ દિવસોમાં ડૉ. અગ્રવાલ 'અષ્ટ અધ્યાયી'માં પાણિની કાલીન ભારતીય જીવનનું સંશોધન કરવામાં રચ્યાપચ્યા હતા. "મારા અધ્યયનની સંપૂર્ણતાના માર્ગમાં કેટલીક સમસ્યાઓ અંતરાયરૂપ છે, જેનો ઉકેલ હું હજી સુધી કરી શકયો નથી, કારણ કે મારું પંજાબ વિષેનું જ્ઞાન બહુ અધૂરું છે. સમય મળતાં આપની સાથે આખા પંજાબની યાત્રા કરવાનો છું."

થોડીવાર પંજાબનાં શુદ્ધ ગ્રામીણ નામો વિષે વાતચીત ચાલી. અમે અમારા ગામના લોકોનાં કંઇ પ્રાકૃત પાલીની અસરવાળાં નામો બતાવ્યાં. વ્યકિતઓનાં નામ પરથી પંજાબનાં ગામો તથા ઇલાકાનાં નામો તરફ વાતચીતે વળાંક લીધો, જે સ્વાભાવિક હતું, અને જયારે લેખકના મુખમાંથી બીજાં નામોની સાથે સાથે માઝે–માળવાના શબ્દો નીકળ્યા, તો ડૉ. અગ્રવાલની ગંભીરતામાં ભંગાણ પડયું. એમણે એકાએક પ્રશ્નોની ભરમાર શરૂ કરી.

"શું કહ્યું તમે ? માળવા ?"

"કયું માળવા ? "

"પંજાબમાં પણ કોઇ માળવા છે ?"

"કયાં છે એ માળવા?"

જયારે એમને જણાવ્યું, કે ફિરોજપુર, ફરીદકોટ, ભાટિંડા, સંગરૂર,પટિયાલા, તથા લુધિયાનાનો પ્રદેશ માળવામાં છે એમ મનાય છે, ત્યારે એ એટલા રાજી થઇ ગયા, કે એમની બેઠક પરથી જાણે ઊછળી પડયા. લાગતું હતું કે એમની એક મૂંઝવણ દૂર થઇ ગઇ છે. 'પંજાબના માળવાની ભૂગોળ, પાણિનીની ભૂગોળ સાથે બિલકુલ મળતી આવે છે.' પહેલાં એમને એક જ માળવાની ખબર હતી જે મધ્યપ્રદેશમાં છે. એમણે એને પાણિનીની ભૂગોળમાં ગોઠવવાના જેટલા પ્રયત્નો કર્યા, તે બધા નિર્મૂળ ગયા હતા. પણ એ દિવસે સંજોગવશાત એવું બન્યું, કે એમને કશો પણ પ્રયત્ન કર્યા વિના સફળતા મળી ગઇ.

પંજાબનું આ માળવા કે જેની શોધમાં સ્વર્ગસ્થ ડૉ.વાસુદેવશરણ અગ્રવાલ જેવા પ્રકાંડ વિદ્વાન લાગી રહયા હતા. અને એની ભાળ લાગતાં અત્યંત પ્રફુલ્લિત બની ગયા હતા. તે થોડા દશકા પહેલાં અત્યંત દુર્ગમ પ્રદેશ હતો. એની જમીન મોટેભાગે રેતાળ હતી. ખાડા ટેકરાવાળી હતી, અને પાણીનો અભાવ હોવાથી ઓછી ઉપજાઉ હતી. કયાંક કયાંક કોઇ વેરાન ટુકડામાં વાવેતર કર્યું હોય એવું દેખાતું હતું. અને મોટે ભાગે માઇલો સુધી જમીન વગડા જેવી હતી. ગામની બહાર કુદરતી જંગલ હતું. કીકર–પલાશ, જન્ડ–કરીલ, તથા પીલુ ફરવાંહ ઇત્યાદિ એ પ્રદેશનાં વૃક્ષોને કારણે ત્યાં જવાનું મુશ્કેલ બની ગયું હતું. માળવાનું પાણી ખારું હતું, મીઠું પાણી બહુ થોડા પ્રમાણમાં મળતું હતું. અનેક ગામોનાં તળાવોમાં જયાં મીઠું પાણી ભરી રાખવામાં આવતું, તેમાંથી ગામનાં ઢોર પાણી પીતાં. ગામડાઓનાં મોટાભાગના આપસી ઝઘડા જલસ્રોતોના પાણીને અંગે જ થતા. ગામડાં બહુ દૂર દૂર હતાં, તો પણ મોટાં મોટાં હતા. જીવન નિભાવવા નિર્ભય પ્રકૃતિની જોડે કઠોર સંગ્રામ કરવો પડતો હતો. સરકારી શાસનનો દોર અહીં ઢીલો હોવાને કારણે, સામાન્ય માણસમાં, શાસનથી મુકત રહેવાની પ્રવૃત્તિ વિકસિત થઇ ગઇ હતી. લોકોનાં શરીર, સુદઢ, મજબૂત હતાં તથા પ્રેમ અને વેરની ભાવનાથી એમનાં દિલ છલોછલ ભરેલાં રહેતાં હતાં. સ્વમાન તથા પ્રતિષ્ઠાના રક્ષણ માટે જીવ હથેળીમાં લઇને લડવું એ એમને માટે મોંઘો સોદો મનાતો નહોતો. વીરગતિને પારિવારિક તથા સામાજિક સ્વીકૃતિ મળી હતી. મેળાઓમાં અને ઉત્સવોમાં વીરગાથાઓ ઉત્સાહથી ગવાતી, અને અત્યંત લોકપ્રિય બની હતી. ખૂનનો બદલો ખૂનથી લેવાનું શૂરવીરનું લક્ષણ ગણાતું હતું. કહેવાને તો હિન્દુ, મુસલમાન, તથા શીખ એમ ત્રણે ધર્મોના લોકો એ પ્રદેશમાં હતા, પણ વાસ્તવિકતા તો એ હતી, કે જીવન પંરપરાનુસાર, લોકજીવન અનુસાર જીવાતું હતું. ગુગ્ગા(સાપ)ના મોટા મોટા મેળા ભરાતા, સમાધિ, તથા કબરની પૂજા થતી, તથા માણસોના રોગો જાદુમંત્રોથી મટાડાતા. દરેક ગામ પોતાની રીતે એક સંપૂર્ણ એકમ હતું. પોતાની સુસજ્જિત ઐતિહાસિક પૃષ્ટભૂમિ, સમાન માન્યતાઓ તથા એકરૂપ સામાજિક સંગઠનને લીધે, એક સુગઠિત, સામાજિક તથા સાંસ્કૃતિક વ્યવસ્થાની એ ભૂમિ દષ્ટાંતરૂપ બની હતી. તેમાં ભિન્ન ભિન્ન વ્યવસાયોમાં મજૂરી કરતા શ્રમિકો, કારીગરો, નાના દુકાનદારો, નીચી ગણાતી કોમો તથા સ્ત્રીઓનું પોત પોતાનું નિશ્ચિત સ્થાન હતું.

આ સીમાબદ્ધ દુર્ગમ, પણ રોમાંચક માળવા આજ સુધી કોઇ પણ પંજાબી લેખકની રચનામાં દષ્ટિએ પડતું નહોતું. જો કે, એ પ્રદેશમાં જો વધારે પાછળ ન જઇએ તો મોગલકાળ, અને એનાથી પણ નજદીકના ભૂતકાળમાં બહુ મોટી તથા ઐતિહાસિક મહત્ત્વની ઘટનાઓ બનતી રહી છે. પરંતુ નવા માળવાના જીવનમાં છેલ્લા ચાર પાંચ દશકાઓમાં પંજાબની ખેતીવાડી બાગબગીચા, તથા રાજકારણમાં ખૂબ પ્રશસ્ય એવી પ્રગતિ થઇ છે, તેને અનેક નવલકથાકારોએ નિરૂપવા પ્રયત્ન કર્યો છે, જેમાં બલવંત

ગાર્ગી, જશવંતસિંહ કેવલ, રામસ્વરૂપ અણખી, ઓમપ્રકાશ ગાસો, તથા યુવાન લેખક કર્મજીત કુસ્સા વગેરેનો સમાવેશ થાય છે, પણ ગુરદયાલસિંહ જેમની નવલકથા *આધ ચાંદની રાત* જેને ભારતીય સાહિત્ય અકાદમી, દિલ્હીએ સન 1975માં પુરસ્કાર આપ્યો છે, તે માળવાના લખકોમાં એની કેટલીક વિશિષ્ટતા તથા વિલક્ષણતાને કારણે વાચકો તથા વિવેચકોની વિશેષ ધ્યાનપાત્ર બની છે. એમણે પોતાની નવલકથાઓમાં કોઇ પણ રાજકીય દળના ઢોલ પીટવાનો પ્રયત્ન કર્યો નથી, પણ પોતાના વાચકોની સહાનુભૂતિ પ્રગતિવાદનો દાવો કરનારાઓની જેમ હમેશાં, દલિતો, નિર્ધનો, તથા નિર્બળોની સાથે સાંકળી છે. પાત્ર, ઘટના અથવા દશ્યને એમની રચનાના દર્પણમાં છે તેવાં જ પ્રતિબિંબિત કરવાનો એમને બહુ શોખ છે, અને પ્રત્યક્ષ રીતે એ ઉદ્દેશ્યવાદી લેખક ન લાગે, છતાં પણ એમની રચના ઉદ્દેશ્યહીન તો નથી જ. એ પ્રચારક નથી, પણ એમને વ્યક્તિ તથા સમાજની સામે લટકતાં પ્રશ્ન–ચિહ્નોમાં કેટલાકનું સારું એવું જ્ઞાન છે. *આધ ચાંદની રાત*ના વાંચનને પરિણામે મારા મનમાં આવા અનેક પ્રશ્નો ઉદ્ભવે છે.

માળવાની કાયાપલટ જે રીતે થઇ છે. એની ત્યાંના નિવાસીઓની મનોવૃત્તિ પર, તથા ગામના ભિન્ન ભિન્ન વર્ગોના પરસ્પરસંબંધો પર કેવી અસર પડી છે ? ભૌતિક પરિવર્તનની તીવ્ર ગતિવાળા ચલચિત્રની પૃષ્ટભૂમિમાં કેટલી વિચારધારક તથા સાંસ્કૃતિક રૂઢિ પડી રહેતી હોય છે ? પરંપરા કે રૂઢિગત મર્યાદાના શરીર પર આધુનિકતાની તલવારના તેજીલા સખત પ્રહાર કેટલો ઊંડો ઘા કરી શકે છે, અને કેવી કેવી પ્રતિક્રિયાઓ જન્માવે છે ? બહુ થોડા સમયમાં થયેલી વધારે પડતી ભૌતિક ઉન્નતિ એક ગામ, અરે એક જ કુટુંબના જુદી જુદી વયના સભ્યોનાં મૂલ્યોમાં કેવા પ્રકારની મુશ્કેલીઓ ઊભી કરે છે ? કોઇ પણ સ્થાપિત અર્થવ્યવસ્થાને વ્યક્તિગત શૂરાતન કેટલી હાનિ પહોંચાડે છે ? લેખકે આ રીતે, આ બધા પ્રશ્નોના ઉત્તરો અત્યંત કુશળતાથી નવલકથામાં આપ્યા છે. આ કારણે આ નવલકથાનું સામાજિક મહત્ત્વ અત્યધિક છે. પણ જેમ આગળ કહેવામાં આવ્યું છે તેમ ગુરદયાલસિંહ પોતાના મત કે ઉદ્દેશને હથેળીમાં રાખીને ફરતા નથી.

એમના કલાકૌશલની સફળતાનું અનુમાન એ બાબતથી થઇ શકે છે કે દરેક પ્રકારના પ્રેમપારાયણ વગર, રૂપાળી અને માનિની એવી માળવાની સ્ત્રી અને રોમાંચક શૈલીથી બિલકુલ વંચિત એવી આ નવલકથામાં લેખક એવું આકર્ષણ ઉત્પન્ન કરવામાં સફળ બન્યા છે કે વાચકનો એકવાર એને શરૂ કર્યા પછી એક બેઠકે પૂરી કર્યા વિના છૂટકો થતો નથી. કથાનક અત્યંત સરળ છે. ગામના બધાથી વધારેમાં વધારે જમીન તથા સૌથી મોટા પક્કા મકાનના માલિક નંબરદાર ઘણાની મોદન પોતાના બાપ પાલાસિંહના મરણનો બદલો લેવા માટે કતલ કરે છે, જેને માટે એને જનમટીપની સજા ભોગવવી પડે છે. મોદન છૂટીને ગામમાં આવે છે, તો એને બધું જ બદલાયેલું બદલાયેલું લાગે છે. જૂના માળવાએ નવા વાઘા પહેર્યા છે. એનો પોતાનો સગો ભાઇ,

સજ્જન એની ગેરહાજરીમાં ઘણાના છોકરાઓની સમૃદ્ધિમાંથી લાભ ઉઠાવવાની લાલચે એ લોકોનો ખુશામતિયો થઇ બેઠો છે. મોદન ગામના બદલાયલા વાતાવરણ જોડે મેળ ન ખવડાવી શકવાને કારણે ગામથી દૂરના ખેતરમાં બાંધેલા ઘરમાં રહેવાને જાય છે. ખેતીના કામમાં લાગી જાય છે અને એક બાળકની મા જે વિધવા છે, તેની જોડે ઘર માંડે છે, અને સુખી સંસાર ચલાવવાનો આડંબર રાખવાનો પ્રયત્ન કરે છે. પણ નિયતિ કોઇ બીજી જ ચાલ ચાલે છે. એની પત્ની દાનીને પ્રસુતિ કરાવવાને બહાને એના સાસુસસરા એને મોદનને ત્યાંથી લઇ જાય છે, અને પૈસાના લોભમાં કોઇને વેચી દે છે. આ તરફ મોદનને કાંઇ વાતનું ખુન્નસ ચઢતાં જમીનદાર ઘણાની હવેલી પર હલ્લો કરે છે, પણ હવેલીમાંથી એનો સગો ભાઇ સજ્જન બહાર આવે છે, અને એને જખ્મી કરે છે, અને થોડા સમય પછી એનું મૃત્યુ થાય છે. આમ એ સ્પષ્ટ છે કે કથામાં ખાસ કશા પ્રકારની વિલક્ષતા નથી, સિવાય કે એમાં માળવાના જીવનનાં કેટલાંક પાસાંઓ કુશળતાથી રજૂ કરવાનું કૌશલ છે. ગુરદયાલસિંહ એવી કુશળતાની સંભાવ્યતાનો લાભ ઉઠાવવામાં ઉસ્તાદ છે. નવલકથાનું એકપણ પાત્ર, ભલે એ થોડી ક્ષણો પૂરતું જ નવલકથામાં આવતું હોય, અને એનો ફક્ત ઉલ્લેખ જ હોય, તો પણ એના વિલક્ષણ વ્યક્તિત્વની છાપ મૂકી જાય છે. નવા માળવાના લોકોની પાસે મેડ ચોતરા પર બેસીને ગામની પંચાત કરવાની ફુરસદ બહુ થોડી હોય છે. પણ ગુરદયાલસિંહ, કથાની કડીઓને જોડવા એના આગલા વળાંકને નિશ્ચિત કરવા, પાત્રોના નિરૂપણમાં એકવાર વધારે રંદો મારવા, ચોતરાની સૃષ્ટિનો આશ્રય લે છે, અને પોતાનો જે અધિકાર, એ એ પ્રસંગે વાતચીતની ભાષા પર સ્થાપિત કરે છે, તેમાં પંજાબનો કોઇ પણ નવલકથાકાર તેમને પહોંચી નહિ શકે. કોઇ પણ અનુવાદ એ ભાષાની આ શક્તિને આંબી નહિ શકે.

ગ્રામીણ શબ્દાવલિ ભલે સમૃદ્ધ ન હોય, પણ ગ્રામીણ વ્યક્તિ, પ્રાણથી ધબકતાં બિંબ ઘડીને. શાબ્દિક ચિત્ર બનાવીને, અથવા શાબ્દિક મૂર્તિઓ કંડારીને, તથા પુરાણ, લોકકથા અથવા ઇતિહાસની ગાથાઓને યોગ્ય સ્થાન પર જડીને પોતાની વાણીને સજીવ, તીખી, પ્રભાવશાળી, અને રોચક બનાવે છે. ગુરદયાલસિંહને ગ્રામીણ લોકોની આ ટેવની ખબર છે, એથી એ બોલીની બાબતમાં દરેક પાત્રની ખાસિયતનું દર્શન કરાવે છે, પણ લેખક *આધ ચાંદની રાત*માં મોટા માણસોની ખાસિયત દર્શાવવા તૈયાર થતા નથી. નિમ્ન કોટિના માણસોની ખાસિયત દર્શાવવાનું જ પસંદ કરે છે. ગામમાં બધા કરતાં પૈસાદાર, એશઆરામપૂર્ણ જીવન ગાળતા નંબરદાર ઘણાં, જે નવલકથામાં ગામના નાના જટ્ટોની તુલનામાં ઉચ્ચવર્ગના જમીનદારનો પ્રતિનિધિ છે, મોદનના ઘાતક પ્રહારથી મરતાં પૂર્વે, એકવાર પણ આપણી સામે આવતો નથી. એના છોકરાઓ પણ વર્ગવિરોધને કારણે મોદનના ઘાતક પ્રહારનું નિશાન બને છે, અને બચી જાય છે, પણ તે પણ પરિચિત વ્યક્તિઓનું રૂપ ધારણ કરીને, આપણી સામે મંચ પર થોડીવાર પણ આવતા નથી. એમનાં ઘર કેવાં છે, તેની આપણને કશી ખબર પડતી

નથી. કારણકે ગુરદયાલસિંહ એમની વ્યથા દર્શાવવા નથી ઇચ્છતા. પણ નિમ્નશ્રેણિના, ગરીબગુરબાંના વર્ગમાં એકએકને છૂટાં પાડીને દરેકનું ચિત્ર, દરેકનાં ઘરબાર, દરેકની બોલી ખૂબ ઝીણવટથી તથા વાસ્તવિકતાના સ્તર પર રજૂ કરે છે. મને શ્રદ્ધા છે, કે ગ્રામીણ માળવાની ભાષાની ફોટોગ્રાફિક રજૂઆત જ અંતતઃ ગુરદયાલસિંહ નવલકથાકારને ચિરકાલીન ઉપહાર પ્રદાન કરશે.

ભારતીય સાહિત્ય અકાદમી, નવી દિલ્હી દ્વારા જ્યારે ગુરદયાલસિંહની નવલકથાની કલાને રાષ્ટ્રીય રંગભૂમિ પર માન્યતા મળી, ત્યારે નવલકથાકારની વય ફક્ત બેતાળીસ વર્ષની હતું. એ બેંતાળીસ વર્ષ એમણે પોતાની જાતને ભણાવવામાં પોતાને હાથે સુથારીકામ કરવાથી માંડીને પ્રાથમિક શાળાના શિક્ષક, અને તે પછી કૉલેજના પ્રાધ્યાપક થવા સુધીની યાત્રા પૂરી કરવામાં તથા પોતાના કુટુંબમાંથી ભૂખ અને અભાવના રાક્ષસને હાંકી કાઢવામાં વિતાવ્યાં હતાં. હવે એમના સારા દિવસો આવ્યા છે, પણ એમની શીલતા, તથા સાધનામાં કશો ફરક પડ્યો નથી. એથી મને આશા છે, કે એ જલદી નવલકથાલેખનના ક્ષેત્રમાં અર્ધચંદ્રના સ્થાન પર પૂર્ણચંદ્રની જેમ પ્રકાશિત થશે.

પ્રીતમસિંહ

અરવિંદ, લોઅરમાલ
પટિયાલા
10-11-1983

''ક્યાં જવું છે સિંહને ?''

''બસ, અહીં...''

''અહીં, ક્યાં ?''

''અહીં, આગળના ગામ સુધી...''

પાછળનો માણસ થોડું હસ્યો. આગળ ચાલતા માણસે ગુસ્સો ન કર્યો, પાછળ ફરીને જોયું પણ નહીં.

''હવે તો ગાડી આવવાના વખતે ખૂબ અંધારું થઇ જાય છે. આ વખતે કોઇને દૂર જવાનું હોય તો કેટલું મુશ્કેલ પડે ? ઠંડીના માર્યા અત્યારથી જ ભૂંડા હાલ થઇ રહ્યા છે.''

પાછળવાળો માણસ મનોમન બોલતો ચાલી આવતો હતો. પછી અચાનક સંભ્રમપૂર્વક એણે આગળના પુરૂષને પૂછ્યું, ''તું ઘૂરકોટનો નઘાનો તો નહીં ને ?''

''ના.''

આવો ઉદ્ધત અને શુષ્ક જવાબ પાછળના માણસને ડંખી ગયો. તે એકદમ મૂંગો થઇ ગયો અને આગળવાળાનાં ખાસડાંનો ખડિપ્ ખડિપ્ અવાજ સાંભળતો, જરા વધારે પાછળ પડીને ચાલવા લાગ્યો. એને કંઇક શંશય પણ ગઇ ગયો કે આગળવાળો કદાચ સારો માણસ નથી.

''ભાઇ, સિંહ, મારે તો બસ આ ગામ સુધી જવાનું છે અને તારે જો ક્યાંક દૂર જવાનું હોય તો તું પણ જરૂર અહીં રહી જા પરોઢિયે ચાલ્યો જજે, હં ?''

''બસ, મહેરબાની.''

અવાજમાં પહેલાં જેવું જ લૂખાપણું જોઇને પાછળવાળા માણસનો શક ઓર વધી ગયો. પરંતુ એણે બેપરવાહીથી એક 'શબ્દ' (પદ) ગાવું શરૂ કરી દીધું અને ધીરે ધીરે બંનેની વચ્ચેનું અંતર વધવા લાગ્યું.

''ભીડિયાં સુણોંદિયાં ગલિયાં, જિત્થોં દી જમ લૈ કે જાણગે–બઇ લૈ કે જાણગે....''[1] તે ઊંચા સાદે ગાવા લાગ્યો.

આગળ જતાં નહેર આવી. ત્યાંથી અલગ પડતી કેડી પર વળતાં પાછળવાળા માણસે જોરથી સાદ પાડ્યો. પરંતુ આ વખતે એના અવાજમાં ટાઢાશ સાથે થોડો વ્યંગ પણ હતો. ''પાછો આવ ભાઇ, અહીં રહી જા. અત્યારે અડધી રાત્રે ક્યાં ઠોકરો ખાતો જઇશ ?''

---

1. જે શેરીમાંથી યમદૂત લઇને જાય છે તે સાંભળ્યું છે કે બહુ સાંકડી છે.

આગળનો માણસ ચુપચાપ ચાલતો રહ્યો. કોણ જાણે શાથી એને પેલા માણસના પાગલપણા પર ગુસ્સો આવવા લાગ્યો હતો. પરંતુ પાછો એને ગુસ્સો વિચિત્ર લાગવા માંડ્યો. પોતે કેટલો બદલાઇ ગયો છે એ અંગનો ખ્યાલ એના મનમાં એટલો ઉત્કટ થઇ ગયો હતો કે જેલના દરવાજામાંથી નીકળ્યા પછી ડગલેને પગલે એને એ મનમાં આવ્યા કરતો હતો. ટિકિટ–માસ્તર પાસે ટિકિટ માગતી વખતે, ડબ્બામાં ચઢતી અને બેસતી વખતે એજ રીતે બધું ચિત્રવિચિત્ર લાગી રહ્યું હતું. તે દરેક માણસને એ રીતે જોતો કે જાણે પેલો શંકાની નજરથી એની તરફ તાકી રહ્યો ન હોય. એને પોતાના શરીરને અનેકની નજરો ભોંકાતી હોય એવો ભાસ થતો હતો. એને પોતાની નજર પણ પેલા 'જંગલીઓ' જેવી જણાતી હતી. જ્યારથી ગાડીમાં ચઢ્યો ત્યારથી તે સાંજ સુધી એણે કોઇની સાથે વાત જ કરી નહોતી, ને આમ છતાં કોણ જાણે શાથી એને એમ લાગ્યા કરતું હતું કે પોતે લોકોની સાથે વાતચીત કરવાની રીતભાત જ ભૂલી ગયેલ છે.

માનાની તળાવડી પાસે પહોંચીને એણે મોઢા પરથી કામળો દૂર કર્યો અને નજર ઊંચી કરી ડાબી બાજુ, તળાવડી તરફ જોયું. એ બાજુ ઊભેલાં વૃક્ષોમાંથી હવે માત્ર એક જ તરબૈણી (એક વૃક્ષ) રહી ગઇ હતી. ઊંચા ટેકરા હવે ક્યાંય નજરે ચઢતા નહોતા. બધી ખાડાટેકરાવાળી જમીન લોકોએ હથેલી જેવી સપાટ કરી દીધી હતી. પરંતુ આ વાતનો ખ્યાલ આવ્યા પછી પણ બધી ધરતી ઘણી અજાણી લાગી રહી હતી. તે એકદમ રોકાયો અને પળવાર માટે તે પાછો ફરીને જોવા લાગ્યો. મંડીની વીજળીની રોશની તથા સ્ટેશનવાળી મોટી બત્તી જોતાં એને હાશ થઇ કે પોતે બરોબર રસ્તેથી જ જઇ રહ્યો છે. વળી પાછું એણે તરબૈણી તરફ જોયું. લીમડો પહેલાં કરતાં ઘટાદારને મોટો થઇ ગયો હતો, પરંતુ વડ અને પીપળો હજુ પણ પહેલાંના જેવા જ દેખાતા હતા.

આગળ ચાલ્યો તો માથાને જાણે એક ઝાટકા જેવું લાગ્યું. એને લાગ્યું કે જાણે વિચારશક્તિ મૂળમાંથી હચમચી ગઇ છે, નહીંતર આવી શંકા પડવાનો બીજો આશય શો હોઇ શકે ? સત્તર અઢાર વરસ તે આ રસ્તેથી જ આવતો જતો હતો–અનાજ વેચવા, હટાણું કરવા કોરટકચેરીના ધક્કા ખાવા, ને ઘરનાં બીજાં કામકાજ માટે. આ રસ્તો એનાથી ભલા, કેવી રીતે ભૂલી શકાય ? ભારે હાસ્યાપદ અને વિચિત્ર વાત છે.

'વાહ, ભાઇ !' માથું હલાવીને એણે જાણે પોતાના મનને ઠપકાવ્યું અને આગળ ચાલવા માંડ્યું.

અંધારું વધુ ગાઢું થયું હતું. ચોથનો ચંદ્રમા પૂંઠ પાછળ હતો. અને ધૂસર ચાંદનીમાં રાતની ઠંડી ધૂળ પર આગળ વધતી એની ચાંદની જેની ધૂસર છાયા ભૂત જેવી લાગી રહી હતી. એક વાર તો એમજ એનું ધ્યાન પોતાની છાયા તરફ ગયું. પછી કોણ જાણે કેમ પણ તે સ્વયં જ એક અજાણ્યા વહેણમાં તણાતો ગયો.

સૌથી વધુ તો એને પોતાની નજીકની કોટડીમાં રહેનારા ઘુદ્દા ટુંડાની યાદ આવી ગઇ. સવારે દાતણ કરવાના વખતથી તે હસવાનું શરૂ કરતો અને અડધી રાત

સુધી હસાવતો જ રહેતો. હસતાં હસતાં પાંસળીઓ દુખવા લાગતી. પોતે પણ હમેશાં પ્રફુલ્લ રહેતો હતો. મજાક સિવાય એને કોઇ વાત સૂઝતી જ નહોતી. કેટલી ધમાલ મચાવતો હતો ! અડધી દાઢી સફેદ થઇ ગઇ હતી, પરંતુ બાળકોની જેમ બીજાઓને પણ ઇત્તીકિત્તી (સકરભિજ્જી) (એક રમત) રમાડવામાં સામેલ કરી દેતો હતો. તે એનાથી એક વરસ પહેલા જેલમાં આવ્યો હતો, અને હજુ કદાચ બે વરસ બીજાં એને કાઢવાનાં હતાં. તે જનમટીપની સજા ભોગવતો હતો.

''જો,'' જ્યારે પણ ઘરની વાત છેડવામાં આવતી ત્યારે ટુંડો પોતાની વિનોદી અદાથી માથું હલાવીને કહેતો, ''આપણે તો દાદીને ઘેર આવ્યા છીએ. નથી કમાવાની ફિકર, નથી કોઇ છોકરાના કુરતા–પાયજામા કે બૂટજોડાની ચિંતા. જોઇ લે, જમાઇઓની જેમ રહીએ છીએ. ઘેર રહેતા તો માટીની સાથે માટી બનીને, ધાંધલિયા બનીને રહેતા. પોષ–મહાની રાતોમાં પાણી મેલતાં એવો તો દમ નીકળી જતો ! અહીં તો અંગ્રેજ બનીને ફરીએ છીએ. વખતસર ખાઓ, વખતસર ઊઠો, વખતસર સૂઓ, વખતસર કામ કરો – માસણને બીજું શું જોઇએ ? –કપાસિયા ? તો પછી શા માટે ચિંતા કરવી ? તૂટલીફૂટલી ઘરવાળી હતી, તે આપણા અહીં આવ્યા પછી અમારા છોટુએ સંભાળી લીધી. ગામનો એક માણસ મને આ વાત ત્રીજા મહિને જ આવીને જણાવી ગયો હતો. પછી છોટુ શરમનો માર્યો છ મહિના તો મુલાકાત કરવાને જ નહીં આવ્યો. મેં સંદેશો મોકલ્યો, કે ઘેલા ભાઇ, હું તો ઊલટો ખુશ છું કે ઘરની ઇજ્જત ઘરમાં જ રહેવાની છે તે જાણી. અગર લોકોની વાડ–વંડી ઠેકતી ફરતી તો આપણી કંઇ ઇજ્જત રહેતી ?... ત્યારથી પછી ભાઇ મુલાકાત માટે આવજા કરવા લાગ્યો. હવે તો મૂઇ પોતે પણ આવી જાય છે... પહેલી બીજી વાર આવી હતી ત્યારે માથે લીલા અને ગુલાબી રેશમની વેલબુટ્ટા ભરેલું ઓઢણું ઓઢેલું હતું અને નવી વહુની જેમ દોઢ હાથનો ઘૂમટો કાઢીને ઊભી રહી. હું કંઇ કમ હતો ? મેં કહ્યું : ''અલી, હવે જેઠને પગે તો પડ...'' તે હસી પડી. હવે તો ભગવાનની દયાથી બે રતન જેવા દીકરા છે અને તેઓ ત્યાં મોજ કરે છે, અને આપણે અહીંયાં મોજ ઉડાવીએ છીએ.. બસ, ગાડી ચાલ્યા કરે છે. તે મહેલ પણ ખરો અને આ મહેલ પણ આપણો.''

''કેવા કેવા માણસો આ દુનિયામાં પડ્યા છે !'' એણે વિચાર્યું અને એ સાથે જ એનું મન ઉદાસ થઇ ગયું. કોઇ કારણ સમજમાં નહીં આવ્યું. બસ, એવું લાગ્યું કે જાણે જેલના દોસ્તોને છોડવાનું દુઃખ થઇ રહ્યું હોય. ટુંડાએ જ્યારે હસતાં હસતાં કહ્યું કે 'વાહે ગુરુ, તને ફરીથી દાદીને ઘેર લાવે. ભઇ, અમસ્તો ગુસ્સો ન કરી બેસતો; અહીંના જેવી મોજ સાચે જ ક્યાં મળે છે ?', એ વખતે મનમાં જેલના બધા સાથીદારો માટેની મમતા ઓર વધી ગઇ હતી. એક વાર તો ડૂસકાં દબાવીને રોવા જેવુંયે થઇ ગયું હતું.

પોતાની આ હાલત એને ઘણી વિચિત્ર લાગી. કોઇ માણસ ઘેર પાછો ફરતો હોય ત્યારે પણ શું ઉદાસ હોઇ શકે છે ? બજારમાંથી ઘર તરફ પાછા ફરતી વખતે

એનો બળદ પણ આખા રસ્તે મસ્તીમાં ચાલતો હતો. ગમે તેટલો ભલેને થાક્યો હોય, ગમે તેટલો ભલેને ભૂખ્યો હોય, પરંતુ બીજા બળદોને તો તે આગળ નીકળી જવા દેતો નહોતો. જ્યાં કોઇ પુલ અથવા રસ્તાનો ઢાળ આવી જતો ત્યાં ઘોડાની જેમ તે સડસડાટ દોડવા લાગતો, રાશ પણ સંભાળવા દેતો નહોતો.

એણે ફરી એકવાર ઊંચી નજર કરીને જોયું. ઘિંગડ ગામ નજીક આવી ગયું હતું. બહાર નાગા બાવાઓના અડ્ડાની આસપાસ ઊગેલાં સીસમ, લીમડા અને બાવળનાં ઊંચા વૃક્ષોનું દૃશ્ય ઘણું વિચિત્ર લાગી રહ્યું. ગામનાં ભસતાં કૂતરાં, ક્યાંક ક્યાંક દીવા–ફાનસની રોશની, અને એક મકાનની કાચી મેડીની આગળ સળગતા અગ્નિની જ્વાળાઓ આ બધુંયે કંઇક અજબગજબ જેવું, નાનપણમાં વાર્તાઓ સાંભળતી વખતે કલ્પનામાં કોઇ ગામનું જેવું દૃશ્ય આવે બિલકુલ એવું દેખાતું હતું.

રસ્તો સીધો ગામની વચ્ચેથી પસાર થતો હતો. બહારની બાજુએથી જતાં મોટું ચક્કર પડતું હતું. બધા લોકો ગામની વચ્ચેથી જ નીકળતા હતા; માત્ર બળદગાડાં જ બહારના રસ્તે થઇને જતાં હતાં. જોકે એ તો બહારના રસ્તે જ ચાલવા માંડ્યો. ગામ હજી બે ખેતરવા જ દૂર હતું ને એણે મોઢાને કામળાથી ઢાંકી દીધું. ચાલતાં ચાલતાં પણ એણે કંઇક ડરથી કેટલીય વાર એ રીતે પાછળ જોયું કે જાણે એને કોઇ પોતાનો પીછો કરી રહ્યું છે એવી શંકા ન હોય !

આ ગામના લગભગ એક કોશ આગળથી જ એના ગામનાં ખેતર શરૂ થઇ જતાં હતાં. જ્યારે એનું ગામ થોડું દૂર રહ્યું ત્યારે તો એની ઉદાસી એક વખત તો જાણે બિલકુલ ગાયબ થઇ ગઇ. એવું લાગવા માંડ્યું કે જાણે કોઇ પગ તળે મુઠ્ઠીઓ ભરીભરીને હળવી ઠંડીમાં સૂકી–ભરભરી માટી વેરી રહ્યું હોય – એના ખેતરની માટી !.... માટી પણ કેવી ચીજ છે ? કહે છે કે માણસ પણ માટીનો બનેલો છે; માટીમાં જ મળી જાય છે. કદાચ એટલા માટે માટી સાથે એની આટલી મમતા હોય છે....

મન મહોરી ઊઠ્યું. સામે નાળાના પાળા માટી કાઢવાને કારણે વધારે ઊંચા દેખાતા હતા – નાની નાની ટેકરીઓ જેવા. પરંતુ ત્યાં જે બાવળનાં વૃક્ષ હતાં, એમાંથી કોઇ પણ હવે દેખાતું નહોતું. દૂર ઝંડાના ખેતર પાસે એક મૃતપ્રાય બોરડી જ બચી હતી. ઝાડપાન વિનાના ઉઘાડા પાળા વધારે વિચિત્ર દેખાતા હતા, પરંતુ નાળું એજ હતું; જેની સાથે એનો બાળપણથી લઇને હજુ સુધી ઊંડો સંબંધ રહ્યો હતો.

ડાબી બાજુથી એક ટિટોડી ટિક ટિક કરતી નીકળી અને નાળાવાળી એકલ બોરડીની તરફ ઊડતી અંધારાની ચુપકીદીને કાચના પ્યાલાની જેમ ટકરાવી ગઇ. આથી તે ડરી ગયો અને માથાથી તે પગ સુધી તેનામાં એક ધ્રુજારી ઊઠી.

આગળ એનાં ખેતર હતાં. પગથી એના નેળિયા પાસેથી પસાર થતી હતી. રસ્તો વાંકો હતો. જ્યાંથી કેડી વળાંક લેતી હતી ત્યાંથી વીસ ડગલાં આગળથી એના દિલમાં ઝડપથી ધડકારા થવા લાગ્યા અને ખભે લટકાવેલા ફૂલવાળા થેલાની પટ્ટી સરકી ગઇ. અટકીને થેલાને સરખો કર્યો અને થેલામાં રાખેલાં કેટલાંક કપડાં અને

બાળકોનાં રમકડાં ને ફેંદવા લાગ્યો. કામળાને એણે બરાબર વીંટાળ્યો અને જોડામાં પડેલી રસ્તાની ઠંડી રેતી પણ ખંખેરી કાઢી. ચાલીને જ્યારે કેડી સુધી પહોંચ્યો તો એ તરફ વળવાનો જીવ ન ચાલ્યો ! ચાલવાનું ધીમું પડી ગયું, પરંતુ તે તો સીધો રસ્તા પર ચાલતો જ હતો.

નાળું ઓળંગ્યા બાદ તો રસ્તો જાણે બિલકુલ બદલાઇ ગયો. સીધો, સપાટ; બે બાજુ પેલા પાળા નહોતા, ન જૂના ઝાડી–ઝાંખરાં. એવું લાગતું હતું, જાણે ત્યાં ભૂખરી–કાળી સડક બનાવેલી હોય. બંને બાજુ ગામ સુધી કોઇ ઝાડ જોવા મળતું નહોતું જૂના રસ્તાનું ક્યાંય નામનિશાન પણ નહોતું. જમીનની વહેંચણીમાં આ બધી અદલાબદલી થઇ હશે. આ વાતથી એનું મન ફરીથી કંઇક છોભીલું પડી ગયું. ઘૂંટીમાં ઠંડી લાગવાથી પગ લથડવા લાગ્યા. ડાબા ઘૂંટણમાં મચક આવી ગઇ અને તે પીડાને કારણે ધીરે ધીરે ચાલવા લાગ્યો.

ઝીણવટથી જોતાં ગામ ઘણું અદ્ભુત લાગ્યું. મકાનો પર સાત જગાએ સળગતા દીવા નજરે ચઢ્યા. ગામમાં ત્રણ મેડીઓ હતી. એક એની પાકી અને બે કાચી પરતાપ તથા દયાળની. ગામનો વિસ્તાર પણ કંઇક વધી ગયેલો જણાતો હતો. અહીં રસ્તામાં કેટલાંય ઘર નવાં બન્યાં હતાં. ગામની બહારના રસ્તા પરનાં બાવળનાં વૃક્ષોમાંથી હવે એક પણ બચ્યું નહોતું. બાંડા (થાળા વગરના) કૂવાવાળા ઘટાદાર પીપળાનો સંસાર હવે માત્ર ચાર ડાળખીઓ પૂરતો જ બચ્યો હતો જાણે ખરૈતી વાણિયાના માથા પરના વાળ ખરી પડ્યા હોય.

વધારે નજીક આવતાં એની આંખો અંજાઇ ગઇ. એને થયું કે પોતે કોઇ બીજા ગામમાં આવી ચઢ્યો છે.

ઘૂંટણમાંની પીડા વધી ગઇ હતી. ઘડીવાર પછી એમ લાગ્યું જાણે કે પોતે પગ ઢસડતો ચાલી રહ્યો છે. પછી અચાનક ધુમાડાની જેમ એક મલિન વિચાર મગજમાં સ્ફુરતો લાગ્યો અને એક ભારે વિચિત્ર ખ્યાલ આગની જ્વાળાની જેમ આખા શરીરને દઝાડી ગયો. પોતે આજે આવી રહ્યો છે આ વાતનો તો કોઇને કંઇ ખ્યાલ જ નહોતો. પાછલી મુલાકાત વખતે છોટુ ને કદાચ આ દિવસ અને તારીખ જણાવ્યાં હતાં. પરંતુ જો ન જણાવ્યાં હોય તો જાણી લેવાની શું એ લોકોની ફરજ નહોતી ? ચાલો, જો કોઇથી ત્યાં સુધી ન આવી શકાયું તો સ્ટેશન પર તો કોઇ આવી શકતું હતું... ?

મન ખરેખર થોડું ઉદાસ થઇ ગયું. પરંતુ બરોબર એ વખતે ઊંચી જગા પર બનાવેલા પોતાના બહારના ઘરની યાદ આવી અને તે કંઇક સ્થિર થઇ ગયો, જાણે કોઇ જૂનો સાથી મળી ગયો ન હોય ! ગામથી ત્રણ ચાર ખેતરવા દૂરથી જ તે કેડી ઝાલીને ટેકરા તરફ વળી ગયો. મોચીઓના ઘરોની પાસેથી પસાર થતાં એણે નજર દોડાવી. બધાં ઘર પહેલાંના જેવાં જ રહ્યાં હતાં. સરબન કારીગરની ઘંટીનો ખીલડો પૂર્વવત્ ઊભો હતો; પરંતુ ઘંટી કાઢી લીધી હતી. એના કારખાનાની બહારની

દીવાલનો એક થાંભલો પડી ગયો હતો અને એરણ પર નાખેલું છાપરું પહેલાંથી જુદું જણાતું હતું. જોકે એમાં નવી લાગે તેવી કોઇ વસ્તુ હતી નહીં.

એક માણસ દાં. ફરસી* કે પછી ખંપાળી ખભા પર લઇને દોડતો ફળિયામાંથી બહાર નીકળ્યો ર.ને એ ની પાછળ થઇને ખેતરોની તરફ ચાલી ગયો. એના દોડવાની રીત આબેહૂબ કુંઢાના ગજ્જન જેવી હતી. સ્વાભાવિક જ એને બૂમ પાડવાની ઇચ્છા થઇ, પરંતુ પછી એને કોઇ બીજો ખ્યાલ આવ્યો અને તે ચુપચાપ એ તરફ જોવા લાગ્યો. એને બૂમ ન પાડી શક્યો... એ જ તો હતો, ગજ્જન જ. રેરુવાળા ખેતરની બાજુ વળી ગયો હતો.

ઊંચી જગાવાળુ ઘર સામે દેખાયું એની આસપાસ માત્ર કપાસનાં ખેતરો જોઇને તે કંઇક થંભી ગયો. ઊંચી જગા પણ ઉપરથી નાની કરેલી જણાતી હતી. એના ગામની નજીકના પાળા પાસે ઊગેલા સીસમ અને લીમડો બંને જરા પણ દેખાતાં નહોતાં. ઘરના આંગણાની આ બાજુની દીવાલ નાની થઇ ગયેલી લાગતી હતી. આંગણામાં ઊભેલા લીમડાનો પરિવાર બોડા કૂવાની જેમ ચાર ડાંખળાંરૂપ માત્ર બની ગયો હતો. જેમ જેમ તે નજીક આવતો ગયો તેમ તેમ એનું મન વધારે ને વધારે ગભરાવા લાગ્યું. અહીં કશું પહેલાં જેવું દેખા દેતું નથી.

ઘર સુધી પહોંચવા માટેનો રસ્તો કોઇ રીતે દેખાતો નહોતો આ બાજુ ગીચોગીચ ઊગેલો કપાસ હતો. આટલા રેતીવાળા ખેતરમાં આવો કપાસ જોઇને નવાઇ લાગી. ઊંચી જગાને પણ જાણે કોઇએ ઉપરથી સાફ કરી દીધી હતી. ધરતી પણ જુદી જ લાગતી હતી. ડાબી તરફ વળતાં નાળું જોયું પણ તેનું પાણી એક પાળો તૂટતાં વહી ગયું હતું.

વચમાંથી નીકળીને પાળા પર થઇને જ્યારે તે ઘેર પહોંચ્યો ત્યારે તેને વિશ્વાસ પડ્યો કે આ એ જ ઘર છે જ્યાં તે જુવાન થયો, જ્યાં તે આખા કુટુંબના વડીલની રીતે કેટલાંય વરસો સુધી કુટુંબને સંભાળતો રહ્યો હતો... આંગણાની દીવાલ પડતાં પડતાં માંડ કેડ જેટલી ઊંચી રહી ગઇ હતી. એક બે જગાએથી તો કુદીને ઓળંગી પણ શકાય એવી હતી. દીવાલની પડખે ઘાસ પણ ઊગી આવ્યું હતું. નમીને હાથ લગાવ્યો તો જમીન પર પડેલા કોઇ કાંટાળા ઝાંખરાનો કાંટો ભોંકાયો. પીડાથી આંખોમાં પાણી આવી ગયું–કાંટાની આટલી પીડા !.... કશું સમજાયું નહીં.

પાછળની કોટડીની નજીકની દીવાલ સાવ પડી ગઇ હતી. એ ઠેકીને તે અંદર આવ્યો. આંગણામાં ઘાસ, ઝાડ–ઝાંખરાં ઊગેલાં હતાં. ઠામ ઠામ બાવળ અને બોરડીની ડાળખીઓ પડી હતી લાગતું હતું કે ભરવાડો અહીં આવીને પોતાનાં ઘેટાંબકરાં ચરાવતા હશે. દીવાલની જોડાજોડ બનાવેલો ગમાણ પૂરેપૂરી તૂટી ગઇ હતી. આંગણામાંના દરવાજાનાં બંને કમાડ ઉતારી લેવામાં આવ્યાં હતાં. એક બાજુનો ઉંબર પણ વાંકો જણાતો હતો. ઉપરની બધી ઇંટો ધસી પડી હતી. કાળો દરવાજો

* મૂળમાં ગંડાસી છે, ઘાસ કાપવાનું ઓજાર

રાક્ષસના ઉઘાડા મુખ જેવો ભયાનક દેખાતો હતો. (ક્યારેક ચૂલા આગળ બેસીને, આ દરવાજામાંથી નીચે ખેતરોમાં પથરાયેલી મખમલી હરિયાળીને તે હાથની મુઠ્ઠીનું દૂરબીન બનાવીને જોયા કરતો હતો, અને એ એની કલ્પનાનું અત્યંત મધુર દૃશ્ય બની રહેતું હતું.) ડાબી બાજુની દીવાલ જોડે રસોઇ કરવા માટે બનાવેલી જગા, જ્યાં પછીથી તેણે છાપરું પણ કરાવ્યું હતું, એનું નામનિશાન નહોતું રહ્યું. બંને કોટડીઓનાં બારણાં જરૂર બંધ હતાં. બંનેને મોટાં મોટાં તાળાં પણ લગાવેલાં હતાં. પરંતુ દીવાલો પર લીંપેલી માટીની પોપડીઓ ઊખડી જતાં ઇંટો બહાર દેખાતી હતી. ઉપરનો ધોરાનો ભાગ પણ પડી ગયેલો જણાતો હતો. ડાબી બાજુ લાકડાની પરનાળના ઠેકાણે એક હાથનો પતરાનો એક ટુકડો લગાડેલો હતો.

...અને આ બધું જોયા પછી એ જાણે ખોવાઇ ગયા જેવો થઇ ગયો. દસ વર્ષ સુધી આ ઘરમાં તે સપનાં જોતો રહ્યો હતો. પ્રત્યેક બીજી–ત્રીજી રાત્રે કોઇ એવું સ્વપ્ન આવતું કે તે પછીનો બીજો આખો દિવસ આ ઘરને યાદ કરતો રહેતો. પોતાના સાથીઓ જોડે એની વાતો કરતો હતો. એને ક્યારેય રજ પણ એમ નહોતું થયું કે એની પૂંઠે ઘરની આ દશા થઇ ગઇ હશે...

પછી ચોતરફ કાળીપીળી આંધી જેવી ધૂસરતા ફેલાઇ ગઇ અને બધું જ દેખાતું બંધ થઇ ગયું. માટી વગરની ખુલ્લી ઇંટોવાળી દીવાલને ટેકે તે ક્યાંય સુધી ઊભો રહ્યો. કાનમાં ભેંકારતાનો અવાજ આવતો રહ્યો અને માથું એવું તો ગરમ થઇ ગયું કે કોઇએ ગરમ રાખ જાણે માથા પર નાખી ન હોય !

ઘણીવાર પછી એને એમ લાગ્યું કે કોઇએ તેને ત્યાં ઊભો રહેલો જોઇ લીધો છે, અને ભાગીને આખા ગામમાં 'ચોર–ચોર'નું બુમરાણ મચાવી દીધું છે... અને તે સહેલાઇથી દીવાલ ઠેકીને બહાર આવી ગયો.

ગામમાં ખરેખર ઘણું બુમરાણ મચી ગયું હતું. ઉગ્ર વેણ, તોછડા અવાજો, 'તું–તું', 'હું–હું'નો શોરબકોર સંભળાઇ રહ્યો હતો. કેટલાક અવાજ જાણીતા પણ લાગતા હતા. ઝડપી પગલે કપાસના ખેતરના એ શેઢા પર થઇને તે વળી ગયો અને માનાના ફળિયા તરફ ચાલવા માંડ્યો. પરંતુ ફળિયામાં પેસતાં પહેલાં નિહાલ સૈનીના આંગણામાં સળગતા દેવતાની જ્વાળાઓ જોઇને તે વ્યગ્ર થઇને ત્યાંજ ઊભો રહી ગયો. અંદરથી આવતું અજવાળું ફળિયામાં પડી રહ્યું હતું. દરવાજામાં ઊભેલો કોઇ છોકરો આંગણામાં ભમતી પોતાની માની સાથે ઊંચા સાદે ઝઘડી રહ્યા હતો અને ઢોરને બાંધીછોડી રહ્યો હતો. આંગણામાંથી નિહાલ સૈનીની વહુ પરસિન્ની ગુસ્સામાં ધૂંધવાતી છોકરાને ફાવે તેમ વઢી રહી હતી.

''આવવા દે તારા બાપુને પછી પછી જણાવીશ કે ભાઇ કેવાં કેવાં વેણ બોલતા હતા... અરે, અંધેર થઇ ગયું ! હજું તો જન્મ્યોય ન કહેવાય ત્યાં તો મારા લટિયાં ખેંચવા માંડ્યાં છે, ત્યાં આગળ પર તો અમને તું કયા ફૂલહિંડોળે ઝુલાવવાનો છે ?''

''તું હમણાં જઇને એમને કહી આવ.'' છોકરો એનાથી યે વધારે ઉગ્ર

અવાજમાં જવાબ આપી રહ્યો હતો. ''એ શું મારા પર થાણેદાર મૂકવાના છે ?... વધારે અકડાઇ કરશે તો હું જઇને લશ્કરમાં ભરતી થઇ જઇશ. એક તો આખો દિવસ તડકામાં શેકાઓ, તોય હજુ આ લોકોને એની કશી કિંમત જ નથી...''

''ભરતીવાળા તો બસ, તારી જ રાહ જોતા બેઠા છે ! – અને ત્યાં જઇને તો સીધો 'લેફ્ટેન' થઇ જવાનો ખરોને પાછો ! જોને તારા જેવા અક્કરમીઓ તો મેળામાં લોજવાળાઓની ડોલો માંજતા હોય છે. – આવ્યા મોટા ઇજ્જતવાળા !''

એણે દિમાગ કસીને વિચાર્યું, ભલા, નિહાલનો આ કયો દિકરો ? પણ અવાજ ઓળખાયો નહીં. પછી ખ્યાલ આવ્યો, બારતેર વરસ પહેલાં જ્યારે નિહાલનું કુટુંબ ઘર છોડીને આ બીજા ગામની અંદરના ઘરમાં રહેવા ગયા ત્યારે એમનો નાનો દીકરો પાંચ છ વરસનો હતો. એને બધા 'ભીટી' 'ભીટી' કહીને બોલાવતાં હતાં. કદાચ તે હોય. ભરાવદાર ગાલવાળો. ભારે ઉધમાત કર્યા કરતો હતો. જ્યારે માટીનાં રમકડાં વેચનારી આવતી હતી ત્યારે એની પાસેથી શંખ લઇને દરેકના કાનમાં વગાડતો ફરતો હતો. જ્યારે કોઇ ડરી જતું ત્યારે તે એટલા જોરથી ખડખડાટ હસતો હતો કે એથી ઉધરસ ચઢતાં એનું ગળું રૂંધાઇ જતું. નિહાલના બધા દિકરાઓમાંથી તે એને સારો લાગતો હતો.

મનમાં તો ઘણું થયું કે પોતે કાકી પરસિન્ની (જેને તે કાકા નિહાલની પત્ની હોવાને કારણે 'કાકી નિહાલી' જ કહ્યા કરતો હતો) ના પગમાં માથું નમાવવા જાય. તે કલ્પના કરવા લાગ્યો કે, પોતાને જોતાં જ, પરસિન્ની કાકીનો આ મકાઇની ધાણી ફોડે એવો અવાજ એકદમ માખણની જેમ મુલાયમ થઇ જશે. આ વિચારીને કાકી માટે તેણે ઘણી મમતા ઊછળી આવી. જે રીતે તે પોતાની ગત બદલતી હતી, એવી કોઇ બીજી સ્ત્રી હજુ સુધી નહોતી. જ્યારે નારાજ થતી ત્યારે ગુસ્સાનો પારો બેહદ ચઢી જતો, પરંતુ એવામાં જો કોઇ હસીને બોલાવે અથવા કોઇ પાડોશી ઘરમાં આવી જાય તો એકદમ ફૂલની જેમ ખીલી ઊઠતી હતી. આપસમાં હસી હસીને વાતો કરતી કેટલું મીઠું બોલતી હતી! કેટલી નમ્ર થઇને ઘેર આવેલાની આગતા–સ્વાગતા કરતી હતી! ક્યારેક સાચે જ એ લોકોને તે 'મીઠું બોલીને છેતરી જનારી' લાગતી હતી. એથી જ સ્ત્રીઓએ એનું નામ 'મોમોઠગની'* પાડી દીધું હતું. જો કે નાનપણમાં પોતે તો પરસિન્ની કાકીમાં આ બે રૂપ એની પ્રત્યેક મનઃસ્થિતિમાં જોયાં હતાં. પોતાની મા સિવાય એને બીજી કોઇ સ્ત્રી માટે માયા હોય તો તે પોતાની કાકી પરસિન્ની માટે જ હતી.

ફળિયામાં પેસતાં જ કામળાને ફાળિયાની જેમ વીંટાળી મોં ને માથું બેય ઢાંકી દીધાં. પરંતુ દેવતાનું અજવાળું વધી ગયું હતું. એ નીચી મૂંડીએ ત્યાંથી ભાગીને નીકળી જવા માગતો હતો, પરંતુ નીકળાયું નહીં. દરવાજા સામે આવીને એણે ધ્યાનપૂર્વક અંદર જોયું. કાકી પરસિન્ની પોતાની ભારે–ભારેખમ કાયાને ઢસડતી, એક ખાટલાને ઉઠાવી પાછળની ઓરડી તરફ લઇ જઇ રહી હતી. અવાજની કઠોરતા કંઇક

* મીઠું મીઠું બોલીને ઠગવાવાળી.

ઓછી થઇ ગઇ હતી, પરંતુ છોકરાને ધમકાવવાનું એણે હજુ સુધી બંધ કર્યું નહોતું. દરવાજામાંથી એક નવજુવાનિયો ટોપલો ઉઠાવી, અંદરથી નીકળીને, બડબડતો સામે રહેતા રત્તૂ બિશનના ઘર તરફ ચાલતો થયો. એણે અંદરથી તેને નીકળતો જોયો તે સુઘડ યુવાન હતો, એના પોતાના સજ્જન જેવો. છોકરાએ એક વાર અલપઝલપ નજરે એને જોયો અને રત્તૂ બિશનના ઘરમાં એ પ્રવેશ્યો.

આગળ આખા ફળિયામાં જાણે ગાઢ અંધારું છવાયેલું હતું. બંને બાજુનાં મકાનોનાં બારણાં બંધ હતાં. કોઇ કોઇ ઘરમાંથી બારણાની તિરાડોમાંથી દીવાનું તેજ દેખા દેતું હતું. પરંતુ મોટા ભાગના લોકો વાળુ કરીને સૂઇ ગયાં હતાં. ફળિયું પહેલાંની જેમ જ નત્થુના ઘરના ઝાંપા આગળથી ઊંચાણમાં હતું અને ધિયાનની ભીંત પાસેથી એ નીચાણમાં હતું. ફેર માત્ર એટલો જણાતો હતો કે કેટલીક જગાઓ પર, જ્યાં પહેલાં ખાડાખૈયા હતા ત્યાં તે જગાઓ સમતલ થઇ ગઇ હતી અને કેટલીક ઊંચાણવાળી જગાઓ હવે નીચી થઇ ગઇ હતી. ક્યાંક ક્યાંક ખાડા પણ પડી ગયા હતા. બંને બાજુનાં ઘરોમાંથી એક માત્ર ખ્યાલીના પરિવારે નવા મોટા દરવાજા પર છત બનાવેલી હતી અને તે સાથે જ પાકી બેઠક પણ બનાવેલી હતી. તે સિવાય બધાં ઘરોની દીવાલો, કાચા ઓટલા, પહેલાં જેવા જ હતાં. ફળિયાના વળાંકે દીપનના ઘરના ઓટલાના ખૂણામાં જે મોટી લાકડી ખૂંપેલી હતી તે પણ જેમની તેમ ઊભી હતી, કોઇ બળદગાડીના અથડાવાથી થોડીક વાંકી જરૂર થઇ ગઇ હતી.

પછી ફળિયામાંથી વળતી વખતે એની નજર સામે ધિયાન મૌડના ઘર પર ગઇ. ઘરનાં રૂપરંગ જ બદલાયેલાં હતાં. કડક ચણિયારીવાળા મોટા દરવાજાને ઠેકાણે લિંટલવાળો ચોખંડો દરવાજો બની ગયો હતો અને દરવાજાની બંને બાજુ લોખંડની જાળીઓ જડેલી બારીઓવાળી બેઠકો હતી. દરવાજાની ડાબી બાજુની બેઠકે એણે એક બહુ લાંબો ચોતરો બનાવેલો હતો. એની પાસે પસાર થઇને નીકળવાનું એને ઘણું રોમાંચક લાગ્યું. પરંતુ બે ઘર આગળ જતાં આથી પણ વધારે તાજુબી એ થઇ કે 'એણે' પણ આખા ગામથી સારું ઘર બનાવડાવ્યું હતું. છુપાઇ રહેલા ચંદ્રમાની શ્યામધૂસર ચાંદનીમાં સફેદીની સાથે સાથે લાલ રંગની માટી પણ ચમકતી હતી. મોટી કાંગરીવાળા ચણિયારાની એક બાજુ કેટલીક મૂર્તિઓ બનાવેલી હતી. તેની જોડે જે ઘાંચીઓનો અવડ વાડો પડી રહેતો હતો ત્યાં પણ પાકું મકાન બની ગયું હતું. 'એમણે' બનાવ્યું હશે, તેણે અનુમાન કર્યું. (કેમ કે, પાંચ છ વર્ષ તો 'એમણે' કોઇને કબજો લેવા દીધો નહોતો. પાકિસ્તાની અરોડાનો એક પરિવાર પાકિસ્તાન બન્યા કેડે કેટલાક દિવસ પછી અહીં આવીને રહ્યો હતો, પરંતુ મહિનાની અંદર જ 'આમણે' એમને ગાળો દઇ, ડરાવી– ધમકાવી, બજારમાં ભગાડી દીધેલ. પછી અમલદારો સાથે મળી કરી, આના પર કબજો મેળવવાની ખટપટ કરતા રહ્યાં. એ પછી આ વાત બની હશે...)

અને એના કાળજામાંથી લાંબી જ્વાળા ઊઠી – તે 'દુશ્મન'ની આ અટારીની રોનક સહી ન શક્યો. દાંત ભીંસીને મનોમન એને એક ગાળ આપી અને અક્કડ થઇ,

રુઆબથી ચાલતાં, નવા કાંગરીવાળા ઊંચા મણિયારવાળા દરવાજા તરફ મોઢું કરીને તે થૂંક્યો; પછી આગળ ચાલતો થયો.

એક જ ફળિયું હતું આ ફળિયાના હવેના છેડે એનું પોતાનું ઘર હતું. પરંતુ પાડોશીઓના ત્રણ–ચાર દરવાજા છોડીને જ્યારે તે પોતાના ઘરની સામે જઇ ઊભો તો ઘરની બદલાઇ ગયેલી હાલત જોઇને મનને સુખ મળ્યું. આંગણામાંની આગળવાળી દીવાલ પાકી કરી દીધી હતી, અને આંગણામાં પેસવાનો દરવાજો પહોળો અને ઊંચો થઇ ગયો હતો. નાનો શો પાકો ઓટલો પણ બનાવેલો હતો. ડાબા હાથે સળિયાવાળી એક બારી અને ઉપર દીવો મૂકવાની જગા પણ હતી. અને ઉપર, જ્યાં બાપુએ કાચી મેડી બનાવવાની સલાહ આપતાં જ આ ઘર છોડીને બધા પરિવારને ટેકરા પર લઇ જઇને વસાવેલો ત્યાં, પાકી મેડી બની ગઇ હતી. મેડીની નાની નાની બે બારીઓમાંથી બહાર નીકળતું દીવાનું અજવાળું બે ચમકદાર આંખો જેવું દેખાતું હતું.

કોણ જાણે ક્યાંય સુધી તે આખા ઘરને જોતો રહ્યો. પછી કંઇક ગુપ્ત આનંદથી એની આંખો ચમકી ઊઠી. ધીરે ધીરે તે આગળ વધ્યો. કેટલીક વાર સુધી ઊભો ઊભો મોટા દરવાજાને ધ્યાનપૂર્વક નીરખતો રહ્યો. પછી એણે કંઇક સંકોચ સાથે ગોળ સાંકળ પર ધીરેથી હાથ લગાવ્યો; પરંતુ અંદરથી કોઇ અવાજ ન આવ્યો. પળવાર થંભીને પછી એને જોરથી બે હાથ ઠોક્યા. ઉપરની મેડીની બારી ખોલીને છોટુએ જાણે પડકારતો હોય એવા કઠોર અવાજમાં પૂછ્યું : ''કોણ છે ?''

એણે કંઇ જવાબ ન આપ્યો. જરા પાછા હઠીને બારી તરફ જોયા પછી આંખો ઢાળી દીધી. છોટુ પળવાર બારીની બહાર જોતો રહ્યો અને પછી પોતે જ બોલી ઊઠ્યો: ''ભાઇ છે કે શું ? – આવું છું.''

છોટુના મોઢામાંથી 'ભાઇ' શબ્દ સાંભળતા દિલમાં, શું ખબર, શું ઊછળી આવ્યું કે ગળું રૂંધાઇ ગયું. આંખો ભીની થઇ ગઇ. છોટુનો પેલો ગોળમટોળ ચહેરો યાદ આવી ગયો, જેને તે લાડમાં 'કચરો'* કહેતો હતો.

''ભાઇ, સા–સરી–કાલે.' છોટુએ દરવાજો ખોલતાં ઊમળકાથી એને આવકારો આપ્યો, પરંતુ એના મોઢામાંથી માત્ર 'સા' શબ્દ જ નીકળી શક્યો અને છોટુના ખભાને થાબડતાં એણે મહામુસીબતે પોતાને સંભાળ્યો.

''તું એકલો જ આવ્યો છે ? તારા નથી આવ્યો તારી સાથે ?'' છોટુએ દરવાજો બંધ કરતાં કંઇક બેચેનીથી પૂછ્યું. ''એ તો ગઇ કાલનો બજારે ગયો છે, તને નથી મળ્યો ?''

જવાબમાં તે માત્ર માથું હલાવી શક્યો, અને પછી બે ડગલાં ચાલી આંગણામાં અજાણ્યાઓની જેમ ઊભો, રહી ગયો.

''મા તો મોટા કાકાવાળી કોટડીમાં છે – આ બાજુ.'' છોટુએ દરવાજો બંધ કરતાં અંધારામાં જમણી તરફ ઇશારો કરતાં કહ્યું અને ઉતાવળથી ખૂણામાં બનાવેલા

* તડબૂચ

રસોડાની તરફ વળતાં બોલ્યો, "થોભો, હું દીવાસળીની પેટી લઇ આવું."

એણે જલ્દીથી કામળાનો છેડો આંખો પર ફેરવ્યો અને ડાબેજમણે નજર દોડાવી. ડાબી બાજુનો ઘરનો બધો ભાગ પાડીને નવો બનાવ્યો હતો. ફળિયામાં પડતી બારી અંદરની બેઠકની હતી. એની સાથે એક લાંબી ઓરડી, સામે અંધારી અને ખૂણામાં રસોઇપાણી કરવાની જગા. આ જગાની ઉપલી છત પર પાકાં પગથિયાની સીડી જતી હતી; પરંતુ ડાબી તરફ એના 'નિઃસંતાન મોટાકાકા બુદ્ધાનું જૂનું ઘર હતું. આ બાજુની કાચી ઓશરીમાં ઢોર ઊભેલાં હતાં. અને આગળ ગુફા જેવી ઊંડી કોટડીની સામે, કાળી કાળી દૈત્યના ખૂલેલા મોં જેવી કાચી ઓશરી ભારે બિહામણી લાગતી હતી.

"આવ ભાઇ," છોટુ એ 'બિહામણા મોં' તરફ જતાં દૂરથી જ કહ્યું અને દીવાસળી પેટાવી કાચી ખાઇ જેવી ઓશરીનાં બે પગથિયાં ઊતરીને આગળ ચાલવા માંડયું. કેટલીક વાર સુધી કોટડીનું બારણું ખટખટાવતાં એણે માને સાદ કર્યો. ઠીક ઠીક સમય પછી અંદરથી જે અવાજ આવ્યો તે એનાથી ઓળખાયો નહીં.

બારણું ખૂલ્યું અને છોટુએ એ વખતે દીવાસળી સળગાવીને અંદર પેસતાં જરા ઉમળકાભર્યા અવાજમાં માને ખબર આપી, "મોટાભાઇ આવ્યા છે, મા."

"હેં.... !" મા એવી રીતે બોલી કે જાણે એને છોટુની વાત સંભળાઇ ન હોય અથવા સમજમાં આવી ન હોય – "મોદન ? ક્યાં છે ?"

મોદન આટલી વારમાં ધીરે ધીરે ચાલતો બારણા સુધી પહોંચી ગયો હતો. છોટુએ સામેવાળા તાકામાંની ચીમની સળગાવી દીધી હતી. બારણામાં સ્તબ્ધ ખોવાયેલી શી ઊભેલી માને હજુ સુધી એની ઓળખાણ પડી નહોતી. તે પણ બહારની બાજુ એવી રીતે જોઇ રહી હતી કે જાણે અંધારી રાતમાં રસ્તો ભૂલી ગઇ હોય.

"અરે છોટુ ! ક્યાં છે... મોદન ક્યાં છે ?"

"પગે લાગું છું, મા" મોદનની મોઢાથી તે ગળા સુધીની નસો ફાડીને જાણે આ શબ્દો નીકળ્યા ન હોય. એનું ગળું ફરી રૂંધાઇ આવ્યું.

"અરે, ક્યાં છે તું ? અહીં આવ, હું તારું મોં–માથું ચૂમું. મને આંધળીને તો દિવસેય દેખાતું નથી રે !... પૂતળા જેવી થઇ ગઇ છું. અહીં આવ..." અને આંધળાઓની જેમ જમણો હાથ હલાવતાં અને ડાબાહાથે બારણાનો ટેકો લેતાં મા જાણે આનંદમાં ગાંડા જેવી થઇ ગઇ.

તે નજીક આવ્યો ત્યારે માએ તેને હાથથી શોધીને તેનું માથું બે હાથથી પંપાળ્યું, માથે, ખભે, પીઠે, થાબડતાં વારંવાર માથું પસવારતી તે બોલી : "તું તો મોદન, મને પાંચ વરસથી રોકી રહ્યો છે !... હવે મારે ડોસીને શેમાં જીવ રહી ગયો હોય ? પણ જો, મેં મોતનેય દૂર ઠેલ્યા કર્યું. મેં કહ્યું, મારા મોદનને મળ્યા વિના હું કેવી રીતે મરી જાઉં ? સારું થયું તું આવી ગયો –મારી હવે સદ્‌ગતિ થશે, હું નિરાંતે હવે મરીશ."

ખબર નથી તે આ રીતે શું આમતેમ બોલતી રહી. મોદન પથ્થરની જેમ એની સામે ઊભો રહ્યો.

"ઠીક, ભાઈ ! હું રોટી બનાવી લાવું તું બેસ." કહીને છોટુ ઝડપથી બહાર ચાલ્યો ગયો.

"રહેવા દે. મેં રસ્તામાં ખાઈ લીધું છે." મોદનને આવું કહેવું હતું છતાં એ કહી શક્યો નહીં. પરંતુ એણે મનોમન આ વાત એવી રીતે કહી દીધી અને એને છોટુનો આ જવાબ પણ સાંભળવો પડ્યો, "ક્યાં ખાઈ આવ્યો ?"

"આવ, બેસ; મારી પાસે બેસ." એને હાથથી પકડીને પોતાના ખાટલા તરફ લઈ જતી મા બોલી. પછી એનાં ખભો ને પીઠ થાબડતાં ખાટલા સુધી લાવી પાસે આવી નીચી વળી ખાટલો શોધવા માટે આમતેમ હાથ હલાવતી હતી ત્યારે મોદને એને ખભેથી પકડીને ખાટલામાં ઓશિકાના ભાગે બેસાડી અને પોતે પાંગથે બેસી ગયો.

"છોટુ જતો રહ્યો ?" માએ બેસતાં જ પૂછયું, અને જવાબની રાહ જોયા વિના જ બોલવા લાગી : "હું તો બેટા મોદન, હવે ઘડીઓ ગણતી ગણતી જિંદગી કાપું છું. આ તે મારી કંઈ હાલત છે ? બેટા, મને તૂટેલા હાડકાની જેમ ફેંકી દીધી છે..." છેલ્લો શબ્દ ખૂબ ધીમા અવાજે કહેતાં તે ભાંગી પડી. કેટલીવાર સુધી માથાના મેલા કપડાથી આંખો લૂછતી તે શાંત રહી. પણ પછી ફરીથી બાળકની જેમ જયારે પોતાનાં દુ:ખ કહેવાનું શરૂ કર્યું ત્યારે તે ક્યાંય સુધી ન અટકી, કહેતી જ ગઈ.

"આ લોકોએ તો બેટા, મને ચમારભંગીની જેમ તરછોડી છે. કોઈ વાત જ નથી સાંભળતું. પેલી મોટી તો આખો દિવસ ઘુરકિયાં કરતી રહે છે; અને આ મેડીવાળી ! એ તો એના પિયરની શેખીમાંથી જ ઊંચી આવતી નથી... હવે જોઈ રહ્યા છે ને, મારી કેવી દશા છે !... તારી રાહ જોતાં જોતાં તો પૂરાં અગિયાર વરસ થઈ ગયાં. આંખોય ચાલી ગઈ, શરીર પણ અટકી ગયું; પણ તું તો એવા વખતે આવ્યો છે, જયારે હું બિલકુલ કામની નથી રહી. હવે જયારે મારાથી મારાં આંખ–જીવનાં જતન થતાં નથી... આંખ ને જીવનું શું, હવે તો મને તારું મોઢુંયે દેખાતું નથી.. લે!"

એટલામાં તો તે ત્રણ-ચાર વખત રડવા જેવી થઈ ગઈ. આંખોમાં પાણી આવી ગયું અને એ અટકી અટકીને ધીરે ધીરે શબ્દો બોલતી હતી, પરંતુ એ પછી એનો અવાજ આપો આપ ઊંચો થઈ ગયો :

"તું તો બેટા, ઘણો કમજોર થઈ ગયો છે, હેં ?" એણે પાસે ખસી મોદનના ખભાને પીઠ પર હાથ પસવારતાં કહ્યું, "લાગે છે કે તું પહેલાનો મોદન છે જ નહીં. હા, દીકરા ત્યાં જમડાઓના પંજામાં પડેલા માણસમાં ભલા, શું સાચવી શકે ? મને તો છોટુ કહેતો હતો કે 'મા, ત્યાં માણસો પાસે ચક્કી ચલાવડાવે છે.' પણ લે, એ જમદૂતોથી આ માણસો ભરખી જનારાઓ ઉતરતા છે ?... સારું થયું, બેટા, સારું થયું કે તું આવી ગયો. હવે મારી ઠાઠડીને તું કાંધ આપશે, ઘડો ફોડશે, મારી ગતિ થશે; નહીંતર તો હું નરકમાં જ ભટક્યા કરત. સારું થયું ધન્ય ભાગ્ય. તું જ...દાતા..."

...અને 'તું જ' કહેતાં માએ હીબકું ભર્યું, એનો શ્વાસ વધી ગયો અને પછી ઉધરસ ચઢી અને તે લાંબો સમય ચૂપ રહી. પરંતુ મોદનનું ધ્યાન લાંબો સમય એની તરફ નહોતું તે આ અંધારી, ભંડકિયા જેવી કોટડીને જોઇ રહ્યો હતો અને અચાનક તેને પોતાની મોટી કાકીની યાદ આવી ગઇ. અડધી રાતે તે ઘરેથી રિસાઇને એ કાકી પાસે આવીને સૂઇ જતો હતો. કાકીની પુષ્ટ ગોરી કાયામાંથી એને માના દૂધની સોડમ આવ્યા કરતી હતી. એ સોડમ મસ્તીમાં જાણે રજાઇ તળે ઘૂસતાં જ એને નીંદર આવી જતી હતી. (કોઇક વાર તો આ સોડમ માટે જ તે મા સાથે લડીઝઘડીને અહીંયાં ભાગી આવવાનું કરતો હતો.) કાકી એને રજાઇમાં છુપાવીને છાતીએ વળગાડી લેતી હતી. તે એટલી મીઠી વાતો કરતી હતી, એટલી સરસ વાતો સંભળાવતી હતી કે... એ બધું યાદ કરતાં મોદનનું મન ભરાઇ આવ્યું હતું, અને પચીસ વરસ પૂર્વે ગુજરી ગયેલી કાકીની મમતા એને એટલી સતાવવા લાગી કે સ્વાભાવિક રીતે એની આંખો ઊભરાઇ આવી.

પરંતુ પછી તે પોતાના જિદ્દી કાકાની બાબતમાં, એમને ખાતર, એમની એક નિ:સંતાનની જમીનને ખાતર થયેલા મુકદમાઓની બાબતમાં વિચારતો રહ્યો અને છેવટે આ ભોંયતળિયાની કોટડીને તે એવી રીતે જોવા લાગ્યો કે જાણે એને ફરીથી જેલની કોટડીમાં કેદ કરી દીધો ન હોય !

આ ભોંયતળિયાની કોટડી જેલની કોટડી કરતાં ક્યાંય વધારે ગૂંગળાવનારી લાગી. છત તરફ નજર કરી તો વાંકાચૂંકા મોભિયાં, ધુમાડો લાગેલ પીઢિયાં અને સાત ઠેકાણે વાંકો મોભ, રંદાથી સાફ કર્યા વિનાનો અને બરોબર ઘાટ ઉતાર્યા વિનાનો, જે બિલકુલ ઝૂકી ગયેલ – તે જોવા મળ્યાં એને આ અંગે વિચારતાં, પોતે કઇ રીતે એની તળેથી નીકળીને ખાટલા સુધી પહોંચી શક્યો એનું આશ્ચર્ય થયું. બારણાંય જાણે નાનાં છોકરાંને આવવા જવાં માટે બનાવેલાં ન હોય ! પુખ્ત માણસને તો બહુ નમીને જ અંદર આવવું પડતું હતું. આગલી તરફનો બનાવેલો ભાગ આ કોટડીથી એક હાથ ઊંચો હતો અને એનીયે આગળનો, આંગણાનો ભાગ એનાથી દોઢ બે હાથ ઊંચો હતો. આ રીતે આ કોટડી આંગણથી અઢી ત્રણ હાથ નીચી હતી; અને તે નાનપણમાં માધો દોસ્તારનો ઘોડો બનીને આ આંગણથી લગભગ ત્રણ હાથ ઊંચી છત પર મજાથી ચઢતો હતો.

અંદર કશો સામાન નહોતો. હવે એક ખૂણામાં કાકીનો જૂનો પુરાણો એક નાનો પટારો પૂર્વવત્ પડ્યો હતો. (જયારથી એ સમજણો થયો ત્યારથી આ પટારો અહીં પડેલો હતો અને એના પાયાની આસપાસ જૂની માટી થયેલી હતી) જીર્ણ દીવાલો પરનું પ્લાસ્ટર ઊખડી ગયેલું હતું. વરસોથી કોઇએ અહીં લીંપણ કર્યું નહોતું. છત પર પાટડાને પીઢિયાં વચ્ચે ચકલીઓના માળાના દોરા, દોરીઓ અને ઘાસ–પાન લટકી રહ્યાં હતાં એની નજર સામે કોણ જાણે કેટલાંય ચામાચીડિયાં અંદર આવીને પીઢિયાની બખોલોમાં ઘૂસ્યાંને બહાર નીકળ્યાં. નીચેની જગામાં જાણે ભેજ લાગી

ગયો હતો. વરસાદના દિવસોમાં જ્યારે આ બાજુની વાછંટ આવતી ત્યારે આ કોટડી પાણીથી ભરાઇ જતી. કાકીના બારણા પાસે એક ખાડો ખોદેલો હતો. એમાં એકઠું થયેલું પાણી તે વરસાદના પાણીની સાથે જ કાઢતી રહેતી હતી. પરંતુ અત્યારે તે ખાડો નહોતો. આંગણામાં, છાપરાની બહાર કાકીએ બનાવેલ ઊંચી પાળી પણ તૂટી ગઇ હતી. એને એમ જ કોણ જાણે શો ખ્યાલ આવ્યો તે માની વાતો તરફ બિલકુલ ધ્યાન આપ્યા વગર એણે પૂછ્યું : "મા, શું અહીંયાં વરસાદ બરસાદ થયો હતો ?"

"હા, બેટા ! દિવાળીના સાત આઠ દિવસ પહેલાં ચાર છાંટા પડેલાં. પણ કંઇ નહીં, એ તો ઝરમર જેવું હતું." મોદનના મનમાં કોણ જાણે કંઇક વૈરાગ જેવું થઇ આવ્યું ને એના મોઢામાંથી 'આહ' સરી પડી. પછી કારતકની ધૂળવાળી મોસમમાં પડેલ 'ચાર છાંટા'નો એને ખ્યાલ આવ્યો, જેને કારણે ટેકરાની રેતમાંથી એવી મહેક ઊઠતી હતી કે મોદનનું મન અધીરું થઇ જતું હતું અને તે કોદાળી ઉઠાવીને ખેતરની તરફ દોડ્યા કરતો હતો – પછી ભલે ખેતરમાં કોઇ કામ હોય કે ન હોય. રાત હોય તો એને દિવસ માંડ માંડ ચઢતો લાગતો હતો. ત્યાં જઇને જે ખેતરો એને આષાઢના વાવેતર માટે હળ ચલાવીને સમાર કરીને રાખ્યાં હોય એના શેઢા પર તે અમસ્તો જ ઘૂમવા લાગતો. કોઇ વખત જ્યારે કોઇ નાળું ઠીક કરનારી ન હોય ત્યારે તે પાળા પર જ ઊભો રહીને ઊંચા અવાજે મિરઝા*નું ગાણું ગાતો ફરતો હતો.

આ વિચારોના પ્રવાહમાં તણાતાં એનું મન ગભરાવા લાગ્યું, મા હજી પણ, આપમેળે વરસાદની, સારા થયેલા પાકની, ગામના લોકોની વાતો કર્યે જતી હતી.

"મા, જો આપણે બહારવાળા ઘરમાં ચાલી જઇએ ?..." કોણ જાણે શું વિચારીને મોદને કહ્યું સાંભળીને મા સ્તબ્ધ થઇ ગઇ. એને પોતાને પણ પછી આ વાત પર નવાઇ લાગી.

"ગાંડો ક્યાંનો ?" માએ ગુસ્સામાં હોય એ રીતે કહ્યું, "ત્યાં હવે છે શું ? ત્યાં તો ખંડેર થઇ પડયું છે. સાત વરસ થઇ ગયાં. મેં ત્યાં જઇને જોયું સુદ્ધાં નથી, પડી તો ત્યારે જ ગયેલું. હવે ત્યાં શું રહ્યું હશે ? અને વળી ત્યાં આપણને મા-દીકરો બંનેને રોટી કોણ પકાવી દેશે, બેટા ?"

મોદન માની આ શહેરી વાત સાંભળીને મલકી પડ્યો. એણે બીજી કોઇ વાત છેડી નહીં.

છોટુ ખાવાનું લઇ આવ્યો. થાળી, વાડકીઓ, પ્યાલો બધાં વાસણ નવાંનકોર હતાં. એક વાડકીમાં ખાંડમાં ઘીનું દડબું મૂકેલું હતું, બીજી વાડકીમાં થોડીક મઠની દાળ હતી.

"ભા, આ લઇ જા." મોદને ખાંડવાળી વાડકી ઉઠાવીને પાછી આપતાં કહ્યું.

"ભાઇ દાળ હતી નહીં, એટલા માટે લાવ્યો હતો. આતો ખાઇ લે." છોટુએ કહ્યું અને પાછા પગલે જતાં બોલ્યો :

---

* પંજાબનું પ્રેમકાવ્ય મિરઝા–સાહિબાનું

"તું જમ, તારી પથારી કરી આવું, મેડી પર."

પરંતુ મોદને એને એ જ વખતે બૂમ પાડીને પાછો બોલાવ્યો. "એમ કર, મારો ખાટલો ને મારી પથારી અહીં લઇ આવ – ત્યાં ક્યાં ?..." એની આગળ તે કશું કહી શક્યો નહીં.

"કેમ, ત્યાં શું તકલીફ છે ? છોટુને કંઇક અઠીક લાગ્યું."

"કશો વાંધો નથી, બેટા, તું ત્યાં સૂઇ જા અહીંયા શા માટે હેરાન થાય છે ?..." માએ પણ કહ્યું.

પરંતુ મોદનને તો આથી વધુ પરેશાની થઇ. ભલા, માને છોડીને તે મેડીએ કેવી રીતે સૂવા માટે જાય ? અને વળી મા આ વાત શા માટે કહી રહી હતી ?

"તું ખાટલો ઉઠાવીને અહીં લઇ આવ, બસ !" એણે એની જૂની લઢણમાં કહ્યું, જે કદાચ છોટુને હજી સુધી યાદ હતી. (ભલે, મોદનના જેલ જવા વખતે તે બહુ મોટો નહોતો, પરંતુ એને ભાઇના સ્વભાવની સારી રીતે ખ્યાલ આવી ગયો હતો. જ્યારે તે કડક અવાજમાં કોઇ વાત કહેતો ત્યારે તેની આગળ કોઇ પણ જવાબ દઇ શકતું નહીં, એ બધું હજી સુધી તેને યાદ હતું.)

છોટુ 'સારું' કહીને ખાટલો લેવાને ગયો. મોદને થાળી ખોળામાં લઇ લીધી.

થોડા સમય પછી, એ બંને ભાઇઓ એક જ ખાટલા પર બેસીને ઘર–સંસારની વાતોમાં ખૂંપી ગયા. છોટુએ એને પાછલા પાંચ સાત વરસોમાં ઘર અને ગામમાં બનેલી નાની મોટી ઘટનાઓની બાબતમાં વાકેફ કર્યો. મોદન એને જાતભાતના સવાલો કરતો રહ્યો. જ્યારે કોઇ જૂની વાતની યાદ છેડાતી ત્યારે મા પણ પોતાની 'કથા' શરૂ કરી દેતી હતી. પરંતુ શરૂ કર્યા પછી વચમાં વાત પડતી મેલી માથું હલાવતી એમની 'હા' માં 'હા' પુરાવવા લાગી જતી. રાતનો ત્રીજો પ્રહર થઇ ગયો હતો, પરંતુ હજી સુધી ન છોટુને મન થયું ઊઠવાનું, ન મોદનને નીંદર આવી.

"સારું તું જઇને સૂઇ જા હવે. ઘણીવાર થઇ ગઇ. સવારે હળલાકડું લઇને જવાનું હશે." મોદને કહ્યું.

"નહીં વાવણીનું કામ તો બધું પૂરું થઇ ગયું છે. હવે તો એક ખેતરમાં બશેર ઘઉં વાવવાનો વિચાર હતો, પણ તે આવતી કાલ સુધી તૈયાર નહીં થાય. વળી આ ઘઉં તો જ્યારે મરજી પડે ત્યારે વાવી શકાય. કહે છે કે આ ઘઉં જો પોષ ચઢતાંય વાવવામાં આવે તો બીજા ઘઉં સાથે જ તે તૈયાર થઇ જાય છે. સવારે તો માત્ર એક બે ક્યારીઓના પાળા કરવાના બાકી છે. દિવસ ચઢ્યે જઇશ." થોડો વધુ વખત વાતો કર્યા બાદ છોટુ રાતના માટે પાણીબાણીનું પૂછીને ચાલ્યો ગયો. એની વાતોથી મોદનનું મન ઘણું હળવું થયું હતું– જાણે કોઇ છુપાવેલી વાત પ્રકટ થવા લાગી હોય. પરંતુ જ્યારે દીવો બુઝાવીને, બારણાં બંધ કરીને સૂતો ત્યારે ફરીથી પોતાની 'કોટડી' યાદ આવી. એટલું ગાઢ અંધારું ત્યાં થઇ જતું હતું...

માએ ફરીથી ઘરની, પોતાની મલાજા વગરની વહુઓની વાત શરૂ કરી દીધી

હતી, અને મોદન પ્રતિભાવની તથા કર્યા વિના જ બોલ્યે જતી હતી. મોદનને પણ નીંદર આવતી નહોતી, પરંતુ માની જેમ એનું કશામાં ધ્યાન નહોતું.

કૂકડો પહેલવારકો બોલ્યો ત્યારે મોદન કંઇક બેચેન જેવો બની ગયો. માથું ઊંચું કરીને ધ્યાનથી જોયું. મા આપમેળે વાતો કરતી કરતી સૂઇ ગઇ હતી. એણે પણ રજાઇમાં મોઢું ઢાંકી દીધું હતું. પરંતુ જેમ પહેલી રાતે જેલની કોટડીમાં ગયો ત્યારે નીંદર કોણ જાણે ક્યાં ગાયબ થઇ ગયેલી તેમ આજે પણ થયું. – આજે નીંદર આવતી નહોતી. એ રીતે જગા પણ અજાણી અને પરાઇ લાગી રહી હતી. કૂકડા વારંવાર બોલ્યે જતા હતા, અને એનાથી મન વધારે વિક્ષુબ્ધ થઇ જતું હતું.

...અને પછી ભેજવાળી માટી મહેકવા લાગી. એ વખતે તે ઊઠીને બેઠો થયો. કાન માંડીને સાંભળ્યું તો કોઇ ડોસો (કદાચ સંતોખ અકાલી) 'સતનામ' 'વાહેગુરુ'નો જાપ કરતો, વચમાં વચમાં જયજી સાહેબનાં પદો રટતો ફળિયામાંથી પસાર થઇ રહ્યો હતો. એની લાકડીના અવાજ પરથી એમ લાગતું હતું કે એના ઘૂંટણ હવે સાવ નકામા થઇ ગયા છે.

મોદનને કોણ જાણે શું સૂઝયું કે તે ઊઠ્યો અને કામળો લપેટીને આસ્તેથી ચોરની જેમ બહાર નીકળી પડ્યો. નસકોરામાં ભેજવાળી માટીની મહેકથી જાગેલી સંવેદના ફળિયામાં આવતાં ઓર વધી ગઇ અને તે ઝડપી પગલે ખેતરની બાજુ ચાલી નીકળ્યો.

જ્યારથી પાલો જેલમાંથી પાછો આવ્યો હતો, શરમનો માર્યો બહાર નીકળ્યો નહોતો. હરકોર સમજાવી સમજાવીને થાકી ગઇ હતી, પરંતુ એણે ખાટલો ન છોડ્યો. જે કોઇ દોસ્તો–ભાઇબંધોએ સાંભળ્યું, તે સૌ એને સમજાવવાને આવ્યા; પરંતુ તે વારંવાર ગુસ્સાથી કહેતો હતો : 'ભલા મેં કોઇનું શું બગાડ્યું હતું ? મેં એનું શું ચોર્યું કે ઉઠાવ્યું હતું તેનો તો જવાબ આપો.'

આ દોઢ વરસમાં તો તે ઘણો નબળો પડી ગયો હતો. પુઆધ વિસ્તારના પાણીથી એવી ભૂંડા દમ સરખી ખાંસી થઇ ગઇ હતી કે આખી રાત ખાંસતા ખાંસતા પાંસળીઓ જાણે તૂટતી હતી શરીર હવે હરવા ફરવાને લાયક રહ્યું નહોતું. જાતે ઊઠીને પાણીનો પ્યાલો પણ લેવાતો નહોતો. હરકોર દસપંદર દિવસ તો ઘરગથ્થુ ઉપાયો કરતી રહી. રાઘુ હકીમ પાસેથી દવાઓ લાવીને આપી. ચંપારણના છોકરા લેખુ પાસે પણ સોયા લગાવડાવ્યા, (લેખુ હવે આ ઇલાકાનો મશહૂર ડૉક્ટર બની ગયો હતો.) પરંતુ બીમારીમાં જરાયે ફરક પડતો નહોતો. રાઘુ કહેતો હતો : 'પાણીને કારણે એના પેટમાં ગાંઠ થઇ ગઇ છે.'

દસ, પંદર, વીસ દિવસ વીત્યા અને પાલો પરનાળની નીચે પડેલા મીઠાના

ગાંગડાની જેમ પીગળતો ગયો. જે જોતું તે 'હાય, હાય' કરતું. લોકોએ કેટલાય દિવસ પહેલાં ભવિષ્ય ભાખ્યું હતું કે 'હવે આ બચવાનો નથી.'

જ્યારે તે ઘરવાળાંને દોઢબે મહિના દુ:ખ આપી અને પોતાનાં કર્યાં ભોગવી ચાલ્યો ગયો ત્યારે ભવિષ્ય ભાખનારાઓએ સાથરા પર બેસીને એના મોત કરતાંયે વધારે પોતાના ભવિષ્યકથનની ચર્ચા કરી : 'જે દિવસે તે આવ્યો' તો તે દિવસે જ મેં તો જોઇ લીધું હતું કે ભઇ, હવે આ નહીં બચે.''

''એક દિવસ હું આવ્યો, લગભગ સાત–આઠ દિવસ પહેલાં. હરકોર મને કહેતી'તી કે સંતેયા, ત્રણ દિવસથી આણે મોંમા કશું નાખ્યું નથી; બસ, રાતદિવસ સૂતો રહે છે. મેં જઇને પૂછયું, 'દોસ્ત, આ રીતે તું કઇ રીતે સાજો થશે ? કંઇ ખા–પી, અને નહીંતો ઘૂંટડો દૂધ પીવાનું રાખ.' કહેવા લાગ્યો, 'પેટ જ જાણે બળી ગયું છે કોઇ વસ્તુ માટે દિલ થતું નથી.' ''

''દિલ કેવી રીતે માને ? આદમીને અંતકાળ દેખા દઇ જાય છે. તે પછી અંદર અન્નપાણી કેવી રીતે જાય ? ગાંડા !''

''હા... મેં તો ત્યારે કહી દીધું હતું, હરકોર, ભગવાન આ નાના નાના છોડવાઓ પર કૃપા કરે. આમ તો પાલાની હાલત જોતાં નથી લાગતું તે સાજો થઇ શકે. મેં તો કહ્યું હતું કે ભાઇ, કહો તો તમને શહેરની હૉસ્પિટલમાં લઇ જઇએ – ગાડું આપણા ઘરનું છે. બે કલાકમાં પહોંચી જઇશું અને વળી સાંભળ્યું છે કે દાક્તર પણ સારો છે.''

''અરે ગાંડા, દાક્તર શું કરશે ? જ્યારે મોત આવી લાગે છે ત્યારે કશું આપણે વશ ચાલતું નથી... તું જો, રાવણે પોતાના પાયા સાથે કાળને બાંધલો, પરંતુ હવે તે ક્યાં છે ? અગર કાળને કોઇ હલાવી શકે તો તો પછી રાજા–મહારાજાઓ તો મરે જ નહીં ! એમની પાસે કઇ વાતની કમી હોય છે ? ન ધનની કમી, ન વૈદ્યોની કમી, ન દવાઓની કમી, ઇચ્છા થાય તો ચકલીનું દૂધ પણ મંગાવી લે !''

''આનો કોઇ ઉપાય નથી. જે આવે છે, તે જાય છે. વારો આવ્યે સૌને જવાનું છે.''

...એક અઠવાડિયું બીજું. એ પછી દિલાસા આપવાવાળા પણ સૌ પોતાના કામ ધંધામાં પરોવાઇ ગયા. હરકોરના મનને એવો આઘાત લાગ્યો કે મહા મહિનો બેસતાં તે પોતેય ખાટલે પડી. રોટી–પાણીનીયે તકલીફ થઇ ગઇ. પરસિન્ની આવતી અને બે વખત ચાર રોટી બનાવી આપી જતી. પરંતુ છેવટે કોઇ ક્યાં સુધી કામ કરે ? પોતાનો પરિવાર પણ લોકોથી સચવાતો નથી, બીજાનો કોઇ કઇ રીતે સાચવે ? અને આ વાત એને એક દિવસ પરસિન્નીએ સરળતાથી સમજાવી પણ દીધી :

''જો હરકોર, આ રીતે તો તારું આખું ઘર ભોંયભેગું થઇ જશે. હવે તું આ રીતે આઘાતમાં પડીને ક્યાં સુધી સૂઇ રહેશે ? અને વળી વાહેગુરુની દયાથી તારે ત્રણ રતન જેવા દીકરાઓ છે. દીકરી હતી, તે પોતાને ઘેર મજા કરી રહી છે. તારે હવે શેની

ચિંતા છે ? જવાનું તો એક દિવસ સૌને છે. કરમ તો એનાં ખોટાં, જેને ઘેર દીકરાઓનું સુખ લખ્યું નથી હોતું. હવે જોઇ લેજે, બધું થઇ જશે. તારે તો ત્રણેય દીકરા હોશિયાર છે. મોટો તો વાહેગુરુની દયાથી આખા પરિવારને સંભાળે છે. – હમણાં દોઢબે વરસ, એના પછી આપણે જ ઘર સંભાળ્યું છે. , બીજું કોણ હતું તારું ?...ચાર વરસમાં તો છોટુ એનો જમણો હાથ બની જશે. પછી તું શા માટે પરેશાન થાય છે ? દુઃખ તો ભરથરી જેવા પર પણ પડતું આવ્યું છે.. ઊઠ ! ઊઠીને થોડોઘણો હાથ હલાવતી રહે. હું. કંઇ આખી જિંદગી નિભાવવાની છું ? ના બહેન, બધી બનાવટ ! તને ખબર નથી હું કેવી રીતે ઘેરથી દોડી ભાગીને આવું છું અને આવીને તારાં છોકરાં માટે વાંકીચૂકી રોટી ટીપી જાઉં છું મારે ઘેર તો માથાનાં ઝીંથરા સરખાં નથી કરી શકતી. હવે ઘેર જઇશ ત્યારે પેલી અમારી ફૂવડ –ક્યાંથી નપાવટ ઘરની એ અમારે પલ્લે પડી ! બમણું કામ પાથરીને બેઠી હશે... વહુઓ લાવીએ છીએ કે ભઇ, સુખ દેશે. હું તો પહેલી લાવીને જ દુઃખી થઇ બેઠી છું. અરે અંધેર છે. આ ચઢતી જુવાનીમાં જો કોઇ કહે તે મારા ઘૂંટણ દુઃખે છે, મારાથી પૂળા નહીં કતરાવી શકાય, મારાં ટેરવાં ફાટી ગયાં છે, મારાથી વાસણ માંજયા નહીં જાય – વાહેગુરુ !... અંધેર ! અમે પચાસ–પચાસ વરસની થઇને શું લોઢાની બનેલી છીએ કે આખો દિવસ એમનું કામ પણ સંભાળીએ છીએ અને સાથે પોતાનું પણ !... બસ, અલી બહેન ! એની પાસેથી શું સુખ મળે ?''

પરસિન્ની રોજ ક્યારેક પોતાના કુટુંબની તો ક્યારેક એના કુટુંબની વાતો સંભળાવીને, પાંચસાત દિવસમાં તો, ખરેખરો દિલનો દિલાસો આપી ગઇ. મોદન મંડીથી ડૉક્ટરને બધી હાલત બતાવીને દવા પણ લઇ આવ્યો – એક ઘેરા લાલ રંગની મધની હોય છે. જેવી શી શી અને કેટલીક રંગબેરંગી ગોળીઓ. હરકોરે પોતે પણ પોતાના મનને સમજાવ્યું કે આ રીતે પડ્યાં પડ્યાં આટલો ઘર ખાટલો કેવી રીતે સચવાશે ?... તે આજે થોડું, તો કાલે વધારે – એમ કરીને હરવા ફરવા લાગી. મોસમમાં થોડી ગરમીયે આવવા લાગી હતી. દસપંદર દિવસોમાં તંદુરસ્ત થઇ ગઇ.

ફાગણનો મહિનો સરસવ પાકી ગયેલા. માણસથી પણ ઊંચા સરસવના છોડ શિંગોના ભારથી બેવડ વળી જઇ ધરતીને અડવા લાગ્યા હતા. ચણા પણ એટલા ગીચ હતા કે એમાંથી પસાર થવું પણ મુશ્કેલ હતું અને બીજી પણ બધી ફસલો સારી જ હતી. (કારતકમાં પણ વરસાદ સારો થઇ ગયો હતો, અને શ્રાવણ–ભાદરવાળાં તો વરસાદનો કોઇ સુમાર જ નહોતો.)

જ્યારે તે ખેતરમાં જતી ત્યારે એના દિલની બધી ઉદાસી દૂર થઇ જતી. જો મોદનને કામકાજ વધારે હોય તો તે પોતે જ ચાર લઇ આવતી. મોદન અને સજ્જનથી ખેતરનું કામ જ પતતું નહોતું પછી વધારાનો કામધંધો તો કોણ કરે ? છોટુ ભણવાને માટે જતો હતો. પછી તે એકલી જ ચકરડીની જેમ ઘૂમતી રહેતી. પરંતુ ક્યારેક ક્યારેક ઘૂંટણોની પીડાથી એને એવું લાગતું કે હવે તે એકલી ઘરને સંભાળી નહીં શકે.

એક દિવસ મોદન આગળ તેણે વાત મૂકી : 'બેટા મોદન, હવે આપણે આવતા

કારતકમાં લગ્ન લઇ લઇશું ? બેટા, હવે મારા એકલાથી કામકાજ થતું નથી.'

પલવાર માટે તે મૂંગો થઇ ગયો. પછી કંઇક આનાકાનીપૂર્વક બોલ્યો, "મા, હજુ થોડો વખત તો પસાર થવા દો." લગન તે કંઇ ભાગી જવાનું છે ?"

હરકોર સમજી ગઇ. ઠીક છે. કોઇનું મોઢું તો નથી ઝલાતું. કહેનારા તો આમ પણ કહેશે કે બસ, બાપના મરવાની જ ઇંતેજારી હતી. મનોમન હરકોર એની અક્કલ પર ખુશ થઇ. મનને મનાવી લીધું. જ્યાં આટલો વખત નીકળી ગયો, ત્યાં એક વરસ વળી વધારે.

પરંતુ એક વરસ કાપવું એના માટે ઘણું મુશ્કેલ હતું. મોદનનું માંગું આવ્યે પણ સાત વરસ થઇ ગયાં હતાં. એ વખતે એની ઉંમર માંડ ચૌદ વરસની હતી. એના સાથીદારોને તો બબ્બે બાળકો થઇ ગયાં હતાં. પરંતુ ગ્રહો જ કંઇ એવા વાંકા હતા કે એનો વારો આવતો નહોતો. પહેલાં કાકા, મોટાકાકાએ કરવા નહીં દીધા. ઘરમાંથી કાઢીને આ ટેકરા પર લાવીને બેસાડ્યા ! પછી પેલી લેવાદેવા વગરની બલા ગળે પડી. બે વરસના મુકદમાએ ઘરને પાયમાલ કરી દીધું. આ પછી પાલાને સજા થઇ ગઇ. દોઢ વરસની ખોટી સજા ભોગવીને જેલમાંથી બહાર નીકળ્યો તો ઉપર ચાલી ગયો.

"આમ લોકોએ કેટલું વેઠી વાવણી કરેલી !" – હરકોર ક્યારેક ક્યારેક આ વિચારીને ખૂબ જ ઉદાસ થઇ જતી. લોકો આરામથી રહેતા હતા; ઘરમાં વહુઓ, દીકરા–દીકરાના દીકરાયે હતા, બધા ધિંગામસ્તીમાં લીન હતા; પરંતુ ઇશ્વરે હજુ સુધી શા માટે કોઇ સુખ નહોતું આપ્યું ?

"કોઇનાં કરમોનો કોઇ ભાગીદાર છે ?" પરસિન્નીની પાસે જ્યારે તે વાત કરવા બેસતી ત્યારે તે આશ્વાસન આપતાં જવાબ દેતી હતી : "લે, હવે તું જ જો મારા જેઠને પાંચ છે. પાંચેય અલગ અલગ પોતાનો ઘરસંસાર સાચવતા બેઠા છે. જમીનજાગીરની કોઇ કમી નથી. વગર પૂછ્યે ઘરની બહાર નથી જતાં. વહુઓ –ભલે બધી જુદી જુદી રહે છે, અને જો વિચાર કરીએ તો એમને સાસુ–સસરા પાસેથી લેવાનું શું છે ? પણ પોતપોતાનાં કરમ. કોઇ આવી તો દૂધનું તાસળું આપી ગઇ; કોઇ આવી, કપડાં ધોઇ આપી ગઇ; કોઇ બેસતાં – બેસાડતાં ભોજનમાં રોટી આપી ગઇ. આ હવે તું જોઇ લે. મેરેવાળી જેઠાણી શું સામાન્ય સ્ત્રીઓમાં આવે એવી છે ? પલંગ નીચે તો પગ પણ મૂકતી નથી. તારી સામે જ રાણી થઇ બેઠી છે કે નહીં ? અને અહીં, અમે એક લાવ્યા'તા તે પણ શરૂઆતથી જ માંદલી. ઝાડો પેશાબ કરાવવાયે જાતે લઇ જવી પડે છે... તો પછી કહે, હવે કોઇનાં કરમ લૂંટી આવીએ શું ?'

"આ રીતે ચિંતા ન કર્યા કર. બહેન, આ તો જેવું વાવ્યું છે તેવું જ લણવાનું છે – કોઇના વશની વાત નથી. કહે છે ને કે 'ભોગ લે મના ચુપ કરકે લિક્ખિયાં લેખ દિયાં' (હે મન, જે ભાગ્યમાં લખ્યું છે એને ચુપચાપ ભોગવી લે.)"

"પરંતુ આ બધું શું અમારે જ ભોગવવાનું હતું ? બીજું કોઇ ન રહ્યું ભોગવવાને ?"

ક્યારેક ક્યારેક હરકોરને ગુસ્સો આવતો ત્યારે દિલ ખિજાઇ ઊઠતું હતું. "કેટલાય લોકો માળું બોલે છે, મઝાનું ખાય–પીએ છે અને લહેરમાં રહેતા હોય છે. એ લોકોએ કદી કોઇના ભલા માટેના કામનું નામ પણ નથી લીધું હોતું પરંતુ અહીં તો આખી જિંદગી એણે પોતે અને છેલ્લા શ્વાસ સુધી પાલાએ પણ કોઇને કડવી વાત સુદ્ધાં કહી નહોતી, તોપણ એ 'લખ્યા લેખ' હમેશાં ઊલટા જ કેમ નીકળતા રહ્યા ?"

"પરંતુ બધી બાજુથી અવળી લેખણે આપણા વિશે પેલા નિષ્ઠુર ભગવાને લખી દીધું છે. એને બીજું કોઇ નજરે નહીં ચઢ્યું ?" કહેતાં પરસિન્ની હીબકાં ભરતી.

"આ તો એની મરજી છે. જોતી નથી ? કેટલાક લોકો લીલાલહેર કરે છે, આનંદથી રહે છે અને કેટલાક આખી જિંદગી રોતા રોતા પસંદ કરે છે. પણ એને કોણ ટોકે કે ભાઇ, આવું ન કર્યા કર... આ તો ઇશ્વરની ઇચ્છા છે; એ તો રૂડી સમજીને માનવી પડે છે. ન માનીએ તો બહેન, એને કોણ કંઇ કહેવાનું હતું ?'

પરંતુ કોણ જાણે શાથી, હરકોરના અંતરાત્મા એ એ વાતો કદીયે સ્વીકારી નહોતી. જ્યારે કોઇ ઉપાય ન જડતો ત્યારે ઊઠીને મન મક્કમ કરીને, સુખી દિવસની ઝાંખીપાંખી યાદના સહારે કામ કરવામાં ગૂંથાઇ જતી અને દિલમાંથી નિઃશ્વાસ નીકળતો, 'ઠીક, ક્યારેક તો તે સાંભળશે.'

મોદન એક દિવસ કવેળાએ ખેતર તરફ જવા લાગ્યો તો હરકોર એને પૂછી બેઠી : "ક્યાં જઇ રહ્યો છે ?" પહેલાં ક્યારેય નહીં ને કોને ખબર શાથી આજે એને મનમાં વહેમ ઊઠ્યો હતો. જોડા ઉતારીને પછી ખાટલા પર આવી બેઠો. ગુસ્સાભર્યા અવાજમાં બોલ્યો : "મા, તારા વાળ ધોળા થઇ ગયા, પણ હજી સુધી તારામાં અક્કલ નહીં આવી."

હરકોર તો સાવ લેવાઇ ગઇ. જ઼વાન દીકરાના મોઢામાંથી પહેલાં ક્યારેય કઠોર વેણ સાંભળ્યું નહોતું. આખી ઉંમર વીતી ગઇ, પણ કદી પાલાના મુખેથી પણ તેણે કડવો શબ્દ સાંભળ્યો નહોતો. લોકોનાં ઘરોમાં દરરોજ ગાળાગાળી થતી, ડાંગો લાકડીઓ ઊઠતી, પરંતુ એના ઘરમાંથી કદી કોઇએ ઊંચો અવાજ સરખો સાંભળ્યો નહોતો.

"સારું, દીકરા, માફ કરી દે !... મારાથી ભૂલ થઇ ગઇ." આટલું કહીને પળવાર તો તે ચૂપ થઇ ગઇ, પરંતુ વધારે વાર એનાથી ચુપ ન રહેવાયું. જીવ ગભરાવા લાગ્યો. "દીકરા, આ રીતે તારો બાપ પણ ગુસ્સાથી બોલ્યો નહોતો. અને વળી વહેમો ને ભરમોમાં તો અમે કદી પડ્યાં નહોતાં. આજના જમાનામાં તો આમેય આ બધી વાતો માનવાનું બંધુ થઇ ગયું છે. તું શા માટે એ ચિંતાઓમાં પડી ગયો ?"

હૃદયમાં, ખબર નથી શું શું વિચારેલું કહેવા માટે, પરંતુ મોઢેથી પછી એકેય કઠોર શબ્દ બોલી શકાયો નહીં.

"મા, તું વેળાકવેળા જોતી નથી – બીજી કશી વાત નથી. માણસનું મન

ક્યારેય આવું હોય છે. ક્યારેક તેવું પરંતુ તું તો હરહંમેશ એમજ ગાંડા જેવી વાતો કરતી રહેવાની..."

"દીકરા, હું કઇ વાતો કરતી રહું છું ?... ઠીક છે, તું તારી જાતને સંભાળી શકે એવો કાબેલ થઇ ગયો; ગાંડી તો હું પોતે હવે આપમેળે થઇ ગઇ !"

મોદનને તો માની આ બાળકો જેવી વાત સાંભળીને અનુકંપા જેવું થઇ આવ્યું. એને પ્રતીતિ થઇ કે પોતે સાચે જ સખત વેણ કહી બેઠો છે. તે શરમથી મૂંગો થઇ ગયો. (એની આંખો સામે માએ એના માટે થઇને કયાં કયાં દુઃખ નહોતાં વેઠ્યાં ? પાલાના ગયા કેડે તે ઘરને ઊભું રાખવા પુરૂષની જેમ શીર તોડીને ઘર અને ખેતરનું કામ કરતી રહી હતી.)

"મા, વાતને બીજી બાજુ શા માટે લઇ જાય છે ? મેં કદી તને એવું કહ્યું છે કે તેં કશું કર્યું નથી ?... વાત બરોબર સમજ."

"બેટા, હવે અમારામાં સમજણ ક્યાં છે.... સમજણ તો તમારા લોકોમાં જ રહી ગઇ છે."

મોદનનું માથું ભમી ગયું એને ડર લાગ્યો કે ક્યાંક વાતનું વતેસર ન થઇ જાય... થતું હોય તો થઇ જાય. એણે ગુસ્સાથી વિચાર્યું કહ્યું : "જો કોઇ માણસ વગર કારણે દુઃખી થતો રહે તો એને ભલે મરે કુતરાને મોતે !...સમજુ માણસોએ એટલે તો નહીં કહ્યું હોય ને એની અક્કલ પગની પાનીએ રહે છે ?"

તે ગુસ્સામાં ઊઠ્યો અને જોડા પહેરીને બહાર ચાલી ગયો. હરકોર પહેલાં તો મોઢેથી કંઇક બડબડવા લાગીને પછી ઊંચા અવાજે બોલતી જાણે કે રડવા લાગી.

એનો અવાજ સાંભળીને સજ્જન જાગી ઊઠ્યો અને રજાઇમાંથી મોઢું કાઢીને બોલ્યો, "અરે, તને અડધી રાતે શું થઇ ગયું ?"

હરકોર ડરની મારી ચૂપ થઇ ગઇ. પાછી ફરીને સજ્જનની તરફ જોવાની પણ એનામાં હિંમત નહોતી. ઊંઘ બગડવાને કારણે સજ્જનને ગુસ્સો આવ્યો અને તે એક બેવાર વળી વધારે ગુસ્સામાં બોલ્યો અને પછી રજાઇમાં મોઢું ઘાલી સૂઇ ગયો.

હરકોર ઊઠીને આંગણામાં આવી. આંગણાનો ઝાંપો ઉઘાડો પડ્યો હતો. અંદરની ઓરડીનું બારણું ખટખટાવી જોયું, અંદરથી બંધ હતું. અંદર માતેલી ભેંસ, ચારાથી પેટ ભરીને ફુત્કારી રહી હતી. આંગણામાં લાકડાનો ઢગલો અંધારી રાતે અત્યંત વિચિત્ર લાગી રહ્યો હતો. આંગણામાંની ગમાણની પાસે ઘાસ પાંદડાનો ભૂકો વેરાયેલો પડ્યો હતો. હરકોરે પહેલાં આંગણાનો ઝાંપો બંધ કર્યો અને પછી ઘાસપાંદડાનો ભૂકો વાળીને એકઠો કરવા લાગી.

ખેતરમાં કોઇ શિયાળ બોલી રહ્યું હતું. જ્યારે તે કંઇક અટકતું ત્યારે સૂમસામ રાતનો સન્નાટો ચારેય બાજુએથી મોઢું ફાડી ખાવા ધાતો. ઠંડી પણ હાડકામાં પેસી જતી હતી. (બેએક દિવસ ઠંડી પણ અચાનક વધી ગઇ હતી.) તાપવાની સગડીમાં ઘાસપાંદડાનો કચરો ફેંકીને હરકોરે પોતાના હાથ દુપટ્ટામાં લપેટી લીધા અને વંડી

ઉપરથી ટેકરાવાળા બાવળનાં ઝાડની ઘટા તરફ જોતાં સ્વગત જ બોલવા લાગી : "શું ખબર, આવી ઠંડીમાં શું કરવાને ગયો છે ! આજે પાણીનો વારો તો છે નહીં... વારો હોત તો બતાવીને જાત અને પાછો ઢોલુ તો સાત દિવસ પહેલાંથી જ બુમરાણ મચાવવા લાગી જાય છે, 'કાકી, ૨. વખતે પાણીનો વારો રાતનો છે, આવી બનશે !... તો ક્યાં ગયો હશે ? ક્યાં...'' અને એના શરીરમાં ધ્રુજારી ફરી વળી.

કોટડીના બારણા પાસે આવીને તે ફરીથી પાછી ગઇ. અજાણતાં જ આંગણામાંના ઝાંપાની બંધ કરેલ સાંકળ ખોલી આવી. પાછાં ફરતાં આંખોમાં બળતરા જેવું થતું લાગ્યું. જોયું તો સગડીમાં ફેંકેલ ઘાસપાંદડાના ભૂકાને કારણે આખા આંગણામાં ધુમાડો જ ધુમાડો થઇ ગયો હતો.

એમ લાગ્યું કે ઠંડી ઓર વધી ગઇ છે. અંદર આવી રજાઇમાં પેસી ગઇ, પરંતુ ઠંડી ઓછી ન થઇ. ઘણા સમય બાદ જ્યારે ગરમી લાગવા માંડી ત્યારે અચાનક એમ થયું કે જાણે કોઇ કોટડીનું બારણું ખખડાવે છે. તે ગભરાઇને, બેઠી થઇ ગઇ અને 'આવું છું' કહીને બારણા તરફ ગઇ. સાંકળ ઉઘાડી તો બહાર કોઇ પણ હતું નહીં. સગડીમાં ફેંકેલ કચરો સળગી ઊઠ્યો હતો. સહેજ સાજ ધુમાડો નીકળી રહ્યો હતો – તે પણ અડાયાંનો.

પછી ખાટલા પર આવીને પડી તો ચિંતા થવા લાગી. એના દોરમાં આવીને મન, ખબર નહીં ક્યાં ક્યાં ફરતું ફર્યું. આગલી પાછલી બધી વાતોમાંથી પસાર થઇ, અને છેવટે તે એ ચિંતાને કાંઠે આવીને બધું સમાપ્ત થયું કે. મોદન ક્યાં ગયો છે, વગર જણાવ્યે ?

પડખાં ફેરવતાં આખી રાત પસાર થઇ ગઇ. ક્ષણવાર પણ પાંપણો ભેગી ન થઇ. મોદન પણ પાછો ન ફર્યો સજ્જન એવો નચિંત થઇને સૂતો હતો કે દુનિયાનું કોઇ ભાન નહોતું. મનને એમ થતું હતું કે એને જગાડીને બધું જણાવી દે, પરંતુ હિંમત ચાલતી નહોતી.

ઊઠીને બહાર આવી તો જોયું કે ઢોરને ઘાસ નીરવામાં મોડું થઇ ગયું હતું. પ્હો ફાટી ગયું હતું.

પહેલી રાત અને પછી દિવસ. પાછી બીજી રાત. પછી બે દિવસ અને બે રાત બીજી પસાર થઇ ગઇ, પણ મોદન ઘેર પાછો ન ફર્યો. સજ્જને પણ તપાસ કરી; કોઇ ખબર ન મળી. પરસિન્ની દિવસમાં બબ્બે, ત્રણત્રણ વાર આવીને તપાસ કરતી, રાતે પણ મોડે સુધી બેસી રહેતી. પહેલા બે દિવસ તો તે હરકોરને એવું કહીને સાંત્વન આપતી હતી કે, "કશી ચિંતા નથી. એ કંઇ બાળક છે તે ગુમ થઇ જશે ? ક્યાંક જવાની ઇચ્છા કરીને આવ્યો હશે. પુરુષનું મન ઉદાસ થઇ જ જાય છે અને વળી આ મોસમમાં કામ પણ હોતું નથી; બહેનની પાસે ગયો હશે. બનેવીની સાથે એનો સંબંધ પણ ગાઢ છે ને !" પરંતુ ત્રીજે દિવસે તો તે પણ ચિંતામાં ડૂબી ગઇ.

"કોઇ શું જાણે ? ડાહ્યોડમરો છોકરો છે. આ રીતે અડધી રાતે ઊઠીને ચુપચાપ

ચાલ્યો ગયો ! – એના મનમાં છેવટે શું આવ્યું હશે ?''

પરંતુ કોની ફિકરચિંતાથી કશું બન્યું નહીં. પાંચમે દિવસે મોદન જે રીતે ચુપચાપ ગયો હતો એ રીતે, એ વખતે, અડધી રાતે પાછો ફર્યો. હરકોરે કોઇને કોઇ મિષે એને પૂછ્યા કર્યું ''તું ક્યાં ગયો હતો ?'' પરંતુ એણે કોઇ જવાબ ન આપ્યો. સજ્જને પણ પૂછયું, ''ભાઇ, પાછળથી કાનૂનગો આવેલો. મેં તો કહી દીધું, ભાઇ કામસર ગયા છે. સાત દિવસમાં પાછા ફરશે. તું આટલા દિવસ ક્યાં રહ્યો ? કોઇ કામ હતું ?''

''તો શું હું વગર કામે જ આંટાફેરા કરતો હોઉં છું ? પહેલાં હું કેટલી વાર બહાર ગયો છું ?''

એનો ગુસ્સાભર્યો અવાજ સાંભળીને સજ્જન ચૂપ થઇ ગયો. પરંતુ મનોમન આ બરછટ જવાબ પર એને જે ગુસ્સો આવ્યો તેને એ દબાવી ન શક્યો, ''આ સમજે છે શું ?'' એણે સ્વગત કહ્યું, પરંતુ બહારથી દબાયેલ અવાજે એ બોલ્યો : ''લે, વળી તું ગુસ્સો શું કરવા કરે છે ? મેં તો પૂછયું જ છે ફક્ત...''

''તમે લોકો પૂછતા નથી, ચાલાકીથી ભેદ કઢાવો છો. તમારા લોકોના મનમાં એમ વાત છે કે શું ખબર મોદન પોતાનું ઘર બનાવવાની વેતરણમાં ફરતો હોય... પરંતુ જો હું પોતાનું ઘર બનાવવાનો હોત તો આજે બધાને દાદીમાં યાદ આવી જાત, ભાઈ સિંહ !...''

કડવાશ વધતી દેખીને હરકોરે મોદનને ટોક્યો, ''નહીં, મારા દીકરા, આમ શા માટે ગુસ્સો કરી રહ્યો છે ? એણે તો તને પૂછયું જ છે. જો બંને તમે આ રીતે બોલવા માંડશો, તો પછી આટલી પહાડ જેવી ઘર–ગૃહસ્થી કેવી રીતે સાચવશો ?''

હરકોરે મોદનને કદી ફાવે તેમ વેણ કહ્યાં નહોતાં. કદી એને વઢી સરખી નહોતી. પરંતુ આજે તો એનેય ગુસ્સા જેવું થઇ આવતું હતું એને જો ઘર–ગૃહસ્થીની જાળવણી કરી તો શું થયું ? લોકોનાં નાનાં નાનાં છોકરાં દસ દસ વરસથી જવાબદારીઓ ઉઠાવી રહ્યાં છે ને આને બે વરસમાં તો મીણો ચઢી ગયો છે. હરકોરને આવા વિચાર આવ્યા પણ તેણે ઉપર ઉપરથી કહ્યું સાંભળ્યું કરી બેયને શાંત કરી દીધા.

વાતની કોઇને ખબર પડી શકી નહોતી, પરંતુ સૌના ચહેરા તંગ થઇ ગયા હતાં. ઘરનું વાતાવરણ ગૂંગળાવનારું થઇ ગયું હતું. હરકોરે નરમાશથી વિનવણીથી આ વાતાવરણને ફરીથી ખુશનુમા કરવાની ઇચ્છા કરી, પરંતુ મોદનનું ચઢી ગયેલું મોં કોઇ રીતે સીધું ન થયું.

અને ત્રીજે દિવસે, સાંજે વાળુ કરીને, મોદન જલદીથી જોડા પહેરીને બહાર જતો રહ્યો. બીકના માર્યાં હરકોરે એને કશું પૂછ્યું નહીં.

ટેકરાવાળા બાવળ પાસે આવીને એનું મન દ્વિધામાં પડી ગયું. તે થંભ્યો. પહેલાં વિચાર્યું કે પાછો ફરીને ઘેરથી ભાલો ઉઠાવી લાવે; પરંતુ પાછો હિંમતથી મક્કમ

પગલે ચાલતો ખેતરને રસ્તે પડ્યો. 'હવે મારે ખેતરને શું કરવું છે ?' –અમસ્તા જ આવો વિચાર જાગ્યો, અને તે રોહીવાળી પટ્ટીની પાસે પહોંચીને અવળો ગામની બાજુ વળી ગયો. તારાઓ તરફ નજર દોડાવી, હજુ બહુ વાર થઇ નહોતી. 'લાલુ કાકો હજી જાગી રહ્યો હશે' તે વિચારીને તેનું મન કંઇક હળવું થયું. 'અને ત્યાં તો વળી કોઇ યાર દોસ્ત પણ હશે.'

ગામની બહારના રસ્તાની દક્ષિણ દિશાએથી થઇને તે બાબા લખાના ઘરની સામે આવી પહોંચ્યો, પરંતુ બંને બાજુના દીવા બુઝાયેલા જોઇને તે નિરાશ થઇ ગયો. શું ખબર, મોડું થઇ ગયું હોય અને માટે તે સૂઇ ગયો હોય. પરંતુ વાડાના ઝાંપાની પાસે પહોંચતાં જ છાપરા તળેથી કાકાનું ઠસકું સંભળાયું તો મનનો બધો ભાર જાણે ઊતરી ગયો.

લાલુ કાકો પોતાના ખાટલા પર, ચોકડાવાળી ડિઝાઇનનો ખાખી ખેસ ઓઢીને બેઠો બેઠો શણના છોડવાઓના રેસા ઉતારી રહ્યો હતો. ખાટલાની પાંગથે એની ફાટેલી રજાઇ અને પીળી કિનારીવાળું ગાદલું પડ્યું હતું. સામે તાપણાની પાસે બે બાળકો બેઠાં હતાં – રાજુનો ગિયાલ અને સંતોષ ઝિંજ્જણનો શેરી. મોદને જ્યારે ધ્યાનથી શેરીની કાતરેલી મૂછો અને ગોળમટોળ ચહેરા તરફ જોયું ત્યારે કંઇક બેચેની થઇ. એણે કેસરિયા રંગની પાઘડી કાનની આગળ છોગલું રાખી બાંધી રાખી હતી અને ચોકડાવાળા ગરમ ધૂંસાની નીચે લીલા રંગની નવી લુંગી ઉઠાવદાર દેખાતી હતી.

'કાકા, સ–સરી–કાલ' મોદને દબાતે પગલે ઝાંપો વટાવી છાપરા તરફ આવતાં કહ્યું.

લાલુએ ફરીને ઊંચે જોયું, પરંતુ ઓળખી ન શક્યો. "કોણ છે ?" કહીને તે મોદનની તરફ જોતો રહ્યો; પરંતુ શેરીએ તેને એકદમ ઓળખી લીધો.

'આ આવ્યા ફૂલેકુ લઇને' ફૂલની જેમ ખીલીને આવકાર આપતાં એણે સાથોસાથ ઉપાલંભ પણ દીધો, "આજ અહીં ક્યાંથી મોં બતાવ્યું ?"

"ધન્ય ભાગ્ય ! ધન્ય ભાગ્ય ! કીડીને ઘેર ભગવાને કેવી રીતે પધારવાની ભૂલ કરી ?" કાકા લાલુએ પોતાની રુક્ષ આછી મૂછોમાંથી, બેત્રણ રહી ગયેલા દાંત કાઢતાં કહ્યું અને ખેસને સંભાળીને ખાટલા પર ઓશીકાની તરફ ખસતાં બોલ્યા, "આવ, અહીં બેસ, મારી પાસે."

પરંતુ મોદન ચુપચાપ, ગિયાલની પાસે આવી બેઠો અને પાછળની બાજુ એવી રીતે નજર કરી કે જાણે કશું શોધી રહ્યો હોય ! "આ લે ભાઇ સિંહ-આસન લઇ લે, કાકાના દરબારમાં !' શેરીએ એક કાચી ઇંટ આપતાં જરા હસીને કહ્યું.

લાલુએ મોદનને ખાટલા પર બેસવાને માટે ફરી આગ્રહ કર્યો, પરંતુ તે ઊઠ્યો નહીં.

"બીજું સંભળાવ, તારી શું પરિસ્થિતિ છે ?" શેરીએ પ્રેમથી પૂછ્યું.

"ઠીક છે, જે દહાડા નીકળી જાય તે સારા."

"હજુ દહાડા જ નીકળી રહ્યા છે ?"

મોદનને શેરીની વાત કંઇક ખટકી એનો અણસાર કદાચ (એનો પિતાના મોતની તરફ હતો). તે ચૂપ રહ્યો.

"અને ભાઇ મોદિયા, સાંભળે છે કે, પરિવાર તો બધો કુશળ છે ને ?"

"બધી તમારી કૃપા છે, કાકા."

"કૃપા છે પેલા ઉપરવાળાની !... માણસ બિચારો કોણ છે ?" લાલુએ પોતાની બરછટ દાઢીને પસવારતાં ખાંસી ખાધી. મોદનને લાલુના મોઢેથી નીકળતો દરેક શબ્દ, દરેક વાત સારી લાગતી હતી. તે દરેક અક્ષરને સમારીને, ચીપીને અથવા જરૂરિયાત પ્રમાણે નરમ બનાવીને બોલતો હતો, જેથી બીજા માણસ પર જેવી અસર પાડવી હોય તેવી તે પાડી શકતો હતો. દિલનો પણ તે ખરાબ માણસ નહોતો. જૈતો ગામના શીખ અકાલીઓના મોરચા વખતે તે દળની સાથે જઇ રહ્યો હતો. પરંતુ પછી ધર્મથી અલગ થઇને કોઇ બીજી જ તરફ ફંટાઇ ગયો હતો. જમીન છોકરાઓએ સંભાળી લીધી હતી. પોતાનો ચોથો ભાગ છોકરાઓ પાસેથી ડંડાને જોરે તે લઇ લેતો હતો. બધા લોકો સારી સેવા–ચાકરી પણ કરતા હતા. પૌત્રો-પૌત્રીઓ એને અહીં બેઠાં બેઠાં ખાવાપીવાનું આપી જતાં હતાં. એની દોસ્તી નવજુવાનો સાથે હતી. આખો દિવસ ફૂલની જેમ પ્રફુલ્લિત રહેતો, ન કોઇને ઉદાસ થવા દેતો ન કોઇને ઢીલી પોચી વાતો કરવા દેતો.

લાલુનું લાંબુ નાક, ઊંડી, નાની કાજળકાળી આંખો અને ગાલોનાં ભરાયેલ હાડકાં તરફ જોયું તો ખબર નહીં કેમ, પણ એને આ ખ્યાલ આવ્યો કે યુવાવસ્થામાં લાલુ ઘણો સુંદર અને જવાન દેખાતો હશે.

"કાકા, એક-એક ઘૂંટ ચા પીશું ?" ત્રિપાલે પહેલાં લાલુની તરફ પછી શેરી અને મોદનની તરફ જોઇને જાણે ત્રણેયને પૂછ્યું.

"કહે છે ને, 'દાદા દાળમાં ઘી નાખું ?' અરે સસરીના, શું આવા કામ પૂછીપૂછીને કરાતાં હોય છે ?' તેં તો એવી વાત કરી !" લાલુ ઠસકો દબાવીને હસ્યો. "ચા પડી છે, ગોળ પડ્યો છે, તપેલી ઝાલ અને દેવતા પર મૂકી દે–અમને ખબર છે, સદ્‌ભાગ્યે તારે ઘેર દૂધની છત છે – કોઇને કોઇ ગાય–ભેંસ અહીં વિયાયેલી જ હોય છે."

લાલુના આ સંકેત પર શેરી ખડખડાટ હસતો બોલ્યો, "કાકા, તમે બીજાને એવી તો લગાવો છો કે પટાબાજીના ખેલાડીની જેમ જાડી બુદ્ધિવાળાને તો બિલકુલ ખબર જ પડવા નથી દેતાં. તમારા દિવસો છે ! લગાવો..."

"દિવસોની વાત કહીને તો ભલાદમી, તેં મને મહાત કરી દીધો. પરંતુ ગિયાલ તો અમારી સાળીનો છોકરો છે, એની સાથે ક્યારેક ક્યારેક મજાક કરવાનું મન થઇ આવે છે."

"હા, હું પણ તો એજ કહી રહ્યો છું ને, ભાઇ તમારા દિવસો છે, સાળીઓની મશ્કરી કરવાના."

ગિયાલ ઇંટોના ચૂલામાં છોડિયાં લગાવીને તપેલી મૂકી રહ્યો હતો. મોદનનું મન પણ એ ત્રણેયની નિજીગત જોઇને ખીલી ઊઠ્યું હતું.

"કાકા, તમે જુવાનીમાં તો ઘણા મસ્તીખોર રહ્યા હશો !" ગિયાલ દેવતા સળગાવી બોલ્યો.

"એ તો તું ઘરે જઇ તારી માને પૂછજે ને...! મને શું પૂછે છે ?"

"ઘેર પૂછવાથી તો ખબર પડી છે !"

"અને ભઇ મોદિયા, ફસલબસલની શું હાલત છે ?" લાલુએ વાતનું વહેણ બદલવા માટે મોદન તરફ ધ્યાન પ્રેર્યું.

"સારી છે. ચણા તો આ વખતે ખૂબ સારા છે."

"સારું થયું, સારું થયું. સારાનું જ માન છે ભાઇ, તારો બાપ ઘણો સમજુ આદમી હતો. આખી ઉંમર કાળા બળદની જેમ કમાતો રહ્યો, ગુમાવ્યો એક પૈસો નહીં. પછી પરંતુ દુનિયામાં એવા આદમીઓની કદર છે નહીં. હા,....નથી કદર !" લાલુએ બેત્રણ વાર માથું હલાવી છેવટના શબ્દોનું પુનરાવર્તન કર્યું.

"કાકા, કદર તો લુચ્ચા–બદમાશોની છે. આજકાલ હવે તો લુચ્ચા–બદમાશો મુખી છે ને ગુંડી સ્ત્રી પ્રધાન – આવી વાત થઇ ગઇ છે હવે તો." શેરીએ સમજુ માણસોની રીતે હુંકારો ભણ્યો.

"સાવ સાચી વાત છે, સાવ સાચી વાત છે. સમજવા જેવી વાત છે તારી. તે આ બદમાશો–લુચ્ચાઓએ મળીને આના (મોદનના) બાપની આ દુર્દશા કરી છે કે નહીં ? – અરે તમારું ધનોતપનોત જાય ! મારા..." લાલુએ એક નરમ જેવી ગાળ દીધી અને મોઢું એવું બગાડી દીધું કે જાણે કોઇ કડવું ચવાઇ ગયું હોય ! ઊંડી આંખો તેજ થવા લાગી. શણના છોડવાઓ જરક જરક તોડતો હતો ઝડપથી, પરંતુ પોતાની ગતમાં લઢણમાં તે બોલતો ગયો.

"શેરીયા, એવા પાપી લોકોને કીડા પડે છે ને રિબાઇ રિબાઇને મરે છે..."

"આ પાપીઓને કીડા શું કરવા પડે, કાકા ! જોઇ લો, તમારી નજર સામે એમની ફાંદો ફૂલતી જાય છે."

"નહીં, નહીં, તું જોજે તો ખરો. જોતો રહેજે. પાપનો ઘડો ભરાઇને ફૂટે છે. એનો વેલો નાશ પામશે – વેલાનો નાશ... અરે ગાંડા ! પાલા જેવા સજ્જન આદમી પર ઘા કરીને પછી ભલા, સુખેથી રહેવાશે... જોજે તો ખરો ! અરે ગાંડા ! તું કેવી વાત કરે છે ? અરે એ સાલાઓ રોટીના ટુકડા માટે વલવલતા ન ફરે તો મને લાલુ ન કહેતા."

લાલુના મોઢામાંથી શબ્દોની સાથે જાણે આગ લાગી હતી. ચૂલામાં ગિયાલના સળગાવેલ દેવતાના ઉજાસમાં એની ગાલની કરચલીઓવાળી કાળી ચામડી તપી ઊઠી હતી. એની અંદર જાણે કંઇક ઊકળી રહ્યું હતું.

"અરે, તમારું ઘનોતપનોત જાય," કહેતાં લાલુએ આંગણા તરફ નજર

દોડાવી અને પલવાર માટે તો તે બધા ચુપ રહ્યા. પછી લાલુએ જાણે પોતાની અંદર 'જે કંઇ' ઊકળતું હતું એને શબ્દોમાં ઢાળીને બહાર કાઢવાનું શરૂ કરી દીધું.

''અંધેર નથી, ભલાદમી ? પાલા જેવો આદમી શું ઘેર ઘેર પાકે છે ? આવો નરમ, આવો પ્રેમાળ આવો મીઠાબોલો ! વાત કરતો'તો ત્યારે એમ લાગતું જાણે મોઢામાં બોલ નથી. એમણે આ આદમીને દગો દીધો. શું આ જુલ્મ નથી ? સાધુ માણસ !... મારી પાસે તે આવીને બેસતો હતો. ઘણું રડતો હતો. કહેતો હતો, ભાઇ મને એ રહેવા દેતા નથી; હું ઘર છોડીને ખેતરમાં કોટડી બનાવીશ. હું કહેતો, ના, તું બાપદાદાનું ઘર છોડીને રોહીમાં ક્યાં જઇ બેસીશ ? આ રીતે તો તેઓ તને કાલે ત્યાંથી પણ કાઢશે. પછી તું શું કરીશ ? પરંતુ છેવટે એ બુંદિયાળોએ ઓલિયાને કાઢીને નિરાંતનો શ્વાસ લીધો. ખેર, ચાલો. રોજના કલેશથી તો આ બહેતર હતું – આંખથી ન જુએ, કાનથી ન સાંભળે તો તો આદમી વાતને ભૂલીવીસરી પણ જાય છે. પરંતુ ત્યાં પણ ગોલીનાઓએ ક્યાં કેડો મૂક્યો ? પાછળ ગયા... અને છેવટે એ સાધુ માણસને મારીને જંપ્યા. સાલા રાક્ષસો ! એવા હોય છે અસલી રાક્ષસ હં...'

પોતાના પિતા બાબતમાં સાંભળીને મોદનનું દિલ ભરાઇ આવ્યું. એમ તો બીજા લોકો પણ આવા પ્રકારની ઘણી વાતો કર્યા કરતા હતા, પરંતુ એ વાતોની મન પર આટલી અસર નહોતી થતી. આમેય પાલો એવો માણસ હતો કે જીવનભર એણે કોઇનુંયે બગાડ્યું નહોતું. જો કોઇની સાથે લેણાદેણી જ રાખી નહોતી તો કોઇની જોડે પછી કજિયોકંકાસ ક્યાંથી ? એના ગુજરી ગયે બેત્રણ મહિના થઇ ગયા હતા, તોયે હજી પણ મોદન જેની પાસે જઇને બેસતો હતો તે પાલાની વાતો શરૂ કરી દેતું હતું. એનાં વખાણ કરતું જતું હતું (કેટલીક વાર તો એ વાર્તા મોદનને બનાવટી અને ખોટી પણ લાગતી હતી.)

''શેરિયા ! આ જાટ એવા જડીબુટ્ટીનો બન્યો હોય છે કે ભઇ, એનો ખાર એ ગુમાવતો નથી.'' લાલુ હજી સુધી એનું વિલ હળવું કરી રહ્યો હતો. ''એટલે તો કહેનારાઓએ નથી કહ્યું કે *'કુક્કડ કાં, કિરાડ઼ કબીલા પાલદે, જટ મૈહાં, સંસાર કબીલા ગાલદે.** લે, હવે, વચમાંની ખરી વાત સાંભળી લે. આ વાત તો કદાચ મોદનને પણ માલૂમ નહીં હોય – માલૂમ પણ કેવી રીતે હોય, જે વાતો આના દાદાના વખતની હોય તે, અને ખરું પૂછો તો એના વડદાદાના વખતની.''

''એમનો એક કાકો હતો. આશરે પચાસ સાઠ વરસ જૂની વાત હશે. અત્યારના મુખીનો નહીં, એના બાપનો, એ સાલા ફાંદાળા અરજનનો, જેણે પાલા જેવા આદમીનો હાયકારો લીધો છે. એ ડોસો તો જતો રહ્યો, મોસાળનું મકાન અને પોતાની જમીન એમને આપતો ગયો. તે ભાઇ, એ લોકો પંદરવીસ વરસ સુધી એ જમીનની કમાઇ ખાતા રહ્યા. પછી તો એ ડોસો મરી ગયો, અને એનો દીકરો આવ્યો. જુઓ, આખરે તો એમણે પોતાની જમીન સંભાળવી હતી ને ! તે લો, તેઓ એની પાસે આવ્યા

* કૂકડો, કાગડો અને વાણિયો કુટુંબને પાળે' છે અને જાટ, ભેંસ, અને મગર પોતાનાં કુટુંબનો સર્વનાશ કરે છે.

– આ મોટા પંચાતિયા અરજનની પાસે એનો એક મોટો ભાઇ હતો, ઝાંખરા જેવો; એને 'તોગા' કહેતા હતા. તમે લોકો સમજણા થયા તે પહેલાં જ એ મરી ગયો હતો. ઝઘડો કરવામાં તો એ આનો પણ બાપ હતો – અને પછી મર્યો પણ આવી રીતે –કૂતરાં બિલાડાંની રીતે...''

સહેજવાર મૂંગા રહીને વાતનો રસ લેતાં લાલુએ કહ્યું : ''લો તો, એ છોકરાંને તો એમણે પાણી સુદ્ધાંનો ભાવ નહીં પૂછ્યો. એમ ના કરત તોયે કોઇ વાંધો નહોતો, પરંતુ આમણે તો કહ્યું, 'કેવી તમારી જમીન ?... તે તો તમારો બાપ અમારી પાસે ગીરવી મૂકીને ગયો હતો.' આટલું જુઠ્ઠું ! હદ થઇ ગઇ. છેવટે જે એમનામાંયે એક તેજ છોકરો હતો, એણે કહ્યું, 'ભાઇ, લખત હોય તો દેખાડો.' એમણે એ રીતે એક જૂની ખાતાવહીમાં કરેલો કોઇ નકલી અંગૂઠો બતાવ્યો. એ છોકરાઓ કંઇ ઓછા જ નાના હતા. વળી એમને બધી વાતની ખબર હતી. એમને શું, આખા ગામના એક એક નાના છોકરાનેય ખબર હતી. લો ભગવાન તમારું ભલું કરે, એમણે પંચને ભેગું કર્યું. એ દિવસોમાં આ આપણા મોદનના મોટા દાદાનું ગામમાં ચલણ હતું, ભગવાન જેવું. ગામનો કોઇ પણ ઝઘડો પતાવવાનો હોય... 'બોલાવો સૌણાને !' જો બે ભાઇઓને કોઇ હિસાબકિતાબનો ઝઘડો હોય તો બોલાવો સૌણાને માણસ પણ કેવો સોળ આની સાચો હતો ! કોઇ સગાની પણ તરફદારી નહોતો કરતો. ન કોઇથી દબાવવાનું, ન કોઇથી ડરવાનું.''

''એના સગા દાદાની વાત કરી રહ્યા છો, કાકા ?'' ચાની તૈયારીમાં પડેલા ગિયાલે પૂછ્યું. ''એમને તો મેં પણ જોયેલા.''

''નહીં ભલા ! આ આપણા મોદિયાના સગા દાદાનો એક મોટો ભાઇ હતો, નાના કે મોટા કાકાનો દીકરો. અરે કમબખ્ત, આજ ધીચરનો વડદાદો – લોહી તો બધાનું એકજ ને ! પણ એને ત્યાં છોકરો થતો નહોતો. એની પૂંજી પણ આ લોકોએ સંભાળી મોદિયાના દાદા તો હીરો માણસ હતા એમણે સૌણાની પૂંજીમાંથી જરા સરખું પણ લીધું નહોતું કહેતા હતા : 'મારી પાસે દાતાએ આપેલું બધું છે. હું શા માટે કોઇ નિઃસંતાનની જમીન પર આંખ માંડું.' પરંતુ તમે સમજો, આવા માણસો તો વિરલ જ હોયને ! તો સૌણા ડોસાએ પછી ભર્યા પંચમાં એમને સારી પેઠે ધોયા. જૂઠા હતા એટલે શું કહેવું તે સૂઝતું નહોતું. મીંદડી જેવા થઇ ગયા. આખા ગામે ટોક્યા, નિંદા વરસાવી. જમીનનો ચુકાદો પંચે છોકરાઓના પક્ષમાં હકદાવે આપ્યો. પરંતુ પેલા એટલા નપાવટ હતા કે જમીનનો કબજો આપતા નહોતા. તો ભઇ, એમણે પંચના પાંચ–સાત માણસોને પોતાની સાથે લઇ લીધા અને ચારપાંચ પોતાના મસિયાઇ સંબંધીઓને સાથે લઇ આવ્યા. પાંચ પાંચ હાથ લાંબા મજબૂત, તગડા જુવાનો આવીને એ લોકોએ હળ જોડી લીધાં. ચાલો, વાત પૂરી થઇને ઊડી ગઇ.

''પછી તો, એ બીચારાઓને બે ઘરોનું કામ સંભાળવું મુશ્કેલ થઇ ગયું નાના છોકરાએ અહીં રહેવાની વિચારણા કરી લીધી. પછી એમણે એને ઘર વહેંચીને નહીં

આપ્યું એ રીતે ફરી ઝઘડો ઊભો થયો. આ વખતે પણ ન્યાય સૌણા ડોસાએ જ કર્યો... પરંતુ આ નાલાયકોએ જઇને એ છોકરાઓ પર મુકદમો માંડ્યો – સદંતર જુઠો મુકદમો આપણા જેવા બે જૂઠા સાક્ષીઓ શોધી લીધા. તે લો, જ્યાં સુધી મુકદમો ચાલતો રહ્યો ત્યાં સુધી તે છોકરો સૌણાના વાડામાં રહેતો હતો. સૌણાનો અને આ પાલાનો વાડો સહિયારો હતો. એ સાલાઓ એમને કષ્ટ આપતા હતા. પછી તેઓ મુકદમો પણ હારી ગયા. ઘર પણ વહેંચી દીધું. પરંતુ મનમાંનો ખાર ગયો નહીં.''

''તે ભાઇ, પેલો જે અરજનનો મોટો ભાઇ હતો જેની મેં તને વાત સંભળાવી છે તે એક દિવસ રાતના દારૂ પીને એના દરવાજા આગળ જઇને પડકાર કરવા લાગ્યો. સૌણા ડોસા નરમ પણ ઘણા હતા, પરંતુ નરમ લોકો સાથે નરમ હતા. આમ તો મર્દ માણસ હતા. એમની પાસે અઢીત્રણ શેરને જાડી લાઠી રહેતી હતી, ખીલીઓથી જડેલી. સાંભળ્યું છે કે જવાનીમાં તો તે ભાલો પણ રાખતા હતા, મોટા મોટા બદમાશ કહેવાતા લોકોય તેમની નજીક નહોતા ફરકતા. વળી આના, આપણા મોદનના દાદા પણ પડછંદ જુવાન હતા. તે જુઓ, એક જ ખડકીમાં સાત ઘર વસતાં હતાં. આંગણું હજુ સુધી સહિયારું હતું. તે લો, પેલા બંને પડકાર સાંભળીને બહાર આવી ગયા. એ સસરીનાં માથા પર મોત ભમી રહ્યું હતું. તે એ એમને ગાળ કાઢી બેઠો. બસ, પછી શું હોય ? સૌણા ડોસા તૂટી પડ્યા અને બધો દારૂબારૂ ઊતરી ગયો. એને મારી મારીને ચપટો કરી દીધો. ઘણી પીડા થઇ મૂઢ માર વાગેલો તેથી. પરંતુ ડોસા સૌણાનો એક ફટકો હાડકા પર પડ્યો અને તેનો ટાંટિયો ફટાક કરતો તૂટી ગયો...

''લો, પછી તો વાત વધી ગઇ. મામલો કોર્ટે ચઢ્યો. પરંતુ આખું ગામ ડોસા સૌણા સાથે સરપંચને ત્યાં જઇ પહોંચ્યું – એ દિવસોમાં આપણો બોલા સરપંચ હતો. એણે વાતો સાંભળી દૂધનું દૂધ અને પાણીનું પાણી – એવું કરી દીધું. વાત વાંકી પડતી જોઇને તેઓ ભડવીરો પગમાં પાઘડીઓ મૂકવા લાગ્યા. સૌણા આમેય નિખાલસ દિલનો માણસ હતો. એણે લોકના કહેવા–કારવવા પર સમાધાન કરી લીધું

''પરંતુ ત્યારથી એ લોકોએ વેર ન છોડ્યું. પછીથી એમણે જં કંઇ કરતૂતો' કર્યાં તે વેરના માર્યા કર્યાં. પાલા જેવો નરમ માણસ આ દુનિયાના ચ પર શું ક્યાંય મળી શકે છે ?... હવે એના દીકરાઓ તૈયાર થઇ આવ્યા છે. તે એને પણ મહાત કરી રહ્યા છે – હજુ સુધી કજિયાથી ક્યાં કંટાળે છે ?''

''કાકા, જ્યાં સુધી જાટના બે લમણાં વચ્ચે બરોબર માથામાં બાડી નહીં પડે ત્યાં સુધી એને સમજણ નહીં આવે; અને જ્યાં સુધી ડોકું કાપીને વચમાં ઇંટ ન મૂકવામાં આવે ત્યાં સુધી એ મરતો નથી.'' શેરીએ સૈકાઓ જૂની વાતો શાણા માણસની જેમ ઉથલાવી.

''એ રીતે તો તારી વાત સાચી છે; પરંતુ પાંચેય આંગળીઓ એકસરખી નથી હોતી ને ! ઘણા સારા પણ હોય છે. આ સાલાઓ તો એકદમ ખરાબ છે, દિલનાયે !''

"કેમ ખરાબ છે ? એમ કહો કે કોઇની સાથે એમનો મુકાબલો થયો નથી... તેઓ કહ્યા કરે છે ને 'તમે મગતરાં જેવાં, તમારી સાથે અથડાશે હાથી વાળો ?' શરીફ માણસો સાથે પનારો પડ્યો; ક્યાંક અમારા જેવા ડાલામથ્થા સાથે જો શીંગડા ભેરવાયાં હોત તો દેખત કે કેવા એમને મૂળમાંથી ઉખેડીને ઉશેટ્યા હોત ગમાણમાં તે...'

"એવું નથી." લાલુએ માથું હલાવ્યું, "ભાઇઓમાં કોઇ ગાજ્યો જાય એવું નથી. પરંતુ કંઇક લાંબા વિચારમાં પડી જાય છે તેઓ. જો તારા જેવો તીખો તરવરિયો હોત તો વાત બરદાસ્ત જ ન કરત."

"લાંબું વિચારનારાઓને દુનિયા ટકવા દેતી નથી... અને વળી લોકો સમજી લે છે, આનામાં તો આમેય દમ નથી – ડરપોક છે." ગિયાલે ઊકળતી ચાની તપેલી એક તરફ મૂકતાં વચમાં ટાપસી પૂરી.

"અરે ભઇ, આ ઠીક છે, પણ..."

"પણ શું ? તેમ પોતે તો અમને વીસ વખત વાત સંભળાવી છે, પેલી ગુરુ ગોવિંદ સિંહવાળી."

"ઓ...હો ! એ વાત તો સાખીઓમાં લખેલી છે, મેં કઇ મનમાંથી ઉપજાવી કાઢી છે ?"

"અમે ક્યાં કહીએ છીએ કે મનમાંથી ઉપજાવેલી છે ? પરંતુ વાત તો પાકી છે ને ! કાકા જો માણસ આવા લોકો સામે નમતું મૂકે છે, તો એવા લોકો પછી આપણા ઉપર વધારે ચઢી બેસે છે."

"ગુરુ ગોવિંદ સિંહવાળી કઇ વાત છે, કાકા ?" શેરીએ યુક્તિપૂર્વક મોદન તરફ નજર કરીને પૂછ્યું.

"અરે કમબખ્તો ! પહેલાં કેટલીવાર તો સાંભળી ચૂક્યા છો, તમે લોકો ! – પેલી પઠાણવાળી વાત. જ્યારે ગુરુસાહેબ નંદેડ ગયા હતા ત્યારે એક પઠાણની સાથે સાથે પાસા રમતાં કહ્યા કરતાં હતા કે, ભઇ, જે પોતાના પૂર્વજોનો બદલો ન લે તે માણસ પણ શું કંઇ માણસ હોય છે ? પછી એ પઠાણે એમના પર ઘા કર્યો હતો."

"સારું, સારું..." શેરીએ માથું હલાવ્યું. "આ તો અનેક વાર સાંભળી છે – આ વાત તો છે પણ પાકી..."

ગિયાલે મોટા વાડકામાં ચા રેડી દીધી હતી. બધાને ચા આપતી વખતે એણે વાતોનું વહેણ બીજી તરફવાળી લીધું. મોદને પહેલો ઘૂંટડો લીધો ત્યારે ચા જાણે કાળજાને દઝાડી ગઇ. બીજો ઘૂંટડો લીધો તો અંદરથી ભડકા નીકળવા લાગ્યા – અને પછી એને પોતાનું રોમ રોમ સળગતું હોય એવું લાગવા માંડ્યું. આંખો સૂકા બાવળના લાકડાના મોટા સળગતા અંગારાની જેમ ચમકતી લાગી, અને એણે તીખી નજરે શેરી અને ગિયાલ તરફ જોયું. પરંતુ પેલા બંને લાલુની સાથે ફાલતું વાતો કરતાં, હી હી કરતાં, હસી રહ્યા છે. એમનું હસવું જાણે અંદરના દેવતા પર ઘાસતેલ ની જેમ પડી રહ્યું હતું. (તેઓ બંને, બેશક, એના બાળપણના ગોઠિયા હતા, પરંતુ જ્યારથી

કુટુંબજંજાળમાં પડ્યા હતા ત્યારથી મિલન મુલાકાત ઓછાં થઇ ગયાં હતાં અને આજે જાણે તેઓ એને પોતાના અસલી 'રૂપ'માં દેખાતા હતા; એનો જીવ પહેલાં એમનાથી છૂટવાને ચાહતો હતો; પરંતુ પછી તે કડવી દવાના ઘૂંટડાની જેમ ગુસ્સો ગળી ગયો... આ પણ એને પોતાની નામરદાઇરૂપ લાગતું હતું.

"ઠીક, કાકા વાહે ગુરુજી ફતેહ !" ચાનો છેવટનો ગરમ અને બેહદ કડવો ઘૂંટડો પીને, વાડકી નીચે રાખીને મોદન ઊભો થયો. એમની તરફ જોયા વગર જ ત્યાંથી ચાલતો થયો.

"ભઇ, ચા તો તારા ભાગની હજુ પડી છે." ગિયાલે ઊંચા સાદે કહ્યું.

"બસ, ફરી ક્યારેક પીશું."

મોદનનો આ શુષ્ક અવાજ અને તેનું આમ અચાનક ચાલી જવું – તેથી લાલુ કંઇક વિચારમાં પડી ગયો અને એના મોઢામાંથી કોઇ વાત ન નીકળી.

"છોકરાઓ, મોદિયો ક્યાંક, કોઇ વાત પર ગુસ્સો કરીને તો નથી ગયો ને !" લાલુએ એને દરવાજામાંથી જતો જોઇને ખૂબ દબાયેલા અવાજમાં પૂછ્યું.

"લો !" શેરીએ દાંત પીસતાં વાત કહી, "અગર એવો ગુસ્સો કરનારો હોત તો અત્યાર સુધીમાં દુશ્મનના આંગણામાં સાવરણાની જેમ ફરી વળ્યો ન હોત !"

મોદનને, વાડાની નાની વંડી પર થઇને આવતો શેરીનો અવાજ સંભળાયો અને એના પગ ધ્રૂજી ઊઠ્યા.

એક વાર તે પાછળ ફર્યો, પણ એની આંખો સામે જાણે અંધારું છવાઇ ગયું. વંડીનો ટેકો લઇને તેણે પોતાને સંભાળી લીધો અને પછી જ્યારે એનું દિલ કંઇક ઠેકાણે આવ્યું ત્યારે તે લાંબા લાંબા ડગલાં ભરતો ઘરની બાજુ વળી ગયો. રસ્તામાં એને અનેક માણસો મળ્યા, પરંતુ એણે કોઇને નહીં ઓળખ્યા. બે જણાએ તો એને સાદ પણ કર્યો, પણ એને કશી ખબર ન પડી.

ઘરની નજીક આવતાં ખરેખર એવું લાગ્યું કે જાણે તે અંગારા પર ચાલી રહ્યો છે. દરવાજો ખોલવા લાગ્યો તો અચાનક કોઇ વાત ખ્યાલમાં આવી ગઇ અને તે ત્યાંથી પાછો ફરી ગયો.

ખેતરોવાળી કેડી પર ગાઢ અંધારું હતું. આકાશમાં તારાઓની ચમક પણ વાદળોને કારણે ઝાંખી પડી ગઇ હતી. વાટની બેય બાજુ ઊભેલાં ઝાડી–ઝાંખરાંનું રૂપ ઘણું બિહામણું લાગી રહ્યું હતું. વૃક્ષોનો આકાર વધારે વિશાળ અને બેઢંગો દેખાવા લાગ્યો હતો. ઘૂંટણ ભાર ઊંચા શ્યામ લીલા ઘઉં, લીલા ચણા, પીળા પડી ગયેલા સરસવ– બધા એક સરખા કાળા રંગના દેખાતા હતા વાટે ધૂળ બરફના જેવી ઠંડી થઇ ગઇ હતી. એના જોડાનાં તળિયામાંથી ક્યારેક ઠંડી રેતીનો સ્પર્શ અનુભવાતો હતો; પરંતુ આ સ્પર્શથી ઠંડી લાગવાને બદલે શરીરનાં રૂંવેરૂંવાં સળગતાં લાગતાં હતાં.

અત્યાર સુધી મોદન જાણે ભાન ભૂલ્યો બનીને ચાલતો આવતો હતો. ખેતર હજુ એક ગાઉ દૂર હતું. મનનું ઉતાવળાપણું ધીરે ધીરે મંદ પડી રહ્યું હતું. આની સાથે

ચાલ પણ મંદ પડી રહી હતી. ધીચર પાણીવાળાના ટેકરા પાસે આવીને એણે માથું ઊંચું કર્યું તો ટેકરા પર ઊભેલા જૂના વૃક્ષનાં સૂકાં અને વાંકાચૂંકા બે ઠૂંઠિયાં એને લૂલા માણસના બાહુઓ જેવા લાગ્યા. આ વૃક્ષે એનામાં બાળપણથી લઇને અત્યાર સુધીની અનેક વાતોની એક જ ક્ષણમાં યાદ જગાડી દીધી. પછી માથું નમાવી ને તે આગળ ચાલ્યો ત્યારે એક વાત, કૂતરા પરની માખીની જેમ વારંવાર એના મગજની આસપાસ ચકરાવા લાગી – 'તે લોકો આ ઝાડની નીચેથી ગયા હતા...' અને પછી આ વાતની સાથે બીજી અનેક વાતો આવીને જોડાઇ ગઇ. જાણે કોઇએ પેલા 'લૂલા વૃક્ષ' પર લાગેલા મધપૂડા પર પથ્થર માર્યો ન હોય !

મોદનને પોતાના પિતાનો લાંબો, પાતળો, નાજુક, સફેદ ચહેરો નજરમાં આવ્યો; પછી એમનું નિષ્કપટ, ધીમું, મંદ હાસ્ય સંભળાયું અને તેઓ ચોકડીવાળો ખેસ લપેટી, આંગણામાં, કોટડીની બહાર ઢાળેલા ખાટલા પર, તડકામાં દેખાવા લાગ્યા. એમના માથાના અરધાથી પણ વધારે વાળ હજુ પણ કાળા હતા, પરંતુ આખી દાઢી સફેદ થઇ ગઇ હતી. કોઇ કોઇ વાળ જ કાળા રહી ગયા હતા. જેલ જતાં પહેલાં તો એમની અરધી દાઢી કાળી હતી. આ દોઢ વરસમાં આટલી જલદી, દાઢી સફેદ કેવી રીતે થઇ ગઇ ?... 'તું વરસોની વાત કરે છે, ભલાદમી, પણ ચિંતા અને બદનામી તો સાત દિવસમાં જ માણસને બુઢ્ઢો કરી દે છે.'...એને લાલુ જેવા કોઇ માણસનો અવાજ પ્રત્યક્ષ સંભળાયો, પણ સિકલ ઓળખાઇ નહીં, અવાજ હજુ સંભળાતો હતો –

"...આપણે ત્યાં એક ડોસો હતો, એનું નામ હતું નધાના. તું સમજણો થયો તે પહેલાંની વાત છે. એના પાંચ દિકરા હતા, થાંભલા જેવો અડીખમ જવાન ! નાની ઉંમરની સંતતિ બરાબરની હોય છે. એટલા માટે તે દેખાવમાં એમનો મોટો ભાઇ જ લાગતો હતો. આમ તો મોટા દિકરાની દાઢી તો કોઇ બીમારીના કારણે સફેદ થઇ ગઇ હતી, પરંતુ બાપના માથામાં તો એક પણ વાળ સફેદ નહોતો આવ્યો. – કારતકની બીમારીમાં એક પછી એક પાંચેય મરી ગયા. લો ભાઇ, નધારાની આખી દાઢી એક મહિનાની અંદર સફેદ થઇ ગઇ – આ તો મેં મારી આંખોથી જોયું છે...."

"...શું જોયું છે એય, તેં ?"... આ બોલવાવાળાને એક સિપાઇ ગાળ દઇને ધમકાવી રહ્યો હતો, "બોલ, શું જોયું છે ?" – "કશું નહીં, હજૂર, મારે શું જોવાનું" હતું ? – હું તો એમ જ વાત કરી રહ્યો હતો..."

... અને પછીથી એ લાલ પટ્ટીઓ અને ભારેખમ બુટોવાળા 'જીવતા–જાગતા જમદૂત' કૂચકદમ કરતા એના ઘરમાં ઘૂસી આવ્યા... એના બાપુને એમણે કોટડીની અંદર ઘેરી લીધા. ત્રણ સિપાઇઓ ઘરની બહાર ચોકી કરી રહ્યા હતા, જાણે એમણે કોઇ કિલ્લાને ફરતો ઘેરો ઘાલ્યો હોય. ગામનાં છોકરાંઓ જેઓ દૂર ભયભીત, ગભરાયેલી આંખોથી ટેકરાવાળા બાવળની પાસે ઊભા રહીને આમની તરફ જોઇ રહ્યાં હતાં, તેમને આ લોકો ગાળો દેતા હતા. બીજા ચાર સિપાઇઓ અને થાણેદારે પાલા સમેત આખા પરિવારને ઘેરી લઇને આંગણામાં બેસાડી રાખ્યો હતો. થાણેદાર ગંદી

ગાળો બકતો જ્યારે પાલા પાસે 'ડાકુઓ'ની બાબતમાં પૂછપરછ કરી રહ્યો હતો ત્યારે પાછળ ઊભેલા બે સિપાઇઓ ખસીને અંદર ઘૂસી ગયા અને પટારા અને વાસણકૂસણની તપાસ કરવા લાગ્યા.

''એય બતાવ, કયા કયા માણસો હતા ?'' થાણેદાર વારંવાર આ વાત પૂછી રહ્યો હતો.

''મેં તો આપને સાત વખત કહી દીધું છે કે ભઇ, મને કશી ખબર નથી, ક્યાંથી આવ્યા'તા, ક્યાં ગયા.'' પાલાની સાલસ, શાંત આંખો સળગવા લાગી હતી, અને એનો અવાજ કઠોર થઇ ગયો હતો, ''મારા શું તે સાળા થતા હતા ?... અડધી રાતે ઘૂસી આવ્યા હતા. બિચારા બન્નીને એમણે કહ્યું, 'ભાઇ, અમે મુસાફર છીએ, રાત કાઢવી છે.' અને જો કોઇ આવી રીતે ઘૂસી આવી તો શું એને ઘરમાંથી તગેડી મૂકી શકાય છે ? અમે લોકોએ એમને રોટી–પાણી પણ આપ્યાં. – કશું જૂઠું નથી બોલી રહ્યો. ખાટલાયે આપ્યાં. પરંતુ અમને ક્યાં સ્વપ્નેય ખ્યાલ કે ભઇ, તેઓ ભૂંડા માણસો છે ? એમની પાસે ન તો એવુંતેવું કોઇ હથિયાર હતું, ન તો એમની બોલચાલ ખરાબ રહતી. તો શું એમના માથા પર લખેલું હતું તેઓ ભૂંડા માણસ છે ?''...

અને થાણેદાર મોદનના બાપને આ રીતે 'સામું બોલતો' સાંભળીને ગુસ્સાથી લાલપીળો થઇ ગયો. પછી એણે ક્ષીણ, ખોખરાને કાંપતા અવાજમાં ડાબે જમણે ઊભેલા બંને સિપાઇઓને હુકમ આપ્યો, ''આ રીતે કામ નહીં ચાલે, એમની ઓરતોને નાગી કરો...''

રોતી–કકળતી મોદનની માએ થાણેદારના પગમાં પોતાનો દુપટ્ટો પાથર્યો. એ વખતે, પાસે ઊભેલો ઘણો મુખી પોતાની ભરાવદાર દાઢી પર હાથ પસવારતો બોલ્યો, ''ચાલો, ક્ષમા કરી દો, હજૂર ! બીજી જે કાનૂની કારવાઇ કરવી હોય તે કરો...''

''આ જાત ભલા, કાનૂની કારવાઇઓથી મને છે ?'' દાંત પીસીને થાણેદારની મોદનની માને ધક્કો મારી આંગણની વંડી પર પાડી દીધી અને આગળ વધીને પાલાની દાઢી ખેંચીને, એની પીઠ પર ડંડા ઝીંકવા લાગ્યો.

મોદનની આંખોની સામે ફરીથી એકદમ અંધારું છવાઇ ગયું. એને પોતાનું શરીર ફરીથી તપતું હોય એમ લાગ્યું. આંખોની પાંપણો કીકીઓને હથોડા ટીપીને ધારદાર કરેલી ખુરપીની અણીની જેમ ભોંકાવા લાગી; અને પછી અચાનક આંખો ખુલ્લી ને ખુલ્લી જ રહી ગઇ...

સામે દેખાતા મોટા ઘેરાવવાળા ઝાડની નીચે કોઇ માણસ ઊભો હતો. એનો આકાર ધીરે ધીરે વધીને ઝાડની બરોબરનો થઇ ગયો, પછી તે આકાશ સુધી ફેલાઇ ગયો.... સાથે સાથે તે ધુમાડો થઇને ચારે બાજુ વિખરાઇ ગયો... હવે અંધારામાં હાથ પણ દેખાતો નહોતો.

મોદને આંખો પલકાવી અને માથામાં લાગતી સન્નાટી ધ્રુજારી બનીને બધી

રગોમાં ભૂંસામાં લાગેલી આગની જેમ ફેલાઇ ગઇ...

"ફૂંકી મારીશ સાલાઓને !" તે હાથ ઊંચો કરીને બૂમ પાડી અને પોતાનાં દાંતોની કચકચાટી એને એવી રીતની સંભળાઇ કે જાણે કોઇ ઘંટીમાં સૂકાં હાડકાં દળી રહ્યું હોય.

"ફૂંકી મારીશ" બંને હાથ ઊંચા કરીને તે ફરીથી ગર્જ્યો. એના અવાજનો પડઘો ગામ સુધી સંભળાયો.

અને તે સીધો પોતાના ખેતરની સીધાણમાં ભાગવા લાગ્યો. આખું શરીર ગાડાના મુખ્ય મેરુદંડ જેવું થઇ ગયું હતું. કોઇ અંગમાં ઠીલાસ રહી નહોતી પગની ધમકથી ઝાડનાં પાંદડાં હવા વગર પણ ખડખડવા લાગ્યાં હતાં...અને લાગતું હતું કે હવે તે ભીમસેનની જેમ હાથીને પણ ટાંટિયાથી પકડીને એટલે દૂર ફંગોળી શકે એમ છે કે હાથી ઉપર અંતરીક્ષમાં જ ઘૂમતો રહે, નીચે ન પડે...

ખેતરમાં સીસમના થડિયાની નજીક બે ત્રણ દિવસ પહેલાં કૂંજામાં સંતાડી મૂકેલી છ ગોળીઓવાળી પિસ્તોલ એણે આંગળીઓથી જ ખેંચી કાઢી. પિસ્તોલની મૂઠને માટીવાળા હાથોથી પકડીને સીસમની ડાળીઓ તરફ નિશાન લઇને ઘોડો દબાવી દીધો. 'ધાંય'ના તેજ અવાજ સાથે પાંદડામાંથી ગોળી સનનન કરતી નીકળી અને ખડખડતાં સૂકાં પાંદડાના પડવાનો ભય પમાડે તેવો અવાજ સંભળાયો. ગોળી છોડ્યા પછી એકદમ એટલો ભારે સોંપો પડો ગયો કે આસ્તે આસ્તે નીચે પડતાં પાંદડાનો અવાજ પણ સ્પષ્ટ સંભળાતો હતો.

મન જાણે કોઇ રાહતની લાગણીથી ભરાઇ આવ્યું, પરંતુ સાથે અંદરની આગની ઝાળ વધારે ઊંચી થઇ ગઇ. પિસ્તોલ કમરમાં ખોસી દીધી અને લૂંગીને બરોબર રીતે કસીને, બીજીવાર કૂંજામાં હાથ નાખ્યો. માત્ર પાંચસાત કારતૂસ હતાં. ઉઠાવીને ખિસ્સામાં નાંખ્યા અને પછી કૂંજાને ખાડામાં ફેંકી દઇ પગવડે ઉપર માટીવાળી દીધી અને આવ્યો'તો એ રસ્તે પાછો ચાલવા માંડ્યો.

પોતાની ચણાની ક્યારીઓમાંથી નીકળતી વખતે એણે પોતાની ડાબી–જમણે ઊડતી નજર નાખી અને અચાનક એને કેટલાક દિવસ પહેલાં સજ્જને કહેલી વાત યાદ આવી ગઇ. સાંજના વખતે પાણી છોડતી વેળાએ જયારે તે શેઢા પર ઘૂમતો હતો ત્યારે ચણાની ક્યારીઓ જોઇને એણે કહ્યું હતું, "ભાઇ, ચણા તો હવે આ કહે છે, ભલે ખૂન થઇ જાય, આપણે એ છોડાવી લઇશું" પરંતુ તે સાથે એણે "ક્યાંક નજર ન લાગી જાય" કહીને થૂંકી દીધું હતું... પરંતુ તે સાથેની બીજી કોઇ વાત યાદ આવતી નહોતી... એ વખતે ઘણા મુખીનો ઘૃણાસ્પદ ચહેરો આંખો સામે આવી ગયો હતો, જાણે સડેલા ચહેરા પર ઢળતું નાક અને ગીચ કાંટા જેવા દાઢી અને મૂછ – એને નફરતની બદબુ આવી અને શરીર અસહ્ય રીતે તપી ઊઠ્યું.

કેડી તરફ વધતાં એણે પિસ્તોલ કાઢીને હાથમાં પકડી લીધી, અને પગ ઘસતાં તેણે ખૂબ ધ્યાનથી એનું નિરીક્ષણ કર્યું; પિસ્તોલનો કાળો–કાળો આકાર એને ખૂબ

ભયાનક જણાતો હતો. એને જોઇને મનમાં ઊંડી સાંત્વના મળી. આકાશમાં ફેલાયેલાં વાદળોને કારણે અંધારું વધી ગયું હતું. ચાલતી વખતે તો નેળિયાની પાળ પરથી પગ લપસી ગયો. પરંતુ મનમાં એવો ભ્રમ થયો કે જાણે કોઇએ પાછળથી પગ પકડીને ખેંચી લીધો ન હોય ! ફરીને પાછળની તરફ જોયું, દૂર દૂર સુધી, નાના મોટાં વૃક્ષોની કાળી કાળી આકૃતિઓ સિવાય કશું જોવા નહીં મળ્યું.

કેડી પર પગ મૂકતાં જ એની આંખો સામે ફરીથી વંટોળ ઊઠ્યો; પરંતુ એને એમ લાગ્યું કે જાણે આ વંટોળ સામે ચઢી આવેલી કાળી ઘટાઓને કારણે છે. ચાલ એકવાર ફરીથી ધીમી પડી ગઇ અને ફરીથી પગલાં એ રીતે ભરવાં માંડ્યા કે જાણે રસ્તામાં કાંટા પડ્યા ન હોય. પગ લથડાવા લાગ્યા. પિસ્તોલવાળો હાથ ધ્રુજવા લાગ્યો, અને કોઇ કારણે એક અજ્ઞાત એવો ભય કળાવા લાગ્યો, જાણે કોઇ એની પાછળ પાછળ આવી રહ્યું ન હોય ! – એને જોઇ રહ્યું ન હોય ! સમસમીને એકબે વાર પાછા ફરીને જોયું પણ ખરું, પરંતુ દૂર સુધી કેડી સૂની પડી હતી. સામે પણ કશું દેખાતું નહોતું – વળાંક લેતી કેડી ચીતળ સરખી લંબાયેલી પડી હતી.

...પરંતુ ગામથી લગભગ બે ગાઉ આ બાજુ પર, ભુલ્લરોના ખેતરોવાળી કેડી પર બે માણસો આવતા નજરે પડ્યા. એમને જોતાં જ તે રોકાઇ ગયો. તેઓ પટ્ટીની દિશામાં જ ચાલી આવતા હતા – ચુપચાપ ભૂતોની જેમ કાળા મેંશ !... સામેવાળો માણસ થોડી થોડી વારે ખાંસતો હતો અને એનો અવાજ સાંઢના ભાંભરવાના સરખો જણાતો હતો. એના મનમાં ભ્રમ જેવું પણ થયું હતું... પરંતુ વિશ્વાસ પડતો નહોતો – 'આ કેવી રીતે થઇ શકે ?'

"કોણ છે ?" પટ્ટીની નજીક આવતાં આગલા માણસે જરા કઠોર અવાજમાં પડકાર કર્યો.

હવે કોઇ ભ્રમ રહ્યો નહોતો !... અને મોદનનો પિસ્તોલવાળો હાથ ખુરપીના હાથાની જેમ સખત થઇ ગયો, આંગળીઓ હથેળીમાં પેસી ગઇ. શરીર તપી ગયું અને આખોમાંથી તપેલા લોઢાના જેમ નીકળતી ગરમીથી આંખોની કીકીઓ જાણે પીગળવા લાગી...

"ભાઇ, કોણ છે તું ?..." એને એ રીતે પૂતળાની જેમ કેડીની વચ્ચોવચ ઊભેલો જોઇને પેલા આદમીએ ફરીથી પડકારતાં પૂછ્યું :

"તારે કોણ જોઇએ છે ?" મોદને ખેસનો વીંટો ઉતારીને ધીમા પણ મજબૂત અવાજમાં પૂછ્યું અને તે બે ડગલાં આગળ વધીને ઊભો રહ્યો.

પેલા બે માણસો શંકાભયથી પંદરવીસ ડગલાંના અંતરે જ ઊભા રહી ગયા. મોદનને હવે તેમના આકાર સ્પષ્ટ દેખાતા હતા. સામાવાળાએ ખેસ ઓઢીને ખભા પર શેલું નાખ્યું હતું અને પાછળવાળા એક ખભા પર કોદાળી અને કોશ હતી. સામેવાળાઓ પાછળના માણસને ધીમા અવાજમાં કોઇ વાત કરી અને બંને પછી બે ડગલાં પાછા પણ હઠી ગયા.

"આ રીતે બોલે, ખેર છે !" આ વખતે એના અવાજમાં સખતાઇ વધારે હતી.

"ખેરની તો હમણાં ખબર પડી જશે !" મોદન દારૂડિયાની જેમ લથડાતાં પગલાંથી આગળ વધતો બોલ્યો અને એની અટકાઇ ગયેલી, મજબૂત આંગળી પિસ્તોલના ઘોડા પર જઇને ઠરી.

'કોણ છે તું ? મોદન જ છે ને તું, પાલાનો ?... હું ઘણો છું. ક્યાંક બાપની માફક ઉછાંછળાપણામાં વાઘની બોડમાં હાથ ન નાખી બેસતો !' અને એણે ખભા પરથી શેલું ઉતારી બંને હાથમાં મજબૂત રીતે પકડ્યું.

મોદનનું શરીર તંગ થયું. આંખો સામે એક વાર ફરી અંધારા જેવું આવ્યું અને પછી જમણો હાથ જાણે આપોઆપ અદ્ધર ઊંચકાયો. 'ધાંય'...ના સનનન્ કરતા અવાજની સાથે જ્યારે ગોળી મુખીના ખભા પાસેથી પસાર થઇ ત્યારે તે ઊંધા મોઢે ધરતી પર પડી ગયો.

"જો જે ભાઇ, ક્યાંક મને ગરીબને મારી ન નાખતો ! હું તો છીલું છું !" પાછળવાળો, ઘણાનો ભાગિયો કેડી પરથી છલાંગ મારીને વેગળો ખસી ગામની તરફ ભાગી નીકળ્યો.

"ઊઠીને ઊભો તો થા હવે, મોટો ભડવીર થઇને ફરતો હતો !... આવ્યો ઘણિયો, મોટો મુખી !" મોદને આગળ વધીને માતેલા ઊંટની જેમ બલબલકાર કર્યો અને એનો અવાજ દૂર ખેતરો સુધી ચૂડેલ કિલકારીઓની જેમ પડઘી ઊઠ્યો.

જ્યારે ઘણાએ મોદનને પોતાની તરફ આગળ વધતો જોયો ત્યારે તે પાછો ફરીને કેડીની નજીક આવી, ઊઠી, ઊભો થઇ, કમર નમાવીને ભાગવા લાગ્યો.

"હવે નહીં જવા દઉં, ઘણા સિંહ, મુખી !" મોદને શેઢો વટાવ્યો અને ફરીથી જોરથી ગરજ્યો, "હવે તો બહાદુર થઇ જા. – જો તારું મોત ન આવ્યું હોત તો શું તું આવી રીતે સામો આવત) – ખુદ જમદૂત તને ઘેરથી લઇને આવ્યા છે – ચાલ ઘણિયા !..."

"ટીં...ઇં...ઇં...ઇં..." કરતી બીજી ગોળી છૂટી. ભાગતાં ભાગતાં ઘણો ઠોકર ખાઇને ઊંધે મોઢે પડ્યો. ફરીથી સાચવીને બીજી વાર ભાગતાં એનાં મોઢામાંથી નરમ અવાજમાં કંઇક અસ્પષ્ટ શબ્દો નીકળ્યા, જે મોદને સાંભળ્યાં નહીં. તે ઘણાની ઉપર સીધો ધસી આવ્યો અને એણે ચાર ડગલાં દૂર હાંફી રહેલા 'દૈત્ય જેવા' ઘણાના ખભાના નીચે ગોળી મારી એક વધારે સપાટો લગાવ્યો, "હવે ઊભા થઇને મળી તો લો, પાલાના છોકરાને..."

"મારી નાખ્યો, રે દુશ્મન !" ઘણાએ ગળામાંથી ઘરર ઘરર કરતો મરણોન્મુખ અવાજ કાઢ્યો અને તે ઢગલો થઇને ભોંય પર પડ્યો. "આ તે શું ઉત્પાત મચાવ્યો, મોદનિયા, મેં તો તારી સાથે કશું ખરાબ નહોતું કર્યું. ઓ–યે..."

"તેં ભલું ક્યારે કરેલું, રાક્ષસ ! – તારું લોહી પીઉં, અમારા ઘરને પાયમાલ કરનારા ઘણિયા...!" અને મોદનની આ બૂમથી પાસે ઊભેલાં બાવળનાં વૃક્ષનાં

પાંદડા પણ જાણે તૂટવા લાગ્યાં.

પછી એક વધુ ગોળી મારીને તે એની ચાળણી જેવી થઇ ગયેલી છાતી પર ચઢી બેઠો અને પિસ્તોલ દૂર ફેંકી ડાબા ઘૂંટણથી એની છાતીને ભીંસી, હાથોથી એનું ગળું દબાવવા લાગ્યો :

"તારું માંસ રાંધીને ખાઇશ , અલ્યા રાક્ષસ ઘણિયા... !"

ઘણાએ એક વખત એના કાંડા પર હાથ નાખ્યો, પરંતે એ વખતે એનો હાથ ઢીલો થઇને એક બાજુ લબડી પડ્યો. 'નાના–નાના છોડવાઓ...બરબાદ થઇ... મોદના !....' ઘણાના ગળામાંથી આછો શો અવાજ નીકળ્યો અને પછી એના ગળામાં ઘરઘરાટી થવા લાગી.

એ વખતે મોદન ઘણાની ગરદન છોડીને ઊભો થયો. લાકડાની હેડમાં જકડાયું હોય એમ એનું સમગ્ર શરીર જડ–પથ્થર થઇ ગયું. પરંતુ ઘણાના ગળામાંથી નીકળેલા છેવટના બોલે એકવાર ફરીથી એના શરીરને ચોટ લગાવી અને દાંત કચકચાવીને, મુઠ્ઠીઓ ભીડીને તે બરાડી ઊઠ્યો, "જ્યારે તેં પાલા પર ઘા કર્યો હતો ત્યારે તેં એના કયા છોકરાઓનો ખ્યાલ કરેલો લ્યા પાપિયા !"

પછી પોતાના હાથ એને ટાઢાબોળ જેવા લાગ્યા. પહેલાં એણે ઘણાના તરફડતા શરીર તરફ જોયું, પછી પોતાના હાથો તરફ–સાચે જ એના હાથો પર કોઇ ભીની અને ચીકણી જેવી ચીજ વળગેલી હતી; હાથ ઢીલા પડતા જતા હતા. એણે પૂર્વવત્ મૂઠ્ઠીઓ ભીડીને જ્યારે બીજી વાર ઘણાના ઘૃણાસ્પદ ચહેરા તરફ જોયું ત્યારે એકદમ એનો જીવ ઉચાટ અનુભવવા લાગ્યો. તે મોઢું ફેરવીને પાણીની તરફ ચાલી નીકળ્યો. ત્યાંથી ગામની બહારની સડક પરથી ફરીને બજારવાળા રસ્તા તરફ વળ્યો.

આકાશમાં વાદળ વધારે ગાઢ અને કાળાં થઇ ગયાં હતાં. કોઇ કોઇ ફોરું પણ વરસી રહ્યું હતું વડવાળી તળાવડી પાસેથી નીચી મૂંડીએ ચાલતાં ચાલતાં જ્યારે એણે પાછા વળીને જોયું તો એને લાગ્યું કે કેટલાયે માણસો શોરબકોર કરતા દડબડ દોડતા આવી રહ્યા હતા. તે ઊભો રહી ગયો. આખું શરીર સ્તબ્ધ થઇ ગયું હતું. અંધારું એટલું વધી ગયું હતું કે હાથ જેવો હાથ પણ નહોતો દેખી શકાતો... બીજા લોકોનો કોલાહલ દૂર થઇ રહ્યો હતો.

કેટલીક વાર સુધી તે એ રીતે ખોવાયેલા જેવો ઊભો રહ્યો. પછી વડનાં પાંદડા એવી રીતે ખખડવા લાગ્યાં કે જાણે કોઇએ વડને થડથી પકડીને પૂરી તાકાતથી હચમચાવી નાખ્યો હોય. કેટલાય મોટાં મોટાં ગીધ જેવાં પક્ષીઓ પાંદડાની આ ખડખડાટને ચારગણો કરતાં આકાશમાં કાળા વાદળોમાં ખોવાઇ જતાં દેખાતાં હતાં. એના માથા પરથી પણ બે પક્ષીઓ પસાર થયાં. એમની પાંખોમાંથી કેટલાંક ટીપાં પણ પડ્યા હતાં, જેવાં વરસાદ પડ્યા પછી હલાવેલી કોઇ ઝાડની ડાળ પરથી ટીપાં પડે છે તેવાં...

એ વખતે એણે પોતાની હથેળીઓ ખુલ્લી કરીને જોયું. પહેલાંની જેમ અત્યારે પણ એમાં કોઈ ચીકણી ચીજ લાગેલી હતી. નીચે નમીને એણે મુઠ્ઠી ભરીને માટી ઉઠાવી અને બંને હાથોને રગડવા માંડ્યા. માટી પણ ચીકણી હતી; તોપણ હથેળીઓની ટાઢાશ કંઈક ઓછી થઈ ગઈ. પછી તે મુઠ્ઠીઓ તંગ કરીને પહેલાં ધીરે ધીરે, પછી ઝડપી પગલે મંડીવાળા રસ્તા પર ચાલવા લાગ્યો.

...કાળાં પક્ષીઓ જેવાં વાદળાંમાંથી રિમઝિમ વરસાદ વરસવા લાગ્યો હતો. એના માથા પરથી પસાર થઈને તેઓ પાછળ, ગામની તરફ એવી રીતે ટોળાંબંધ જઈ રહ્યાં હતાં કે જાણે એની ચાડીચુગલી કરવાને જઈ રહ્યાં હોય !... એમની વચ્ચે વચ્ચે ખાલી અવકાશમાં ક્યાંક ક્યાંક ચમકતા તારા જાણે એનાથી ડરીને ગભરાતા ગભરાતા મોદનની સાથે સાથે ભાગી રહ્યા હતા – લાલચોળ, લોહીનાં ટીપાં જેવા !...

અને એમણે સાચે જ થોડી ક્ષણોમાં, આખા ગામમાં જઈને ખબર કરી દીધી. ઘણા મુખીના ઘરમાંથી રોવા–કૂટવાનો અવાજ એ વાદળો પર તરતો આખા આકાશમાં ફેલાવા લાગ્યો. ગામના લોકો જાગી ઉઠ્યા. વિચિત્ર, ગભરાટભર્યા, શંકાભયના અવાજોથી વાતાવરણ પણ જાણે ભયભીત થઈ ગયું. જેમ જેમ એ અવાજો આકાશ ફેલાઈ રહ્યા હતા, બુલંદ થઈ રહ્યા હતા તેમ તેમ મોદન હરેક ક્ષણે એનાથી દૂર થતો જતો હતો. પરંતુ એ બધાથી ભયભીત વાયુમંડળ એની આસપાસ ઘટ્ટ ધુમાડાની જેમ ફેલાઈ ગયું હતું. ચાલતો ચાલતો જ્યારે તે માથું ઊંચું કરીને વાદળોથી ઢંકાયેલા આકાશની તરફ જોતો ત્યારે એનો શ્વાસ અટકવા લાગતો. ઝીણાં ઝીણાં ટીપાં અને આછી ફરફરથી ભીનાં કપડાંમાંથી એક અસહ્ય–શી ગંધ આવી રહી હતી અને એનું દિલ ગભરાઈ રહ્યું હતું.

સૂકા કૂવાની પાસે આવીને પાછળ જોયું તો ટમટમતા દીવાઓનું અજવાળું ઘણું છેટે દેખાતું હતું. પરંતુ જ્યારે પાછા વળીને ડાબેજમણે નજર કરી તો કાળી બધિર રાતનું અંધારું અધિકતર ઘાટું થઈ ગયેલું લાગ્યું વૃક્ષો અને ઝાડી–ઝાંખરાંની સિકલ સાફ નહોતી નજરમાં આવતી, ભેંસો જેવી ચિત્રવિચિત્ર કાળી આકૃતિઓ જ લાગી રહી હતી. રસ્તાનાં નાળાં અને પાળાની ધારો પણ વધારે ઊંચી અને ખાડાખળિયાવાળી થઈ ગઈ હતી.

ઊંચા ટેકરે આવી એણે ફરીથી પાછળની બાજુ જોયું. એક વડ જેવા ઝાડના ફણગા પર ફેરવેલ છરી જેવી એક કાળી ચીજ વાદળોના ચિરાયેલા થરમાંથી ચમકતી દેખાતી હતી... અને તે ઊભો રહી ગયો. ક્ષણભર માટે જીવને ગભરામણ જેવું થયું... પહેલાં તો એ પૂંછડિયો તારો લાગ્યો; ઘડીવાર પછી ખ્યાલ આવી ગયો કે આ કૃષ્ણ પક્ષનો ચંદ્ર હતો – કદાચ ચોથનો !... પછી, ધીરે ધીરે ચંદ્રનો રંગ બિલકુલ લાલચોળ થતો ગયો. એ પછી રાખના જેવા માટોડિયો. છેવટે ઠૂંઠાના જેવો કાળોશાહી... ચાંદને આમ કાચિંડાની જેમ રંગ બદલતો એણે આ પહેલાં કદી નહોતો દેખ્યો.

જ્યારે તે ફરી આગળ ચાલ્યો ત્યારે કંપારી આવવા લાગી. ટીપાં વધારે મોટાં

થઇ ગયાં હતાં અને ક્યારેક ભારે ઝાપટું પણ આવી જતું હતું સામે, ડાબે–જમણે અને ઉપર વાદળ ફેલાતાં જતાં હતાં. એનાં બધાં કપડાં ભીંજાઇને શરીરને ચોંટવા લાગ્યાં હતાં અને ઠંડી વધીને હાડકામાં ઘૂસવા લાગી હતી. હાથપગની આંગળીઓ લાકડાની ખીલીઓની જેમ સખત થતી જતી હતી. ઘૂંટી અને ઘૂંટણના સાંધા ચટ અવાજ કરવા લાગ્યા હતા – જેમ નાનપણમાં એમના એક શ્યામલા ઘરડા બળદનાં હાડકાં કરતાં હતાં, બિલકુલ એ રીતે.

ગામ દૂર રહી ગયું. આગળ વધતા ચરણથી હરપળે તે આઘો થતો જતો હતો. વારંવાર ધ્યાન પાછળ ડોકિયું કરતું એક ક્ષણમાં ઘણાની ટેકરા જેવી ઢગલો થઇ પડેલી લાશ પરથી ઊડીને પહેલાં 'પોતાના ટેકરાવાળા' બાવળ પર અને પછી પોતાના ઘરની આસપાસ 'ચાલી ગયેલાઓ'ના જીવની જેમ આંટા મારતું રહ્યું. પછીથી ગામની શેરીઓમાં થઇને તે ચોરામાં ચાલી ગયો. ચોરામાં એકઠા થયેલા ગામના લોકો જાતજાતની વાતો કરી રહ્યાં હતાં... પરંતુ કોઇનો બોલ ઓળખાતો નહોતો. કોઇની વાત સમજમાં આવતી નહોતી, માત્ર કાન ફાડી નાખે એવો કોલાહલ જ સંભળાઇ રહયો હતો.

એ રાત, તથા બીજી એક રાત વીત્યા બાદ જે દિવસ આવ્યો, એ દિવસ આખો વખત ચોરામાં મોદન વિશેની તરેહતરેહની વાતો સંભળાવા લાગી.

"શાબાશ, ભાઇ, માઇના પૂતને !" રુલદૂએ પોતાની આછી મૂછો પર તાવ દેતાં કહ્યું, "એને માટે શું કહેવું ? એક વાર તો છઠ્ઠીનું ધાવણ યાદ કરાવી દીધું."

"શું દીવાનો જેવી વાત કરે છે. યાર ?" નામાં મીરાબે વાકું મોઢું કરીને એનો ઉધડો લીધો, "ચાર માણસોમાં બેસીને વાત તો ઢંગથી કરવી જોઇએ, જો મોઢાના ઢંગ ન હોય તો !"

"લે, સાંભળ, ભાઇ, કાકા કાનિયા ! સાંભળી લીધી આની વાત, મોટા મીરાબસાહેબની ?" રુલદૂએ એક ઝાડના સૂકા થડિયા પર બેઠેલા નામાં ડોસાને પોતાની વાતમાં હુંકારો પુરાવવા માટે માથું હલાવીને પૂછ્યું. ામો સૂતરનો દડો વારંવાર ફેરવી રહ્યો હતો. "લે ભઇ, ભલા, એણે પોતાનો બદલો ઇને કઇ ખરાબ વાત કરી ? – બદલો તો મર્દ–બચ્ચા લેતા જ આવ્યા છે. આ કોઇ નવી વાત છે, હેં ? તું વિચાર તો ખરો ગાંડા ! એમની સામે આ લોકોએ કંઇ ઓછું કર્યું હતું ? બિચારાઓના બૂરા હાલ કરી દીધા હતા... બાકી, જોઇ જો, પાલા જેવો નેક આદમી હતો કોઇ આખા ગામમાં ? એને પહેલાં ગામમાંથી કાઢીને એમણે રોહીમાં તગેડ્યો હતો કે નહીં ? ભગવાન તારું ભલું કરે ભાઇ, પણ તારી નજર સામે એને ઘેર પોતે ખરાબ માણસો મોકલ્યા અને એને કેદ કરાવ્યો – ધરાર ગેરકાનૂની ! એ કરાવ્યું કે નહીં કરાવ્યું, કહે જોઉં ?... ઠીક, તો તે શરમનો માર્યો – કંઇક શરીરનો કમજોર પણ ગણો, જેલમાંથી પાછો ફરતાં જ ઉપર ચાલ્યો ગયો – ભઇ સિંહ, એણે શું બીજા કોઇને

માર્યો હતો ? આ એમના હત્યારા છે – આ !..."

"અરે, બેઠો રહે આરામથી !" મીરાબ જ્યારે પોતાની કાતરેલી મૂછો ને તાવ દઇને લાલચોળ આંખો કરતો બોલ્યો ત્યારે એના કાંડા પર બાંધેલી નવી ઘડિયાળના કાચની ચમક રુલદૂની આંખોને અડી. એ વખતે એને મીરાબ પર અપાર ગુસ્સો આવ્યો.

"ભારે મોટો તરફદાર !" મીરાબ પળવાર અટકીને ફરીથી બોલ્યો, "જે તારા જેવાઓએ તેને ઘોંચપરોણો કરીને એની આ 'વીરગતિ' કરાવી છે તે હવે પછી જોઇએ કોણ એનાં અનાજપાણી ભરી આપે છે તે. જે ચાર સાંતી ખેતર છે તે મુકદમામાં તણાઇ જશે. બે નાના છોકરા એજ રીતે બરબાદ થઇ જશે, પછી ખબર પડશે કે આ રીતે ખૂન કરવાથી શું થાય છે... તમારા જેવા સાગરીતોને, પોષનારાઓને પણ જોયા છે...!"

"તું યાર, કેવી વાતો કરે છે, મીરાબ ?" રુલદૂની નાની નાની આંખો અને લાંબુ નાક ફરકવા લાગ્યાં હતાં, "માણસ મિલકતો બનાવે છે કે મિલકતો માણસને પેદા કરે છે ? –દુનિયામાં શું વારંવાર જન્મ લેવો છે – હેં ? અને વળી જે માણસ સ્વમાની નથી તે ભલેને લાખોપતિ બનીને ફરે, એ સાલાનો તે કોઇ અવતાર છે, ભલા ? ધન શું ગોલકાંઓને ઘેર ઓછું હોય છે... હેં ? – અલ્યા, જુઓ તો, આ કેવી વાતો કરે છે ?... અને જે તું દોસ્તીની વાત કહે છે ને, તે ક્યારેક જો એવો મોકો આવશે તો તે પણ તને બતાડી આપીશું... હવે કહે.."

મીરાબ રુલદૂના તીખા સ્વભાવથી પરિચિત હતો. એણે ડાબા પગનું હાડકું લડાઇ–ઝઘડામાં જ તોડ્યું હતું. ગરદન પર ફરસીનાં નિશાન એના લડવીર હોવાના પ્રત્યક્ષ પ્રમાણરૂપ હતાં. પરંતુ મીરાબે એની બધી વાતને દિલની કડવાશમાં મેળવીને થૂંકતા મનોમન જ એક ગાળ દીધી : "મોટો લાટસાહેબના જોયો હોય તો સાલો ! શઠ ! ખેતરમાં અઢી સાંતી જમીન નથી અને જુઓ તો વાતો કેવી કરે છે ! (એમ તો એને પોતાનેય આ વાત સમજમાં નહોતી આવતી કે ખેતરની સાથે ભલા, એના ગુસ્સાને શો સંબંધ છે ?) પરંતુ બહારથી ઢીલો થઇને બોલ્યો, "મિલકતની જે તું વાત કરી રહ્યો છે ને, ખરું પૂછે તો આજકાલ મિલકતોથી જ માણસની કિંમત અંકાય છે, એ વિના તો બે દોકડાય ભાવ નથી પૂછતું કોઇ કોઇનોયે."

"ના પૂછતો હોય તો ના પૂછે યાર. કોઇની પાસે લઇને ખાવાનું છે ? હોય છે વળી કેટલાક ધરમ વેચીને ધન ખાનારા ! જ્યારે માણસના ધરમ જ ન રહે, ઇજ્જત જ ન રહે, દૈવત જ ન રહે તો પછી મિલકતો ને તે શું બટકાં ભરશે ?" (પરંતુ રુલદૂની 'દોસ્તી નિભાવવાવાળી' વાત પેલા બંને જણે પછી નહીં છેડી.)

"એમ નહીં ભલાદમી, એમ નહીં." નામો ડોસો ખાંસી ખાઇને ગંભીરતાથી બોલ્યો, અને ક્ષણવાર શાંત રહીને પછી, આસપાસ નજર નાખીને એણે રુલદૂની તરફ જોઇને કહ્યું, "આ તેં જે દૈવત–ઇજ્જતવાળી વાત કહી છે ને, એ વાત તો તારી ઠીક છે, પરંતુ ભાઇ, બધુંયે જોવું પડે છે. અસલમાં જાટ મરે છે જ એવી રીતે મારીને એકે નજીવી કોઇ વાત કહી દીધી, બીજાએ તે બરદાસ્ત ન કરી, વાત લડાઇ–મુકદમાઓ

સુધી પહોંચી જાય છે. આખું ઘર મુનશી–મુત્સદ્દીઓ, વકીલો અને પોલીસવાળાઓને ખવડાવીને પાયમાલ થઇ જાય છે. પછી એજ કંગાલિયત...કહે, હવે..''

''ઠીક છે ! ઠીક છે !'' વ્યંગ્યથી માથું હલાવતાં રુલદૂ બોલ્યો, ''ડોસા, એક તો મારામાં તો આમેય જોર ખતમ થઇ ચૂક્યું અને ઉપરથી તારા છોકરાઓએ કરી લીધું. ચાર ગુંઠાનું ખેતરલાયક ખરા ને ! બાકી તમે લોકોએ નાખી દીધો બે લોઢાના પાટડા (ગર્ડર) પર દરવાજો. ઉપર ઊભી કરી દીધી બે મેડીઓ. હેં !... અને કામધંધો બધા છોકરાઓ સંભાળીને બેઠા છે, તારે હવે સુખી જમીનદારી છે. એટલે હવે વાતોનાં વડાં કરે છે તે ! આ ચોરામાં બેઠો બેઠો, અફીણનો માવો ખાઇને, ઠાંસ મારતાં તું જ અમારા જેવાઓને પાણી ચઢાવતો હતો. યાદ છે મેં જે તખ્તૂ અને માલ્હેના ખભા પર કોસ મારેલી તે તારી ચડામણીનો જ પ્રતાપ હતો, ત્યારે તું જે અહીં અમને 'પંજગ્રંથી'*નો પાઠ પઢાવતો હતો તેનો. હવે તું બિલ્લી સો ચૂહા મારીને હજ કરવાને ચાલી નીકળી ! – શાબાશ અલ્યા સિંહકાકા, તને પણ માની ગયા !''

નામો પહેલાં પોતાની સફેદ ભરાવદાર મૂછોમાં હસ્યો અને પછી ગુસ્સાભર્યા અવાજમાં જાણે ઝાટકી નાખતો બોલ્યો, ''તું તો, જ્યારે જુઓ ત્યારે બસ લડવાને માટે તૈયાર થઇ જાય છે. અત્યારે એજ રીતે ક્યાંની વાત ક્યાં લઇ જાય છે તું ?''

''તમને લોકોને આ વાતો 'ક્યાંની ક્યાં' લાગશે જ. કંઇ વાંધો નથી. કોઇના દિવસ હંમેશા એક સરખા નથી રહેતા, રહેશે પણ નહીં. તમારા લોકોનો વારો પણ જરૂર આવશે. ત્યારે પછી વાત કરીશું – અત્યારે તો તમને લોકોને નીચે, ઉપર, ચારે બાજુ કોથળીઓ જ કોથળીઓ દેખાઇ રહી છે, બીજે ક્યાંય નજર નથી જતી ! જ્યારે ચાંદની ચમક આંખને અડે છે ત્યારે આદમી બધું ભૂલી જાય છે. તમારા લોકોના હાથની વાત છે શું ?''

''અરે છોડ, આ વાતને. સિંહ કાકા, આની સાથે તો વાત કરવામાં પણ ભારે ખોટનો ધંધો છે... મીરાબે ઊઠીને ઓછાડ ખંખેરતાં કહ્યું અને છેવટના ઓછાડ શબ્દો 'ગાંડાની સાથે' હોઠમાંથી બહાર નીકળવા ન દીધા.

જ્યારે મીરાબ કસબ ભરેલી, નાજુક ચામડાની મોજડીઓ ચમચમાવતો, કાંડાવાળી ઘડિયાળ ચમકાવીને, છીંટવાળી પાઘડી સરખી કરતો, ધર્મશાળાની તરફ નીકળ્યો તો મગદળ જેવી એની મજબૂત, જાડી અને તાજી સાફ કરેલી પિંડીઓ જોઇને રુલદૂનું મન ગુસ્સાથી ખળભળવા લાગ્યું હતું. અંદર બેઠેલા 'ચંડાળે' હોઠ ભીંસીને દાંત પીસ્યા. એવું લાગ્યું કે જાણે એની અંદર કશુંક ઊકળી રહ્યું છે. 'પિંડી પર ફરસી વાગે તો બધુંયે સાફ થઇ જાય.' અને આ વિચાર આવતાં જ મોઢું ઘી જેવી કોઇ ચીજથી નરમ થઇ ગયું, પરંતુ મોઢાનો સ્વાદ કસાણો થઇ ગયો.

ચોરામાં બીજા લોકો આવી બેઠા. બધાની જીભ પર એકજ વાત હતી. કોઇ દબાતા અવાજે ઘણાની નિંદા કર્યા પછી એના પરિવારને માટે હમદર્દી પ્રગટ કરતું

* ધાર્મિક ગ્રંથ

કાઇ નરમ સ્વભાવના પાલાના 'દીકરા'ના આ 'પરાક્રમ' બાબત બેચેનીથી ડોકું ધુણાવતું અને પછી એનું ઘર પાયમાલ થઇ જવાની 'લુખ્ખી' ચિંતા દેખાડીને લોકોને એ જણાવવાની કોશિશ કરતું હતું કે વાસ્તવમાં એને પોતાના પરિવારથીયે વધારે ફિકર પાલાના પરિવારની છે રુલદૂ કેટલાક સમય સુધી તો ધીરજથી આ વાતો સાંભળતો રહ્યો, પરંતુ એથી વધારે સમય એનાથી ત્યાં બેસી શકાયું નહીં. તે ઊઠીને ખેતરની તરફ ચાલતો થયો.

ખેતરને માટેનો સીધો રસ્તો બીજો હતો, પરંતુ તે પાલાના ટેકરવાળા ઘરની નજીક થઇને જતી કેડી પર ચાલવા લાગ્યો. ઘરની નજીક આવતાં એના મનને થયું કે પોતે જઇને છોકરાઓનાં ખબરઅંતર પૂછે, પરંતુ હરકોરને આંગણામાં બેઠેલી જોઇને તેને સંકોચ થયો; અને વળી પાછા બેત્રણ અજાણ્યા માણસો પણ ખાટલા પર બેઠેલા હતા.

''આ કોણ છે ?... કોઇ સગાં હશે ?'' એમ વિચારતો તે આગળ નીકળી પડ્યો.

પાંચ સાત ખેતર પાર કર્યા પછી ભગવાનની કૃપાથી પાલાનો નાનો છોકરો નજરે પડ્યો. એ ચારાનો ભારો લઇને આવી રહ્યો હતો. એણે છોકરાને હાથ પકડીને ઉભો રાખ્યો.

''છોટુ, તમારા ઘરે કોણ બેઠા છે આજે ?''

''એક તો મારા મામા છે; બીજા કોક માણસ છે.'' છોકરાએ મોઢા પર લટકતાં ચારનાં તણખલાં એક બાજુએ હઠાવતાં, એની તરફ જરા બેચેની અને શકથી જોતાં જવાબ આપ્યો.

''તમારો મોદન આવી ગયો ?''

''ઊંહું.''

''ક્યાં છે ?''

''ખબર નથી.''

''અને સજ્જન ક્યાં છે ?''

''એ તો ખબર નથી ક્યાં ગયો છે. પરમ દિવસથી પાછો જ આવ્યો નથી.''

અને તુરત છોકરો ઉતાવળથી આગળ ચાલી ગયો. રુલદૂએ પાછળથી બૂમ પાડીને કોઇ બીજી વાત પણ પૂછી, પરંતુ એણ ધ્યાન આપ્યું નહીં.

જ્યારે તે મોદનના ખેતર પાસે આવ્યો ત્યારે ઘઉંનો ફાલ જોઇને પહેલાં તો એનું દિલ પ્રફુલ્લિત થઇ ગયું, પછી અચાનક અંદરથી ઉદાસીનો ધુમાડો ઊઠ્યો, અને મન નિરાશ થઇ ગયું. (આ લાગણી એના માટે ઘણી વિચિત્ર હતી. તે કદી આ રીતે ઉદાસી અને નિરાશાની હાલતમાં વધારે વાર સુધી રહી શક્યો નહોતો.) એને ખેતર વારસ વિનાના મરેલા માણસ જેવું ભાસતું હતું, અને બિનવારસ માણસ જ્યારે ઉદાસ થઇ જાય છે ત્યારે ખેતર ભલા, કેમ મન મોકળું ન કરે ?... સાચે જ એવું લાગી રહ્યું હતું કે જાણે ઘઉંની પાંદડીઓ નિષ્પ્રાણ થઇને લટકી રહી છે, આંસુ

સારી રહી છે.

થોડીવાર પછી જ્યારે રુલદૂ પોતાના ખેતરમાં પહોંચ્યો તો ત્યાં આછા–આછા ચણા જોઇને એની આ ઉદાસી ઓર વધી ગઇ. લોકોના ચણા ઘૂંટડા સુધી ઊંચા થઇ ગયા હતા; પરંતુ આ ચણા સાત માસના બાળકની જેમ હજુ હાથ જેવડાયે નહોતા થયા. દાણા પણ ક્યાંક ક્યાંક લાગ્યા હતા. શેઢા પર ચાલતી વખતે એને પોતાના ખેતરમાં અહીં તહીં પડેલાં ટાલાં પોતાના ટાલિયા માથા જેવાં લાગ્યાં અને તે સ્વાભાવિક રીતે જ પાઘડી ઉતારી, આછા વાળોની જટા બનાવી, પાઘડીને ખંખેરીને બીજીવાર બાંધવાને લાગી ગયો.

સૂબેદારોના ટેકરા પાસે પહોંચીને એણે સામેનાં ખેતરોમાં નજર કરી તો ક્યાંય બરોબર છોડ ન થયા હોય એવા ઉજ્જડ ભાગ નજરે ચઢ્યા નહીં. ઘઉં એટલા ગીચ ને એકસરખા હતા કે એની ઉપર ખાટલો ઢાળીને સૂઇ જઇ શકાય ! સૂબેદારોના ખેતરને અડીને જ એક ખેતર ઘણા મુખીનું હતું. એમાં એક બાજુ એક ક્યારી સરસવની હતી, બાકીની બધી ઘઉંની પરંતુ નેળિયાના ડાબા હાથે જે બે ક્યારીઓ ખાલી પડી હતી, એમાં હળ ચલાવી અને સમાર દઇને એને હથેળી જેવી સપાટ બનાવેલી હતી. રુલદૂ કેટલીક વાર એ બાજુ જોતો રહ્યો, પછી ટેકરા પરથી થઇને સૂબેદારોના તારામીર*ના છોડને ખૂંદતો, વાંકા રસ્તે થઇને ઘણાના ઘઉંમાં ઘૂસ્યો.

હવે તે રેરૂવાળાના હદના ઘઉં ખરાબ રીતે ખૂંદતો, એવી રીતે આમતેમ ઘૂમી રહ્યો હતો કે જાણે કોઇનાં પગેરાંની તપાસ કરતો ન હોય ! જ્યારે ઘઉં કચડાઇ જતાં આછોશો અવાજ સંભળાતો ત્યારે એના દિલને સંતોષ જેવું થતું. મોંનો સ્વાદ એવો થઇ જતો કે જાણે એણે રાતની વધેલી મઠ–બાજરાની ખીચડી, ગરમ ચા નાખીને ખાધી હોય.

રુલદૂ ફરતો ફરતો હોઠ પર જીભ ફેરવી રહ્યો હતો. એને અનાયાસ જ માની ખીચડી યાદ આવી ગઇ, જે હવે વરસો થયાં એક સ્વપ્ન બની ચૂકેલી હતી. કોણ પીરસે, કોણ ખાય ! પરંતુ ત્યારે – ખબર નથી કયા જન્મની વાતો છે – તે એકલો જ રાતના અડધી હાંડલી આરોગી જતાં અને પછી માને વિનંતી કરતો કે સવારે ચા સાથે ખાવા માટે થોડી ખીચડી બચાવીને રાખી મૂક. અને જો મા ન રાખી મૂકતી તો એની સાથે તે તકરારમાં પડતો...એ દિવસો પણ પસાર થઇ ગયા. જલકોર આવી, પણ એનાથી કદી માના જેવી ખીચડી ન બની. ખાતાં ખાતાં જ્યારે માની ખીચડી યાદ કરતો ત્યારે કેટલીય વાર તે ગુસ્સે થઇ જઇને સંભળાવી દેતી, "કોણ જાણે તમારી મા એમાં કઇ ભસ્મો નાખતી હતી ! – એ જ મઠ–બાજરો છે, એ જ અડાયાં અને એ જ હાંડલી છે. ફક્ત રાંધનારી નવી છે." "ગમે તેમ, પણ ખબર નથી, એવો સ્વાદ હવે આવતો નથી." તે પણ ફરી આવું જ કહેતો.

અને કેટલાક સમય પછી તો ખીચડીયે નસીબમાંથી ચાલી ગઇ. જલકોર ચાર

* સરસવ જેવો છોડ

વરસનો 'સોના જેવો' દીકરો મૂકીને સદાને માટે ચાલી ગઇ ત્યારે રુલદૂ ખીચડી તો શું, પણ સરખી રીતે શેકેલી રોટી માટેય હેરાન હેરાન થઇ ગયો હતો. પહેલાં કેટલાંક વરસ તો પોતે જ કાચીપાકી રોટી શેકીને ખાતો રહ્યો. હવે છોકરો રાંધવાને લાયક થયો તો એ તો વળી એનાયે માથે ચઢે એવો થયો. ક્યારેક કરવાની થાય તો બીકના માર્યા બે મોટી મોટી રોટી ઉતારી દેતો, નહીં તો ચોરામાં જઇને રમવા લાગતો, અડધી અડધી રાત સુધી ઘેર જ પાછો ફરતો નહોતો. વરસોથી ઘરમાં માટી પૂરી નહોતી, અંદર લીંપણ કરવામાં નહોતું આવ્યું. એવું લાગતું હતું કે અહીં માણસ નહીં પ્રેત રહે છે. ઘરવાળી વગરનું ઘર હોય પણ કેવું પરંતુ કોઇની ઘરવાળીને પકડીને તો નથી લાવી શકાતી ને !

જ્યારે તે પોતાના વિચારોમાંથી અને ઘઉંની ક્યારીઓમાંથી બહાર આવીને નીકના પાળા પર આવીને ઊભો રહ્યો ત્યારે પોતે ત્રણ ચાર ગુંઠા (પરલા) જમીન પર ફરી વળ્યો હતો તે જોઇને કંઇક બેચેની થઇ. ખૂંદાયેલા છોડવાઓનાં પાંદડામાંથી વિચિત્ર ગંધ આવી રહી હતી. નાકમાં એ ગંધથી બળતરા પેદા થવા લાગી હતી; અને એ સાથે એના દિલનો સંતોષ વધતો જતો હતો. કાળજામાં જાણે ટાઢક થઇ રહી હતી.

કેટલીક વાર પછી ત્યાંથી નીકળતી વખતે એણે પૂરી તાકાતથી ડાબા પગથી એક ઠોકર મારી, અને પાળાની સાથે સાથે વળગેલા પાંચસાત છોડવાઓને મૂળમાંથી ઉખેડીને ફંગોળી દીધા. પછી દાંત કચકચાવીને એક ડંડો લગાવ્યો, કડવી ગાળ દીધી અને પાછો વળી ગયો (પરંતુ પાળા પર ચાલતી વખતે એને કોઇ અકળ હલકટતાનો ભાવ થયા કરતો હતો. આજે તો હલકટતાની સાથે સાથે શરમ પણ આવી રહી હતી).

તે એક જ ખેતરના પાળા પર ચાલી શક્યો; પછી લોકોના ઘઉં, ચણા અને સરસવ ખૂંદતો તે ગામ તરફ પાછો ફર્યો.

ગામની નજીક આવીને તે હતબુદ્ધિશો થઇને આસપાસ જોવા લાગ્યો અને એને એ બિલકુલ નહીં સમજાયું કે તે ખેતરમાં ગયેલો શું કરવા ? પલવાર માટે એ કંઇક યાદ કરવાને મથ્યો, પરંતુ પેટમાં પડતા ખાડાએ માત્ર એટલું યાદ દેવડાવ્યું કે "રોટીનો સમય થઇ ગયો છે. બળદ પણ ભૂખ્યા જ ઊભા હતા. આજે તો તે એમને માટે ચારો પણ લાવ્યો નહોતો.

ઘેર આવીને જોયું તો આંગણાનો દરવાજો ઉઘાડો પડ્યો હતો. કોટડીની સાંકળ વાસેલી હતી, પરંતુ ચાનાં બધાં વાસણ અહીંતહીં છૂટાંછવાયાં પડેલાં હતાં, લોટ ચોંટેલી તૂટેલી કથરોટ, ચૂલાની પાસે જેમની તેમ રાખેલી હતી. બળદોની ગમાણમાં નીરેલા નીરણમાં માત્ર કડબ જ બાકી રહી ગઇ હતી. ભોળાની પાંસળીઓ અંદર ઊંડી ઊતરી ગયેલી હતી.

એને અંદર આવતો જોઇને ઉલ્લસી ઊઠેલો વાછરડો ભીંતરવા લાગ્યો. રુલદૂનું મન કાબૂમાં ન રહ્યું છોકરાને ગાળો દેતો તે વાછરડાના શરીર પર હાથ ફેરવતો એની સાથે વાતો કરવા લાગ્યો, "ભલાદમી, શું કરીએ ? મારા હાથની વાત નથી... મનમાં

તો એવું થઇ આવે છે કે સાલા છોકરાની ગળચી દાબીને તળાવડીમાં દાટી આવું. – આટલી બેદરકારીને શું કહેવું ! જોયું, ઘરના કેવા હાલ કરી દીધા છે તે ? ગમાણમાં દાંત ખોતરવાને માટેય તણખલું સરખું નથી. જોઇ લે, તારાયે હાલ કેવા કરી દીધા છે તે અત્યારથી ભોળાના કરતાંયે વધારે મડદાલ તું લાગી રહ્યો છે – અત્યારે ભલા, તારી કંઇ ભૂખે મરવાની ઉંમર છે ? ઘરમાં બધું હોવા છતાંયે તારી આ દશા થઇ પડી છે ! એના વશમાં હોય તો એ સાલો તમને લોકોને ભંગીઓ પાસે ઉઠાવડાવે. હત્ તારી મા...'' પરંતુ તે જલકોરને ગાળ દઇ શક્યો નહીં.

પછી રુલદૂને મનોમન જ પોતાના જુઠાણા પર ગુસ્સો આવી ગયો. વાછરડો જ્યારે એનો હાથ ચાટતો, કાળી મોટી આંખોથી એની તરફ ત્રાંસી નજરે જોવા લાગ્યો ત્યારે રુલદૂને એટલી શરમ આવી કે આંખો બીજી તરફ ફેરવીને તે આમતેમ પડેલાં વાસણો તરફ જોવા લાગ્યો. પછી હાથ લંબાવીને એનાં નાનાં શીંગડાને પંપાળવા લાગ્યો. એને થયું કે પોતાના દીકરા જેવા વાછરડા આગળ પોતે કેવી રીતે જૂઠું બોલી શકે ? ચણા તો એક મહિના પહેલાં પૂરા થઇ ગયા હતા. લીલો ચારો પણ ખતમ થઇ ગયો હતો. ક્યારેક કોઇની પાસેથી ભારો માગી લાવતો તો નીરતો, નહીં તો સૂકા ભૂકાથી જ તેઓ પેટ ભરતા હતા –પછી ભલા, એનાથી કઇ વાત છાની હતી ?... 'ઢોર બોલતાં નથી, એમને સમજણ તો પૂરી હોય છે.'

વાછરડાને વિના કશું ખવડાવ્યે જ થાબડ્યો અને ભૂકાની ટોપલી ભરવાને માટે કોટડી તરફ ગયો. તાળાને ઝાટકો માર્યો કે તાળું અને સાંકળ એકસાથે ખૂલ્યાં. તે અંદર ઘૂસ્યો. છતના પાછલા ભાગમાં નર્યું અજવાળું જોતાં તે બેચેનીથી છત તરફ જોવા લાગ્યો. છતના એક ખૂણામાં ઉંદરોના બે દર જેવડું પહોળું એક બાકોરું હતું. બે પીઢિયાંના છેડા નીચે લટકી પડ્યા હતા. એમ લાગતું હતું કે બાકોરું કોઇ જનાવરે કર્યું હશે. પછી એણે ધ્યાનપૂર્વક આખી છત પર નજર કરી. ધુમાડો ખાધેલ પીઢિયાં અને મોભિયાંની ઉપરથી અનેક ઠેકાણે પાણી ચૂવાની નિશાનીઓ હતી. અનેક ઠેકાણેથી ઘાસવાંસનું ગૂંથેલું છાજ તૂટી ગયું હતું, જૂની માટી ભૂકરી થઇ ખરતી હતી. મોભિયાંના છેડાઓ આગળની ભીંતોની પોપડીઓ ઊખડી ગઇ હતી. એક મોભિયાના તળિયેથી તો ઇંટો પણ તૂટીને પડી ગઇ હતી અને તે ભીંત સાથે નમીને રહેલો જણાતો હતો. રુલદૂને એવું લાગ્યું કે જાણે આ કોટડીમાં પોતે પહેલીવાર આવ્યો છે. કોટડી એકદમ અજાણી અને જર્જરિત દેખાઇ રહી હતી.

ક્ષણવાર પછી એનો શ્વાસ રૂંધાવા લાગ્યો. તે જલદીથી ભૂકાનો ટોપલો ભરીને બહાર આવી ગયો. દિલ સહજ રીતે ઊંડાણમાં ઊતરતું લાગતું હતું. પગ કમજોર થતા જતા હતા. ભૂકો ગમાણમાં નીરીને, ચૂલાની નજીક ભીંતની પાસે રાખેલા ખાટલાને સરખો કરીને તે તેમાં આડો પડ્યો. ખાટલામાં પડતાં જ એને એવો ભાવ થયો કે જાણે પોતે કૂવામાં પડી રહ્યો છે – નીચે ને નીચે. નીચેનો શ્વાસ નીચે અને ઉપરનો શ્વાસ ઉપર જ રહી ગયો !

ઘણીવાર પછી આંખો ઉઘાડી તો આંગણાના ખુલ્લા બારણા તરફ નજર ઠેરવીને જોવા લાગ્યો. બહાર કોઇ દેખાતું નહોતું. ફળિયાને છેડે ગિયાનનું બારણું પણ બંધ હતું. ઘણું કરીને બહારથી તાળું પણ મારેલું હતું, નહીંતર ગિયાનની વહુ અંદર બહાર ભમતી નજરે ચઢે જ. એને જોઇને રુલદૂના મનને ભારે સંતોષ મળતો હતો. સમય–સમયની વાત છે– એવાયે દિવસો હતા, જયારે તે એના હર્યાભર્યા ઘરમાં દિવસમાં દસવાર આંટા મારી જતી હતી અને ‘રુલદૂ દિયર’ની સાથે હળવી હળવી મજાક પણ કરી જતી હતી; પરંતુ એવો સમય વીતી ગયો હતો, એણે પછી કદી ફળિયાનો આ બાજુનો અરધો ભાગ વટાવ્યો નહોતો.

એણે આકાશની તરફ જોયું અને વિચિત્ર પ્રકારનાં મોટાં મોટાં પક્ષીઓને ઊડતાં જોઇને વિમાસણમાં પડી ગયો. પરંતુ પછી સભાન થઇને વિચાર કર્યો તો ખ્યાલ આવી ગયો કે ગીધો હાડકાંના ઢગલા પરથી ઊડીને કોઇ મડદા તરફ જઇ રહ્યાં હતાં. પહેલાં દસવીસ, પંદર પંદર એકસાથે નીકળ્યાં; પછી બબ્બે, વારંવાર અને હવે કોઇ રડ્યું ખડ્યું, અગાશીઓ પરથી ચક્કર મારતું, પાંખ ફફડાવતું નીકળતું ત્યારે રુલદૂ અકારણ વહેમાઇ ઊઠતો.

એને ઠંડી લાગવા માંડી, ઊઠીને કોટડીનું બારણું ખોલ્યું અને ખાટલો અંદર લઇ ગયો. દોરી પરથી એણે તૂટેલા રૂવાળી, ખોળ વગરની મેલી રજાઇ ઉતારી અને મોઢું માથું લપેટીને સૂઇ ગયો.

આંગણામાં બળદ ભાંભર્યો. એક બીજું ગીધ ઝડપથી પાંખ ફફડાવતું અગાશી ઉપરથી નીકળ્યું હતું અને બળદ રુલદૂની જેમ જ શંકાભીત થઇ ગયો હતો. ભોળાએ કમજોર આંખો અને કાન ફફડાવીને એકીસાથે ઘણો ભૂકો મોંમાં ભરી લીધો અને દૂર ખસીને ધીરે ધીરે વાગોળવા લાગ્યો. પરંતુ એમ કરતાં અરધો ભૂકો એના મોઢામાંથી નીકળીને નીચે પડી ગયો.

...અને રુલદૂને કોઇ વાતની બાબતમાં કશી ખબર નહોતી. એને આ પણ ખબર નહોતી કે ઘેર ઘેર લોકો, પાલાના આંગણામાં બેઠેલી પોલીસની વાતો કરી રહ્યા હતા. બધાને આ ખ્યાલ હતો કે ઘણાના છોકરાઓએ રિપોર્ટમાં પાલાના ત્રણ છોકરાઓનાં નામ લખાવી દીધાં હતાં અને પોલીસ હવે બંને નાના છોકરાઓને પકડવા માટે આવી હતી; પરંતુ છોકરાઓ ભાગી ગયા હતા. તેથી પોલીસ હવે હરકોરને દબાવી–ધમકાવી રહી હતી. સંભળાતું હતું કે થાણેદાર ઘણો કડક છે, કોઇનું માનતો નથી. રુલદૂના પાડોશી ગિયાન અને પરતાપ ચીનિયો અત્યારે ત્યાંથી આવી રહ્યા હતા. ફળિયામાં ઊભા રહીને તેઓ હવે ધીરે ધીરે વાતો કરી રહ્યા હતા.

‘ના ભાઇ, કંઇક વાત જરૂર છે ! નહીંતર તું કહે થાણેદાર ભઇ, શું સપનું આવી ગયું કે તે છ ગોળીઓવાળી વગર લાયસન્સ પિસ્તોલ લેવા ગયો હતો ત્યારે ત્રણ દિવસ ભાઇ, કિયાંવાળા કૈલાની પાસે રહીને આવ્યો હતો ?’’ ચીનિયો પોતાની દલીલ રજૂ

કરી રહ્યો હતો.

"કયો કૈલો ?"

"અરે કમબખ્ત, પેલો ચારસો વીસ બદમાસ, જે સૂબેદારોના મુકદમામાં ફસાઇ ગયો હતો." પરતાપ એવી રીતે વાત કરી રહ્યો હતો કે જાણે પોલીસની જેમ એને પણ રહસ્ય બરોબર ખબર હોય.

"વળી તું પોતે સમજદાર છે, જો પોલીસ પોતાના જીવ પર આવી જાય તો રહસ્યનો ઉકેલ લાવ્યા વિના ભલા, રહે કે ? હવે તો બરોબરના ત્રણેય, ફાંસીથી ઓછામાં છૂટવાના નથી – જોઇ લેજે, તારી નજર સામે જ બધું થશે." ગિયાનેએ ઊંડો શ્વાસ લીધો અને 'હું' કહીને અંદર ભરાઇ ગયો.

ઘેર ઘેર આ ચર્ચા થઇ રહી હતી. 'ઉજ્જડ થઇ રહેલા ઘર'ની ચિંતા કરીને હમદર્દીથી ઉદ્વેગભરી વાતો થઇ રહી હતી. કેટલાક તમાશો જોવા માગનારાઓ 'શું થાય છે ?' એ જોવાને ખાતર જ કંઇક ને કંઇક થાય એમ ઇચ્છતા હતા. – હમણાં હમણાં, આશરે અર્ધા કલાક ચોરામાં થઇને કાવડમાં ત્રણ હાંડા લઇને ચન્નન પાણીવાળો મીરાબીના ઘરની તરફ નધાના ધાંધલિયાની વાત સાંભળીને દૂર સુધી જાણે ગાતો ગાતો ચાલતો પસાર થયો હતો.

"ચંગા હૈ, ખડકા–દડકા હુંદા હી ચંગા – હુંગા હી ચંગા, ભઇ
બેલિયા હુંદા હી ચંગા – ખડકા–દડકા હુંદા હી ચંગા...
સુન્ની–ખેતીં બલિન ઉલ્લૂ– ખડકા–દડકા હુંદા હી ચંગા...' *

"આ સાલો મહર દરેક વખતે સીધો ઝાડુ વીંઝતો રહે છે." નધાનાએ કહ્યું. "ભલા, તું શા માટે ધોલધમાલ ઇચ્છે છે, રોંચાની જાત, તને તો ભર્યાભાદર્યા ઘરો સામે જ ચીડ છે !"

"એને હવે ભર્યાભાદર્યા ઘરો પાસેથી શું લેવાનું છે ?" મધ્ધર બહેરાએ તીખી નજરે વળીને ચન્નનની તરફ જોતાં જડબાતોડ જવાબ આપ્યો, "લાંબા પહોળા પહાડોનો માણસ ! નથી ઘર કે બાર. આજે અહીં તો કાલે આગળના ગામે. ઘેર ઘેર બધા લોકો નળ લગાવી રહ્યા છે. આ કહે છે કે ભઇ, અમારે લોકો પાસેથી કયો લાડવો લેવાનો છે ? આજે નહીં તો કાલે ગામ છોડવું પડશે. એવો માણસ તો બાર બાર ગાઉ સુધીમાં બધું ઊજડી જાય એમ જ તાકતો ફરે છે. અને બીજું, દુઃખ થાય તો કુટુંબકબીલાવાળાને, બચરવાળ માણસને થાય; જેના કોઇ સગાંવહાલાં હોય, સાથી સોબતી હોય, આવાઓને શું ? આ છે, જીઊણાનો રુલદૂ છે, ધીરુ ભંગિયો છે. પછી ભઇ, ભગવાન તારું ભલું કરે, લેખુ ચમાર છે. – તારા ખ્યાલ પ્રમાણે શું આ બધા લોકોને લીલીવાડીને ઘીકેળાં થાય એવી માનતાઓ માનવાવાળા છે ? વાહેગુરુ – વાહેગુરુ બોલો !... આ લોકો તો, જ્યાં સુધી કોઇને ત્યાં મરણ–શોક ને થાણાની પોલીસ ગામમાં દેખાતાં ન હોય, ત્યાં સુધી ગીધોની જેમ મોઢાં ઊંચા ઊંચા કરી કરીને

* શોર બકોર થાય એ સારું છે. સૂનાં ખેતરોમાં ઘુવડ બોલતાં હોય છે. દોસ્ત, શોરબકોર થાય તો સારું છે.

'હુંઆં' 'હુંઆં' કરવા લાગી જનારાઓ છે."

મધ્ધર પોતાની મનમાંની હાંક્યે જતો હતો, પરંતુ નધાના ધાંધલિયાનું એની વાતો તરફ કંઇ ધ્યાન નહોતું તે આંગણ તરફથી ગાભરા ગાભરા ભાગીને આવતા લાલુ પસાયતા તરફ જોઇ રહ્યો હતો. જ્યારે એમની પાસેથી પસાર થવા લાગ્યો ત્યારે એણે ખમચાતાં–ખમચાતાં સાદ કર્યો, "શું વાત છે ? 'સરદાર' હજુ અહીં છે ? અહીંયા ક્યાં થઇને આવ્યા છો ?"

"હા, હું તો મુખીસાહેબને બોલાવવા ગયો હતો..." અને તે ડાબેજમણે ભારે રૂઆબથી જોતો અને ખભા પર રાખેલ 'ધૂળિયા–કાળા' અંગૂછાને વારંવાર સંભાળતો એમના તરફ બેપરવાઇ બતાવતો એજ ચાલમાં આગળ ગયો.

"લે, હવે બોલ !" મધ્ધરે એની તરફ જોતાં તીખાશથી કહ્યું, "જ્યારે આના સરદારસાહેબ આવી જાય છે અથવા કોઇ પટવારી આવી જાય છે ત્યારે આ નાદુખાં સાલો બનીઠનીને નીકળે છે. જોયું, કેવો બગલા જેવો ચોખ્ખો થઇને ફરે છે ! આમ તો સાલું આ ચામાચીડિયું વહેલું ઊઠીને આંખમાંથી પિયાય કાઢતું નથી, આજે એ 'સાહેબ' બનીને ફરી રહ્યો છે..."

ચોરામાં બેઠેલા લોકોએ ચોકીદારના ચાલ્યા જવા બાબત કશું ધ્યાન નહીં આપ્યું. તે એમ જ બોલતો બોલતો ચાલ્યો ગયો. લોકો પોતાની ગંભીર વાતમાં લીન રહ્યા.

મધ્ધરને ભલા, ફુરસદ ક્યાં હતી, આ ગંભીર વાતો કહેવા–સાંભળવાની ? એકલો આદમી, નાનકડું ખેતર, નાના છોકરા, આખો દિવસ 'ઉંદરની જેમ ખણખોતર' કરતો કાં'તો ખેતરમાં કંઇને કંઇ કરતો રહેતો; કાં'તો ઘરમાં સ્ત્રીઓનાં કામ કરતો રહેતો. એને ગામના 'નાગા' લોકો સામે સખત નફરત હતી. પરંતુ જો ચોરામાં ચાર 'ખાનદાન' માણસો આવીને બેઠા હોત તો તે જરૂરી કામ છોડીને પણ એમની વચ્ચે જઇ બેઠો હોત; આવતાં જ બધાને મોટા અવાજમાં 'સત સિરી અકાલ' કહેત અને પછી એ લોકોની વાતોમાં પોતે જ ચઢીને હુંકારો ભરત. 'સાચી વાત છે', 'ખરીવાત છે' કહેતો તે વારંવાર માથું હલાવતો રહેત. પરંતુ એના જવાબમાં 'ખાનદાન' માણસો એની આ વચમાં માથું મારવાની રીત પણ નાખુશ થતાં છતાં પણ મોઢેથી કશું ન કહેત (ઘણીવાર આમ કહી ચૂક્યા પછી જોયેલું કે એના પર કોઇ અસર થતી નથી.) જ્યારે તે અહીંથી ઊઠીને જાત તો તેમની આંખોમાં આશ્ચર્યભાવે એવી રીતે દેખત કે જાણે કોઇ બલામાંથી તેમનો છૂટકારો થયો હોય.

અને આ વખતે પણ કોઇને એના આવવાની કે ચાલી ગયાની જાણે ખબર જ નહીં પડી. વાતો ચાલતી ચાલતી, પાલાના વડદાદા સુધી પહોંચી હતી. નધાના અને મસ્તાનસિંહ ભાઇજી પાલાના 'ઊંચા' ખાનદાનની વાતો કરતાં કરતાં હવે 'આ ઘર'ની બરબાદીની વાતો સુધી આવી ગયા હતા.

"ભાઇજી, પાલાનો છોકરો તો નર્યો ગાય હતો. આ શું કરી બેઠો ?" નધાનાએ

જાણે દુ:ખથી કહ્યું.

"થાય છે શું ? જે ગુરુને મંજૂર હોય છે તેજ 'કરે કરાયે આપેઆપ માણસ કે કુછ નાહીં હાથ.' એ દાતારની મરજી હશેસ્તો. માણસના હાથમાં કશું નથી – પછી શું કહેવું ?"

"એમ તો તારી વાત સાચી છે." નધાનાએ એવી રીતે કહ્યું કે જાણે મેળામાં જાટની પાસે ભેંસની કિંમત કરાવ્યા બાદ દલાલ કહેતો હોય : નવસો તારા સાંભળી લીધા, તારે હવે 'લેવાનું' શું છે ? "અમે તો એમ કહીએ છીએ ભઇ, સારા ભલા માણસને બેસતાં-બેસાડતાં શું થઇ જાય છે ?"

'ઓહો ! તને કદી તો દીધું, ભઇ, જેવી દાતારની મરજી !' નધાના ચૂપ થઇ ગયો. પરંતુ થોડીવાર પછી વાત ટાળતાં બોલ્યો, "તારી અક્કલ હવે શું કહે છે ? – આપણા ઘણા મુખીના છોકરા પાછળથી કોઇ બખેડો ઊભો કરશે ?"

"કેમ ? તો બીજું શું કરશે ?"

"કમબખ્ત, તું તો વાત જ નથી સમજતો !" નધાનાએ કંઇક ધીમા અવાજે ફળિયામાં આગળપાછળ જોઇને કહ્યું, "હવે ઝઘડો ઉપાડીને એમણે શું લેવાનું છે ? – ઠીક છે, હવે પોતાની જમીન સંભાળશે..."

"હા, હા. જુઓ તો ખરા ! જાટ જ્યારે વિચારશે ત્યારે ઊલટી વાત જ વિચારશે અરે ઓલિયાજી એ એમનો બાપ હતો; જો કશું નહીં કરે– કરાવે તો શું દુનિયા એમના મોઢામાં આંગળીઓ નહીં નાખે ?"

"આ, મોઢામાં આંગળીઓ નાખવાવાળી તારી વાત તો ચાલો, સ્વીકારી લીધી; પણ હું તો કહું છું ભઇ, જે કામ કંઇક ઠંડુ પડતું જઇ રહ્યું છે તે ક્યાંક એમ જ ઠપ્પ ન થઇ જાય."

"મુદ્દામ વાત તો આ છે... જે ચન્નન પાણીવાળો કહે છે. જ્યાં સુધી નાની મોટી ધાંધલધમાલ ન થાય, ગામમાં કોઇ કરતૂત ન થાય, કોઇનું મોત ન થાય, કોઇની પકડાપકડી ન થાય, ત્યાં સુધી તમારા લોકોનો લવારો ચાલી શકતો નથી...! ખરેખર તો તમે લોકો પોતે જ કશુંયે કરવાને લાયક નથી; તેથી હવે લોકોનાં ઘર ફૂંકી દે એવા તમાસા જોવાને માટે ચેડાં કરતા ફરો છો – આ જ વાત છે ને કે કોઇ બીજી વાત છે ?"

"તું તો યાર, કાળિયા, આવી વાતોને અવળી બાજુ જ લઇ જાય છે. લો, શું અમે લોકોને લડાવતા ફરીએ છીએ ભલા...?"

"તો શું તમે લોકો વચ્ચે સમાધાન કરાવતા રહો છો ?" ભાઇજીએ જરા વ્યંગ્ય અને ગુસ્સાથી કહ્યું, "તમે લોકો તો નજર કરતા રહો છો કે ક્યારે ગોળનો રવો તૂટે અને તમને લોકોને એમાંથી ભાગ મળે... અહિંયા આગ લગાડી દીધી અને પણે પણ લગાડી દીધી. અને જવા દે ભાઇ, આગ લગાડી દીધી અને પોતે ભાગીને દીવાલ પર જઇ ચઢ્યા !"

"યાર, શું અમે લોકોને લડાવતાં ફરીએ છીએ ?" નઘાનાએ એ વાત ફરીથી બેવડાવી.

"બીજું તમે લોકો કરો છો શું ?" ધીચર લદ્ધડ સૂતરનો દડો લપેટતો એમની વચ્ચે ટપકી પડ્યો અને મોટા અવાજમાં બોલ્યો, "પાલાના છોકરાઓએ જે કરતૂત કર્યું તે તમારા જેવા લોકોની ચઢવણીને કારણે કર્યું છે. પહેલાં શું ગામમાં એના રહ્યાની ખબર સુદ્ધાં કોઇને પડતી હતી ? – કહો બિચારો ધરમની ગાય હતો. – કહેવત છે ને રાંડેલી તો રંડાપો કાપી પણ નાખે, પરંતુ વાંઢાઓ તેને કાપવા દેતા નથી – તમારા જેવા લોકો !"

"હા વાત આ છે." 'ભાઇજી' પોતાની તરફેણ થતી જોઇને ખીલી ઊઠ્યો. "આ જ વાત એને કહું છું કે ભઇ, આ કરતૂતો બધાં છે જ તમારા લોકોનાં."

બે જણ આગળ હાર સ્વીકારીને નઘાનાની 'ટેં–ટેં' ફુસ્સ થઇ ગઇ. ધીચર લદ્ધડ જે નવા સમાચાર સંભળાવવાને આવ્યો હતો તે એણે સંભળાવી દીધા કે પાલાના નાના છોકરાને પણ પોલીસે પકડી લીધો છે. ઘણાના છોકરાઓએ થાણેદારને કહ્યું હતું કે તમે પાલાના ત્રીજા, સૌથી નાના છોકરાને પણ વચમાં ફસાવો, પરંતુ થાણેદારે માન્યું નહીં.

"પણ તું સમજુ છે, કાળિયા, પોલીસ તો હોય છે જ લાંચખોર. જ્યાં સુધી મોઢામાં હાથ ઘાલી રાખો ત્યાં સુધી ઠીક છે; જ્યાં હાથ કાઢી લીધો, ત્યાં દાંતથી કરડશે." ધીચર પોતાનું 'જ્ઞાન' બતાવતો વાત સંભળાવી રહ્યો હતો, "હવે આ ઠર્યા ઘણા મુખીના છોકરા !... આવાય કોઇને શરીરની જૂ સરખી નહોતા આપતા. પછી પોલીસવાળા ભાઇ, શા માટે જાણી જોઇને કોઇના પર જૂઠો મુકદમો માંડતા ફરે ?... વળી એ છોકરો પણ સગીર છે. એને ફસાવે છે તો એમ જ આખોયે મુકદમો બાતલ થઇ જાય. પરંતુ ભાઇસિંહ, અસલમાં તો આ લોકોની નિયત અંદરથી કંઇક બીજી જ હતી..." અવાજ ધીમો કરી થોડી વાર ચૂપ રહ્યા પછી ધીચર રહસ્યભર્યા અવાજમાં બોલ્યો, "નૈયત તો ત્રણેય છોકરા આમાં ફસાય એવી હતી." પાછળથી ડોસીને ડરાવી–ધમકાવીને, લાલચ, આપીને, લલાટીને કંઇક આપી–અપાવીને એમની જમીન હડપ કરી લઇશું, પછીથી ભલે જે કંઇ થવાનું હોય તે થાય. અને વળી મરવાવાળો તો મરી ગયો, હવે તો તે પાછો ફરવાનો નથી. માટે ઉપર ઉપરથી જે ચામડી ઉતરડી લેવાય તે ઉતરડી લો..."

"કેમ, કાળિયા ! એ વાત બની ગઇ કે નહીં ?" નઘાનાની ઝીણી આંખો કાજળી કાળી કીકીઓ ચમકી ઊઠી, "તું માનતો નહોતો ને ગાંડા, અમે તો પહેલાં દિવસથી આના ખાનદાનને જાણીએ છીએ. એ કોઇ વાણિયાની ઔલાદ છે સાલાઓ ! જાટના દીકરાએ કેવી રીતે થયા ?"

કાળિયાએ હાર સ્વીકારી લીધી હતી. "કોણ આમની સાથે વિવાદમાં ઊતરે ? કોણ સારું છે ને કોણ ખરાબ છે તે કોણ કહે ? દાતાની દાતા જાણે !.... પછી

કોઇનું સારું–માઠું વિચારવાથી શું થાય છે ? જે થવાનું છે તે થઇને રહેશે.''

થવાનું થઇ જ ગયું. ઘણાના છોકરાઓએ પાલાના સગાંવહાલાં સાથે અંદરોઅંદર 'ઘાલમેલ' કરી લીધી અને મુકદમામાં એવી હેરફેર કરાવી કે એક વરસ બાદ જ્યારે મુકદમાનો ચુકાદો આવ્યો ત્યારે લોકો મોંમા આંગળા નાખી ગયા. પાલાના મોદનને ચૌદ વર્ષની કેદ થઇ હતી, ફાંસી નહીં. સજ્જનને વચમાં કઢાવીને મુક્ત કરી દેવામાં આવ્યો હતો.

ચોરામાં ફરી ચર્ચા છેડાઇ. સારા માણસો ખુશ હતા, ''ચાલો, બિચારાનું ઘર ઊજડી થતાં બચી ગયું – ચૌદ વરસ તો શું લેખામાં ? જીવતે જીવ પૂરાં થઇ જશે... અગર જો બંનેને ફસાવીને આટલી–આટલી સજા અપાવી હોત તો શું થાત ? તેઓ અપાવી શકતા હતા, પૈસાથી બધું થઇ શકે છે – શું નથી થઇ શકતું પૈસાથી ?...'' પરંતુ નધાના જેવો ફરેબી માણસ વચમાંથી કંઇક બીજાનું ત્રીજું જ કાઢી લાવતો હતો.

''ભાઇ સિંહ, હવે આ વાત કઇ રીતે બની એ તને આ લોકોએ હરકોરના ભાઇઓને બોલાવી એમની સાથે છૂપી લખાપટ્ટી કરી છે. હવે જમીનના પટા નક્કી કરતી વખતે એ લોકો એની અરધી જમીન લેશે. એમની બની જશે પાંચ ઉપર સો સાક્ષી અને પાલાના ત્રણેય છોકરા પાસે બાકી રહેશે કુલ પંદર અને પછી જ્યારે માણસનું માથું ઘૂંટણથી નીચે પહોંચી જાય છે ત્યારે તે ફરીથી ઉઠાવી શકતો નથી. પછી પાલાના છોકરાઓ પાસે શું રહેશે ? શું કોઇ પણ રીતે માથું ટટ્ટાર રાખવાને લાયક તેઓ રહેશે ? ક્યારેય નહીં. આખી જિંદગીમાં ફરી બેઠા નહીં થઇ શકે.''

અંતરાત્માથી કશું છૂપું રહી જાય તો ભલે રહી જાય, પરંતુ માણસથી છૂપું શું રાખશે ? અગર જો દીવાલોને કાન હોઇ શકે છે તો ધરતીને આંખો અને આકાશને નામ પણ હોઇ શકે છે... પછી કઇ જગાએ જઇને માણસ 'કોઇ ચીજ' છૂપાવી રાખશે ? આજે બીજું, આવતી કાલે વળી એથી બીજું. આખા ગામના એકેએક છોકરાનેય ખબર પડી ગઇ કે પાલાના સગાંવહાલાંએ અને મોદનથી નાના છોકરા સજ્જને ઘણાના છોકરાઓ સાથે કોઇ વાત જરૂર નક્કી કરી લીધી છે.

પછી જમીનના પટા નક્કી કરતી વખતે જો ઘણાના છોકરાઓએ નહેરવાળી કાળી ડમ્મર જમીનનો ટુકડો લીધો તો નીચેની તરફનું, જોડેનું ખેતર પાલાના છોકરાઓએ લઇ લીધું. એમની ખારી જમીનની ચાર આની કિંમત મુકાવીને એને માટીના ભાવે પોતે લઇ લીધી અને લોકોની આંખમાં ન આવે માટે લગભગ સાત સાંતીનો ટુકડો પાલાના છોકરાઓને બીજો અપાવી દીધો. તલાટીથી માંડીને મામલતદાર સુધી બધા એમની મરજી પ્રમાણે ચાલતા રહ્યા.

બધું કામ પતી ગયા કેડે લોકો મોટા અમલદારો અને પ્રધાનો સુધી પહોંચ્યા, પરંતુ સાંભળે કોણ ?

''કોઇ શા માટે સાંભળે, ભાઇ ? – *'જિસકા દિત્તા ખાવણા તિસ કહિએ*

સાબાસ !'* ચોરાની કહેવતમાં કાળિયાએ આ વાત પણ સ્પષ્ટ કરી આપી. 'તલાટી સવારે ઊઠીને, પાણી મેળવ્યા વગરનું ગરમ દૂધ, જેમાં અંજલિ ભરીને ઘી નાંખેલું એવું, આ લોકોને ઘેરથી પીને નિયમિત જતો હતો, મામલતદારની ઘોડી એમની કોઢમાં ઊભી રહીને નીરેલા ચણા ચરતી રહેતી હતી. કાનૂનગો સાંજના વખતે એના બારણામાં બેસીને બાટલી અને મરઘીના ઓડકાર ખાતો હતો, તો પછી સારી જમીનના ટુકડા શું તમને લોકોને મળત ? કેમ ભઇ, શું તમે મોટી માના દીકરા હતા ?'' ''અહીં આવ, અહીં !'' નધાનો જાણે કાળિયાને ગરદનથી ઝાલી કહેતો હતો : ''આ તો કહું છું કે ભાઇ, કોઇનામાં નીતિધરમ નથી.''

''નહીં, આમાં નીતિધરમની કઇ વાત છે ?... પેલા દાતાનો બોલ છે !''

''માર ગોળી યાર, આપણા દાતાના બોલને... તારી વાતને તો કોઇ મોં-માથું જ હોતાં નથી !''

'મોં-માથું' જે બનવાનાં હતાં તે બની ગયાં લોકો એમ જ ચોરામાં બેસીને વાગયુદ્ધ કરતા રહ્યાં. મીરાબ અને ઘણાના છોકરાઓએ પોતાનું ધાર્યું કરાવી લીધું લોકો કકળાટ કરીને, અરજીઓના કાગળો કાળા કરીને, રેલવેનાં ભાડાભથ્થાં ખર્ચીને અને કચેરીમાંથી તંગ થઇને, થાકીને બેઠાં બધાએ યથાશક્તિ 'છાતીનું જોર' અજમાવીને જોઇ લીધું. જમીન લેતાં પહેલાં પોતાનાં જે બાવળ–બોરડી, વણ–કેરડા હતાં તે કાપી લીધા, પછી કોઇ બીજું જોર નહીં ચાલ્યું ત્યારે નવી જમીનના શેઢા માટે બુમરાણ મચાવી, એક એક વેંતની જગા પાછળ મહિનાઓ સુધી થાણાના ધક્કા ખાતા રહ્યા. તલાટી કાનૂનગો, મામલતદારને કેટકેટલી વાર અરજીઓ, પુરાવાઓ આપ્યા; પંચો બોલાવ્યા, પરંતુ જ્યારે જે હતું તે ઠેરનું ઠેર જ રહ્યું ત્યારે 'બોલ' માની લઇને દાંત પીસતા 'આરામ'થી બેસી ગયા.

અને આજ, કાલ, મહિનો, બે મહિના, ચાર મહિના અને પછી વરસ વીતવા લાગ્યાં. આ વરસોમાં દરરોજ કોઇ નાની મોટી ઘટના ઘટતી રહી. જનમ, મરણ વિવાહલગ્ન, લડાઇ ઝઘડા થતાં રહ્યાં. આ લોકોની દંતકથાઓ પણ ચાલતી રહી; પરંતુ જે થઇ રહ્યું હતું અથવા જે થતું હતું એમાં તો દંતકથા કોઇ અવરોધ ઊભો કરતી નહોતી ને ? –હા, લોકોને શ્રવણરસ જરૂર મળતો રહેતો હતો.

પાલાના નાના છોકરાઓ જુવાન થઇ ગયા. એમનાં લગ્ન પણ થઇ ગયાં. ઘણાના છોકરાઓએ એમની જૂની જમીનમાં જે ટ્યૂબવેલ કરાવ્યો હતો, એના પાણીથી પૂરી ફસલો લઇને પોતાનું અંદરવાળું ઘર પણ પાડી નાખીને નવું ઘર ઊભું કરી દીધું. ઘણાના છોકરા લાલ રંગનું ટ્રેક્ટર લાવ્યા; ચારેક માલ્ટાના છોડ રોપીને બાગ બનાવી દીધો અને એના મિષે પાણી બમણું–ચારગણું કરાવીને ગામનાં કરવસૂલાતમાંથી કપાત કરાવી લીધી. મીરાબે પણ એમની સાથે મળી કરીને ઘણું બધું કમાઇ લીધું. હવે

* જેની પાસેથી ખાવાનું મળે એને કહીએ શાબાશ !

ઘરમાં રેડિયો વાગતો હતો અને અખંડ પાઠ થતા રહેતા હતા. છોકરાઓ નવી સાયકલો પર શહેરમાં ભણવા માટે જતા હતા, ચુસ્ત પાયજામા પહેરતા હતા અને સફાઈદાર ચાંચવાળી પાઘડીઓ બાંધતા હતા. બધું થઈ રહ્યું હતું... અને દંતકથા આજે પણ પહેલાંની જેમ જ ચાલી રહી હતી, અને લોકો 'વાગયુદ્ધ' કર્યા પછી પોતપોતાને ઘેર ચાલી જતા હતા.

અને પછી એ એ દિવસ પણ આવ્યો જ્યારે જેલ પૂરી કરીને આખરે મોદન પણ પાછો આવ્યો.

મોદન બે દિવસ બહાર નહીં નીકળ્યો. સવારે કે અંધારામાં તે ક્યાંક બેસવાને કે ફરવાને જતો એ સિવાય આખો દિવસ માની પાસે પડ્યો રહેતો; પરંતુ માની નિરાશાભરી વાતોએ એના મનમાં વધુ કંટાળો ભરી દીધો હતો.

ત્રીજે દિવસે સજ્જન આવ્યો. પહેલાં તો ઘણાના છોકરાઓ જેવી એની વધેલી ફાંદ જોતાં જ એને ભારે નવાઈ લાગી અને જ્યારે તે પોતાની લુંગી ઉઠાવીને કમર પર લપેટ્યા પછી પણ, મોદનની પાસે ખાટલા પર બેસવાને બદલે ઊભો ઊભો જ જ્યારે એ જણાવવા લાગ્યો કે મંડી સ્ટેશન પર પોતે કઈ રીતે મોદનની પ્રતીક્ષા કરતાં કરતાં બે ગાડીઓ દેખી હતી, ત્યારે મોદનને લાગ્યું કે આ તદ્દન જૂઠું બોલી રહ્યો છે. કયા કામથી તે ત્રણચાર દિવસ બહાર રહેલો – એ વિશે પણ મોદનને પૂરી શંકા હતી કે તે સાચું નથી કહી રહ્યો નથી અને સૌથી ખરાબ વાત તો એ હતી કે તે 'ભાઈ મોદન' પાસે બેસવું એને જાણે પોતાનો અધિકાર સમજતો હતો. તે વગર બસે આવ્યાના બહાનાથી ઊભો ઊભો, ક્યારેક પોતાની ઢીલી બાંધેલી ઇસ્ત્રીબંધ પાઘડીની નીચેના કાળાભમ્મર ચમકદાર વાળને ખંજવાળતો હતો, ક્યારેક મોંઘા પોપલીનના કુરતાની ખુલ્લી બાંયોને ઉપર ચઢાવતો હતો. કોણ જાણે શાથી પણ મોદનને થોડીક પળોમાં જ તે ભૂંડો લાગવા માંડ્યો. માએ એની બાબતમાં જે કંઈ કહ્યું હતું તે બિલકુલ સાચું માલૂમ પડવા લાગ્યું.

સાંજના મન ઘણું ઉદ્વિગ્ન થઈ ગયું અને પીરસેલું ખાવાનું છોડીને તે ચુપચાપ બહાર ચાલી ગયો. છોટુ ઘરમાં હતો નહીં. સજ્જનની ઘરવાળીએ તીરછી નજરે એની તરફ જોયું અને પોતાના ભારે નિતંબ હલાવતી, નાનોશો ઘૂમટો તાણીને ચોકમાંથી અંદર જતાં એણે જાણે 'નખરાં' બતાવ્યાં. એથી મોદનનું મન હતું તેથીયે વધારે દુઃખી થયું. ગલીના વળાંક આગળ આવતાં સંજોગવશાત્ શેરી સામેથી આવતો દેખાયો અને તે એજ વખતે જમણી બાજુ વળી ગયો. શેરી પણ આં રીતે નજર઼ ઢાળીને આગળ નીકળી ગયો, જાણે આ બાજુ એણે જોયું જ ન હોય.

અને ડાબી તરફ વળતાં જ રુલદૂનું સ્મરણ થઈ આવ્યું. મન કોઈક અજ્ઞાત

આશ્વાસનથી ખીલી ઊઠ્યું. ચાલ ઝડપી થઇ ગઇ, અને પછી જ્યારે એણે રુલદૂના આંગણામાં દેવતા સળગતો જોયો ત્યારે તેની બધી ઉદાસી જાણે છુમંતર થઇ ગઇ.

''કોણ છે ?'' એણે દરવાજામાં પ્રવેશતો જોઇને દેવતાના અજવાળા તરફ હાથની આડશ કરતાં રુલદૂએ પૂછ્યું. મોદન ચુપચાપ આગળ આવ્યો અને રુલદૂ ઊઠીને ઊભો થઇ ગયો. આંખો ફેરવીને રઘવાટમાં બોલ્યો, ''કોણ છે ?... કદાચ, ભાઇ મોદન તો નહીં ?''

મોદનનું મન બધો સંશય ઉતારીને ફૂલની જેમ હળવું થઇ ગયું (હજી સુધી ગામના કોઇ માણસે એને એ રીતે નહોતો ઓળખ્યો અને ઓળખત પણ કોણ ? 'પહેલાંવાળો મોદન' તો જાણે એ રહ્યો જ નહોતો.)

''આવ્યો, આ આવ્યો ભાઇ મોહનિયા !'' આગળ વધીને લોટથી ખરડાયે હાથોથી જ રુલદૂએ એને બાથમાં લઇ લીધો, અને જોરથી ભેટી પીઠ થાબડતાં પોતાની મેળે બોલવા લાગ્યો.

''મને આજે જ ખબર પડી હતી – તમારા લોકોના ટેકરાવાળા ઘર તરફ ગયો પણ હતો; પછી વિચાર્યું કે તું તો અંદરવાળા ઘરમાં હશે... ત્યાં જવાને મન માન્યું નહીં... હવેની વાતની તો તનેય ક્યાં ખબર નથી ?... અલ્યા છોકરા, માંચી લઇ આવ. અલ્યા, આપણા દીકરાને માટે... ક્યાં મરી ગયો વાઘરીના પેટનો ! એટલો બદમાશ છે ઓ, રોટી ખાઇને આખલા જેવો ક્યાં નાસી ગયો !... તું જરા ઊભો રહે, હું લાવું છું.''

મોદન હસી પડ્યો, એને રુલદૂના સ્વભાવનો સારી પેઠે ખ્યાલ હતો. આવા પ્રસંગે તે રઘવાઇ જતો હતો અને એને સૂઝ નહોતી પડતી કે દોસ્તને પોતે ક્યાં બેસાડે, શું સેવા કરે બસ, પછી ઉરાંગઉટાંગ વાતો છોડવા લાગતો. એની આ ઉરાંગઉટાંગ વાતોથી વધારે કદી પણ માણસને બીજા કોઇની વાત બુદ્ધિ કે માયાથી આર્દ્ર લાગી શકતી નહોતી, મોદને વિચાર્યું.

અંદરથી તૂટેલી બેઠકવાળી અને મેલા રંગની નેતરની માંચી લાવીને ચૂલા સામે મૂકીને રુલદૂ એની પોતાની ગતમાં બોલતો ગયો, ''લો ભાઇ, આ તો બહુ સારી વાત થઇ કે તું આવી ગયો. ગાયના સમ, મન ખૂબ ઉદાસ રહેતું હતું. તને તો ખબર છે જ કે જ્યારે દિલ ઉદાસ થાય છે ત્યારે કશું ગમતું નથી. દોસ્તી કરે એવા માણસની ઝંખના રહે છે. દુનિયા ભલેને એવાં લાખ રૂપ લેતી ફરે, પરંતુ જેને માંહ્યલાએ ન સ્વીકાર્યો, એની સાથે દોસ્તી કેવી ? પેલી કહેવત છે ને કે *'સજ્જણા બાજ હનેરા દુનિયા લખ બસદી !...'** અને સંભળાવ તારા હાલહવાલ કેવા છે ? ત્યાં... સાસરીમાં શરીર તો સારું રહ્યું ને ? બીજું શું ? સાસરું સમજીનેસ્તો ત્યાં દહાડા કપાય છે ને એ નરકમાં ! નહીંતર ભાઇ માણસથી તો બે પલ વિતાવવી પણ મુશ્કેલ થઇ જાય. –પણ દોસ્ત, તું તો ઘણો જ દુબળો થઇ ગયો છે, નહીં ? એકદમ ડોસા જેવો દેખાવા લાગ્યો

* લાખ દુનિયા વસી રહે, પરંતુ પોતાના વિના તો અંધેર જ અંધેર છે અને વળી દુનિયાયે હવે સ્વાર્થની થઇને ફરે છે !...

છે —મને પણ વટી ગયો શું ? પણ જ્યારે હું મળવાને આવેલો ત્યારે તો તું ઘણા સારો હતો... બે વરસ પહેલાંની વાત હશે ? – ખેર, ભાઇ, કહેવાય છે કેદીને જેમ અહીંનું ઘર જલદીથી છોડવાનું મન થતું નથી તેમ જ ત્યાંથી આવવાનું પણ મન થતું નથી —સાલી માયા એ મોટી વસ્તુ છે, કોઇ પણ બાબતમાં થઇ જાય છે, પછી નરક હોય કે સ્વર્ગ હોય. ખરુંને ભાઇ મોદન સિંહ ?..."

મોદન મૂછોમાં હસતો રહ્યો, પરંતુ રુલદૂની ઉરાંગઉટાંગ વાતોથી એનું મન ભારે ભારે થઇ ગયું હતું. અનાયાસ એના મોઢામાંથી એક ઠંડો નિઃશ્વાસ નીકળી ગયો.

"લે, હું બે ગુલ્લાં પૂરી કરી દઉં, પછી આપણે અંદર જઇને બેસીએ છીએ, 'ગરમ' થઇને અંદર તો વધારે સારી રીતે 'ગરમ' થઇ જઇશું." રુલદૂ એ રીતે પોતે સ્વગત્ બોલતો રહ્યો. એણે એકવાર પણ મોદનના હૂંકારની રાહ જોઇ નહોતી. "ખરું ભાઇ, તું રોટી પણ કેટલી ખાવાનો ?... લે પાગલ છે કે નહીં ? હજી તેં ખાધી પણ ક્યાંથી હોય ? – અમને ખબર છે, તમારે 'સાહેબ લોકો'ને ઘેર 'ખાણું' મોડું થાય છે. અગર ખાવાના વખત પર ખાઇ લેવાય તો તો પછી જાટ જ શેના થયા ? કવખતે ખાઓ – સરદારી ઠાઠ એ છે ભાઇ !"

અને રુલદૂ ડાળખીઓ અને ભીનાં અડાયાંના દેવતાની ધૂણીથી હેરાન થઇને પોતાની ડોકની પાછળના ચારેક વાળને માથું હલાવી ખંજવાળતો, આછી મૂછોમાંથી દાંત ચમકાવવા લાગ્યો. ધૂણીથી આંખોમાં વહેતાં પાણીને કુરતાથી લૂછીને જોરજોરથી આંખો એ રીતે ચોળવા લાગ્યો, કે જાણે ખંજવાળ ઊઠી હોય.

"હું થોડોક લોટ ગૂંદી લઉં. આપણા બે માટે આ થોડો પડશે." અને મોદનના વારંવારના કહેવા છતાં રુલદૂ અટક્યો નહીં.

એ રીતે વાતો કરતાં એણે લોટમાં હાથ ચલાવી બધા લોટને સખત જેવો બનાવ્યો; અને આડણી પર રોટી વણવા લાગ્યો.

"અરે ભાઇ, આજે તો આડણી કેટલાંય વરસો પછી ઉપયોગમાં લીધી છે... તું જ ભાગ્યશાળી આવ્યો કે જેણે જલકોરની આડણીને હાથ અડકાવ્યો !... ભારે સાચુકલી બાઇ હતી, ભાઇ મોદનિયા ! કોઇ હદ નહીં... શું ઘરને, શું ઘરની ચીજોને બસ, એ એવી તો સાચવીને રાખતી હતી કે ભઇ, સાલી મડમ પણ શું રાખે ? – અને ખરું પૂછો તો એ મૂઇ રાંડ હતીયે મડમ જેવી જ ! તેં તો જોઇ હતી – હતી શું આખા ગામમાં કોઇ એવી બાઇ ?... તો પછી એટલે જ બીજીવાર પારકીપંચાત ઇચ્છા નહીં કરી. આમ તો શું કોઇ વાતની કમી હતી ? માગુંયે કોઇને કોઇ રીતે ક્યાંકથી લાવી દેત; જોકે વિવાહમાં વિઘ્ન કરનારાઓનીયે કોઇ કમી જ નહોતી... તે તો હમણાં ગયા વરસે મઘ્ઘર વિનંતીઓ કરતો હતો, પોતાના સાસરામાંથી કોઇક આધેડ જેવીને લાવી આપતો હતો. કહેતો'તો કે સાચી છે. પરંતુ મેં કહ્યું કે ના, ભાઇ ! જલકોર જેવી બાઇની સાથે રહ્યા પછી માણસ બીજી કોઇ સાથે નહીં ચાલી શકે અને વળી જે રતન જેવો દીકરો સોંપી ગઇ, એના તો એમ જ ઓરમાન મા ભૂંડા હાલ જ કરી દેત... ભૂંડા હાલ

થવામાંથી તો આજે પણ તે સચવાયો છે ? લે, અત્યારે જ જો, સાલા ક્યાં રખડતો હશે એની ખબર નથી. બિલકુલ રખડેલ થઇ ગયો છે, મોદન સિંહ, શું કરવું ? પણ ચાલો, મનને આશ્વાસન છે કે ભઇ, જલકોરનું લોહી છે, ખરાબ નહીં નીકળ્યો. હવે સાચવશે તો આપમેળે લાઇન પર આવી જશે. વળી હજી ઉંમર પણ શું છે...''

મોદનનું દિલ ફરીથી ભારે થઇ ગયું ને ગભરાવા લાગ્યું. રુલદૂની પાછલી સમગ્ર અને અત્યારની જિંદગી પર નજર નાખતાં એને એમ લાગ્યું કે જો તે પોતે રુલદૂના ઠેકાણે હોત તો કદાચ હજુ સુધી એની જેમ નભાવી જ શક્યો ન હોત. જ્યારે રુલદૂ પોતાની કથની કહી રહ્યો હતો ત્યારે મોદન એની વાંકી આંગળીઓ, સુકાયેલી ડોક, બેસી ગયેલા ગાલ અને લાંબા નાકની તરફ ધ્યાનપૂર્વક જોઇ રહ્યો હતો. એને પહેલાંથી જ લાગતું હતું કે હવે રુલદૂમાં પહેલાની કોઇ વાત રહી નથી. મોદનથી તે ચારપાંચ વરસ જ મોટો હતો, પરંતુ હવે પંદર–વીસ વરસ મોટો દેખાવા લાગ્યો હતો.

'આવ ભાઇ, અંદર જઇએ.' રુલદૂએ વાંકાચૂંકા માટીના થાળાની કિનારી જેવી રોટીઓ ફાટેલા કપડામાં લપેટી અને દાળની કૂલડી પોતાની લાંબી આંગળીઓ પકડી તે કોટડી તરફ ચાલ્યો. મોદન એની પાછળ ગયો તો અંદર તેને અંધારું લાગ્યું. ઘાસતેલનો હોલવાઉ–હોલવાઉ થતો દીવો પોતાની આસપાસ પણ અજવાળું કરવાને સમર્થ નહોતો. આમેય કોટડીમાં રાખેલી નાનીમોટી વસ્તુઓના જે હાલહવાલ હતા તે તો ઓર વિચિત્ર લાગ્યા. તૂટેલા ખાટલા પર જૂનો ખેસ, ચોપડું, સીવેલ ગાદલું અને પહેરવાનાં કેટલાંક મેલાં કપડાં એ રીતે અસ્તવ્યસ્ત પડ્યાં હતાં કે જાણે ઘરમાં કોઇ રહેનારું જ ન હોય.

''લે, ભાઇ, અહીં બેસ'' સૂતળીની દોરી ભરેલો ખાટલો ઢાળતાં રુલદૂએ પૂછયું, ''બસ માં આવ્યો ?''

અને મોદન ઊભો હતો તે દરમિયાન જ તે ભૂકાવાળી કોટડીમાંથી બાટલી અને બહારથી પાણીનો કુંજો ઉઠાવી લાવ્યો.

''લે ભાઇ, છે તો આવું–તેવું. ચાલુ માલ જ. કામ ચાલી જશે. રોટી ખાવાને માટે ઠીક છે.'' રુલદૂએ મોદનની તરફ જોયા વગર કુંજો અને બાટલી જમીન પર મૂકીને, વાસણોવાળા ટોપલામાંથી પિત્તળની એક કટોરી કાઢી. પછી કુરતાથી લૂછીને મોદનને થાબડતાં તે બોલ્યો, ''લે, હું નાખું કે તું પોતે જ નાખે છે ?''

''રુલદૂ સિંહ, આ તો તું સાચે જ તકલીફ ઉઠાવી રહ્યો છે.'' મોદને ખાટલા પર દબાયેલા અવાજમાં કહ્યું.

''રંગ છે તને !... વાહ ભઇ વાહ !'' રુલદૂએ કટોરીને વધારે ચમકદાર કરતાં કહ્યું, ''યાર, આમાં ભલા, તકલીફની વાત ક્યાં છે ? – ના, હવે તને આવેલાને શું હું કાકડીની ખાટી ચટણીની સાથે રોટી ખવડાવું ? – લે, ઝાલ !... નહીં તો અહીં લાવ, હું જ રેડી આપું.''

અને રુલદૂએ ઉભડક રીતે બાટલી આગળ બેસીને, મોઢેથી બડબડતાં અર્ધાથી

વધારે કટોરી ભરી દીધી. મોદને તેને હાથ પકડીને રોક્યો પણ ખરો, પરંતુ એણે 'ઘૂંટડો' વધારે એમાં રેડી જ. પછી કટોરી ઝાલી, કુંજો નમાવી પાણી ઉમેરતાં, રુલદૂ બીજું કંઇ કહે એ પૂર્વે મોદન આંખો મીંચી એક જ શ્વાસે એ પી ગયો.

'બસ !' રુલદૂએ એના ચહેરા પર ઊંડી આંખો ઠેરવતાં કહ્યું, "જોયું, આ થઇને અક્કલવાળી વાત ! એકે કહી, બીજાએ માની, બંને થયા બ્રહ્મજ્ઞાની !... હવે જે ચીજ ખાવાપીવાને માટે બની છે તે...તો... ઠીક, અહીં લાવ. હવે હું મહાભોગ આરોગું."

એંઠી કટોરી પકડીને એણે ઝટઝટ ભરી અને પાણી ઉમેર્યા વિના જ તે ગટકાવી ગયો. પછી ખૂણામાં પડેલા ટોપલામાંથી એક મોટો સૂકો ડુંગળીનો દડો ઉઠાવ્યો અને ઘૂંટણ પર રાખીને મુક્કો મારી તોડી નાખ્યો. એમ મોટા વાડકામાં મઠની અર્ધી ચઢેલા જેવી દાળ રેડી અને થાળીમાં ડુંગળી અને દાળને ખાટલાની પાંગથ રાખીને બોલ્યો, "લે ભઇ, આપણું તો આવું તેજ ભોજન છે ! પેલી કહેવત છે ને *'મિતરાં દી લૂણ દી ડળી મિશરી કરેક જાણી.'"* *

"બધું બરોબર છે ! આ તો છત્રીશ વાનગી છે, ભાઇ !" મોદને કંઇક નશામાં આવીને કહ્યું.

"વાહ ! શાબાશ ! કહે છે ને કે દોસ્તની દોસ્તી જુઓ, એની એબોને જુઓ તો દોસ્તી કોડીની થઇ જાય પછી." રુલદૂએ અહીંતહીંનાં કપડાં સંકેલીને એક ખાટલા પર એકઠાં કરતાં કહ્યું.

મોદનની સામે ખાટલો ઢાળાને, એણે રોટીઓ પાંગથની બાજુમાં મૂકી અને દાળના વાડકાવાળી થાળી ઘૂંટણ પર રાખી લીધી. અડધી ડુંગળી તોડીને મોદનને આપતાં કહ્યું,

"લે, મોઢું તેજ કરી લે."

મોદનના મનને સવિશેષ સાંત્વન મળ્યું અને સહજ જ એનું મન ઘરની વાતો કરવામાં વળ્યું. મન જાણે ભરાઇ આવ્યું હતું. એક એક કટોરી બીજી લગાવી તો આંખોમાં લાલ નસો ઊપસી આવી ને મોદન મક્કમ અવાજમાં બોલ્યો, "જો ભાઇ રુલદૂ, વાત એમ છે ભઇ, કે આપણું સજ્જનની સાથે લાંબું નહીં ચાલી શકે..."

"હેં ! – આ તું શું કહી રહ્યો છે ?" થાળી આઘી સરકાવીને બેચેનીથી એના મોં તરફ જોતાં રુલદૂ બોલ્યો, "આવતાં જ આવી રીતની કઇ વાત બની ગઇ ?"

"તને ભલા, કઇ વાતની ખબર નથી ?" કંઇક ગરમ થઇને મોદને કહ્યું, "જે પોતાના દુશ્મનો આગળ માથું નમાવી દે ભલા, તે કંઇ માણસ કહેવાય ?"

"તારી આ વાત તે ઠીક છે, ખેર..."

"બસ તો પછી આમ તો એ મારાથી આ વાત છુપાવે છે, પરંતુ હાલતા ચાલતા માણસના પણ મિજાજ તો વરતાઇ જ જાય છે – અને વળી શું મારાથી તે છૂપું રાખી શકે ?..."

* મિત્રોની મીઠાની ગાંગડીને સાકરની ગાંગડી સમજવી.

"ખરું છે, ખરું છે..."

"અને વળી એની બૈરી એવી આવી છે, કોઇ હલકા ઘરની એ આખો દિવસ સાંઢની જેમ નસકોરાં ફુલાવતી ઘૂમે છે. તે કહે છે, 'જે દિવસે અમે જન્મ્યાં છીએ, એ દિવસે બીજા કોઇને જન્મવા દીધું નહોતું. ચલો, માણસ અભિમાન પણ કરે પણ કઇ રીતનું ! મને આવ્યે હવે બે દિવસ થઇ ગયા, આવીને પગે લાગી નથી. જ્યારે આંગણામાંથી નીકળે છે ત્યારે જંગલી ગાયની જેમ આંખો ફાડી ફાડીને હસે છે. ક્યારેક મેડીઓવાળાઓને કોઇ વાત કહીને વચમાં રાગડા સંભળાવશે આવા લોકોની સાથે ચાલી શકે આપણું કદી ?"

રુલદૂ કંઇક સચિંત જેવો થઇને મોદનના મોં તરફ જોતો રહ્યો. ક્ષણવાર માટેતો એને કોઇ વાત ન સૂઝી પછી ધીરજ થી ધીમા અવાજ માં બોલ્યો શું ખરેખર તે એટલી ખરાબ બાઇ છે !"

"હું તો ભાઇ, બે દિવસોમાં જ એનાથી ઓચાઇ ગયો છું. મનમાં તો એવું થઇ આવે છે કે ગળું દાબીને મારી નાખું, છોકરાનો યે કેડો છૂટી જશે – કોને ખબર, એણે આવીને વધારે બગાડી મૂક્યો હોય...અને પાછળથી જોતાંયે તે છે 'ખરાબ લોકો'ની દીકરી. સાંભળ્યું છે કે એનો બાપ પણ બદમાશ છે મેંતો સાંભળ્યું છે કે એણે સજ્જન પાસેથી, એના બે હજાર રૂપિયા પણ લીધેલા. અને વળી તને ખબર છે કે આ સંબંધ કરાવેલો પણ 'પેલા લોકો'એ..."

"ઠીક !" રુલદૂની નશાથી લાલઘૂમ થયેલી ઊંડી આંખો બેચેનીથી હતી તેથીયે વધારે અંદર ધસી ગયેલી લાગી રહી હતી. આ વાતોની એને હજુ સુધી પાકી ખબર જ નહોતી. એણે વધારે બેચેનીથી પૂછ્યું, "મોદન, આમ તને એ વાતની પાકી ખબર છે કે ભઇ સંબંધ 'પેલા' લોકોએ કરાવેલા છે ?"

"મને બધી ખબર છે–અને વળી મારાથી તો કોઇ વાત છાની ન હોય ને !"

"હા, આ વાત તો તારી સાચી છે."

પછી રુલદૂ પૂતળાની જેમ સાંભળતો રહ્યો; 'ખરું છે, ખરું છે' કહેતો માથું હલાવતો રહ્યો. મોદનને નશામાં ખબર ન પડી કે પોતે એની આગળ ક્યાં ક્યાં રહસ્યો ખુલ્લાં કરી દીધાં. જ્યારે મનનો બોજો સારી રીતે હલકો થઇ ગયો ત્યારે તેઓ ખાવાનું ખાવા બેસી ગયા. પરંતુ બીજો કોળિયો મોઢામાં નાખતાં જ રુલદૂ રઘવાટમાં ઊઠીને ઊભો થઇ ગયો.

"હું પેલા સસરીનાને પણ બોલાવી લઉ, નહીં તો રાત્રે આવીને એમને એમ ભૂખ્યો જ સૂઇ જશે."

તે આંગણામાંથી જ બૂમ પાડતો ગયો પછી ફળિયામાં જઇને એણે ગળું ફાડવું શરું કર્યું; અને જ્યાં સુધી છોકરો આવ્યો નહીં ત્યાં સુધી તે ચૂપ ન થયો. હાથથી પકડીને સાથે લાવતી વખતે એને ધમકાવવાનો અવાજ સંભળાયો, પરંતુ જેમ જેમ કોટડીની પાસે આવતો ગયો, તેમ તેમ અવાજ ધીમો અને નરમ થતો ગયો.

"...કેમ ભલા માણસ, શું આ કોઇ વખત છે, લોકોનાં ઘરોમાં ઘૂમવાનો ? – અમે તો આખી જિંદગી કોઇની પાસે 'ઓ' જેટલીયે બૂમ નથી પડાવડાવી. હવે કોઇ સાલો આવું જ કહી બેસે કે 'તમારો છોકરો હલકી જગાઓમાં રખડતો હતો'તો શું તે સારું લાગશે ? ના ! તું હવે શાણો સમજણો થયો, કંઇક વિચાર કર !... જો, તારા કાકા આપણે ઘેર આવીને બેઠા છે. તે શું કહેશે કે ભઇ, ઘેર ગયા પણ આ પાગલ છોકરાએ પાણીનો ભાવ સુદ્ધાં નહીં પૂછ્યો."

કોટડીના બારણામાં પ્રવેશતાં જ રુલદૂએ છોકરાની પીઠ પર હાથ ફેરવ્યો અને સાથે જ એને કુંજામાં વધારે પાણી લાવવાનું કીધું. છોકરો કુંજો લેવા જતાં મોદનની તરફ જોઇને કંઇક શરમાઇ ગયો. પરંતુ હિંમત કરીને ક્ષોભપૂર્વક 'સા–સરી–કાલ' કહી દીધું. મોદને એના મરઘાની ડોકના સરખા ફેલાયેલા વાળ પર હાથ ફેરવીને વહાલ કર્યું અને છોકરાનાં ધારદાર નાક, સુંદર સિકલ અને એકવડા શરીર તરફ જોઇને ખુશ થઇને બોલ્યો, "ભાઇ રૂલદૂ, આને જાણીજોઇને ધમકાવ્યા કર નહીં. તારો દીકરો તો મોટો સજ્જન દેખાય છે. –"

"નહીં તો, આમ તો મેં એને કદી તુંકારો સરખો કર્યો નથી. બસ, જ્યારે કહ્યું કરતો નથી ત્યારે કદી ગુસ્સો આવે છે." રુલદૂએ છોકરાના લાંબા શરીરને નીચેથી ઉપર સુધી જોતાં કહ્યું અને જ્યારે તે કુંજો લઇને બહાર ગયો ત્યારે એક ઠંડો શ્વાસ ભરીને બોલ્યો, "બીજું આપણી પાસે છે જ શું, ભાઇ મોદના ?... જલકોરની એક જ નિશાની છે, એ જો ન સચવાઇ શકી તો શું કહેશે, ભઇ..."

વાત કંઇ એટલી ગંભીર નહોતી, પરંતુ કોણ જાણે કેમ પણ મોદનનું મન ભરાઇ આવ્યું એણે ધ્યાનપૂર્વક રુલદૂના મડદાલ, હાડકાંના માળખા જેવા શરીર અને સફેદ થતી દાઢી તરફ જોયું, અને આની સાથે જ જલકોરની સૂરત એની દૃષ્ટિ સમક્ષ આવી ગઇ. કોમળ, માખણ જેવી ગોરી, મોટી મોટી આંખો અને ધારદાર નાક, એકવડા શરીરનાં સુડોળ અવયવો –જાણે આંગણામાં કામકાજ કરતી પ્રત્યક્ષ હરીફરી રહી હોય. જ્યારે તે રુલદૂને ઘેર આવતો હતો ત્યારે તે એક જ શ્વાસમાં 'દેવર' કહીને, જ્યારે કોઇ વાતનો જવાબ દેતાં પૂર્વે 'હેં ભાઇ !' પણ કહેતી અને પછી પોતાના સફેદ દાંત ચમકાવતી 'અહીં ક્યાંક ઊભા હશે કોઇની સાથે ગપ્પાં મારતાં' એમ કહ્યા કરતી ત્યારે મોદનને એમ લાગતું હતું કે જાણે એના મોઢામાંથી ફૂલ વરસી રહ્યાં હોય ! જીવને થતું હતું કે એને આ રીતે હસતી જોયા કરે.

છોકરો કુંજો લઇને અંદર આવ્યો તો આ વખતે મોદને ઝીણવટપૂર્વક એની તરફ જોયું. આબેહૂબ જલકોર જેવો ચહેરો–મહોરો ! કદમાં જરૂર રુલદૂની જેમ લાંબો હતો.

"ભણેબણે છે કે નહીં ?" મોદને પૂછ્યું. "ગયેલો વરસ, બે વરસ. અક્ષરબક્ષર વાંચવામાં હોશિયાર થઇ ગયો હતો. પરંતુ, પછી, તું સમજે છે, મારાથી એકલાં કામ થતું નહોતું. ખેતરમાં જતો હતો તો રોટી પાણીની મુશ્કેલી પડતી હતી. તેથી ભઇ.

હારીને નિશાળમાંથી ઉઠાડી લીધો. કેટલાક દિવસ તો એની માસીની દીકરીને બોલાવીને અહીં રાખી, – રોટી પાણી માટે; પરંતુ હવે તે મોટી થઇ ગઇ એટલે એ લોકો તેડી ગયા... કોણ છોડે છે ? અને વળી જે દિવસો કરાવ્યા તે તો સારા. આખી જિંદગી ભલા, કોણ કઢાવવાનું છે ?... હવે તો આ મોટો થશે, ત્યારે થઇને ક્યાંક..." અને પછી તે વચમાં વાત ભૂલી જઇને, નીચેથી બાટલી ઉઠાવીને, દીવાના અજવાળાને જોવા લાગ્યો. પછી મોદનની તરફ જોઇને બોલ્યો, "લે ભઇ, એક એકપેગ જેટલું તો છે. હેં ?"

"ના ભઇ બસ, હવે તું ખાવાનું ખા !"

રુલદૂએ સંકોચપૂર્વક છોકરાની તરફ જોયું અને એના પાતળા ચહેરા તરફ એક અનોખી કોમળતા ઊભરાઇ આવી. કટોરી ઉઠાવીને અડધી કરતાં બાટલી ખાલી કરીને જમીન પર મૂકી દીધી અને છોકરાની તરફ કટોરી ધરતાં એ બોલ્યો, "લે, આવ, તું પણ થોડોક લગાવ પકડ, જલ્દી કર."

છોકરાને ઓર સંકોચ થવા લાગ્યો. પરંતુ મોદનના બેત્રણ વખતના કહ્યા પર એણે કટોરી ઝાલી લીધી અને ઊભો ઊભો જ પી ગયો. પછી કુંજામાંથી પોશથી પાણી પીધું અને રુલદૂએ એને હાથેથી પકડીને પોતાની સાથે ખાટલા પર બેસાડ્યો. મોદનને લાગ્યું કે રુલદૂનો ખરો નશો હવે ખીલ્યો છે.

'છોકરો પીનારો તો સારો છે !' એણે કંઇક હસીને કહ્યું.

'હં !' રુલદૂએ હકાર ભણી પછી છોકરા તરફ જોયું અને એની આંખો જાણે છોકરાના ચહેરા પર ચોંટી ગઇ. પરંતુ પછીની ક્ષણે એનો હાથ પકડીને ઉતાવળે થાબડતાં એ બોલ્યો, 'ખા ભાઇ, ખા, તું પણ આવીને બેસી જા. તારા કાકા વળી ક્યાંના અમરતિયા શીખ છે !'*

છોકરો હવે મોકળાશ અનુભવતો હતો. ધીરે ધીરે વાત કરવા મંડ્યો તો પછી પોતાના દોસ્તોની અને આખા ગામની છાની–છપની બધીયે વાતો સંભળાવી દીધી. એની વાતો સાંભળીને મોદનનું મન ઓર હલકું થઇ ગયું. પછી મન કોળી ઊઠ્યું રુલદૂએ એને ઘેર પાછો ફરવા દીધો નહીં. રાતના મોડે સુધી તેઓ વાતો કરતા રહ્યા. પાછલા પહોરે નીંદર પણ બહુ સારી આવી ગઇ. મન જાણે તદ્દન સ્વસ્થ થઇ ગયું હતું. સવારે ઊઠીને મોદને વિચાર્યું, "સારું જ થયું રાત સારી રીતે પસાર થઇ."

પરંતુ ચા પીને જ્યારે ઘેર પાછો ફરવા લાગ્યો ત્યારે મનને ફરી ઉચાટ થવા લાગ્યો. માથું ભારે ભારે લાગવા માંડ્યું.

"ભાઇ, તું ખેતર તરફ નહીં જાય ?" રુલદૂને પૂછ્યું.

"કેમ ?" રુલદૂ કંઇક બેચેન બન્યો. "જવું છે ?... તો ચાલો, જઇએ છીએ. અને વળી એક નીક પણ સરખી કરવાની છે."

છોકરાને ઘરનું કંઇક કામકાજ બતાવીને તે મોદનની સાથે ચાલતો થયો.

* અમૃતની મસ્તી ચઢ્યા પછી શીખ કોઇનું એઠું ભોજન નથી ખાતો.

બહારની કેડી પરથી જ્યારે તેઓ મોદનના ટેકરાવાળા ઘરની નજીક પહોંચ્યા ત્યારે મોદન એનો હાથ પકડીને ત્યાં લઇ ગયો લાંબો વખત તેઓ અવડ ઘરના ઉજ્જડ આંગણામાં ઊભા ઊભા વાતો કરતા રહ્યા; અને ખેતરમાં જવાને બદલે રુલદૂ પાછો ફરીને ઘેરથી કોશ, ઝાડુ, ટોપલી અને બીજી એક કોદાળી લઇ આવ્યો. પછી તેઓ અંદર–બહારથી ઘર સાફ કરવા–વાળવામાં લાગી ગયા. રુલદૂનો છોકરો કાચી રોટી બનાવીને ડુંગળી સાથે ત્યાં પહોંચાડી ગયો.

બપોરના વખતે છોટુ આવ્યો. બંને જણને આ રીતે સફાઇમાં જોડાયેલા જોઇને એણે પરેશાનીથી પૂછ્યું, 'આ શું ભાઇ ? તમે લોકો આ શું કરી રહ્યા છો ?'

"ઘર સરખું કરી રહ્યા છીએ, શરાબ તો નથી કાઢી રહ્યા !"

મોદનની આંખો જોઇને છોટુએ નજરો ઢાળી દીધી. પછી વાત ટાળીને બોલ્યો, "હું તો એમ કહી રહ્યો હતો કે ભઇ, તું રાતનો ઘેર નથી આવ્યો. અમે રાતે પણ ને સવારે પણ, રોટી માટે તારી રાહ જોતા રહ્યા. મા પણ ચિંતા કરી રહી છે. કહીને તો આવવું જોઇએ ને ! રોટી હું અહીંયાં લઇ આવત."

"બસ, મહેરબાની છે તારી ! દસબાર વરસ ત્યાં તારી આપેલી જ ખાધી છે ને..." મોદન સાફાનું છોગું મોઢાની આસપાસ લપેટીને કચરાની ટોપલી ઉઠાવીને બહારના દરવાજા તરફ ગયો.

છોટુને એની રીસ તત્કાલ ન સમજાઇ. પરંતુ કંઇક ડરતાં ખમચાતાં, એણે વાત વધી જવાના ભયથી, પાછા વળતાં મોદનને નરમ અવાજે પૂછ્યું, "ફરી હું રોટી અહીં લઇ આવું, ભાઇ ?"

"બસ, મહેરબાની તારી. રોટી તો અમે ખાઇ લીધી."

"ક્યાંથી ખાઇ લીધી ?"

"રુલદૂનો છોકરો લઇ આવ્યો હતો."

છોટુએ ડાબી તરફની કોટડીમાંથી ઘેંટા–બકરાંની લીંડીઓ સાફ કરતા રુલદૂ તરફ ગુસ્સાથી જોયું, પરંતુ એનું ધ્યાન તો છોટુની તરફ બિલકુલ જ નહોતું. છોટુ ન પાછો ફરી શક્યો, ન ઊભો રહી શક્યો. પળવાર તો ચુપચાપ ઊભો રહ્યો, પછી અજાણ્યા એવા અવાજમાં બોલ્યો, "સારું, તો પછી હું ચા બનાવીને લાવું છું."

છોટુ જાણે પીછો છોડાવીને ચાલતો ન હોય. મોદને જવાબમાં કશું નહીં કહ્યું.

કાકી નિહાલીના ઘરની પાસે જઇને એણે પાછળ જોયું. જવાબમાં મોદને પણ ભેદભરી નજરથી એની તરફ જોયું. એણે તુરત નજરો નીચે ઢાળી દીધી.

અને મોદનને ચિરાતાં હૃદયો વચ્ચેની ખાઇ અધિકને અધિક વધતી જતી માલૂમ પડી.

ઘણા સમય પછી છોટુ ચા લઇને આવ્યો. એ લોકોએ ચા પી પણ લીધી. રુલદૂએ અલકમલકની વાતો પણ કરી, પરંતુ છોટુએ કોઇ ગંભીર વાત નહિ કરી, ન મોદને

કોઇ વાત છેડી. સાંજના વાળુ માટે ઘેર આવવાનું ભારપૂર્વક કહીને જ્યારે તે પાછો વળ્યો ત્યારે મોદનને ખાતરી હતી કે ન પોતે જશે, ને છોટુ કે સજ્જન એને રુલદૂને ઘેર બોલાવવાને માટે આવશે.

સાંજ સુધીમાં બંનેએ બધો કચરો–પૂંજો વાળી દીધો. અને નિરાંતપૂર્વક ઘેર આવ્યા. ઘેર આવીને કારીગર પાસે બારણાં લગાડાવવાની અને તૂટી પડેલી દીવાલ બનાવડાવવાની યોજનાઓ ઘડી. બીજે દિવસે રુલદૂએ પોતે જ બધાં કામની ગોઠવણ કરી.

છોટુ અને સજ્જનની બાબતમાં મોદને જે વિચાર્યું હતું, તે થયું – એમનામાંથી કોઇ પણ પછીના દિવસે ન ફરક્યો. બલકે, આ વાતથી મોદનને મનોમન એક છૂપી સાંત્વના પણ મળી.

"લે ભાઇ, રુલદૂ સિંહા, જે બાકી રહેતું હતું તે પણ પૂરું થઇ ગયું," રાતના સૂતી વખતે મોદને વાત કાઢી. "મેં તને કહ્યું'તું ને કે ભઇ, પહેલેથી જ એ મારો પીછો છોડાવવા માગતા હતા. હવે, કોઇએ આવીને કુશળતાના સમાચાર પણ પૂછ્યા છે ? આવા જ છે ભાઇ ! આખી દુનિયા નમતા પલ્લાવાળાની હોય છે. ભઇ, એમને ખબર છે કે જે કામ આપણે લઇને બેઠા છીએ તે એકીફેરા પૂરું થવાનું નથી... ખેર, આપણે શું લેવું છે ? પોતાને ઘેર સુખી રહે, મોજ કરે !"

"હાં–આં– ! આ વાત છે. દરેક શાણો, સારો માણસ આવું જ વિચારશે. ચાલો, પોતાને ઘેર સારી રીતે રહે, ફળેફૂલે ! – કહેવત છે ને કે 'રબ્બ વરગા આસરા તેરા, વસદા રહ મિતરા !'*

પરંતુ વસ્તુતઃ તો બંને ઉપર ઉપરથી આ 'જૂઠ'નો સ્વીકાર કરી રહ્યા હતા; જેને એમનાં હૃદય અંદરખાનેથી બિલકુલ સ્વીકારી રહ્યાં નહોતાં અને પલવાર પછી જ, જ્યારે લાંબી વાતો છેડાઇ, તો તેઓ બિલકુલ આનાથી ઊલટી વાતો કરવા લાગી ગયા. મોદને ગુસ્સામાં આવીને છોટુ અને સજ્જન, બંનેને ગાળો પણ દીધી અને સોગંદ ખાધા કે જો એનું ચાલશે તો તે જીવતેજીવ એમના માથે નહીં પડે.

"અરે ભલાદમી, સવારના પહોરમાં આવા સ્વાભિમાન વગરના દુશ્મન સાથે ભળી ગયેલા લોકોને માથે પડવું એ જ ખરાબ છે. જેના દિલમાંથી બદલાની ભાવના જ ગઇ તે જાટનો બચ્ચો હોય તો તેથી શું ? દુનિયામાં કંઇ રોજેરોજ પેદા થવાનું છે... ?"

એની વાતમાં રુલદૂએ પૂરો હુંકાર ભણ્યો.

પછી ચાર દિવસ કેડે મોદન, બંને ભાઇઓ આડોશીઓ પાડોશીઓ, કંઇક ડાહ્યાઓ – એ બધાં જોડે હઠ કરીને માને જબરદસ્તીથી સાથે લઇને ટેકરાવાળા ઘરમાં આવીને રહ્યો. મા એની કાળી કોટડીમાંથી નીકળવા પૂરતું ભલે રાજી નહોતી,

* તારો આશરો ઇશ્વરના આશરા જેવો છે. તુ ફળે ફૂલે.

પરંતુ 'અપશુકનિયાળ' વહુઓથી પોતાના જીવનો છુટકારો થશે એનો તો એને પણ સંતોષ હતો.

"બેટા મોદિયા ! આપણે રોટીપાણી કેવી રીતે કરીશું ?" ચિંતાથી માએ આટલું જ કહ્યું, "મને તો મુશ્કેલી દેખાય છે."

"મા, શું મારા હાથ તૂટી ગયા છે ?" મોદને કંઇક સખત અવાજમાં કહ્યું. "ત્યાં આટલા વરસ સુધી સુંવાળી રોટી પકાવીને શું મોટો 'સરદાર' ખવડાવતો હતો ?"

"ના બેટા, એ તો ઠીક છે, પણ..."

માના 'પણ'નો અર્થ મોદન સારી રીતે સમજતો હતો. એને પણ એવું લાગતું હતું કે હવે જો ચાર દિવસ 'ચૂપ રહીને', 'એક તરફ બેસીને' પૂરા થઇ શકે તો તે મોટી વાત હશે.

સાંજના વખતે જ્યારે ચૂલામાં દેવતા સળગાવ્યો ત્યારે 'ભૂતોનો અડ્ડો' ભર્યુંભાદર્યું ઘર બનેલો લાગ્યો. ધીરે ધીરે ઘૂંટણો ઘસડતી ચાચી નિહાલી પણ આવી બેઠી. પહેલાં મોદનના માથા પર પ્રેમથી હાથ પસવાર્યો, પછી દાંત કાઢી, કમળના ફૂલની જેમ ખીલી ઊઠી. પછી દાંત ભીંસીને, તૂટેલી માંચી પર બેસતાં, પોતાની મેળે બોલવા લાગી, "ખબર તો મને બેત્રણ દિવસ પહેલાંથી પડી હતી કે ભઇ મોદન આવી ગયો છે... પરંતુ આ અભાગિયા ઘૂંટણોને કારણે કશું નહીં કરી શકી. બસ, પવન ચાલ્યો નથી ને આમને... તું તો હરકોર, હવે બિલકુલ રહી ગઇ ! કંઇ માંદી પડી છે ?"

"બીજું શું ? ભલા, હવે મારા ઠીક રહેવાના દિવસો છે, નિહાલી ? માંદા જ પડવાનું છે ને !"

"ઠીક છે ભઇ, જો કોઇ અભાગિયા છોકરા–છોકરીના ઘરમાં પગ પડી જાય તો પછી અવતાર કેવો !" નિહાલીએ માથા પર હાથ રાખી, સિસ્કાર જેવા ધીમા, ઊંડા અવાજમાં કહ્યું, "અમારે ત્યાં પણ પેલી મોટી હલકા ઘરની આવી છે, ત્યારથી ઘરનું રૂપ બીજું કરી નાખ્યું છે... અને સાંભળ્યું, બેટા મોદન, તું તો તંદુરસ્ત રહ્યો ને ? પરંતુ તંદુરસ્તી કેવી ! ત્યાં પણ ભલા, માણસનો કોઇ જીવ હોય છે – જમદૂતોના વશમાં..."

"લો કાકી, ત્યાં તો એવી રીતે રહીને આવ્યા છીએ, જેવું સાસરામાં રહેવાય છે."

નિહાલી પહેલાં આછું ઠસકું ખાઇને હસી, પરંતુ તુરત જ ગંભીર, ધીમો અને ઘરડો–માંદો અવાજ કરીને, પહેલાં જેમ માથે હાથ રાખીને બોલી, "પરંતુ એ કેવી સાસરી રે !.. ઘરું તો જ્યારે બનશે ત્યારે કોઇ 'ઠેકાણે' જ બનશે ! અને હવે જો પોતાની માંના છેવટના દહાડા સુખચેનમાં કઢાવવા હોય તો કોઇને કોઇ નિમિત્તે સંબંધ તો કરવો જ પડશે ! ક્યાં સુધી તું આમ ભીનાં અડાયાંની સાથે પોતે પણ ધુમાડો

ખાતો રહેશે ? મને તો ક્યાંયેમેય દેખાતું નથી. અને વળી બેટા, લોકો તો સો–સો કામ કરીને બેસે છે – તેં શું કર્યું છે ? ચાલો પૂરી થઇ વાત, હવે આખી જિંદગી તો આમ નથી કાપવી ને !"

કાકીની વાતો સાંભળીને મોદનના દિલને શાંતિ વળી. ભીનાં અડાયાંનો ધુમાડો ખાનારીની વાત સાંભળીને મોદનનું હૃદય જરા ડોલી પણ ગયું હતું. "આખી જિંદગી આ રીતે ભીનાં અડાયાંના ધુમાડાથી ભલા, કોઇ મરદ પોતાની આંખો ફોડી શકે છે ?" એણે ધુમાડાથી ભરેલી આંખોનું પાણી પાઘડીના છેડાથી લૂછતાં વિચાર્યું પછી હસીને કાકીને કહ્યું, "લે, કાકી, મેં વળી ક્યારે ના કહી છે. બેશક, આજે જ લાવી દે કોઇ કોઇ આંધળી–કાણી."

"લો છે કે નહીં ગાંડિયો !" કાકીએ રોષથી કહ્યું, "તું કહે તો ખરો, ભલા, કોઇ કવાણું છે ? – જોઇ લેજે કાલથી જ વિવાહ માટે પંચાતિયાઓ આંટા ન મારવા લાગે તો જમીન–જાયદાદનો સુખેથી માલિક છે.. જુવાન છે, કન્યાવાળાઓને આથી વધારે શું હાથી ઘોડા જોઇએ ?... અને આ આંધળી કાણીની તેં શું વાત કહી ? – આવશે કોઇ તસવીર જેવી !"

મોદનને દેખાવ પૂરતું સાંત્વન તો મળ્યું; પરંતુ મનોમન એવું લાગ્યું કે જાણે કાકી ભુવાઓની જેમ એનું મન રાજી રાખવાને માટે નર્યા જૂઠા દિલાસા આપી રહી છે.

પરંતુ દરરોજની આ નાનીશી ઘટનામાંથી જાણે રાઇનો પર્વત બની ગયો. મનમાં એવી કોઇ લાલસાને વેદના પેદા થઇ કે બધો બન્યો–બનાવેલો ખેલ જ બગડી ગયો અને કદાચ મોદનના આ 'ઉતાવળિયાપણા'એ મહિનાની અંદર અંદર ભાઇઓ પાસેથી જમીનની વહેંચણી કરાવી લીધી. સજ્જન કંઇ આડીઅવળી વાત કરવા લાગ્યો તે એણે સખત, સ્થિર અવાજમાં છેવટની નિશ્ચિત વાત સંભળાવી દીધી, "સજ્જન ભાઇ, વધારે અફરાવું જોઇએ નહીં. બાર વરસ તમે લોકોએ મારા ભાગની કમાણી ખાધી છે, જો તમને વધારે તકલીફ થઇ રહી હોય તો એનો હિસાબ કરી લો."

મોદનનો બદલાયેલો મિજાજ જોઇને સજ્જન બકરી જેવો થઇને બેસી ગયો. (એની ક્રોધ વરસાવતી આંખો જોઇને સજ્જન બકરી જેવો ભયગ્રસ્ત થઇ ગયો હતો. એને એ આંખો એક 'ખૂનીની આંખો' તરીકે પ્રતીત થઇ હતી.)

ત્યાર પછી કેટલાય દિવસો સુધી લોકોએ ચોરામાં બેસીને આ વાતની ચર્ચા ચલાવી.

"લો ભઇ, પાલાનું ઘર પહેલાં ઉજ્જડ થયું નહોતું, અસલમાં હવે ઉજ્જડ થશે. જો ભાઇઓમાં કુસંપ થાય છે તો પછી ઘર આબાદ થતું નથી."

"કંઇ નથી થવાનું લહેરથી આબાદ થશે – ભાઇ – ભાઇ તો જુદા થતા આવ્યા જ છે પહેલાંય ભલા, કેટલાં ઘર ઉજ્જડ થયાં છે ?"

"અરે નહીં એ વાત તો જુદી છે. જ્યાં સુધી મલાજો રહે છે ત્યાં સુધી બધું ઠીક રહે છે, પરંતુ બાંધી મુઠ્ઠી જો એકવાર ખૂલી જાય તો પછી કામ ખલાસ થઇ જાય છે અને પછી લોકો તો એ લાગ જોતા બેઠા હોય છે કે ક્યારે કોઇને ઘેર લાકડીઓ ઉગામયને અમને એનો તમાશો જોવા મળે, અથવા એમાં દાવ લડાવવાનો મળે."

"ઠીક છે અને તું પણ દાવ લડાવી જોઇ લેજે. આજકાલ ભાઇ દુનિયા બહુ શાણી થઇ ગઇ છે. લોકો ખભા પર હાથ પણ મૂકવા દેતા નથી."

"ખેર, પોતપોતાનો ખ્યાલ છે. એમ તો એકઠા રહ્યા વગર તો જાટના ઘરનું સત્યાનાશ થઇ જાય છે. ભલા, એકતા જેવી પણ કોઇ વસ્તુ હોય છે, ફકીર ભાઇઓ !"

એકતા જેવી કોઇ ચીજ નથી – આ મોદન પણ જાણતો હતો, પરંતુ એકતા નભવાની નથી, એ બાબતમાં પણ એના મનમાં કોઇ ભય નહોતો. જે વાત, સંબંધો વધારે વણસતાં પંચો કે લવાદોને એકઠા કરીને આવતી કાલે કરવી પડે એમ હોય તેનો પહેલેથી જ શા માટે નિવેડો ન લાવી દેવો? આ વિચારીને એણે કડવો ઘૂંટડો ઉતાર્યો હતો. પછી પણ એણે યથાશક્તિ એજ કોશિશ કરી હતી કે ઓછામાં ઓછું કોઇ ફાલતું બખેડા ન ઊભા થાય. પરંતુ સજ્જને કશું ખોયું નહીં. જ્યારે વાત બળદો–ઓજારોની વહેંચણીની આવી ત્યારે એનાથી જે 'ચાલાકી' થઇ શકે તે એ કરી ગયો. બધાં ભાંગેલાં–તૂટેલાં ઓજાર મોદનના માથે માર્યાં. મોદનને એની ચાલાકીઓ પર ગુસ્સો પણ આવ્યો; પરંતુ એણે મનને પછી એમ મનાવ્યું કે ચાલો, આપણે ત્યાં કયાં છોકરાં રડી રહ્યાં છે. આ લોકોનો મોટો પરિવાર છે, તેથી જો કંઇ ઓછું વત્તું રહી ગયું હોય તો કંઇ વાંધો નહીં.

'...પરંતુ ભેદ કોઇ ઓજાર–સામગ્રીથી ઓછો જ પડે છે. ભેદ પડે છે હૃદયોથી.' મોદન આ સાથે આ પણ વિચાર્યું, 'આ ભેદ તો આવતાં જ પડી ગયો હતો, અને તૂટેલાં હૃદય પણ કદી જોડાય છે ?... પરંતુ ખેર !'

સજ્જન તો ભલે સાવ જુદો જ માણસ બની ગયો હતો, પરંતુ છોટુમાં હજી એ લક્ષણ નહોતાં આવ્યાં. તે હજુ પણ સવારસાંજ માની ખબર કાઢવા આવી જતો હતો. આષાઢના ઊભેલા પાકની વહેંચણી વખતે તે સજ્જન પર કંઇક ગરમ પણ થઇ ગયો હતો, અને એણે આખો મામલો સુખદ રીતે પતાવી દીધો હતો.

"છોટુ, તમે લોકોએ પોતાના દુશ્મનોની સાથે હાથ મિલાવીને કામ તો સારું નથી કર્યું; પરંતુ ઠીક છે... પસ્તાશો !" મોદને એને એક દિવસ સ્નેહભીના અવાજમાં ચેતવણી આપેલી. છોટુ ઉદાસ થઇને બેસી રહ્યો, પલવાર પછી બાળકની જેમ રડવા લાગ્યો.

"જે મુસીબતમાં હું ફસાયેલો છું ભાઇ, તે હું જ જાણું છું. અને આટલી વાત કરીને તે મૂંગો થઇ ગયો."

અને આ પછી મોદને પણ બીજીવાર વાત ઉપાડી નહીં.

''બેટા, એને તો ડુબાડ્યો પેલા મોટાએ અને એની વહુએ.'' મા મોકો જોઇને મોદન આગળ વાત છેડતી હતી. ''એક એના ગળામાં આવી પડી આખા કુટુંબની જંજાળ તે પોતે તો ધોયેલાં કપડાં પહેરીને 'એ લોકો'ની સાથે ફરતો ફરે છે. આજે મારે ખાતર લાવવાનું છે, બિયારણ લાવવાનું છે; આજે પાણીના ઝઘડાનો નિવેડો લાવવા માટે પાણીની તપાસ રાખનાર અમલદાર પાસે જવાનું છે; – અને આ એકલાને શૂળી પર લટકાવી રાખે છે. એક સાથી (ખેતી માટેનો) પણ એટલો અપશુકનિયાળ રાખેલો છે. ત્યાં તણખલું તોડે એવું કોણ છે... ?''

મોદનને છોટુ પ્રત્યે દયા પણ આવતી હતી અને ગુસ્સો પણ. એટલા માટે કે બધું જાણતો હોવા છતાં તે અત્યારે સજ્જન દ્વારા શા માટે પોતાની ચામડી ઉતરાવવા દે છે. પરંતુ એણે કદી આ વાતની બીજાને ગંધ સરખી પણ આવવા ન દીધી. બે ભાઇઓ જોડકાની જેમ રહ્યા આ જ સારું છે. ભલે કંઇ પણ હોય, છેવટે તો બે ભાઇ જ છે. 'આપણું મારશે, પણ ઓછામાં ઓછું છાંયડામાં તો ફેંકશે.' (આપણું નુકસાન કરશે તોયે એમ કરતાંય હમદર્દી તો દાખવશે.)

પાસે કોઇ પૈસો તો હતો નહીં, પરંતુ આષાઢી પાક પહેલાં તો દૂબળા–સબળા બળદ ને ગાડું તો તૈયાર કરવાનાં જ હતાં. વહેંચણી વખતે સજ્જન એને એક મોટો ઘરડો બળદ આપવાને તૈયાર હતો; પરંતુ મોદને વ્યંગ્યમાં ઇન્કાર કરતાં કહેલું, 'આનાથી તો તારી ઝાડીઝાંખરાવાળી જમીન ખેડાવી લેજે, મારું તો કામ આના વિના પણ ચાલી જશે.''

રુલદૂને વાત કરી તો એણે કહી દીધું, ''તું કઇ વાતની ફિકરમાં પડ્યો છે ? આપણી પાસે કામ ચલાવવા માટે બધું જ છે –બળદ પણ, ભાંગ્યુંતૂટ્યું ગાડું પણ, વાંસની પાંજરીઓ પણ, સમાર પણ.''

પરંતુ મોદન ઇચ્છતો હતો કે એની પાસે એ બધીયે ચીજો પોતાની જ હોય. રુલદૂ એની સાથે ભલા, ક્યાં ક્યાં સુધી ચાલી શકે ? ઊલટું એને મદદની જરૂર હતી. એની પાસે બધું મળીને ચાર–પાંચ સાંતી ખેતી હતી, બાપદાદાના વારાની. જ્યારે જલકોર જીવતી હતી ત્યારે તો કોઇની જમીન ભાગે લઇને પણ ખેડવામાં આવતી હતી, પરંતુ એ પછી તો પોતાની જ ચાર સાંતી જમીનને આધારે દહાડા ગુજારવામાં એ લાગેલો હતો. નિઃશંક, એણે પોતાની દિલાવરી કદી પણ છોડી નહોતી. મનમાં મોટી મોટી ઉમેદો રાખીને બેઠો હતો. 'આરામથી આવતી કાલે તો છોકરો જુવાન થશે, કોઇ સારે ઘેર વિવાહ–લગ્ન કરી લેશે, તૈયાર રસોઇ મળશે, કપડાંલત્તાં સાફ-ધોયેલાં મળશે... અને બારણા આગળ ખાટલો ઢાળીને પગ પર પગ ચઢાવીને, ભજન ('શબ્દ') ગાયા કરીશું... અને આપણે શું કોઇ હાથી–ઘોડા જોઇએ છીએ ?' ... મોદનને એની આ શેખચલ્લી જેવી વાતો પર ક્યારેક ક્યારેક તો હસવું આવી જતું હતું, પરંતુ એમ લાગતું હતું કે રુલદૂ પોતે પણ આવી વાતો માત્ર પોતાનું દિલ બહેલાવવાને માટે જ કર્યા કરતો હતો. 'આ રીતે રેતીના મહેલ ખડા કરીને દિવસ સરસ રીતે વીતે છે

મોદિયા ! જો આખો દિવસ રીં–રીં કરતા રહીએ તો પછી કયો આવીને આપણે ત્યાં સોનાની દીવાલો ઊભી કરી જવાનો છે ? – બરોબર છે કે નહીં ભાઇ ? – હેં...'

કેટલીક વાર મોદનને ખરેખર રુલદૂ પોતાનો 'આશરો' હોય એમ વરતાતું હતું. એકલા ખેતરમાં જવાનું એને મન થતું નહોતું – કદાચ એટલા માટે (અથવા સજ્જનની ચાલાકીનો નજર–અંદાજ કરીને) કે સજ્જને પોતાની મોટી ઝાડીવાળી જમીન લઇ લીધી હતી. એ વખતે કદાચ એને આ વાતનો ખ્યાલ સુદ્ધાં નહોતો આવ્યો કે ઉજ્જડ જમીનવાળા આ ખેતરમાં પાણી પેલા ટ્યૂબવેલમાંથી આવતું હતું જે ઘણાના છોકરાઓએ પોતાના ઉજ્જડ ખેતરમાં કરાવ્યો હતો. . (અથવા કદાચ સજ્જને પહેલેથી વિચારીને ભાગીદારી કરી લીધી.) પરંતુ પછીથી જ્યારે મોદનને આ વાતનો ખ્યાલ આવ્યો ત્યારે તો એણે સાફ સાફ ફેંસલો કરીને રુલદૂને પોતાના દિલની વાત જણાવી.

"ભલે, બધા ચણા, સરસવ ઊભા ઊભા બળી જાય, પરંતુ હું 'એ' સાલાઓનું પાણી નહીં લઉં... અને શું મારાથી એમ લોહિયાળ પાણી ખેતરમાં મેલી પણ શકાશે ?"

"ના, કદી મેલી નહીં શકાય." રુલદૂએ એ વખતે માથું હલાવીને અને ઊંડી આંખો પલકાવીને જવાબ આપેલો, "આવી વાત કોઇ સ્વમાની મરદ, પોતાના બાપનો તેજવારસ, કદી કરી શકે ? બિલકુલ કરી શકે નહીં !... પરંતુ તું શા માટે પરેશાન થાય છે, યાર ! મામલતદારની કચેરીમાં છે આપણો એક માણસ. જો આષાઢી ફસલ પહેલાં તારા ખેતરમાં પાણીની વ્યવસ્થા ન થાય તો કહેજે. એમ ન થાય તો કહી દેજે કે ભઇ, એક કૂતરો અમસ્તો જ ભસતો હતો... જોઇ લેજે, એ સાલાઓના કાળજામાં હાથ હાથ ઊંચા ભડકા ન ઉઠાડી દઇએ તો... અને વળી તું પોતાનાં ખેતરોમાં એ લોકોનું પાણી શું કરવા મેલે ? – દુશ્મનનું તો લોહી મેલ્યું જાય – પછી એનાથી તિલક કરી લો કે ચાહે ખેતરને સીંચી લો. પૈસા આપીને, મોલ ખરીદીને, પાણી લઇશું દુશ્મનનું ? – કોઇ વાત છે, ભલા..."

મોદન તો પહેલેથી જ પાકો ફેંસલો કરીને બેઠો હતો એ બાજુ ઘણાના છોકરાઓને જરૂરિયાત પણ શું હતી ? વાત પૂરી થઇ ગયેલી હતી. પરંતુ હજુ સુધી એક જ વાર પાણી મેલ્યું હતું વરસાદની પણ કોઇ આશા નહોતી. ઘણાની સાથેના, સહિયારા શેઢાવાળા દોઢ સાંતી ખેતરમાં વાવેલાં ઘઉં તો જાણે અત્યારથી જ પીળા પડી રહ્યાં હતા.

"ચાહે પીળા પડે ચાહે બિલકુલ સુકાઇ જાય, પરંતુ હું પાણી તો નહીં જ લઉં."

"બસ, બરોબર છે ! – અમે તારી આ વાતથી બહુ ખુશ છીએ... શું આ સાલી જમીનજાગીરો સાથે જવાની છે ? જે માણસમાં સ્વમાન નથી, તે ભલે ગમે તે થઇને ફરે, એનો પણ કોઇ જિવારો છે !... નહીં, કોઇ જિવારો નહીં ! પેટ ભરીને, ઘર ઘરના વાસી ટુકડા ખાઇને તો કૂતરાંબિલાડાં પણ જન્મારો પૂરો કરી લે છે. પછી માણસ અને જાનવરોમાં ફરક શું રહ્યો હેં ?" (પરંતુ મોટા–ઘરડાઓના જમાનાની આ વાતો કહેતી

વખતે મનોમન રુલદૂ ટંકા પણ કરતો રહેતો હતો. માણસ અને જાનવરોની યોનિમાં કોઇ ફેર પણ હોય છે, આ બાબતમાં એને જાણે દિનપ્રતિદિન સંદેહ થતો જતો હતો.)

એક દિવસ બંને ખેતરમાં ગયા તો ઘણાના શેઢા પર ઊભા રહીને રુલદૂએ એક આંખ મીંચીને સીધું જોતાં કહ્યું, "લે, જો ભાઇ મોદિયા, અત્યારે કશું છૂટે છે ? – અહીં આવીને દેખ, શેઢો કઇ રીતનો બાંધ્યો છે તે. અત્યારે જો તલાટીને બોલાવી આની ત્રાંસી કઢાવવામાં આવે તો ઓછામાં ઓછું પાંચસાત ડગલાં જેટલી જગા નીકળે... પરંતુ શું તલાટી ને મારા કોઇ રીતના સગલાને આ ખબર નહીં હોય? ટ્રોલી ભરીને ભૂકો આ વખતે મારી આંખ સામે ત્યાં નાખી આવ્યા હતા; અને હજુ પંદર દિવસ થયા છે; સૂકાં લાકડાં ભરેલું એક ગાડું પણ ગયું છે અને પછી ઘઉં, ઘોડી માટે ચણા,, ભેંસો માટે કપાસિયા – ચારો સુદ્ધાં આ લોકોના ઘેરથી જાય છે. પછી તે આપણું કેવી રીતે કરી શકે ? અને વળી પહેલેથી જ કોઇ વાતની ગોઠવણી કરી રાખી હશે. આ રીતે પણ શું જુલમ નથી, મોદન સિંહ, કે આવી વડીલશાહી–અમલદારશાહી ચાલતી હોય અને શેઢાઓની આવી સ્થિતિ હોય ! – ગોહલદાસ સંતની પેલી સાપના માથાવાળી લાકડીના જેવા શેઢા હોય ! હેં ? જુલમ છે કે નહીં, ભાઇ ? – કોઇ પૂછવાવાળું જ નથી ને ?..."

મોદને એની પાસે ઊભા રહીને જોયું તો ત્રણ જગાઓથી શેઢો વાંકો થઇને બબ્બે હાથ અંદરની બાજુ ચાલી ગયો હતો. મોદને 'હું' કહીને માથું હલાવ્યું, પરંતુ મોઢેથી કશું કહ્યું નહીં.

બીજા દિવસે જ્યારે રુલદૂનો ભેટો ટ્યૂબવેલ પર પાણી છોડતા ઘણાના છોકરાઓના ખેડૂત સાથે થયો ત્યારે એણે એ શેઢા પર ઊભા રહીને પડકાર ભર્યા અવાજમાં કહ્યું, "એય ઘુદ્દૂ સિંહા, તારા સરદારો'એ ભલા, શું કરતૂત શરૂ કર્યા છે... ?... આમ તો ઠીક છે, પણ કાંઇ એ લોકોની બીજી સલાહ તો નહોતી ને ? – જરા અહીં આવીને તો શેઢો દેખ..."

ઘુદ્દૂ ગભરાયેલા પણ બહારથી બેપરવાઇભર્યા અવાજમાં બોલ્યો, "સરદાર, અમને શું ખબર? માલિક જાણે, માલિકોનાં કામ જાણે, ભલા આપણે આનાથી શું લેવાદેવા ? આપણે તો કહો તો સોગંદ ખાઇએ... !"

"લેવાદેવા તો નહીં, પરંતુ લોટની સાથે અટામણ પણ લાગેલું હોય કે નહીં ? શેઢો તો તેં જ સાથે રહીને બનાવ્યો છે. એ લોકો પોતે તો આવીને નથી બનાવી ગયા !"

"એ તો તારી વાત બરોબર છે રુલદૂ સિંહ !" નરમ અને દબાયેલા અવાજમાં ઘુદ્દૂએ મોઢું ફેરવતાં, નમીને એક નાની નીકમાંથી એમ જ ઘાસકચરો હઠાવતાં કહ્યું, "પરંતુ તું સમજે છે, અમારે તો એ માલિકોના કહેવા પ્રમાણે ચાલવાનું હોય છે, જેમની પાસેથી ચાર પાંચશેરી અનાજ લઇને ખાવાનું છે. બેશક, તેઓ ગંદવાડ પણ

ફેંકાવતા હોય, ભઇ.''

રુલદૂને એકદમ ગુસ્સો ચઢી ગયો અને એના મોઢામાંથી ગાળ નીકળતાં નીકળતાં રહી ગઇ. માથા પરથી મેલી પાઘડી ઉતારીને, એણે ઊભાં ઊભાં બંને ઘૂંટણોમાં દબાવી લીધી અને માથાના રહ્યાસહ્યા વાળની જટા બાંધતી વખતે એની આંખો લાલ થઇ ગઇ. પછી ગુસ્સે ભરાઇને તે પાઘડી લપેટતો બોલ્યો, ''તો લે, હવે વાત એમ છે કે હું અત્યારે આ શેઢાને સીધો કરવા લાગું છું. તું તારા 'માલિકો'નું કહ્યું માનીને આવજે અને ફરીથી આવી રીતે વાંકી કરી દેજે... જોઇ લેજે પછી કે આ જગાએ તારું માથું કપાઇને પડ્યું ન હોય – તારા 'મોટા માલિકો'ની સાથે...''

રુલદૂ એ રીતે ગરમ થતો–કરતો, કોદાળી ઉઠાવીને શેઢાની લગોલગ ચાલતો પાછળ ફર્યો અને ઘુદ્દૂની તરફ જોઇને પછી ગુસ્સાભર્યા અવાજમાં ગર્જ્યો, ''લે, હું શેઢો સીધો કરી રહ્યો છું. તું આવી જા !... અને બોલાવી લાવ તારા 'સરદારો'ને !''

અને ખરેખર તે ઘણાના ખેતરમાં ઘૂંટણ ઘૂંટણ સુધી ઊગી આવેલા ઘઉંને મૂળિયા સોતાં ઉખાડી–ઉખાડીને ફેંકતો શેઢો સીધો કરવા લાગ્યો. ઘુદ્દૂએ એની તરફ કેટલીક વાર સુધી ધ્યાનપૂર્વક જોયું અને તે મનોમન બડબડ્યો; પરંતુ નજીક નહીં આવ્યો. થોડીવાર બાદ પાણી બંધ કરીને, ખભે ચાદર નાખીને જાણે મદદગારોને તેડવા જતો હોય એમ ચાલ્યો ગયો. રુલદૂ મનોમન ગુસ્સામાં બોલતો રહ્યો અને શેઢો સીધો કરતો રહ્યો.

સાંજના વખતે મોદનને આ વાતની ખબર પડી ત્યારે તે ચિંતાગ્રસ્ત થઇ ગયો. એને લાગ્યું કે હવે ફરી બખેડો ઊભો થશે અને પછી... પછી. કોણ જાણે શું–શું થઇ જાય !

''પરંતુ મોદિયા, વારંવાર તો દુનિયામાં જનમવાનું નથી એક જ વાર જનમવાનું છે, અને એક જવાર મરવાનું છે... તો પછી માણસ મર્દની જેમ મરે ! તું બસ, હવે એક બાજુએ રહેજે–હું પોતે જ આપણા પાપીઓની સાથે સમજી લઇશ. આ રીતે તો ઓલિયાભાઇ એ લોકો કાલે ઊઠીને આપણા ઘરની દીવાલો પાડી નાખશે !... કરડવા આવનાર ઊંટને પહેલેથી જ નાથી લેવું સારું છે; પછી શું લાભ ?''

''હજી મોઢું બંધાયું નથી (સૂંઢા નખાયાં નથી) ?'' મોદને થોડું હસીને કહ્યું, ''તે તો તારી વાત ઠીક છે; પરંતુ હજુ એનામાં કંઇક કસક બાકી છે... હજુ પણ છે હું તને કસક પણ કાઢીને બતાવીશ. તું એક કોરાણે રહેજે, બસ.''

પરંતુ ખબર નહીં શું તાલ થયો કે રુલદૂ પોતાના ખેતરમાં જવાને બદલે ત્રણચાર દિવસ સુધી દરરોજ મોદનના ખેતરનાં બબ્બે ત્રણત્રણ ચક્કર પણ મારતો રહ્યો, પરંતુ ન કોઇ એના સીધા કરેલા શેઢાને અડક્યું કે ન બીજો કોઇ માણસ એ ખેતરમાં ચક્કર મારવાને આવ્યો.

''જોયું ? આ વાત છે.'' પાંચમા દિવસે એણે મોદનને પોતાની બધી વાતોનો ખ્યાલ આપતાં કહ્યું, ''બોલ્યું કોઇ ? અરે ગાંડા, કદીયે કાકલૂદીઓ કરવાથી પણ

ડોસાઓ પરણ્યા છે ?''

મોદન પણ ખુશ હતો. વાત બગડવાનો ડર હતો, પણ વાત બગડી નહોતી; પરંતુ એથી રુલદૂની દશા એનાથી કંઇક વિપરીત હતી. એના મનમાં કંઇક ચિરાડ જેવું પડ્યું હતું, કેમ જાણે કોઇ કસક હજુ પણ મહીં રહી ગઇ ન હોય !

''પણ કંઇ મજા નહીં આવી, યાર !'' એણે પોતાની ડોક પરના ફરસીના ત્રાંસા ઘાના નિશાનને ખંજવાળતાં જરા નિરાશાભર્યા અવાજમાં કહ્યું, ''મેં તો ધારેલું કે હાથોહાથની થશે અને પછી જોવા જેવી ! ચાલો, હજુ ક્યાં નાસી ગયું છે ? ઠંડીને મલેરિયા પોતાનો રંગ બતાવે જ છે.''

મોદન હસી પડ્યો (એને રુલદૂની ઠંડીને મલેરિયાવાળી વાત પર હસવું આવ્યું હતું). એણે વાતને મશ્કરીનું રૂપ આપતાં કહ્યું, ''રુલદૂ ભાઇ, આ તેં ભારે બેઢંગી વાત કહી. આ વાતનો અર્થ શું ભલા ?''

''ગમે તો હોય, ભાઇ સિંહ ! આપણે એ લોકોને ઘરમાંથી તગેડી દમભિડાવી શું.. તું જો તો ખરો ! જો દાવ આવી ગયો તો સાત પેઢીઓ સુધી યાદ રહેશે... બસ, મારું એક કામ કરી દેજો !... મારી કેડે મારા છોકરાને પરણાવીને મારું નામ જાળવી રાખજો.'' 'મારી કેડે' વાળી વાત રુલદૂએ ભલે મજાકમાં કહી, પરંતુ મોદન સાંભળતા જ ગંભીર થઇ ગયો. એને લાગ્યું કે રુલદૂની જેમ જ એની પોતાની અંદર પણ આ પ્રકારની ચિંતા દિનપ્રતિદિન વધતી જઇ રહી છે. એને જ્યારેને ત્યારે આ વિચાર આવતો હતો કે મા ઘરડી થઇ ગઇ છે અને એની નજર નબળી પડી રહી છે. જ્યારે ભીનાં અડાયાંથી આંખો ફોડવી પડતી હતી ત્યારે મનમાં કેટલાય પ્રકારના વિચારો ઊઠતા હતા અને મન ગભરાવા લાગતું હતું. પરંતુ વાસ્તવમાં એમ લાગતું હતું કે મનની ચિંતાનું કારણ આ વાતો નથી – આ તો નર્યાં 'બહાનાં' છે. મૂળ વાત કોઇ બીજી હતી.

અને એક દિવસ જ્યારે એનાથી મન પર કાબૂ ન રાખી શકાયો, ત્યારે એણે એમ જ હસતાં હસતાં રુલદૂને ઘેર બેઠાં બેઠાં આ વાત છેડી, ''ભાઇ, હવે તો જીવને થાય છે, ચાર દહાડા આરામથી કાઢવાના મળે.''

રુલદૂ દીવાના અજવાળામાં દિઙ્મૂઢ થઇને એની તરફ જોવા લાગ્યો. મોદનનો ચહેરો એને દોઢ–બે મહિનામાં જ ઘણો બદલાયેલો લાગી રહ્યો હતો. સૂકા ગાલ કંઇક ભરાયા હતા, માથાનો રંગ ચમકી ઊઠ્યો હતો, આંખોની બંને બાજુના ડાઘા કંઇક ઓછા થયા હતા. પહેલાં તો આખા ચહેરામાં 'કુહાડી જેવું' એક માત્ર નાક જ દેખાયા કરતું હતું, હવે તે 'યોગ્ય ઠેકાણે' અને સુંદર દેખાવા લાગ્યું હતું. દાઢી ભરાવદાર અને મોટી થઇ હતી, મૂછોમાં ચમકતા વાળ દાઢીની 'શાન' બની ગયા હતા. ક્ષણવાર માટે રુલદૂ એની તરફ મૂંગો મૂંગો જોતો રહ્યો, પછી એનું દિલ આનંદથી ખીલી ઊઠ્યું. પોતાની લાંબી આછી મૂછોને ઉંદરની જેમ હલાવતો અને દાઢીના થોડા વાળમાં આંગળીઓ ફેરવતો તે બોલ્યો, ''રંગ છે તને ! રંગ છે તને ! આજે કરી તેં લાખ

રૂપિયાની વાત !... તું હા તો કહે, ગાંડા ! હું આજે થોકબંધ માગાં લાવી દઇશ ! બોલ, કહેતો કાલથી જ વાત ચલાવું ?''

''ચલાવ, યાર !'' મોદને એજ રીતે હસતાં હસતાં જાણે મજાકમાં કહ્યું.

''ના, ગાયના સોગંદ ખા ! ક્યાંક મજાક તો નથી કરી રહ્યો ને !''

''મજાક શેની ? જઇને શોધી લાવ.''

''તો લો વળી, આજે જઇને કાકીને કહી દઇએ કે ભઇ, પોંખવા માટે પાણીનો લોટો લઇને બારણે આવીને ઊભી રહે, મને તો બસ, તું હમણાં જ પાછો ફર્યો, હમણાં, હમણાં જ પાછો ફર્યો જાણ !''

રુલદૂ ખરેખર બીજે દિવસે નીકળ્યો. એણે મોદન સાથે કોઇ લાંબીપહોળી વાત કરી નહીં જતી વખતે મોદનને પોતે એટલું જરૂર કહી ગયો કે તેના છોકરાની અને બળદની દેખભાળ રાખે.

અને જયારે ત્રીજા દિવસે તે પાછો ફર્યો ત્યારે મોદન એની વાતો, એની આંટીઘૂંટી સાંભળીને પરેશાન જ થઇ ગયો. એને આ પહેલાં કદી વિશ્વાસ જ નહોતો પડ્યો કે રુલદૂ આવા મામલાઓમાં આટલો 'ચતુર' થઇ શકે છે

''...લે કાકી, હવે જો તું જિંદગીના બાકીના દહાડા પલંગ પર બેસીને ન કાઢે તો મને જીઉણાનો રુલદૂ ન કહેતી !'' મોદનને થોડીક વાત જણાવીને એણે હરકોરના ખાટલા પર બેસતાં કહ્યું, ''એવી ભાગ્યશાળી આવશે કે તું પેલી બંને 'રાણીઓ'ને બિલકુલ ભૂલી જશે, જેઓ અહીં આવીને તને પગે પણ લાગી નથી.''

હરકોરને ભરોસો ન પડ્યો. પોતાની નબળી આંખો પલકાવતાં, સૂકા હોઠ પર ફિક્કું સ્મિત લહેરાવતાં પહેલાં તો એને જ આશીર્વાદ આપતી રહી, પછી ઘુમાવી ઘુમાવીને 'નવી વહુ'ના ખાનદાનની બાબતમાં આમતેમની વાતો એવી રીતે પૂછવા લાગી કે જાણે એને કોઇ વાત પર વિશ્વાસ ન પડતો હોય. પરંતુ 'અલગારી' રુલદૂએ એને 'અદ્ધર' હવામાં જ રાખી, કોઇ પણ વાતનો ભેદ નહીં બતાવ્યો.

''બેટા, તું તો અત્યારે પણ પેલા ''અલગારીઓ''ના જેવી વ.તો કરી રહ્યો છે; જેવી નાનપણમાં કરતો હતો !'' હરકોરે નમતું તોલીને, વાતને ઃ જાકમાં ઉડાવતાં કહ્યું અને પછી જૂનાં સ્મરણોને ઉખેળવા બેઠી.

''જયારે તું લગભગ ત્રણ વરસનો હતો ત્યારે તો એવો શેતાન હતો કે હું જયારે તમારા લોકોને ત્યાં આવતી હતી ત્યારે મારી ભરતભરેલી ઓઢણી ખેંચીને ઉતારી દેતો હતો. મારા વાળમાં આંગળીઓ ફેરવતો 'ઘુર ઘુર' અવાજ કરતો મોઢામાંથી ફીણ કાઢતો 'મોતલ મોતલ' કહેતો મોટર ચલાવવા લાગતો હતો – ડોક આગળથી ઉપર, અને ઉપરથી નીચે ડોક સુધી. એક દિવસ મેં મજાકમાં તારી માને પૂછયું, 'ભઇ, આ મોટરવાળી વાત શું તેં એને શિખવાડી છે ?' એણે કહ્યું, 'ભૂંડી, હું શું કરવા શિખવાડું ? આપમેળે કોણ જાણે ક્યાંથી એ શીખી લાવ્યો છે. રોજ નવી વાતો શીખીને આવે છે. ખબર નથી. એનું મગજ કઇ વસ્તુનું બનેલું છે ?' ''

અને હરકોર ખબર નથી કઇ વાતથી ખુશ થઇને, પાછલાં ચૌદ વરસમાં પહેલીવાર આટલા મોટા અવાજે હસી હતી.

એક વખત તો રુલદૂ ગંભીર થઇ ગયો, જાણે કે પુરાણાં સ્મરણોએ એના દિલને ડામાડોલ કરી મૂક્યું હોય; પરંતુ પછી હસીને વાત ટાળતાં બોલ્યો, "લો, કાકી પણ કેવી ગાંડી વાતો કરે છે ! શું પહાડ પર જઇને 'આકડો' મીઠો થઇ જાય છે ? જો હું રુલદૂ છું તો રુલદૂસ્તો રહું ને !"

"જીવતો રહે, બેટા, હું તો અમસ્તી મજાકમશ્કરીમાં કહેતી હતી." હરકોરે એવી રીતે કહ્યું કે જાણે એને રુલદૂની નારાજગીનો ડર ન હોય ! ગંભીર થઇને તે બોલી, "તારું શું છે ? તારી મા કંઇ ઓછી ચતુર હતી ? દીવાલો પર તેતર–મોરની ભાત પાડતી હતી. આખા ગામમાં એનાથી સારું દીવાલ પર લીંપણ બીજું કોઇ કરી શકતું નહોતું. એની બરાબરી ભલા, કોઇ શું કરશે ? તારા બાપુ પણ કંઇ કમ નહોતા – આખું ગામ એને પૂછીને વાત કરતું હતું – હવે અમારા લોકોની સાથે તો ત્રણ પેઢીઓ આથમવાની અમને ખબર ન હોય તો પછી કોને ખબર હોય ? પરંતુ અંદરની વાત અંદરવાળો જાણે, બેટા ! જો, આ એજ ઘર છે; આબેહૂબ એજ... બસ ! તારો એકનો એક છોકરો સારી રીતે મોટો થાય, ને ભગવાનની મહેરબાની હશે તો આપોઆપ બધુંયે ફરીથી બની જશે એના ઘરમાં કશાનીયે અછત છે... ?"

હરકોરને દુપટ્ટાના છેડાથી આંખો લૂછતી જોઇને રુલદૂનું મન પણ કંઇક ભારે થઇ ગયું. પરંતુ બહારથી સ્વસ્થતાભર્યા અવાજમાં કંઇક દઢતા કહ્યું, "તું શા માટે કાકી, ચિંતા કરે છે ? તારા બેઠાં બેઠાં બધું કરી બતાવીશું ! બરોબર એકવાર જો નવ નિધિઓને અઢાર સિદ્ધિઓ નહીં લાવી દેખાડીએ તો પછી અમને જીઊણા 'મૌડ'ના વારસદાર એમ કોણ કહેશે ?"

રુલદૂના આવા 'ડિંગ' જેવા દાવા સાંભળીને મોદનને હસવું આવી જતું હતું. પરંતુ પછી એને એવું લાગતું હતું કે તે પોતે પણ આની રીતે દાવાઓના ટેકે બેઠેલો હતો બસ, ફેર એટલો હતો કે રુલદૂની જેમ તે ગમે તેની આગળ ઠેર ઠેર એવી વાતો કરતો ફરતો નહતો. બીજો ફેર શો હતો ?

'પોતાનું ઘર' વસાવવાની મોદનની લાલસા હરઘડીએ વધતી બમણી–ચારગણી થતી જતી હતી. સ્રીની બાબતમાં આવી લાલસા ન કદી આ ગામમાં કે ન કદી 'ત્યાં' પણ અનુભવી હતી. આ લાલસા એટલી હદે વધી હતી કે તે પોતાની, ત્રણ છોકરાંની મા બનેલી એવી પોતાને પરણવા તૈયાર બાઇને સાસરામાં જોઇ પણ આવેલો. – રુલદૂને એણે આ વાતનો અણસાર પણ આવવા દીધો નહોતો. એમ જ મોટા મામાને મળવાને મિષે, પોતાને પરણવા માગનાર બાઇના ગામમાં એક રાત રહી આવ્યો હતો અને જ્યારથી એણે એને જોઇ હતી ત્યારથી મન કોઇ રીતે કાબૂમાં આવતું નહોતું – એક–બે વાર તો પશુની જેમ ઉદ્દંડ અડિયલ ને 'પાપી' પણ થઇ ગયું હતું અને એ પુરાણો 'ચાંડાળ' પણ અંદરથી રાક્ષસની જેમ ઊઠીને ગર્જના કરતો જણાયો હતો...

પરંતુ કોણ જાણે કઇ 'શાણા વિચારો'નો સાંકળો બાંધીબાંધીને આ 'ગાંડા થયેલા હાથી'ને તે કાબૂમાં રાખી રહેલો તેની જાણ નથી. આ સમગ્ર વાત એક રહસ્ય હતી, જે તે કોઇને પણ જણાવવા માગતો નહોતો – (જેમ તે પોતે પોતાનાથી પણ તે છુપાવી રાખવા માગતો હતો.)

અને પછી રુલદૂ રવી પાક સુધી પણ રોકાયો નહીં. પહેલાં જ જઇને બધી ગોઠવણ કરી આવ્યો. વાત પૈસાના મામલા આગળ આવીને અટકી ગઇ, રૂપિયા પણ તેઓ સાડા અઢારસો માગી રહ્યા હતા અને એટલી તો દીકરીઓ પણ માણસથી જલદી એકત્રિત થઇ શકતી નથી. પરંતુ રુલદૂએ, ખબર નહીં ક્યારે, આપમેળે જ માનાના ભાગીદાર સુકખુ જમીનદારની સાથે મસલત કરીને પોતાની બે વીઘાં જમીન ગીરે મૂકી દીધી અને બેચેની કરે એવી વાત તો એ હતી કે આ વાતની ગંધ સરખી મોદનને એણે આવવા દીધી નહોતી. પરંતુ જ્યારે આ વાત નક્કી થવા લાગી ત્યારે મોદનને એની જાણ થઇ હતી.

''ભાઇ, તેં આ કામ ખોટું કર્યું છે.'' મોદને એને ઠપકો આપતાં કહ્યું. ''તને આટલા ઊંડા પાણીમાં ઊતરવાનું કોણે કહ્યું હતું ? જો આ વાત હતી તો તારે મને કહી દેવું હતું; આપણે કેટલાક દિવસ થોભી જાત; અથવા હું પોતે જ ક્યાંકથી એની ગોઠવણ કરત...''

રુલદૂ પહેલાં તો કંઇક ક્ષુબ્ધ થયો, પરંતુ નાક ચોળતી અને દાઢીમાં આંગળીઓ ફેરવતી વખતે તે કંઇક રુક્ષ અવાજમાં બોલ્યો, 'મોદન સિંહા, તેં અમને શું બેભાગ માણસ સમજી લીધા છે ? – ભઇ, શું તારા મનમાં એમ વાત છે કે અમે આટલી નાની વાતમાં પાણીમાં બેસી જઇએ એવા ફોસી છીએ ? જ્યારે અમને ખબર છે કે તારી પાસે પૈસા–ટકા છે નહીં, તે છતાં આ કામ આપણે નક્કી કરવાનું છે ત્યારે પછી ભલા તું શું ગોઠવણ કરવાનો હતો ?''

''મારી ચાર સાંતી જમીન ફૂંકી મારત બીજું શું ?...''

''અને મેં જે અત્યારે ગીરે રાખેલ છે તે શું ટિંડુની વધાઇઓ છે ?... દોસ્ત, તું કેવી વાતો કરી રહ્યો છે ? હદ થઇ ગઇ. અને વળી તારામાં અને મારામાં ફેર શું છે ? તને એમ થતું હશે કે ભઇ, રુલદૂ મારો શું સગો ? અરે, ભલાદમી, માણસ માણસનો શું થાય છે ? ભાઇ તે, જે પ્રેમથી ચાલે છે, અને કોઇને સાલાને શું હથેલી પર રાખીને ચાટવાનો છે ? – અને વળી આજે મેં તારા માટે કશું કર્યું તો તેથી શું આફત આવી ગઇ ? – અને ભાઇ, જો તું આ વાતને અહેસાન માનતો હોય તો જ્યારે તને ઇચ્છા થાય ત્યારે મને પાછું દેજે. મારા છોકરાના લગનમાં જોડજે, એ રીતે જ આપજે, બીજું બોલ ? અને વળી તું એવું પણ નહિ વિચારતો કે તારા પર પાડ ચઢાવીશ અથવા કોઇની આગળ આની કશી વાત કરીશ અથવા મનમાં વિમાસણ કરતો રહીશ. જો તો ખરો ! દોસ્ત, તેં તો મને આ કહીને, મારું દિમાગ ખરાબ કરી દીધું...''

અને છેવટની વાત કહેતી વેળાએ રુલદૂએ મોઢું કસાણું કરી દીધું ત્યારે

મોદનને ખરેખર દુઃખ થયું. મમતાથી રુલદૂનું દિલ પૂરેપૂરું ભીંજાઇ ગયું; પરંતુ તે મોઢેથી કશું કહી શક્યો નહીં.

"આઘી મૂકો આવી વાતોને !" રુલદએ આમ કહીને પોતે જ વાતનું વહેણ બદલી દીધું અને બોલ્યો, "મેં જે કર્યું છે તે પર ભરોસો રાખ !... પાંચે આંગળીઓ એકસરખી નથી હોતી. આ ધરતી પર ભઇ, એવા થોડા માણસો પણ હરતાફરતા રહે છે જે જીવનભર એક ચાના પ્યાલાની ફરિયાદ કરવાપણું સામાવાળાના માથે રાખતા નથી; અને આ ધરતી પર એવા લોકો પણ રહે છે જે લાખ લઇને એક દમડીયે બતાવતા નથી – બરોબર કે નહીં ? અને વળી તું સમજુ છે. માણસ વધુ પૈસા મળ્યે મોટો નથી બનતો, મન મોટું જોઇએ... મર્દોનાં દિલ મોટાં હોય છે. જે સાલો મનથી જ દરિદ્ર છે એના પૈસાથી શું કોઇની ખીચડી રંધાવાની છે ? એવું નહીં વિચાર ભાઇ મોદિયા !... વળી તું આ પણ વિચારી લે કે ભઇ, મારી પાસે છે શું ? એક જ છોકરો છે, તે આપમેળે મોટો થઇને પોતાની જંજાળ સંભાળી લેશે, પછી તો આપણે એકવાર ઊંચા ટેકરા પર ચઢીને વાંસળી વગાડીશું !... એકવાર ખબર તો પડે કે ભઇ, કોઇ માણસ થઇ ગયેલો કોઇ પેદા થઇ ગયેલો. નહીંતર, કૂતરાં-બિલાડાં તો રોજ હજારો જન્મે–મરે છે. એવો હીન અવતાર તે કંઇ અવતાર છે ! કેમ ?"

અને બોલતાંબોલતાં રુલદૂ પોતાની ડોક પર, જ્યાં એકવાર દાંતી વાગેલી હતી, ત્યાં આદત મુજબ ખંજવાળવા લાગ્યો, અને કદાચ ખંજવાળવાથી જ એટલી જગા લાલચોળ થઇ ગઇ.

મોદનની પાસે રુલદૂની આ વાતોનો કોઇ જવાબ નહોતો. 'વાતોડિયા' માણસ આગળ ભલા, કોઇ ફાવી શકે ? પરંતુ રુલદૂની આવી વ્યક્તિમત્તા ક્યારેક ક્યારેક, કોણ જાણે શાથી, એને અનોખી જ લાગતી હતી. પછી તે પોતે જ જ્યારે રાતના અનિદ્રાની દશામાં, ઊંડા વિચારમાં પડીને એનું કારણ શોધતો. ત્યારે એને એવું લાગતું કે આ વાતો એના મનમાં લાંબા જેલવાસથી પેદા થઇ છે. અને સાચે જ આની સાથે જ એને પોતાનું શરીર, પોતાનું મન, બધું જ બદલાયેલું–બદલાયેલું લાગવા માંડ્યું. ક્યારેક ક્યારેક તો એવો ભ્રમ પણ થઇ જતો હતો કે આખા ગામના લોકો એને 'બહારથી' આવેલો માણસ સમજતા હતા અને એની તરફ ડોળા ફાડી ફાડીને જોતાં, દૂર રહેવાની કોશિશ કરતા હતા... એક રાત્રે તો આવી વાતોનો વિચાર કરતાં એને એટલી પરેશાની તો ત્યારે થઇ કે જ્યારે અઢી–ત્રણ મહિના જૂની કોઇ પણ વાત આ વિચારની સાથે જોડતાં તે મણકાની જેમ પરોવાઇ જતી હતી. એને પહલીવાર આ ભાવ થયો કે ગામના લોકોમાંથી રુલદૂ, મધ્ઘર અને એક બે બીજા જૂના મિત્રો સિવાય કોઇ પણ એને મળવાને આવતું નહોતું. એ પણ કોઇના ઘેર જતો નહોતો; ફળિયામાંથી તે હમેશાં નીચી મૂંડીએ પસાર થતો ત્યારે એને એમ લાગતું હતું કે ડાબે–જમણે બધા લોકો એની તરફ નવાઇ અને શંકાભરી નજરથી જોઇ રહ્યા છે; બાળકો ભયથી દૂર ભાગી જાય છે અને ડાહ્યા માણસો મોઢું ફેરવી લે છે. ક્યાંય પણ જ્યારે તે જરાક પણ માથું

ઊંચું કરીને જોતો તો તેને આ વાતની પુષ્ટિ મળી જતી. ખરેખર, લોકો એની તરફ 'ખરાબ નજર'થી જોતા હતા. એવે વખતે એના ચહેરા પર જે ફેરફાર થતા હતા એમાં હતું તેથીયે ઘણું વધારે એકલવાયાપણું જણાતું હતું. અથવા તો તે જલદી જલદી ઘેર પાછો ફરી જતો હતો અથવા તો પછી ડોક ટટ્ટાર કરીને તીખી નજરે જોતો અને ત્યારે ઘરો, આંગણાંની અંદર સુધી, કોટડીઓ અને કોટડીઓના ખૂણાખાંચરા સુધી એની તીક્ષ્ણ નજર સોંસરી જતી અને જોનારાઓને એવું લાગતું હતું કે જાણે તે લોકોની સ્ત્રીઓ તરફ 'તાકી' રહ્યો છે.

પરંતુ આ બધી વાતોથી વધારે એક બીજી વાત હતી. જે કદી કદી એને માથાથી તે પગ સુધી કંપારી પ્રેરતી. એણે કદી ઘણાને યાદ કર્યો નહોતો; ન કદી બીજા કોઇએ ન એણે કોઇની સાથે ઘણાની ચર્ચા કરી હતી, પરંતુ પાંચમે–દસમે દિવસે તે સપનામાં મોદનને દેખા દઇ જતો હતો. રાક્ષસની જેમ ગર્જતો–રાડો નાખતો ને ડોલતો તે ચાલ્યો આવતો હતો અને જબરદસ્તીથી આવીને એને પજવવા લાગતો હતો. મોદન આ બલાને ટાળવા ઘણી મહેનત કરતો પરંતુ, જ્યારે તે કોઇ રીતે પણ કાબૂમાં ન આવતો ત્યારે તે દાંત ભીંસીને ઘણા પર તૂટી પડતો... પરંતુ બરોબર એ વખતે એની નિદ્રા તૂટી જતી હતી. ક્યારેક ક્યારેક તો આખું શરીર પરસેવે રેબઝેબ થઇ જતું હતું અને નખ હથેલીઓમાં દબાઇ જતા હતા, કોઇ અંદરના ભયથી એનું શરીર કંપી ઊઠતું હતું, ક્યારેક ક્યારેક તે સ્વસ્થ સારો હોય ત્યારે તો વારંવાર આંખો મીંચીને તૂટેલું સપનું જોડાઇ જાય અને તે ઘણાને કાચોને કાચો ખાઇ જાય એ માટે કોશિશ કરતો. પરંતુ આ પછીથી એને આખી રાત બિલકુલ ઊંઘ આવતી નહોતી ને એથી તેને પરેશાની થતી હતી.

કદાચ ડરને કારણે અથવા અમસ્તાં જ એણે તે સપનાવાળી વાત કદી પણ રુલદૂને જણાવી નહોતી. તે મનોમન વિચારતો રહેતો કે આ વાતનો અર્થ શું હોઇ શકે ? પછી ખ્યાલ આવતો કે આવાં સપનાં ખરાબ હોય છે. આનાથી આગળ તે કશું વિચારતો નહોતો, અને વાતને ભુલાવી દેતો હતો. પરંતુ પાંચસાત દિવસ પછી આવા પ્રકારની ચિંતાઓનું ચક્કર ફરીથી શરૂ થઇ જતું હતું.

આ વાતથી મોદનને જાણે ઊબક આવી ગઇ હતી. ઘેર આવતો તો લીંપ્યાગૂંપ્યા વગરનું ઘર એને સૂનુંસૂનું લાગતું. ખેતરમાં જતો તો ત્યાં પણ એને સૂનકાર અને એકલતા લાગતાં. ખેતરમાં ઊભેલાં થોડાં બાવળ અને બોરડીનાં ઝાડ એને ઉદાસ ઉદાસ લાગતાં મોટું ઝાડ (જે હમણાં હમણાં બે ગુંઠા મરલઢ જમીનમાં એવી રીતે ઘેરઘટામાં ફેલાયેલું ઊભું હતું) પણ ખાડાવાળા પુરાણા વડની માફક જાણે બુઢ્ઢુ થઇને 'રહ્યાસહ્યા ચાર દહાડા' પૂરા કરતું માલૂમ પડતું... અને 'દહાડા પૂરા' થયા પછી આ ખેતર પણ લોટિયા સાધુ ગંજેરી ખોપરીની જેમ ઉજ્જડ અને બોડું જવાનું હતું – આ કલ્પિત દૃશ્ય તો સવિશેષ ઘૃણાસ્પદ લાગતું હતું. પછી જયારે મોડેથી (ખેતરમાંથી તે બરોબર વાળુના વખતે પાછો ફરતો તો ઘરોમાંથી નીકળતો ધુમાડો,

દીવાઓ, ફાનસોનું અજવાળું અને કોઇ કોઇ ચોકમાં સામે સળગતાં ચૂલાઓમાંના દેવતાનું અજવાળું જોઇને એનું દિલ ડૂબવા લાગતું સ્વાભાવિક જ એની નજરો ત્યાંથી ખસીને પોતાના બિલકુલ સૂના ખારાપાટવાળા ખેતરમાં ઊભેલા ખરી પડેલા પાંદડાવાળા ઠૂંઠા અટૂલા ઝાડ જેવા ટેકરાવાળા ઘર પર જતી હતી. એમાંથી ધુમાડો નીકળતો દેખાતો હતો, દીવાનું અજવાળું પણ દેખાતું હતું; પરંતુ કેમ જાણે શાથી આ ઘર 'ઉજ્જડ' થઇ ગયેલું નજરે ચઢતું હતું. આમ આખું ગામ આનંદમાં રહેતું હોય અને એનું ઘર ઊજડેલું હોય... ?

કેટલીયે વાર એનાથી આવી લાગણી જીરવાતી નહોતી. ગયા પાછલા દિવસોમાં તે ત્રણચાર વાર જાણે આ ઘરથી ડરતો-આતંક અનુભવતો તે ઉપરવાળી કેડીઓથી રુલદૂના ઘેર ચાલી ગયો હતો; પરંતુ અર્ધી રાતના ત્યાંથી પાછા ફરતાં એને ફરીથી એ જ લાગણી આવીને ઘેરી વળતી હતી... આમ બધાં ઘરોમાં આનંદથી રહેતા લોકો સુખની નીંદર માણતા હોય, અને એને ઘેર મા જાગતી એની પ્રતીક્ષા કરતી હોય...

"બેટા, તું આટલી વાર શા માટે લગાડે છે ?" મા ઉદાસ અવાજમાં ફક્ત આટલું જ કહેતી, અને પછી તો સ્વગત બોલતી રહેતી : "અને કરવું પણ શું ? ઘરમાં કોઇ કહેનારું હોય તો તું પોતે જ વખતસર આવતો રહે... ત્યારે તો ખેતરમાંયે એનાં કહેણ સંભળાવા લાગે. તારા બાપુ કહ્યા કરતા હતા – ત્યારે તું પાંચ વરસનો હતો મને મોદનનું હસવું સુમસામ રાતમાં, રોહીવાળા ખેતરમાં પાણી મૂકતી વખતે પણ સંભળાય છે. તું જ્યારે નાનો હતો ત્યારે અડધી રાત સુધી તારી મરી ગઇ તે મોટી બહેનની સાથે મસ્તી કરતો ખી–ખી કરીને ખૂબ ઊંચા સાદે હસ્યા કરતો હતો. અડધી રાત સુધી ન પોતે સૂતો હતો, ન બીજા કોઇને સૂવા દેતો હતો. કહેતો હતો, 'બાપુ આવશે તો એમની સાથે સૂઇશ !' એક દિવસ જ્યારે તે સાવરે પ્હો ફાટ્યા બાદ ખેતરમાં પાણી મેલીને પાછા ફર્યા ત્યારે એ દિવસે પણ તું એમના આવ્યા કેડે એમની સાથે જ સૂતો. લે કહે, કોઇ શું કરે ?... શું કહું, આખી રાત અમારી મા–દીકરી બંનેના તને કેડમાં લઇ લઇને ફરતાં તો પગનીયે કઢી થઇ ગઇ. દીકરી કહેવા લાગી, 'મા, મારી તો કેડ તૂટી ગઇ, તું તેડી લે હવે !' મેં કહ્યું, 'બેટી, આખો દિવસ કામથી થાકીપાકી હું પલવાર માટે આંખ મીંચી લઉં, ત્યાં સુધી ઘડીભર વધારે એને તેડીને ફર. પરંતુ તારામાં કોણ જાણે કયું ભૂત આવ્યું'તું ! તું મિનિટ માટેય આંખો ક્યાં મીંચતો'તો ?..."

માની આ વાતો સાંભળતા મોદનના મનની ખાઇ ઓર મોટી થઇ જતી હતી. એને એમ લાગતું હતું કે મા આ બધી વાતો બનાવી બનાવીને સંભળાવી રહી છે. કોઇ વખત એને ગુસ્સો પ્રણ આવી જતો હતો; પરંતુ પછી મા ભોળી અને માસૂમ લાગવા માંડતી હતી. એને એમ લાગતું કે જાણે માને પોતે જન્મ્યો ત્યારથી જ દેતો આવ્યો છે. અને હવે છેવટના સમયમાં પણ શું આ રીતે દુ:ખી કરતો રહેશે?

પછી ઘર માંડવાનો ખ્યાલ એટલા બળપૂર્વક મનને ઘેરી વળતો કે તે પછીના દિવસે જ મામાને મળવાના મિષે પોતાની સાથે પરણવા માગનાર બાઇના ગામે આંટો મારવા માટે નીકળી પડતો; અને છેલ્લા બે મહિનામાં તે ત્રણવાર આવું કરી ચૂક્યો હતો.

રુલદૂની આળસ પર પણ તેને વહેમ જવા લાગ્યો હતો. રુલદૂ પણ એવો ચાલાક હતો કે વાતનું કોઇ રહસ્ય એને કહેતો નહોતો. જ્યારે આ વાત ચાલતી ત્યારે તે કહી દેતો'તો, "બસ, ખામોશી રાખ." આમ તો બધી વાતોમાં તે જેટલો બટકબોલો હતો એટલો જ આ બાબતમાં ખામોશ રહેતો હતો. પરંતુ મોદનના કંઇક બદલાયેલા ચહેરાએ એક દિવસ અચાનક રુલદૂને ચિંતામાં નાખી દીધો.

"ભાઇ મોદનિયા, તારું મોઢું આમ ઢીલું કેમ રાખે છે ?" એણે હસતાં હસતાં વાત છેડી, "બસ, બેચાર દિવસ વધારે ધીરજ રાખ. બધું કામ તૈયાર છે. કોઇ અડચણ પણ નથી; માત્ર અમસ્તી સાલાઓએ એક નજીવી વાતની ફાંસ મારી છે.... કોઇ વાંધો નથી, બધું બરોબર થઇ જશે. ચિંતા ન કર."

અને પેલી 'નજીવી' વાતની જે ફાંસ રહી ગયેલી હતી એની બાબતમાં મોદનના મનમાં વારંવાર શંકા ઉઠતી હતી; તેમ છતાં પણ રુલદૂની દોસ્તી પર એટલો અવિશ્વાસ ક્યારેય નહોતો કે એની સાથેનું તૂટી જાય. તોડીને જાય પણ ક્યાં ?– એક તો પહેલેથી જ એકલતા એનાથી જીરવી શકાતી નહોતી, અને બીજું રુલદૂ વગર હતો તે એકદમ એકલો પડી જાય. રુલદૂ એના ભીંતરની મથામણને બરોબર સમજતો હતો, એટલા માટે એણે હવે વાર ન કરી અને બીજા દિવસે જ તૈયાર થઇને જતી વખતે બોલ્યો, "અરે ભાઇ સિંહ, આ વખતે જો હું ખાલી હાથે પાછો ફરું તો મારું નામ રૂલદૂ નહીં. હવે આ પાર કે પેલી પાર. નિવેડો લાવ્યા વિના પાછો નહીં ફરું."

અને સાચે જ, આ વખતે તે કશું કર્યા વિના પાછો નહીં ફર્યો. ત્રીજા દિવસે પાછા ફરીને, એ પછીના દિવસે મોદનને સાથે લઇ ફરીથી તે નીકળ્યો. 'છોકરીવાળાઓ' સાથે એને સીધી વાત કરાવી. જે એક–બે વાતોની મોદનને જાણ થઇ હતી એના આધારે પહેલાં તો રુલદૂ પર એને શક ગયો, પણ તે વાત નકામી બદનામી ભરેલી જણાઇ. સાંજના વખતે, આમ તેમ ફરવાને બહાને મોદનને તે ગામની બહાર લઇ ગયો અને બહારથી પાછી વળતી ત્રણ–ચાર સ્ત્રીઓમાંથી ઇશારાથી એણે બતાવી દીધું. એને જોતાં જ મોદનનું માથું જાણે ભમવા લાગ્યું.

"ધીરજ રાખ, ધીરજ રાખ."રુલદૂએ એનો હાથ પકડીને એ રીતે અને બુચકાર્યો, જે રીતે તે હઠે ચઢેલા બળદને દોડતાં રોકી રહ્યો હોય, અને પછી કંઇક હસીને બોલ્યો, "કેમ, જોઇ લીધોને રુલદૂસિંહનો જાદુ ? એમ વાત છે, ભાઇ સિંહ,... હજુ શું છે ? જ્યારે એ દીવાલને ચોતરે તેતર ને જલકૂકડીઓની ચિત્રકારી કરવાનું શરૂ કરશે અને તો ખીરને 'તશમઇ' કહેવાનું શિખવાડશે ત્યારે ખબર તો પડશે તને કે ભાઇ, આ 'ઊડતી સાપણ' શું ચીજ છે... હેં, હેં, હેં... સારસની જેમ ડોક હાલી રહી છે.... જોઇ રહ્યો છે

આંખો જો, તું.... આંખો !"

મોદનને લાગ્યું કે જાણે ધરતી ઘૂમી રહી છે. રુલદૂ એની સાથે ધરાર ધોખાબાજી કરી રહ્યાનો ભ્રમ પણ થયો. અને જો આ બધું સાચેજ પ્રત્યક્ષ હોય તો પછી તે પોતાના 'બીજા અવતાર'માં પ્રવેશી રહ્યો હતો.

અને પછી ગાંમ પાછા ફરતી વખતે રુલદૂએ વિસ્તારથી બીજી કેટલીક વાતો પણ જણાવી. મોદન એ બધીનો સાચી માનીને સ્વીકાર કરતો ગયો.

"જો, ભાઇ ! સાચી વાત કરવી સારી હોય છે; પછી હૃદયોની વચમાં પડેલું અંતર મટતું નથી." રુલદૂએ મોટા વકીલની રીતે ગંભીર થઇને વાત સમજાવી. એની ઉંમર તો હશે ત્રીસની આસપાસની એક છોકરું થયું હતું, તે મરી ગયું. બીજું છોકરું ખોળામાં હતું. જયારે તેના ઘરવાળાને પિતરાઇઓએ મારી નાંખ્યો. તે પિયરમાં આવીને રહી બીજું શું કરે, ભાઇ, ? અને વળી તું પોતે સમજે છે. જો છોકરીઓને ઘરમાં સાચવવી ખૂબ મુશ્કેલ હોય છે. અને રોજ ઘર–આંગણે સળગગતી ચિતા ભલા, મા–બાપથી બરદાસ્ત થઇ શકે છે ? ઘણી મુશ્કેલ વાત છે. ઉપરાંત જમાનો કેવો આવી ગયો છે ! કોણ ભાઇ–બંધુ છોકરીને સંભાળે છે ? આમ તો નસીબજોગે ભાઇ તો બબ્બે છે ; પરતું એમનાથી પોતાની જંજાળ–જવાબદારી સંભાળી જતી નથી. જિંદગીભરની આવી જવાબદારી કોણ લે ? બાપ મરી ગયો છે. બધું કામ કાકાનાં હાથમાં છે. એની સાથે નજીક ને દૂરની સગાઇ પણ કંઇક નીકળી આવી છે. વધારે મુશ્કેલી એટલા માટે પડી લે, હવે તારાથી કઇ વાત છૂપી છે ? અત્યાર સુધી વાત પાકી રીતે નકકી થઇ નહોતી એટલા માટે મેં જણાવી નહોતી, હવે બધી વાત છતી થઇ ગઇ છે તે સારું છે. મુશ્કેલી એ હતી ભઇ, એ લોકો, એ કહેતા હતા કે છોકરો, બદનામ છે, વળી તેની ઉમંર પણ વધારે છે. માટે અમે વિવાહ નહીં કરીએ, મેં સોંગદખાધા કે ભઇ, હું કામ પૂરું કર્યા વિના નહી હઠું, ભલે જાનની બાજી લગાવવી પડે. તેઆ કહેતા હતા કે અગર છોકરો બીજવર હોત, બદનામ ન હોત તો અમે અમારી તરફથી પહેરામણી આપીને વિદાય કરતા, પરંતુ હવે તે ભાઇ, મેં એમને હવે–બવે' કરવા નહીં દીધું ! ચોખ્ખી વાત કહી દીધી, 'તમે લોકો મોઢેથી માંગો તો ખરા, શું માગો છો ?' પહેલાં વાત ત્રણ હજારથી ચાલી અને પછી ધીરે ધીરે દોઢ મહિના પછી બે હજારે પહોંચી– તું પોતે સમજે છે, આજકાલ બે હજાર પણ શું ચીજ છે ? અને વળી ગાંડાઓ, હીરાની પણ કઇ કિંમત આંકી શકે છે ! બાકી, જે એના ખોળામાં છોકરો છે, તેં તો દેખ્યો નથી. ખેર ! કમળ જેવો છે. ગાયના સમ, આંખો સસરી નાની હરણ જેવી છે. તો સાલા એના દિયર–જેઠ એને મરેલો જોવા ઇચ્છતા હતા–જમીન વહેંચાવેને ! ..." અને એને વાતો કરતાં વચમાંથી જ કોણ જાણે શું સૂઝયું તે ક્ષણવાર માટે તે ખામોશીપૂર્વક અટકી ગયો અને પછી ધીમા, ભેદભર્યા અવાજમાં બોલ્યો, "આપણું શું લેશે ? પોતાની મેળે ધક્કા ખાઇખાઇને પલોટાઇ જશે બીચારો, અગર જો એનામાં હિંમત આવશે તો પોતે જઇને પોતાની મિલકત સંભાળી લેશે, નહીંતર....અને તું પોતે સમજે છે, આપણો મદદગાર થશે, બાંય બનશે. હવે સાલાને પાળીશું સાચવીશું તો આટલી પણ આંખોની શરમ નહીં રાખે ? –અરે કમબખ્ત, આ જાનવર તો નથી, માણસ છે."

રુલદૂની બીજી બધી વાતો ગળે ઊતરે એવી હતી. પરતું કોઇ બીજાની ઓલાદને સંભાળવાની વાત મોદનને જચી નહોતી. કોઇ 'જાટના બચ્ચા' માટે આ બદનામીની વાત છે. એમ તેને લાગતું હતું. આમ છતાં પણ તે ચૂપ રહ્યો. એને લાગ્યું કે હવે એનો પોતાના પર કાબૂ રહયો નથી. રુલદૂએ જાણે એને 'સકંજા'માં ફસાવી દીધો હતો– કોઇ રીતે હાલવા–ચાલવાને સમર્થ પણ એને રહેવા દીધો નહોતો.

પછી જેટલા દિવસ રુલદૂ બીજી ગોઠવતો રહ્યો, એટલા દિવસ મોદન ચિંતામાં પડીને હરતો ફરતો રહ્યો. આખરે જયારે રુલદૂએ પાછા ફરીને તુરત જણાવી દીધું કે 'ચાલ ભાઇ, તૈયાર બૈયાર થઇ જજે, સવારે જવાનું છે' ત્યારે એનું માથું ખરેખર ભમી ગયું.

એ રીતે મોદને હૈયું મજબૂત કરીને બધી વાત માને જણાવી દીધી. સાંભળીને એકવાર તો તે સ્તબ્ધ થઇ ગઇ, પછી જેવી પોતાના ભૂંડા દિવસો પર આંસું સારવાર લાગી કે આખી રાત જ પસાર થઇ ગઇ, વાંરવાર તે આ જ કહેતી જતી હતી, "અગર આ વખતે 'એ' જીવતા હોત તો તારી સાથે આવી ઘટના ન ઘટત. જો તારી એ જૂની કન્યા હોત તો આજે તારે આ બધું કરવું પડત ?... તો તો તારા ગામમાં વાજાં વગડાવતો ત્યાં ન પહોંચત ?... અરેરે, નિષ્ઠુર ભગવાન, કરમ મારાં ! તારાં..."

મોદનને કયારેક મા પર ગુસ્સો આવતો હતો તો કયારેક મન સ્વયં પોતા પર ચિડાઇ ઊઠતું હતું. જ્યારે એણે સવાર સુધી પણ વાતનો કોઇ જવાબ ન આપ્યો, વાતનું સ્વરૂપ –એનો અણસાર સુધ્ધાં ન આપ્યો ત્યારે તે માને કઇં જણાવ્યા વિનાં જ, કપડાં પહેરી ને, બધી ભવિષ્યની વાતો 'ભવિષ્ય પર ' છોડીને, રુલદૂની સાથે ચાલી નીકળ્યો.

ઘેર ઘેર પછી ચર્ચા ઊપડી. લોકોએ વાતનું વતેસર કર્યુ. ચોરામાં બેઠેલા મીરાબના છોકરાઓએ ઉથલાવી ઉથલાવીને વાત કરી, પરંતુ મધ્ધર જેવા લોકોએ આને 'યોગ્ય' બતાવવાના પ્રયત્નો કર્યા અને આને 'દુનિયાનો વ્યવહાર' ગણાવ્યો. પરંતુ જે થઇ ગયું હતું તે હવે કોણ ટાળે? આંખું 'વાક્–યુદ્ધ' હતું, લોકો કરતા રહ્યા, અને પછી આપોઆપ શાંત થઇ ગયા.

એક દિવસ છોટુ, ઢીલું મોઢું કરીને મોદનની પાસે ખેતરમાં આવ્યો. નીકના પાળાપર બેસીને એણે સજ્જનભાઇનું નામ લઇને ગ્લાનિભર્યા અવાજમાં કહ્યું, "આમ તો ભાઇ, જે થઇ ગયું તે ઠીક છે, પરતું નાનો ભાઇ કહેતો હતો કે ભઇ, જો વાતની પહેલેથી ખબર પડી હોત તો કયાંક કોઇ સારી ગોઠવણ કરી લેત."

આ સાંભળતા જ મોદનને ગુસ્સો આવી ગયો. એના પર હૃદયવેધક દૃષ્ટિ કરતો બોલ્યો, "એ કહેજે કે ભાઇ, આ રીતે બેવકૂફ બનાવવાની કોઇ જરૂરત નથી. હું બાર વરસ એવી જગામાં કાપીને આવ્યો છું કે જયાં જો માણસ બાર દિવસ પણ કાપી આવે તો 'ઊડતો સાપ' બની જાય છે.... અને વળી તમે લોકોએ તમારા મનમાં મને કેવો ધારી

લીધો છે ?... તમે લોકો કોઇ મરતાના મોઢામાં પાણી તો મૂકી શકતા નથી તે મારૂં ભલા, શું સુધારી દેવાના છો ? ''

છોટુ કંઇક ડરી ગયો. પોતાના ઉપર જ વાત આવતી જોઇને એણે કંઇક ગભરાયેલા અવાજમાં કહ્યું , ''નહીં ભાઇ, મેં તો એને ઘણું કહ્યું કે ભઇ, જે થઇ ગયું છે તે ઠીક છે, પરંતુ એણે મને બળજબરીથી મોકલ્યો છે, કહેતો 'તો ...''

''શું તને મોકલનારા એને અને આવનારા તને હું ઓળખતો નથી?'' મોદનને ઓર ગુસ્સો આવ્યો. ''જે વાતો તમે 'પેલા''ફાદાંબાઓ' પાસેથી શીખીને આવો છો એ તો મારા વેઢામાં છે. તમારા લોકોના મનમાં તો એમ હતું ભઇ, સાલો ધક્કા ખાઇને મરશે, પછી જમીન અમે સંભાળી લઇશું. આવાત છે ને ? પણ ખોટી ઉમેદો લઇને બેસતા નહીં.!... સલામ કરનારને સલામ હોય સરદારો ! હું તમારો કંઇ થતો નથી તો તમે લોકોએ મારા કંઇ થતાં નથી... હું તમારા લોકોને ત્યાં ભીખ માંગવા નહીં આવું....''

છોટુ ઓર ગભરાઇ ગયો. મોદનને અચાનક શું થઇ ગયું છે તે તેની સમજમાં નહીં આવ્યું. જ્યારથી તે પાછો ફર્યો હતો ત્યારથી છોટુને સંડોવીને 'તમે લોકો' શબ્દ વાપરતાં એણે કદી આટલી કડક વાતો કરી નહોતી. છોટુંનું મન કંઇક ઉદાસ થઇ ગયું.

''તું તો ભાઇ, મનેય સાથે ઘસડી રહ્યો છે.'', ઘણી નરમાશથી એણે કહ્યું, '' મારી બાબતમાં શું તું જાણતો નથી''

મોદન ચૂપ થઇ ગયો, પરંતુ ક્ષણવાર પછી ફરીથી તપી ઊઠયો, 'તું ભલા, કોનો અવતાર થઇને આવેલ છે ? તું પણ એનો ભાઇ છે. જો આખી દુનિયા જ છે ખુશામત ખોરોની તો એ લોકો સાથે મળીને કઇ અનોખી વાત કરી બતાવે છે ? ... પરંતુ આ સ્વમાની માણસોને કામની નથી..'

છોટુથી આ બરદાસ્ત ન થયું એટલે તે ઊઠીને ઊભો થઇ ગયો અને ગુસ્સાભર્યા અવાજમાં બોલ્યો, ''ભાઇ, તારે આવી વાતો નહોતી કરવી જોઇતી... મારી બાબતમાં તો તને ખબર છે. તેં મને બાપ જેમ ઉછેર્યો હતો – ક્યારેક વખત આવે ત્યારે જોઇ લે જે. પરંતુ તારે એવું નહોતું કહેવું.... '

'ગુસ્સે ભરાયેલો છોટુ પાછો ચાલ્યો ગયો. મોદને ત્વરિત નજરે એના મોઢા તરફ જોયું અને પછીથી તે જતો હતો ત્યારે પાછળથી એની પીઠ તરફ જોતાં એને લાગ્યું, જાણે 'પૂર્વ જન્મ'ની કોઇ ઘટના ફરીથી બની ગઇ હોય. એક વાર આ ખેતરમાં એણે છોટુને લીલો પાલો કાપીને લઇ જવાનું કહ્યું હતું ત્યારે તે વિફર્યો હતો એ ઘટનાનો આજે એને ઝાંખોપાંખો ખ્યાલ આવ્યો. એ વખતે તે માંડ દસ–અગિયાર વરસનો હશે. ગુસ્સામાં આવીને મોદને એના મોઢા પર એક ધોલ મારી દીધી હતી અને તે હીબકાં ભરીને રડવા લાગ્યો હતો. માસૂમ છોકરો આ રીતે રીડો નાખતો, મોદનથી એ દેખ્યો જતો નહોતો, પાંચ આંગળીઓના સોળ ગાલ પર સ્પષ્ટ અંકાયેલાં હતાં. એનું મન ખૂબ દુ:ખી થયું હતું. ભાગી જતા છોટુને એણે બૂમો પાડી પાડીને પાછો બોલાવવાના પ્રયત્નો પણ કર્યા હતા, પરંતુ તે બીકનો માર્યો ઉલટો વધારે ઝડપથી ભાગતો જતો હતો.

અને આજે પણ મોદનને તે એ રીતે ભાગતો દેખાઇ રહ્યો હતો, પરંતુ આજે એણે બૂમ નહીં પાડી; બૂમ પાડવાની એના જીવને ઇચ્છાયે નહોતી. આમ છતાં મનની ગડમથમલ પ્રત્યેક ક્ષણે વધતી જઇ રહી હતી. ક્ષણવાર તો તે પાવડાના હાથાનો ટેકો લઇને ઊભો રહ્યો. પછી મન બીજા પ્રવાહમાં વહેવા લાગ્યું. અનાયાસ ઘર તરફ ધ્યાન ગયું (હવે ઘણું કરીને આવું થતું હતું).

પાંચ સાત દિવસોની અંદર જ દાનીએ ઘરનાં રંગરૂપ બદલી નાખ્યાં હતાં ; અંદર–બહાર લીપીગૂંપીને સફાઇદાર કરી દીધું હતું. ઘરની બધી ચાદરો–ખોળો તળાવ પર જઇને ધોઇ લાવી હતી. ચૂલો ભઠ્ઠી નવાં બનાવી દીધાં હતાં અને ઘરની જરૂરિયાતનો સામાન બનાવવાને માટે મોદનને વારંવાર આગ્રહ કરવા લાગેલી. આવતાં જ એણે માને તો જાણે પલંગ પર બેસાડી દીધી હતી. સવાર-સાંજ પહેલી રોટી એને આપતી હતી. સવારે ઊઠતાં જ માથું નમાવીને એને પગે લાગતી હતી. પરંતુ હરકોરનું મન કોઇ રીતે પીગળતું નહોતું. દાનીની સાથે લવાયેલો દીકરો, જે હજુ પૂરાં ચાર વરસનોયે થયો નહોતો તે અને ઝેર જેવો લાગતો હતો.

મોદનને બધી વાતોનો ખ્યાલ આવતો હતો, પરંતુ પછી તે એમ વિચારતો કે જેવી રીતે દાનીએ આવીને ઘર સંભાળ્યું હતું, એવી રીતે બીજા થોડા દિવસમાં તે બધું પોતાની મેળે ઠીકઠાક કરી લેશે. પરંતુ જ્યારે પરમ દિવસવાળી વાત યાદ કરતો ત્યારે એને શંકા થવા લાગતી હતી. પરમ દિવસે રાતે સૂતાં સૂતાં દાનીનું અચાનક જ મન ભરાઇ આવ્યું હતું. દૂધને માટે વારંવાર તંગ કરતા ગેલુને એણે તમાચો ચોઢી દીધો હતો અને બેચાર ગાળો પણ દઇ દીધી હતી. મોદન વ્યગ્ર–શો એની તરફ જોતો રહ્યો. અને પછી બેત્રણ વાર પૂછવા જતાં તે અકળામણમાં બોલી પડી, ''શી ખબર કે હું પાંગળું નસીબ લઇને આવી છું ? મારા પર કોઇ ભરોસો જ નથી કરતું ... દોઢ વરસ સુધી ભાભીએ વાતોનું વતેસર કરી કરીને આખા ગામમાં મારી બદનામી કર્યે રાખી. કહેતી'તી, 'આ તો એની સાથે ભાગી જશે, આ પેલાને ત્યાં રહેશે, સાસરે પાછી ફરીને જેઠને જશે.' હવે અહીં માજી ઝઘડવાને તૈયાર રહે છે ... માણસે બીજાની ચાર દિવસ પરીક્ષા તો કરવી જોઇએ. પાંચેય આંગળીઓ એકસરખી હોતી નથી..... શું થઇ ગયું. જો ભગવાને મને મુસીબતમાં મૂકી તેથી ? આટલાથી કોઇ ભૂંડું તો થઇ જતું નથી..... રાજારાણીઓ પર પણ મુસીબતો પડતી આવી છે.''

એને વારંવાર આંખો લૂછતી જોઇને પલવાર માટે મોદનને થયું કે આ બધું સ્ત્રીચરિત્ર છે. સ્ત્રીઓનાં ચરિતર જો એણે જોયાં નહોતાં તો સાંભળ્યાં તો જરૂર હતાં. રુલદૂ પણ કેટલી વાર ચેતવણી દઇ ચૂક્યો હતો, 'આ જાત પર વિશ્વાસ મૂકી દેવો નહીં. કોઇ ભરોસો નહીં. એક દિવસમાં એકસોચાર ભંજવી રહે છે.' પરંતુ દાનીનો નિષ્કપટ ચહેરો, એની વિનયશીલતા અને મમતાને જોઇને મોદનને પોતાની જાત પર ગુસ્સો પણ આવી ગયેલો. એણે દાનીને આશ્વાસન આપી શાંત કરી. માના સ્વભાવની બાબતમાં સમજ આપતાં એને વાતોમાં વાળી લીધી.

આ જોઇને તો રોને અધિકત્તર હેરાનગતિ થઇ કે બાળકોની જેમ વાતોમાં પડીને દાની તુરત જ સમજી ગઇ અને પોતાનાં પહેલાંના સાસરિયાંની વાતો એ રીતે સંભળાવવા લાગી કે જાણે આપણા પર પાછી ફરેલી કન્યા પોતાની સહેલીઓને સંભળાવી રહી હોય. અને જાણે આ વાતનું બિલકુલ ધ્યાન નહોતું રહ્યું કે કોની સામે, કેવી વાતો પોતે કરી રહી છે. મોદન દ્વિધામાં પડયો, અડધી રાત સુધી તેની બાબતમાં વિચારતો રહ્યો.

પરંતુ હવે એણે એ બધા વિચારો સૂકાં પાંદડાની જેમ ખેરવી નાખ્યાં. હજુ દિવસ ઘણો બાકી હતો, પરંતુ મોદનને પોતાને અંદર એવો ખાડો પડતો લાગ્યો કે જાણે પોતાને ઘણી ભૂખ લાગી . બચેલું બધું કામ વચમાં જ છોડીને તે ઘરની તરફ ચાલી નીકળ્યો.

માહનું છેવટનું પખવાડિયું. આછોપાતળો તડકો. નમતો સૂરજ ખૂબજ ખૂબસૂરત લાગી રહ્યો હતો. ચઢતા માહની એક સારી વર્ષાની સાથે ક્યાંક ક્યાંક દેખાતાં વૃક્ષો અને ખેતરોની રંગ લીલા ઊઘડી આવી હતી. ટેકરાવાળું ઘરડું વૃક્ષ બમણું જણાઇ રહ્યું હતું. જમણી બાજુ માનાના ખેતરોમાં , સરસવની બે ત્રણ ક્યારીઓમાં એટલાં બધાં ફૂલ બેઠા હતાં કે આખી ધરતી વાંસતી રંગની દેખાતી હતી. આ રંગની આભાથી જોડેના ઘઉં અને ચણા પીળી-લીલા રંગના દેખાતા હતા. મંદ મંદ ચાલતી હવાની લહેરો સાથે જ્યારે સરસવ ડોલતા ત્યારે તેના રંગ અવકાશમા એવી રીતે ચમકતા કે નીલા રંગના અફાટ સાગરમાં મહોરેલા સરસવના રંગની કોઇ નદી સમાય જતી હોય... પરંતુ આ ઉપમા મોદને માત્ર સાંભળેલી હતી. એટલા માટે તે એની કલ્પના કરી શક્યો નહોતો તેથી તો તે આવી ઉપમા છોડીને ખભા પર કોદાળી અને ફરસી લઇને ચાલતો ચાલતો તાજી લીલી થયેલી ધરતીને જાણે આંખોથી ચૂમતો જતો હતો –આ ભાવાનુભવ ખૂબ રોમાંચક હતો. મન ખીલી ઊઠયું હતું.

ક્ષણવાર માટે મોદનને એવું લાગ્યું કે જિંદગી અસાર વસ્તુ નથી. એને આ રીતે જીવી લેવાય તો મનુષ્ય જન્મ સફળ થઇ શકે છે. એણે ઘણીવાર ભજનકીર્તનમાં સાંભળ્યું હતું, 'પરાની તૂ આયા લાહા લેત.'* અને આજે વારંવાર આ જ વાત એને યાદ આવી રહી હતી, જાણે બધો ' લહાવો ' એણે 'કમાઇ' લીધો હોય !

તે ધીમી ગતિએ ડોલતો ગણીગણીને પગલાં ભરતો ભરતો હતો. પોતાના ખેતરોવાળી કેડીની રેત એની નવીનકોર કસબભરેલી મોજડીના તળિયેથી જાણે એનાં તળિયાંને સ્પર્શી રહી હતી. આ સ્પર્શથી આખા શરીરમાં એક ગરમી લાગી રહી હતી. તે વારંવાર પોતાની મોજડીઓની વળાંકવાળી ઊંચી ચાંચ, સોનેરી ભરત ની મોર–ભાત ને બુટ્ટિઓ તરફ નજર કરી લેતો હતો.... એને એમ લાગતું હતું કે જાણે તે વાદળોની સાથે ઊડતો જઇ રહ્યો હોય. વસ્ત્રો પણ પાંખોની જેમ હળવાં, શ્યામ ભૂખરાં અને સુંવાળાં હતાં. બાર વરસ સુધી જે હાડકાં મજબૂત જેલથાણામાં ઘસાઇ ઘસાઇને સૂકી લાકડી જેવાં થઇ ગયાં હતાં, એમના માટે નવી બોસ્કીની આટલી હળવી લુંગી અને ચોકડીભાતના પોપલીનના

* પ્રાણી, અહીં તું કંઇક લેવાને આવ્યો છે.

કુરતાના કોમળ સ્પર્શનો અનુભવ એટલો સુંવાળો સુંવાળો અને નવો હતો કે એની નસોમાં વારંવાર ગલીપચી જેવું થતું હતું. પાઘડીમાં કરેલી તાજી આરની તથા ખાટી છાશથી ધોયેલા વાળોની મિશ્ર સુગંધ એટલી સુખદ હતી કે એનો જીવ એના માટે વધારે ઊંડા શ્વાસ લેવાનો પ્રયત્ન કરતો હતો.

રસ્તાની પાસે પહોંચીને કેડી ખેતરોમાંથી જતી ઊંચા ખેતરો ઉપર ચાલી જતી હતી. ત્યાં પહોંચીને મોદન ક્ષણવાર રોકાઇને ફરી ચાલવા લાગ્યો ધરતી સરસવના પીળા દુપટ્ટાની સાથે લીલો ઘાઘરો સજીને, 'ગિદ્ધ,માં* નાચનારી કોઇ પ્રૌઢ ઉંમરની સ્ત્રી જેવી લાગી, ધારદાર નાક–નકશો, ઘઉંવર્ણો વાન, કાળી ભમ્મર, વિશાળ આંખો, લાંબા પાતળા હાથ–પગ, કંડારેલી દીર્ઘ કાયા ! ચહેરા પર ઉભરાતા ભાવોમાંથી ભોગવેલા ભવના બધા કડવામીઠા રસોનું મિશ્રણ મધનાં ટીપાંની જેમ ઝમતું રહેતું હતું.... એને સ્પર્શવાનું મન થતું નહોતું .... બસ, મન થતું હતું એને જોતાં જોતાં જ ચાલ્યા જવાનું.

...... કેટલી અદ્‌ભૂત વાત હતી ! આજે એને એ જ ધરતી કેવી દેખાઇ રહી હતી ! આ ખેતરોમાં ઘૂમી–ફરીને એણે જીવનનાં વીસ-બાવીસ વરસ વિતાવ્યાં હતાં. પરંતુ ધરતી એને કદી આ રીતે 'સ્ત્રી'ના જેવી જણાઇ નહોતી ..... પરંતુ પછી એની આગળ આ વાત સ્પષ્ટ થઇ ગઇ કે ધરતીના જે રૂપની એણે કલ્પના કરી હતી તે આબેહૂબ દાનીનું રૂપ હતું . અને આ વાત સૂઝતાં જ કોણે જાણે શા કારણે અનાયાસ જ એના મોંમાથી એક નિઃશ્વાસ નીકળી ગયો.

પછી આગળ ચાલતી વખતે મોદને ધીમી ગતિએ પગ ઊપાડતાં, ઊંચી નજર કરીને ગામ તરફ જોયું. આખા ગામની દીવાલો–છજાં સ્વચ્છ, ધોયેલાં–ધોયેલાં–શાં લાગ્યાં. તળાવવાળા ઘરડા વડની સઘન ઘટાની ટોચ પરથી ઊતરતો સૂરજ દરેક મકાનની ટોચ પર પોતાનાં ત્રાંસા કિરણો ફેંકી રહ્યો હતો... પરંતુ કિરણો પાકા ચૂનાથી ધોળેલી મકાનની ટોચોને (ધાબાની પાળીઓને) જુદી જ રીતે ચમકાવી રહી હતી અને કાચી કાળી માટીથી લીંપેલી મકાનની ટોંચો પર વળી જુદા જ પ્રકારની ચમક હતી. મોદનને માટે આ એક અનોખો, એકદમ નવો અનુભવ હતો. આ રીતે એક જ સૂરજના તડકામાં અલગ અલગ રીતે ચમકતી મકાનની ટોચો એણે પહેલાં કદી જોઇ નહોતી.

પરંતુ પછી તે આ ધાબાની પાળીઓનો ખ્યાલ કરવો છોડીને પોતાના ઘરની તરફ જોવા લાગ્યો. ટેકરાવાળા બાવળનો પડછાયો લંબાઇને એના પગ સુધી વધતો ચાલ્યો આવ્યો હતો. એની પાછળની બે–ઓરડીઓના ધાબાની પાળીઓ, બાવળની છાયા હેઠળથી તો સવિશેષ, ચમકતી જોવા મળતી હતી... પરંતુ બારણું ખુલ્લું હતું. 'ભર્યાભાદર્યા ઘરના બારણા ખુલ્લાં જ હોય છે મોદનિયા !' એણે જરા હસીને પોતાની રીતે ઊંચા અવાજમાં કહ્યું.

અને એની સાથે ઘેર જવાની ઝંખના પણ અતિ તીવ્ર થઇ ગઇ. બારણામાં પ્રવેશતાં એણે આખા ઘરને સભર દૃષ્ટિએ નિહાળ્યું, એને અંદર–બહાર બધું ભર્યું–ભર્યું દેખાયું આંગણામાં દોરી પર પાંચ–સાત સાફ ધોયેલાં કપડાં સૂકવવાને માટે નાખ્યાં હતાં, રસોઇમાં

* (પંજાબનું લોકનૃત્ય)

હમણાં હમણાં જ માંજીને રાખેલાં વાસણ ચમકદાર દેખાઇ રહ્યાં હતાં... મોરભાતવાળા ચૂલાની અંદર સળગતી આગની જવાળાઓને કારણે વાસણોનો રંગ તાંબા જેવો દેખાઇ રહ્યો હતો. બંને કોટડીઓનાં ખુલ્લાં બારણાંમાથી અંદર પડેલી નાની મોટી વસ્તુઓ અને કડબ 'સુખી' ઘરના દ્યોતક હતાં... અને આંગણામાં ઢાળેલા ખાટલા પર રમતો ગેલુ....

પરંતુ ગેલુની તરફ જોતાં મોદનને માથામાં એક ઝાટકા જેવું લાગ્યું. ગેલુએ નવું ખમીસ પહેરેલું જોઇ, એ પોતાના પ્રતિસ્પર્ધી જેવો લાગ્યો અને જ્યારે તે મોદનની તરફ જોઇને મલકાયો ત્યારે દિલથી ખુશ થવાને બદલે એણે કંઇક લુખ્ખા અવાજમાં એને જાણે વઢી રહ્યો હોય એ રીતે બોલાવ્યો.

"તારી મા ક્યાં છે, અલ્યા ?"

"મા?" છોકરાએ ગંભીર થઇને આમ તેમ નજર ફેરવતાં કહ્યું, "એતો બહાલ ગઈ છે."

"બહાર ક્યાં ?"

"પણે... બાવલની તલફ."

મોદને ટેકરાવાળા બાવળની તરફ નજર જોડાવી, ત્યાં કોઇ દેખાયું નહીં. છોકરા પછી એક ફાટેલા ચીંથરાનો દડો ગૂંથતો પોતાની રમતમાં ગરકાવ થઇ ગયો.

પછી મોદનને અચાનક ઘર ફરીથી સૂનું સૂનું લાગવા માંડ્યું મા ક્યાં ગઇ ? એને બેચેની થઇ અને એણે પહેલાંથી પણ વધારે કડક અવાજમાં છોકરાને પૂછયું.

"અને મા ?"

"મોટી મા ?.... મા... ખબલ નહી."

પરંતુ ફરી જ્યારે બાવળની તરફ નજર દોડાવી તો હાથમાં ચમકતો લોટો પકડીને દાની આવતી દેખાઇ. મનમાં અનેક ચઢાવ–ઉતાર આવ્યા, પરંતુ જેમ જેમ એ નજીક આવતી ગઇ તેમ તેમ એનું મન સ્થિર થતું ગયું. દાની હજુ ઘરમાં પગ મૂકતી જ હતી ત્યાં મોદને પૂછયું, "મડમસાહેબ, ક્યાં ગયાં હતાં ?"

"વાસણો માંજવા અને કાળી માટી લેવાને માટે." હસીને, ધોળા–ધોળા તંદુરસ્ત દાંતોની હાર ચમકાવતાં અને દુપટ્ટાને ઠીક કરતાં દાનીએ ઠરેલા અવાજમાં કહ્યું. એ ઘર ભર્યું ભર્યું લાગવા માંડ્યું.

"આ રીતે ઘર ખાલી છોડીને ન જવું." એણે બાવળનાં છોડિયાં ઊઠાવીને અંદર લઇ જતાં કહ્યું.

"મોટી મા ઘરમાં જ હતાં ..." એણે આસપાસ નજર દોડાવતા કંઇક અસ્વસ્થતાથી કહ્યું પણ મા દેખાયાં નહીં.

"મા ક્યાં છે દીકરા ? " દાનીએ છોકરાને પૂછયું.

'ખબલ નહીં."

"નિહાલકોર કાકીજીની પાસે ગઇ હશે."

મોદન બાવળનાં છોડિયાં મૂકીને બહાર આવ્યો તો એના મનને બાળકની સાથે

રમવાની ઇચ્છા થઇ. પરંતુ એક સંકોચ એને બાળકની નજીક જવા દેતો નહોતો. કેટલાય દિવસો થઇ ગયા હતા, દાની બાળકની પાસે એને 'બાપુજી' કહેવડાવવાનો પૂરો પ્રયત્ન કરીને થાકી ગઇ હતી ; પરંતુ તે પણ કહેવાને માટે તૈયાર નહીં થયો. આ વધારે નવાઇ પમાડે તેવી વાત હતી. તે હસીને રમવા દોડી જતો હતો. મોદનને એમાં સંકોચ નહીં, પણ અંદરનો કોઇ 'ખાર' વરતાતો હતો, પરંતુ આટલા નાના બાળકની સાથે વળી 'ખાર' શેનો ?

"ગેલુ, બેટા, બાપુજીની પાસે જા." દાનીએ ચૂલાની સામે બેસતાં જાડા કપડાની સફેદ સુરવાળ ખંખેરતાં હસીને પછી કહ્યું, અને એ રીતે પ્રફૂલ્લિત નજરથી મોદનના કંઇક પુષ્ટ થયેલા ચહેરાની તરફ જોતાં અંદરનો સમસ્ત સ્નેહ આંખોથી ઢોળી દીધો. નરી સ્નેહની મૂરત ન સમજો.

બાળક મોદનની તરફ મોઢું કરીને, સ્તબ્ધ થઇને, જાણે કોઇ અજાણ્યાને ઓળખવાની મહેનત કરી રહ્યો હોય એમ દેખતો રહ્યો. મોદને પહેલાં એની તરફ અને પછી દાનીની આંખોમાં જોયું ત્યારે તે ઉદ્દેગમાં પડી ગયો કેમ જાણે હાથપગ જકડાઇ ગયા ન હોય. પરંતુ બીજી જ ક્ષણે, ખબર નહીં કઇ રીતે, એના મને સ્પષ્ટ ફેંસલો કરી લીધો. હાથ લંબાવી, હસીને લાંબા લાંબા ડગલે એ આગળ વધ્યો અને બાળકને અદ્ધર માથા સુધી લઇ જઇને હવામાં ઉછાળવા લાગ્યો, ગેલુનો નીચે લીધેલો શ્વાસ નીચે અને ઊંચે લીધેલો શ્વાસ ઊંચે રહી ગયો; પરંતુ એ વખતે જ્યારે એણે હાથ નીચે કરીને બાળકના પેટને પોતાના માથા પર રાખીને મોઢેથી 'કુત કુત'નો અવાજ કર્યો તો ગેલુ મકાઇના ફૂલોની જેમ ખીલી ઊઠ્યો. અને તેણે એટલા મોટા ને સૂરીલા અવાજમાં ખિલખિલાટ કર્યો કે મોદને એને ત્રણ ચાર વાર એ રીતે ઉપર–નીચે હિલોળીને, એના પેટને ફરીથી માથા પર રાખીને ગલગલિયાં કર્યાં.

આ વખતે મોદને દાનીની આંખો ન જોઇ, એનું ખિલખિલ થતું હાસ્ય પણ સાંભળી નહીં શક્યો. એની કાજળકાળી કીકીઓ ચિનગારીઓની જેમ ભભૂકવા લાગી હતી, અંદરની બધી ચમક જાણે કીકીઓએ હરી લીધી હતી ! કેવી રીતે આ સમગ્ર ભીતર 'સુખનાં આંસુ' બની બનીને સ્વયમેવ બહાર ઝરવા લાગ્યું હતું ! કેવાં આ ખારા અમૃતનાં બિંદુઓ શ્રાવણની વૃષ્ટિ બાદ સરકટની અણી પર ચોંટેલાં ટીંપાની જેમ કંપી રહ્યાં હતાં - આ કોની આંખ જુએ ? ... મોદનની આંખોમાં આ દશ્યનો ઝળહળાટ ઝીલવાનું સામર્થ્ય નહોતું, એટલે એણે ગેલુની સાથે ગેલ કરતી વખતે માત્ર તીરછી નજરોથી જ, બે વાર ડોક વાંકી કરીને ત્યાં જોયું હતું; સીધી નજરે તે નહોતો જોઇ શક્યો.

જ્યારે મા નિહાલીના ઘેરથી પાછી ફરી ત્યારે મોદનનો ઉમંગ કંઇક મંદ પડી ગયો. મા નો ઉદાસ ચહેરો જોઇને કંઇક ખરાબ તો લાગ્યું, પરંતુ તે પોતાનો ઉમંગ કોઇ રીતે ઓછો ન કરી શક્યો. રોટી આપવા ગયો ત્યારે ખાટલાની પાંગથે બેસીને જરા હસતાં તેણે માને પૂછ્યું, "મા, શું હજુ પણ તારું મન ઘરમાં નથી લાગતું ?"

"શું કહ્યું, બેટા ? " મા ક્ષુબ્ધ અવાજમાં બોલી, "ના, હું તો એમ જ ચાલી ગઇ હતી. આખો દિવસ ખાલી ખાલી બેસીને કંટાળી પણ જાઉં છું કામ તો બધું વહુ કરી લે છે. મને થયું થોડું બહાર ફરી આવું."

મોદનને લાગ્યું કે મા જૂઠું બોલી રહી હતી; પરંતુ પછી પોતે જ મનને સમજાવ્યું, "એને જૂઠું બોલવાની કયાં જરૂરત છે ? અને આથી વધારે એને બીજું સુખ મળી પણ શું શકે ?" પરંતુ માની અને પોતાની વાતની ગંભીરતાને મજાકનો પાસ આપીને તે બોલ્યો, "આજ સુધી દુનિયાની પાટ પર કોઇએ સાસુ વહુને બનતું હોય એવું સાંભળ્યું નથી. હવે તમારા લોકોની ખબર નથી."

"ના, બેટા ! એવી તે કંઇ વાત છે ? મેં તો બેટા, પેલી 'રાક્ષસીઓ' ની સાથે જન્મારો પૂરો કર્યો છે, આ તો બિચારી સહેજેય છે જ ગાય !"

મા નો 'ગાય' શબ્દ મોદન કંઇક વિચિત્ર લાગ્યો; અને દાનીની શિકલ-સૂરત બિલકુલ અપરિચિત જેવી લાગી. પરંતુ પોતાની આ કોરી કલ્પના પર એને પછી હસવું આવી ગયું. અને જ્યારે ખાવાનું ખાતી વખતે પણ મા પોતાની બંને નાની વહુઓની નિંદા અને આ 'આણેલી' વહુનાં વખાણ કરતી રહી ત્યારે મોદનને સંતોષ થયો કે તે જૂઠું તે બોલી રહી નથી.

"લે, તને હવે શું ખબર નથી, મોદિયા ? આટલા દિવસ થઇ ગયા, બસ, દુનિયાનું મોઢું સાચવવા માટે ત્રાહિતની જેમ આવીને ઠૂઠી* રૂપિયો આપી ગઇ, એ પછી કદી બેમાંથી કોઇએ આવીને મોઢું દેખાડ્યું છે ? શેના માટે બેટા.....! આવી ખાનદાનવાળાઓની નજરમાંયે કોણ ક્યારે આવે છે ? શું ખબર પોતે પોતાને શું માની બેઠી છે ? તેની ? હવે જોઇ લે. ખબર નથી પેલા છોટુના માથામાં કોણ જાણે કેવીયે રાખની ચપટી ભભરાવી છે કે એને પણ અહીં મોં બતાડવા દેતી નથી. હજી છોટુ તો કંઇકેય ઠીક છે.... બાકી ખરેખર તો જેટલા કજિયા ઊભા થયા તે બધા મોટીએ કર્યા છે. તને કઇ વાતની જાણ નથી ? ખબર નથી કઇ અશુભ ઘડીમાં આ ડાકણે આંગણામાં પગ મૂક્યો' તો મારા રતન જેવા દીકરાઓને પાયમાલ કરી મૂકયા ! "

અને માની આંખો ઊભરાઇ આવી. મોદનને પહેલાં તો આંતરિક રાહત થઇ, પરંતુ બીજી જ ક્ષણે મન ભારે થઇ ગયું. છોટુને કેટલાક વખત પહેલાં જે વાતો કહેલી તે યાદ આવવા લાગી અને એના પર દયા પણ આવી. પછી સજ્જનની સૂરત નજર સામે આવીતો મન ગુસ્સાથી ભરાઇ ગયું. એ વખતે ઊઠીને આંગણામાં આવ્યો. પહેલાં બહારવાળા બારણા તરફ એ રીતે ગયો કે જાણે અંદરવાળા ખંડમાં જઇ રહ્યો હોય; પરંતુ પછી ઢોરવાળી કોટડી પાસે જઇને પાવડાથી છાણ ખસેડવા લાગ્યો.

એ દિવસે મોદનને દાનીને એના પિયરની બાબતમાં, સગાંસંબંધીઓની બાબતમાં જેટલી વાતો પૂછી એટલી પહેલાં કદી પૂછી નહોતી. અને દાનીએ પણ જ્યારે કહેવાનું શરૂ કર્યું તો ન તો એણે પિયરની, ન અગાઉના સાસરાની કોઇ વાત છૂપાવીને રાખી. પરંતુ તે એક વાતથી ખૂબ બેચેન હતો ને તે એ કે દાનીએ ગેલુના બાપની બાબતમાં કશું કહ્યું નહીં. જ્યારે પણ અચાનક એનો ઉલ્લેખ ક્યાંક આવી જતો તો તે એ સમયે એની વાત ટાળી દેતી અને દાનીના બદલાયેલા અવાજનો ફરક તે

* પંજાબમાં વહુને શુકનનો રૂપિયો આ રીતે આપવામાં આવે છે.

પણ પારખી લેતો હતો. છેવટે જ્યારે એના મનમાં કોઇ શંકાએ ઘર ઘાલ્યું ત્યારે એણે સીધું જ પૂછ્યું : "તું એની બાબતમાં કશી વાત નિખાલસ રીતે કહેતી નથી ? હવે ભલા, તે બિચારો શું મારો ભાગીદાર બનવાનો છે ?" દાની ખામોશ રહી. મોહનને લાગ્યું કે એની આંખો ભરાઇ આવી છે. પછી મન પર કાબૂ મેળવીને દીવાલની તરફ મોઢું કરીને, ધીમા અવાજમાં પરાણે બોલી, " હવે એની ચિંતાને ફંફોસવાથી આપણને મળવાનું પણ શું છે ? શેના માટે ખાસ.... ?"

મોદનની નાખુશી ગુસ્સાનું રૂપ લઇ રહી હતી. શક મજબૂત થતો જતો હતો. એણે કંઇક રુક્ષ સ્વરમાં કહ્યું,

"મારે એની પાસેથી કયો લાડવો લેવાનો છે ? ના કહેવા માગતી હો તો ના કહે."

દાની ક્ષુબ્ધ થઇને ગેલુને સરખી રીતે સુવડાવવાના બહાને ઊઠીને બેઠી થઇ ગઇ. તે અંદરની મૂળ વાત પામી ગઇ હતી. ક્ષણવાર તો ખામોશ રહી અને પોતાની અંદરનું બધું દબાવીને મલકતાં બોલી, "લો, તમે તો બાળકની જેમ વગર વાતે જ મોઢું ચઢાવી દો છો. એવી વાત છુપાવીને મારે શું લેવાનું છે ? અને વળી કયાં સુધી હું છુપાવી શકીશ ? અહીં શું છાનું છપનું રાખવાથી દિવસો કપાઇ શકશે ? અને વળી આ રીતે કદી વાતો છૂપી પણ રહે છે ?... હું તો એ રીતે વિચારું છું કે ભઇ, હવે આપણે શા માટે આ પ્રકારની વાતો કરીએ...?"

મોદનનું મન ઠેકાણે તો આવી ગયું, પરંતુ મનમાંથી શક દૂર નહીં થયો. દાનીએ હજી પણ કોઇ વાત જણાવી નહોતી –આ જાણે ફરીથી 'ચરીતર' કરી ગઇ હતી.

પછી આ રાત પણ, પહેલાંની રાતોની જેમ 'કાળી કાળી' થઇ ગઇ. સાંજની બધી ઝળકતી કલ્પનાઓ જાણે ગાયબ થઇ ગઇ. દાની પણ દીવાલ તરફ ખાટલાની તે બાજુની ઇસને વળગીને પડી રહી. ઘાસતેલનો દીવો અડધી રાત સુધી સળગતો રહ્યો. બેમાંથી કોઇએ ઊઠીને હોલવ્યો નહીં. ઘાસતેલ પૂરું થતાં આપોઆપ તે હોલવાઇ ગયો.

સવારે મોદન થાક્યો પાક્યો ઊઠ્યો ત્યારે દાની છાણ–વાસીદાનાં બધા કામથી પરવારી ગઇ હતી. સાફ વાળેલા–સરખા કરેલા આંગણમાં ચઢતા તડકામાં પડેલા ખાટલા પર બેસીને ચાનો ચમકતો પ્યાલો મોઢે માંડતાં એણે દાનીના ધોયેલા–સ્વચ્છ ચહેરા તરફ જોયું તો રાતને અંધારી–કાળી સમજીને ગુમાવી દીધાનો ભારે અફસોસ થયો. "ગમે તે હોય સાલો ફકીર, આપણે શું લેવાનું છે ?" –એણે મનને જાણે કે મનાવતાં વિચાર્યું.

દાની પણ એનો બદલાયેલો ચહેરો જોઇને હવે સરસવનાં તાજાં ફૂલોની જેમ ડોલતી ફરી રહી હતી. એના હાથપગની સ્ફૂર્તિ જોઇ જોઇને મોદનનો બધો ઉદ્વેગ શમી રહ્યો હતો. એને લાગી રહ્યું હતું કે ઊજડેલા ઘરને વસાવવાના બદલામાં તે દાનીની

બધી ખામીઓને માફ કરી શકતો હતો. કોઇ પણ રીતે તે દાનીના મનમાંથી પોતાના તરફનો જે થોડોઘણો ડર હતો તે કાઢી નાખવા ઇચ્છતો હતો. આ ડરની છાયા એણે કેટલીયે વાર દાનીના ચહેરા પર પ્રત્યક્ષ નિહાળી હતી. અને એ ડરની ક્ષણોમાં જ દાનીની ચમકદાર આંખોની આસપાસ અને અંદર ધૂમાડો ખાધેલી ઉદાસી પણ છવાયેલી જોઇ હતી, જે એના સમસ્ત રંગરૂપને ગ્રહણ લગાડી દેતી હતી ! એને આ ઉદાસી ખૂબ દુઃખી કરતી હતી. આની સાથે જ ભયાનક વાત આ હતી કે આ રીતે એને પોતાને 'અપરાધી' હોવાનો ભાવ થવા લાગતો હતો અને શરીરમાં સાપનું ઝેર ચઢતું પ્રતીત થતું હતું. એને લાગતું કે જાણે એની અંદર હજુ પણ કોઇ 'ગાંઠ' બંધાયેલી છે, જે નવી ઉકલતી નથી ભૂંસાતી.... પરંતુ તે આ બધાથી મુક્ત થવા માગતો હતો.

ગામમાં ઘણી વિચિત્ર વાતો કહેવાઇ રહી હતી. લોકોએ એવી વાત પણ ચલાવી કે મોદન અને રૂલદૂ સહિયારી સ્રી લાવ્યા છે. પૈસા રૂલદૂએ ખર્ચ્યા અને તે ઘેર વસી મોદનના. આવું કેમ ભાઇ ? કોઇની પાસે તેનો કોઇ જવાબ પણ નહોતો. કેટલાક વાતોને મશ્કરીનું રૂપ આપી દેતા; કેટલાક શક કરતા અને કેટલાક તે સાચી પણ માની લેતા. પરંતુ આ વાત હજુ નહોતી રુલદૂ સુધી પહોંચી, ન મોદન સુધી. કહેવાવાળા અને બકવાસ કરવાવાળા બધા લોકોને જાણે મનોમન એમની બીક પણ લાગતી હતી; પરંતુ શું એક વાર મોઢામાંથી નીકળેલ હવા કોઇનાયે વશમાં રહી છે ? કોઇક દિવસ જ્યાં એને પહોંચવાનું હતું ત્યાં રંગરૂપ બદલીને વાત પહોંચી જ ગઇ.

''હું ભલા, એ સાલાઓનું લોહી ખોબે ભરીને નહીં પીઉં શું !.... કોઇ સામે આવે તો ખરું !'' રુલદૂ ઢોર તળેની જગા સાફ કરતો સ્વગત આંખો લાલ કરીને બોલવા લાગ્યો હતો. ''કુતરાઓની જાત, બહાર ભસતા ફરે છે. અગર જો કોઇનામાં દમ હોય તો આવે આ એમના જમાઇ સામે. આમ કહીએ તો દુનિયા ભલા, ચાંદા સૂરજનેય કલંક લગાડવામાંથી વેગળી રહી છે શું ? સોળ કળાએ સંપૂર્ણ અવતારો પર આવા લોકોએ કેવાં કેવાં આળ નથી મૂક્યાં ? બે આનાના ધોબીએ મોં ફાડીને કહી દીધું હતું... લો કહો !... કોઇ કોઇનીયે સાલાની જીભ ઝાલી શકે છે ? હા, મજા તો ત્યારે છે, મર્દાનગી પણ ત્યારે છે જ્યારે કોઇ મૂછાળો મોં પર આવીને કહે તો ખરો ! જોજો તો ખરા, એ છોટુ સાલાને ધૂળને પેટ ન ઘાલું તો, હાં !... સામે રુલદૂ છે જીઊણાનો; બિશન ઘાંચીનો ધુલ્લો નથી જે બૈરીને ખૂંચવીને લઇ જવા દઇને પણ ઘાણી ચલાવે. હું તો સાત પેઢીઓના બીજનો નાશ કરી દઇશ... બીજનો નાશ...! અગર અરમાન હોય તો વીંછીના પુચ્છને હાથ લગાડીને જોઇ લે....''

રુલદૂ જાણે મનનો દબાવેલો રોષ અહીં જ ઠાલવી દેવા માગતો હતો; પરંતુ મન પછી પણ હળવું થતું નહોતું. સાંજના વખતે મોદનને ઘેર જઇને, વાત કીધા વિના, એવા રખડેલા માણસોને અહીંતહીંના બીજા જ દાખલાઓ આપીને ગાળો કાઢતો રહ્યો. મોદનને કાને પણ ઊઠતી વાતો ઓછીવત્તી આવી હતી; પરંતુ તે ગરમ થઇને અમસ્તો જ બેકાર વાતોને વધારી મૂકવા માગતો નહોતો. પરંતુ આમ છતાં પણ જેમ જેમ રુલદૂ

વાતો કરતો જતો હતો તેમ તેમ મોદનનો પણ ગુસ્સો જાણે વધતો જતો હતો. છેવટે જ્યારે તે કંટાળી ગયો ત્યારે એણે કંઇક ખીજવાઇને કહ્યું, "છોડ યાર, શું કરવા ખીચડીની જેમ અમસ્તો ખળભળી રહ્યો છે ? જ્યારે કોઇ સાલો મોઢામોઢ ટકરાશે ત્યારે જોઇ લઇશું."

"અરે જુલ્મી ! હું પણ આ વાતને રડું છું." રુલદૂ હજુયે વધારે ઊકળ્યો, "અગર કોઇ સામે આવે તો તો પછી રડવાનું જ ક્યાંથી રહે ? આગલો પાછલો હિસાબ ચૂકતે ન કરી દઇએ ? "

ક્ષણવાર ખામોશ રહ્યા પછી મોદને વાત ટાળીને બીજી તરફવાળી દીધી, "ક્યાંક કોઇ જૂનું બળદગાડું હોય તો તપાસ કરજે."

"બળદગાડું ?" રુલદૂ આશ્ચર્યથી એની તરફ સ્થિર નજરે તાકતો બોલ્યો, "બળદગાડાને માથે મારવું છે ? –તું કેવી જુદાગરાની વાતો કરે છે મોદનિયા ! ભલા માણસ, શું મારે મારી પોતાની બેલગાડીને પોથવી છે ? મારે તો ચાર મણ દાણા થશે, પછીથી ઉઠાવી જઇશ. પહેલાં તારી બધી ફસલ સમેટી લઇશું. બીજું કહે ? –અરે જા, યાર !... કેવી વાતો કર્યા કરે છે તું ?"

રુલદૂ કસાણું મોઢું કરીને, અંદર–બહાર આંટા મારતી દાનીની તરફ જોઇને ખિજાતો રહ્યો. દાનીએ નાનો શો ઘૂમટો કાઢ્યો હતો. એની વાતો સાંભળીને દાનીના મુખના ભાવ પ્રતિક્ષણ બદલાતા રહેતા હતા. આનાથી રુલદૂના મનમાં ઊંડે ઊંડે કોઇ ટાઢક વધતી જતી પ્રતીત થઇ રહી હતી અને જ્યારે 'દાવ લગાવીને' દાની પોતાની હરણ જેવી કાળી કીકીઓ એની તરફ ફેરવતી હતી ત્યારે રુલદૂનું શરીર જાણે જડવત્ થઇ જતું હતું.

...અને એકવાર ને એને વાતો ચલાવનારા લોકો સાચા લાગ્યા. તે સાચે જ 'બેઇમાન' હતો... પરંતુ બરોબર એ વખતે જમણા ગાલ બરછટ હાથથી ઘસતાં, એ ખોંખારો ખાઇને દીવાલની બાજુ થૂંક્યો અને પછી ન જાણે કેવીયે વાતો ને આડી અવળી કરતો ક્યાંનો ક્યાંય લઇ ગયો. કંઇક ગુસ્સાભર્યા અવાજમાં એ બોલ્યો, "માણસને સાલાને કોઇ નીતિ–ધરમ જેવું તો હોવું જોઇએ ! ક્યાંક તો થોડી ઘણી સહિષ્ણુતા–ધીરજ હોવી જોઇએ. અથવા જો ઠેર ઠેર લોકોની ગમાણોમાંના ઘાસચારામાં જ મોઢું નાખતો ફરે તો પછી યાર, એ માણસ તે કંઇ માણસ છે ? હેં ?... આ ભૂરું આકાશ કોના આધારે ટક્યું છે ? જે દહાડે માણસનો નીતિ–ધરમ ડગી જશે તે દહાડે શું ધરતી પર પ્રલય નહીં આવી જાય?... પછી બાકીમાં રહેશે શું ? હેં ?"

અને પછી તે જેટલીવાર સુધી વાતો કરતો રહ્યો ત્યાં સુધી રુલદૂએ માથું ઊંચું નહીં કર્યું. ઘરડાંની જેમ મોદનની સાથે માથું હલાવીને 'હૂં– હાં' કરતો તે કુટુંબની જવાબદારીઓ વિશે ગંભીર વિચારણા કરતો રહ્યો. જતાં પહેલાં કાકી હરકોરને પગે લાગતી વખતે એમની ખબર અંતર પૂછી ત્યાં બહારથી ગોલુ આવી ગયો. એની સાથે લાડ કરતી વખતે એકવાર ફરી પાછળ જોવાનું મન થઇ આવ્યું, પરંતુ મન મજબૂત

કરીને, પૂંઠ ફેરવી અને બારણા તરફ ચાલી નીકળ્યો.

"જી, રોટી થઇ ગઇ છે. ખાઇને જજો." દાનીએ પાછળથી કહ્યું.

આખું શરીર જાણે કંપી ઊઠ્યું; શક્તિ જાણે ખતમ થઇ ગઇ. આગલો પગ ન તો ઉઠાવી શકાયો, ન પાછું ફરીને જોઇ શકાયું. "બસ ભાઇ, ભલાઇ તમારી, –છોકરો રાંધીને બેઠો હશે" –કહીને તે બીજી જ ક્ષણે ઉતાવળમાં ઝડપથી બહાર નીકળી ગયો. મોદનને બારણા પાસે જઇને એને પાછો બોલાવવાનો પ્રયત્ન પણ કરી જોયો; પરંતુ એણે એવી હઠ પકડી કે મોદનનું કશુંયે ન ચાલ્યું.

એ રાતે તે સૂમસામ કોટડીમાં પાસાં ઘસતો, મેલી રજાઇ અને તૂટેલા ગાદલાને વધારે અસ્તવ્યસ્ત કરતો જાગતો પડ્યો રહ્યો. અર્ધી રાત પહેલાં એને ત્રણ વાર ભ્રમ થયો કે કોઇએ આંગણમાં સાંકળ ખખડાવી છે. શરીર પર કપડું પહેર્યા વગર, એમ ને એમ બારણા આ[illegible] આવી 'કોણ છે,' 'કોણ છે' કહીને ગાળો કાઢતો તે પાછો ફર્યો. કેટલીયે વાર દિલ એમ જ, એ રીતે ભરાઇ આવ્યું કે રોકવાનો પ્રયત્ન કરવા છતાં આંખોમાંથી જલધારા વહેવા લાગી. પરંતુ કૂકડાના અવાજ સાથે એનો ગુસ્સો જાગી ઊઠ્યો. પાસે સૂતેલા છોકરાનો ખ્યાલ કર્યા વિના તે ઊઠીને બેઠો અને રજાઇ ઓઢીને, સંકોડાઇને, કંઇક ક્રુદ્ધ અવાજમાં અગડં બગડં બકવા લાગ્યો.

"ફાટ્યા મોંનો... ખસ ફાટ્યા મોંના ! દીસતો રે' તારું ભૂંડાબોલું મોઢું લઇને !... સાલો મારો, આ ઉમરે હવે ગંદકી ચૂંથવા બેઠો છે ! તને શરમ નથી આવતી ? અથવા જો આટલી બેઇમાની હતી તો તને કયા ગોલીનાએ કહ્યું તું કે ભઇ, તું આને ખાતર બે હજાર ફૂંકી માર ? જાતે લઇ આવત... હા લઇ આવતો વળી; કયા સાલાએ એ વખત મને મના કરી હતી ?... કોઇ ઠપકો દેત ? આખી યે દુનિયા એમ કરાવતી ફરે છે, તારો કોઇએ હાથ ઝાલ્યો' તો ?... જો–જો, સાથે જ સાલો જલકોરની ચિતા સંકોરતો ફરે છે !... હા, જો એ મનમાં ઘૂસી ગયેલી છે તો પેલી તારી... સણીજીને કાઢશે કઇ રીતે ?... બસ પછી ? તો હવે આ રીતે કેમ પાછો ફરી રહ્યો છે ? શા માટે પોતે પોતાને છોલી રહ્યો છે ?... સીધી રીતે ભોગવ !... હં...એ જ વાત છે અહીં આવ મારા ભાઇ, સાધુ થઇને !... સમજ... ડાહ્યો થા... માણસ થા..."

રુલદૂએ આંખો લૂછી અને રજાઇમાં પગ લંબાવીને સીધો સૂઇ ગયો. મન ઠેકાણે આવી ગયું એમ લાગતું હતું. ઘણીવાર સુધી તે પછી પોતે પોતાની જાતને દિલાસો આપતો, હિંમત પ્રેરતો બડબડાટ કરતો રહ્યો. પછી માથામાં નિદ્રાનું ઘેન ચઢવા લાગ્યું.

"શું છે, બાપુ ?" એના આ બડબડાટથી છોકરો ગભરાઇને બેઠો થઇ ગયો.

"કશું નથી, બેટા, કશું નથી." નિંદ્રાનું ઘેન ઊતરતાં જ તે શાંતભાવે બોલ્યો, "હું તો અમસ્તો જ... કંઇ નહીં, કંઇ નહીં. સૂઇ જા."

"દિવસ ચઢી ગયો ?"

"ક્યાંથી બેટા ? હજુ તો બહુ વાર છે. સૂઈ જા."

રુલદૂના અવાજમાંના સ્નેહે જાણે છોકરાની સાથે સાથે પોતાના મનને પણ સારી રીતે સ્વસ્થ કરી દીધું હતું અને બે ક્ષણ બાદ ઊંઘ આવી ગઇ.

પરંતુ એ દિવસ પછી ખબર નહીં શું થયું કે મનમાં આ વાતની ગાંઠ પડી ગઇ, જે હવે નતો ઊકલતી હતી કે ન એની ઊકલવાની આશા પણ નજરમાં આવતી હતી. પરંતુ જ્યારે આ પોતાની કમજોરી જ લાગતી ત્યારે તેને ગુસ્સો આવી જતો અને તે એ રીતે અડધી અડધી રાતે ઉઠીને ઢંગધડા વગરનું બકવા લાગતો. એને લાગતું હતું કે કંઇક ફુરસદની મોસમ હોવાને કારણે મન કાબૂમાં રહેતું નથી. કદાચ એટલા માટે જ તે જેટલી અધીરાઇથી આષાઢી પાકની રાહ જોઇ રહ્યો હતો એટલી અધીરાઇથી એણે પહેલાં કદી પણ નહોતી બતાવી. પરંતુ એની અધીરાઇથી સમયની ગતિ જાણે સવિશેષ ધીમી પડતી ગઇ; દિવસ વધારે મોટા થઇ ગયા; રાત્રિઓ વધારે લાંબી અને સૂની થઇ ગઇ.

છેવટે અષાઢી પાકના દિવસો પણ આવી ગયા. લોકોએ સરસવની કાપણી કરીને ખળામાં નાખી હતી. ચણાની કાપણી શરૂ થઇ ગઇ હતી. રુલદૂના ખેતરમાં અઢી–ત્રણ વીઘાં જમીનમાં ચણાની સઘન ખેતી કરેલી હતી. જ્યારે ચણાને પાકેલા જોતો ત્યારે તેનું દિલ ફૂલની જેમ ખીલી ઊઠતું. તે પહેલાં મોદનનો પાક અવેરી લેવા માગતો હતો, પરંતુ ટ્યૂબવેલના પાણીથી વાવેતર થયેલું હોવાને કારણે એમાં હજી વાર હતી. તેથી બંનેએ મસલત કરીને પહેલાં રુલદુના ચણાને જ જઇને અર્ધો દહાડો આપ્યો. એ બંનેએ એટલી ઝડપથી ભૂતની જેમ કામ પૂરું કરી દીધું કે આખું ગામ અચંબામાં પડી ગયું.

... અને ઊડતી ઊડતી વાતો વેગીલા વંટોળને આંધીઓ થઇ થઇને ઝઝૂમવા લાગી. કેટલાયે લોકો તેમને પાંખોવાળા, પ્રત્યક્ષ રૂપે 'ઊડતી' પણ બતાવી !

આષાઢી પાક લઇ લીધો તે પછી બંને જણા વારાફરતી રુલદૂના ખખડધજ ગાડામાં અનાજ ભરીને મંડીમાં લઇ ગયા. પહેલાં મોદને નવસો રૂપિયા રુલદૂને પકડાવતાં કહ્યું, "લે, ભાઇ, આપણી ગીરવી જમીન તો હવે છોડાવી લે અને જો કંઇ વ્યાજ પણ લાગ્યું હોય તો પણ લઇ લેજે. બાકીના શિયાળાના વખતે તો ખરા જ, અથવા પછીના આષાઢી પાકમાં તો કોઇ પણ રીતે..."

પરંતુ નોટોની તરફ જોતાં રુલદૂને ગુસ્સો આવી ગયો. થોડો ગુસ્સામાં બોલ્યો, "ભાઇ, સિંહ, આ રુલદૂ છે, જીઊણાનો !... તું મારા વિશે શું ધારીને બેઠો છે ? મૂંગો મૂંગો ખિસ્સામાં નાખી દે."અને આ પછી ક્ષણવાર મૂંગો રહીને બદલાયેલા અવાજમાં બોલ્યો,

"આ પૈસામાંથી આ વખતે જૈતોની હાટમાંથી એક નગૌરી બળદ લાવીશું, અને એની સાથે જોડીશું આપણો નાનો વાછરડો તને ખબર છે જ કે ભોળો તો અત્યારે

એકદમ અટકી ગયો છે. જ્યારે તારી પાસે વધારાના હોય ત્યારે મારાવાળા સાથે બીજા તારી મરજી પ્રમાણે મને પાછા વાળી દેજે, સાંભળ્યું ?... હાં."

મોદને સાંભળ્યું, પણ એનું દિલ ખુશ થયું નહીં. તે દુનિયાની ચર્ચાનો વિષય થવા માગતો નહોતો. અને હવે એનું ઘર મંડાઇ ગયું હોય તો પછી શા માટે રુલદૂ પર બોજો રહેવા દે ? પરંતુ રુલદૂનો આગ્રહ ટાળવો એ પણ કોઇ નાની વાત નહોતી. બસ, આ જ વિચારે તે ચૂપ થઇ ગયો.

પછી એક દિવસ મોદને બેઠાં–બેઠાં કોઇ વાત છેડી તો રુલદૂ એને એવા ભેદ બતાવવા લાગ્યો કે જેનો હજી સુધી મોદનને સ્વપ્નેય ખ્યાલ આવ્યો નહોતો.

"ભાઇ, બાકીના બધાંય લોકો દુકાનોમાં અનાજ પધરાવી આવી, લેવડ–દેવડ પતાવીને ખાલી થઇને બેઠા છે, જ્યારે 'આપણે દોસ્તોએ' તો હજી સુધી એક પણ દાણો નથી વેચ્યો. નથી મીરાબે વેચ્યો. સદ્ધર છે ને ! હવે મોંઘવારીની આશા રાખીને બેઠા છીએ. સજ્જન અને છોટુ ને આ વખતે પાંચસો મણ થયા હશે. અને સાંભળ્યું છે કે અઢી ત્રણ હજાર મણ પેલા સાલા ઘણાને ત્યાં થયા છે. બે ટ્રોલી ભરીને તો વેચી પણ આવ્યા છે, પણ..."

"ખરેખર, તને એક બીજી વાત જણાવું... આ વખતે સાંભળ્યું છે કે સજ્જન અને છોટુ પણ જુદા થવાની વેતરણમાં છે. આમ પાકી રીતે તો ખબર નથી પરંતુ સાંભળ્યું છે કે ઝઘડો એ વાત પર જામ્યો છે કે સજ્જન ઘણાના છોકરાઓ સાથે પાકી ભાગીદારી માં પડવા માગે છે, જે એક નવો ટ્યૂબવેલ લાવવા માટે છે. લોકોનું કહેવું છે કે બંને ઘર ભેગાં મળીને લેશે... સજ્જનની ઇચ્છા તો એમની સાથે ટ્રેકટરમાં પણ ભાગીદારી કરવાની છે."

"તને ક્યાંથી ખબર પડી" મોદને બેચેની અને શકથી પૂછ્યું.

"લે, અરે સાધુરામ ! ખબર પડવામાં તે આવી વાતો કંઇ છૂપી રહે છે ? કહે છે ને – "

ઇશ્ક, મુશ્ક, ખંગ, પાન માલણે
*ગુઝઝે ના રહણની જહાન માલણે**

"ઘેલા, આ કંઇ કુલડીમાં ગોળ ભાંગવાવાળી વાત છે ? આપણી આગળ તો સજ્જન પણ અને ઘણાના છોકરાઓ પણ ખૂબ સમજુ બનીને ફરે છે; પરંતુ દુનિયા શું એવા ઢોરોની જેમ જ હરે ફરે છે ? લોકો તો પાતાળમાંથી વાત કાઢી લાવે છે. બે બોલ ત્યારે, આ વાતોની તો મઘ્ઘર બોલે જેવાનેય જાણ છે –આમ તો તે બિલકુલ બુદ્ધુ છે, દુનિયાની–જગતની કશી ગતાગમ જ નથી –છે કંઇ ?"

આનો અર્થ એ થયો કે મોદન તો મઘ્ઘરથી ગયો, જેને આ વાતોની ગંધ તો બાજુએ રહી, કશો ખ્યાલ સુદ્ધાં આવ્યો નહોતો.

મોદનને લાગ્યું કે તે ગામમાં પાછો આવ્યો ત્યારથી લઇને આજ સુધી ઉજ્જડ

* હે માલણ, ઇશ્ક, સુગંધ, ખાંસી અને પાન સાથીઓ, દુનિયામાં છાનાં રહી શકતાં નથી.

જગાના જાનવરની જેમ, દુનિયાથી વેગળો રહ્યો હતો. ગામની ખરેખર એને કશી ખબર નહોતી. કોઇને ત્યાં વિવાહલગ્ન હોય, બેસણું હોય, તે કોઇ ને ત્યાં, કદી પણ ઉપસ્થિત રહ્યો નહોતો; મા ત્યાં જઇ આવતી પરંતુ માની સાથે પણ બેસીને એણે કદી પણ પહેલાંની જેમ વાતો કરી નહોતી. રુલદૂ કોઇ નાની–મોટી વાત કહેવા લાગતો તો તે કોઇ દિલચસ્પી નહોતો દેખાડતો અને જે દિવસથી દાની આવી હતી ત્યારથી તો તે બિલકુલ જાણે પોતાનામાં જ ખોવાઇ ગયો હતો. ઘેરથી ખેતર અને ખેતરથી ઘેર, અને ત્રીજું રુલદૂનું ઘર. આ સિવાય કોઇ ચોથી જગાએ તે જતો નહોતો. એટલે અચાનક એને આજે થયું કે પોતે મરેલાંઓના જેવો થઇ ગયો છે. જીવતા માણસો શું આવી રીતે ખૂણામાં બેસીને દિવસો પૂરા કરે છે ?... 'પરંતુ પુત્ર તો પાલાનો જ છું'– જે સૂમસામ ટેકરા પર ઘર કરીને આ રીતે 'દહાડા કાઢવાને માટે' આવીને રહ્યો હતો... અને એને લાગ્યું, બાપ જે ગાડાની ધૂંસરી પર બેસીને, થાકી–કંટાળી ચિરનિદ્રામાં પોઢી ગયો, તે ઉઠી જતાં એ જ જગાએ મોટા છોકરાને બેસાડી ગયો હતો અને ગાડું એ ચીલા પર ઢીંચૂક–ઢીંચૂક ગબડી રહ્યું હતું...

"તું સમજે છે, ભાઇ–બાપ–દાદાની ઇજ્જતનો ખ્યાલ રાખવામાં આવે એ શું કંઇ જરૂરી છે ?" રુલદૂ જરા હસીને વાતને મજાકની તરફ લઇ જઇ રહ્યો હતો, "હવે ક્યાંકથી પણ ચીલાઓને તોડવા તો રહ્યા ને !... જો અમારા જેવા તોડફોડિયાઓ બાપદાદાનું માન સાચવીને એ ચીલે ચાલ્યા જાય છે તો ભઇ, એવું કરવાનો બધાએ તો ઇજારો નથી લીધો ! જો, મોટા લોકોની સાથે સંબંધ બાધીને તો આખા ગામમાંથી આપણા આ સજ્જન સિંહો સારી જમીન પોતાના નામે કરાવી લીધી– એકદમ કાળી મેશ જમીન છે, ભેંસના માથા જેવી ! બાકી એ લોકો પાસેથી રંગઢંગ શીખીને હવે દાડમ–જામફળના થોડા છોડ રાપીને પાણીનો પુરવઠો વધારાવી લીધો. જે થોડીઘણી રેતીલી જમીન હતી એને ભાઇબંધોના ટ્યૂબવેલનું પાણી મળી જાય છે ! બાકી, નિરાંતે જોઇ લો,– ભઇ, તમે લાંબું નહીં વિચાર્યું– એમાં તો હવે પોતાનાં જ ખરાબ કર્મોને કારણભૂત સમજી લો. નહીંતર આપણે ત્યાં નવનિધિ અને અઢાર સિદ્ધિઓ ના થઇ જાત ?"

રુલદૂ મલાવીને વાત કરતો હતો. મોદનને એ ક્ષણે શંકા ગઇ હતી કે રુલદૂ એના મનમાં ભાઇઓ વિરુદ્ધ ઝેર ભરી રહ્યો છે. પરંતુ એણે પોતે જ મનને ફિટકાર દીધો, "અરે, પાપી ! આ એ માણસ છે જેણે તને એમનાથી પહેલાં કોટે વળગાડ્યો છે... તારું ઘર વસાવી આપ્યું છે. તું એના પર શક કરે છે ? અને તારી આંખો તો ફૂટી ગઇ નથી ને ? આ જે કંઇ કહી રહ્યો છે એને તો ગામનું છોકરું સુદ્ધાં જાણે છે હવે જો તું પોતે જ આંધળો થઇ ફરતો હોય તો કોઇ નો શું દોષ ?..."

આ વિચારમાં પડેલા મોદનને એવું લાગ્યું કે તે આ રીતે મરીને જીવતો નહીં રહી શકે– 'હાલતું–ચાલતું શબ કદી જીવતું હોય છે, ભલા ?'

એ રાતે મોદનને ફરીથી નિદ્રા ન આવી. પરંતુ આજ, પછી કાલ, એમ દિવસો

જતાં કાલ અને એનું મન ફરીથી સ્વસ્થ થઇ ગયું. ગુસ્સો આવતો તો તે મહામુશ્કેલીએ શાંત કરતો હતો. લાગતું હતું કે જો આ વખતે તે સરકી જશે તો એનાથી પછી સાચવી શકાશે નહીં. તે જાણે કોઇ ગગનચુંબી વૃક્ષની ટોચ પર ઊંધી રાખેલી તલવારની ધાર પર ચાલી રહ્યો હતો– જરા પણ પગ લપસી જાય તો ચૂરેચૂરા જઇ જવાય. બીકનો માર્યો તે ઊંચી નજર પણ કરતો નહોતો. આંખો તીક્ષ્ણ ધાર પર જ ટકી રહી... પરંતુ આ બીક પણ દુ:ખદ અને ઉદ્વેગ ભરી હતી. આ રીતે પણ કયાં સુધી ચાલશે ? – 'ચાલો, જેટલો વખત ચાલતા રહી શકાય, જેટલો વખત સાચવી લઇ શકાય...'

દાની ભારે પગે થઇ હતી. એની સૂકી પાંસળીઓ ભરાઇ આવી હતી. ચહેરો–મોહરો લખલખી રહ્યો હતો. દૂધની અછતને કારણે આખો શિયાળો એણે ખૂબ તંગીથી પસાર કર્યો હતો, આમ છતાં પણ દાનીના ચહેરાનું તેજ ઘટ્યું નહોતું; બલકે પહેલાંથી કંઇક વધ્યું જ હતું.

"આ વખતે હાટમાંથી એક ભેંસ ખરીદી લાવીએ, મા ?" મોદને એક દિવસ દાની સાંભળે એમ માને પૂછ્યું.

"અત્યારે તો બેટા દૂધાળાં ઢોર બહુ મોંઘા હશે" માએ પોતાના સ્વભાવ અનુસાર પહેલેથી જ અવરોધ ઊભો કર્યો. દાનીએ પણ કશું ન કહ્યું.

મોદન મૂંગો રહ્યો, પરંતુ એ પછી એણે કોઇની સાથે મસલત નહી કરી. પશુમેળો ભરાયો તે દિવસે તે રુલદૂનો સાથ લઇ એક વાછરડાવાળી ગાય અને એક દેશી બળદ ખરીદી લાવ્યા અને બીજે દિવસે આંગણામાં ઢોરવાળી જગા ભરી–ભરી દેખાવા લાગી. મોટા પરિવારવાળું ભર્યુંભાદર્યું ઘર !

"યાર, ઢોર વિના શું જાટનું ઘર રૂડું લાગે છે ?" પાંચ સાત દિવસોથી રુલદૂ જ્યારે પણ આવતો, સૌથી પહેલાં આ વાત કરતો હતો; "હવે જો, વાત જામી ને ! અરે કાકી, આસો મહિનાની હાટમાંથી આ વખતે અમે લોકો ભેંસ લાવીશું, ખૂબ દૂધાળી. અધમણ દૂધ આપે એવી– તમે આ વખતે 'ના' નહીં પાડતાં !"

પહેલે દિવસે આ વાત સાંભળીને હરકોરને બહુ ખરાબ લાગ્યું. જાણે એના માથાપર કોઇ દોષનો ટોપલો ઓઢાડી રહ્યું હોય એવો ભાવ એને થયો. કંઇક રુક્ષ અવાજમાં બોલી, "લે, ભલાદમી, હું કોણ છું ના પાડવાવાળી ? મારું હવે કંઇ જોર છે ? –અને વળી આ કામમાં હું ભૂંડી ના શા માટે કહું...?"

અને અલગારી રુલદૂને એ વખતે બધી વાતનો અંદાજ આવી ગયો. વાત ટાળીને તેણે હસી દીધું. પછી તે કેટલાક દિવસ મોદનને ઘેર આવ્યો નહીં– ક્યાંક વાત આમથી તેમ વધી ન જાય.

હજુ ખરીફ પાક તૈયાર થયો નહોતો. મોદનની જે બે–અઢી વીઘાં જમીનની પાસેથી પાણી જતું હતું, એમાં તો પહેલેથી કપાસ વાવી દીધેલો હતો, પરંતુ ચોમાસુ ખેતીનો બધા આધાર વરસાદ પર હતો. વરસાદ આવવામાં આ વખતે કંઇક વિલંબ થઇ ગયો હતો. જ્યારે મોદન ખેતરમાં જતો ત્યારે સામે ઘણાના છોકરાઓનો

ટ્યૂબવેલ ચાલતો જોઈને એના મનમાં પહેલાં એક ઉત્કટ લાલસા પેદા થતી, પરંતુ તે સાથે જ આંખોમાં ખુન્નસ ચઢી આવતું હતું. આ વખતે કોણ જાણે શાથી રુલદૂ પર એટલો ગુસ્સો આવતો હતો કે તાત્કાલિક તો કશું યાદ નહોતું રહેતું. પરંતુ એક દિવસ અચાનક ખ્યાલ આવ્યો તો તેણે ખેતરેથી પાછો ફરતાં સીધો રુલદૂના ઘેર જઈને તેનો કેડો પકડયો.

''અરે ! મોટા 'મામલતદાર' તમે જે ટ્યૂબવેગ રવી પાકથી પહેલાં પહેલાં કરાવવાના હતા એની નળી કેટલી લાંબી રાખશો ?''

રુલદૂએ આંખો ઢાળી દીધી. પળવાર બાદ દોષિતની જેમ જવાબ આપ્યો, ''ભાઈ, ગાયના સોગંદ. તને પૂછ્યા વગર બધી વાતનો પત્તો મેળવ્યો હતો મેં. એ સસરીનાઓ પહેલાં તો લાંચ માગે છે. કહે છે કે લોન પછી આપીશું. મે પૂછ્યું,'આ પહેલા અઢી હજાર શી બાબતના ?' તો કહે છે,'અમારી દીકરીઓનાં તાવીજ, માદળિયાં, કડીઓ વગેરે ઘરેણાં ઘડાવીશું !...' મેં ધાર્યું ઠીક વાત છે, જ્યારે અમારા સકંજામાં આવશો ત્યારે ખબર લઈશું !... ભાઈ, જ્યારે લેવડદેવડનો સંબંધ ઊભો થાય છે ત્યારે જ માણસની પિછાણ થાય છે –વહુની જેમ ઓછું આની સાથે પહેલેથી પનારું પડેલું ? મેં વિચારેલું કે વિનંતી બિનંતીથી કામ થઈ જશે, અથવા પછી સો–પચાસ ગજવે ઘાલીને કામ કરી દેશે. પરંતુ, ત્યાં તો પેલા નાના સાલા મારા, મગરમચ્છોની જેમ મોઢું ખોલીને બેઠેલા છે... તું એક બીજી વાત જો, જેમને ત્યાં આગ લગાડતાં યે લાગતી નથી (જેમને જરૂર નથી) એ મોટાભાઓને ઘેર તો પોતે જઈને નળીઓ નાખતા આવે છે –આ 'મોટા ભાણે માટો લાડુ' એના જેવી વાત છે. એમનો જરાય ડર હોય છે ? ના ભાઈ, સરકાર એમની, દરબાર એમનો, કોઈ મોટા પ્રધાન લઈ આવે તોય શું ? કોની માને માસી કહેશે ? નકામા પાછળ કાદવ ઉડાડતા ફરે, એ કરતાં પહેલેથી જ એમનું ચુપચાપ કામ કરી દેવું. આપણા જેવાઓનો એમને શેનો ડર હોય ? મામલતદારને ત્યાં અરજી આપવી હોય તોયે પેલો સાલો બે બદામનો અરજી લેનારો કારકુન જ પોણા ત્રણ માંગી લે છે– ત્રણ પૈસાનો કાગળ અને દોઢ પૈસાની શાહી થી ત્યાં જ ઊભો ઊભો બે પૂંછડિયા અક્ષરો ઘસીવાળીને ઉશેટે છે... અરે ભલાઆદમી ! હવે કહે કે આ તે કોઈ ન્યાય છે, ભલા ?... વાહ ગુરુ... વાહે ગુરુ !''

ક્ષણવાર મૌન રહીને રુલદૂ ડમરુની જેમ માથું હલાવીને અવરુદ્ધ થતા અવાજમાં બોલ્યો,''ભાઈ, કામ તો ત્યારે પૂરું થાય છે જ્યારે આપણે કફન બાંધીને એમના ગળે જઈને પડીએ ત્યારે. તો પછી જોઈ લે 'કાકા કહેતા ન ફરે તો. પછી તો ડરના માર્યા જાજરૂ જતાંયે જોશે કે પહેલું કોણ બહાર નીકળે છે !... ટ્યૂબવેલ શું, પોતે જાતે ઘરોમાં આવીને વીજળીના ગોળા ન લગાવી જાય તો પછી જોજે, હં...! તને આંખ સામે એ જોવા મળશે. કામ તો આ રીતે થાય છે, ભાઈ સિંહ...''

રુલદૂએ વાતવાતમાં એને ડંખ મારી દીધો હોય એવી લાગણી મોદનને થઈ. આવા પ્રસંગોએ રુલદૂ એને ઘણો ખરાબ લાગતો હતો. પરંતુ તે સાથે દયા પણ આવતી

હતી. આવી દયા પછી પ્રેમ પણ ઊમટવા લાગતો હતો, અને તે 'જા, સાલા ગપ્પાં' કહીને એને ઝાટકતો અને માફ પણ કર્યા કરતો હતો.

રૂલદૂએ એક જ નજરમાં મોદનના ચેહરાને પારખી લીધો હતો. વાતોમાંથી વાત કાઢી તે ઠાંસથી બોલ્યો,"પરંતુ તું ચિંતા શેની કરે છે ? – તું જોતો રહે, એકવાર કેવો રંગ ઊઘડે છે તે. અરજી માટે મેં કહી રાખ્યું છે, હવે બસ, આ વખતે સીધા જઇને ડી.સી.ની સામે રજૂ થવું છે. અને એ પણ જો કંઇ અરિયાંગરિયાં કરશે તો પછી જઇશ પ્રધાન પાસે– આપણા બચનાને સાથે લઇને. ત્યારે તો સાફો બાંધીને વૉટ લેવાને સામે ચાલીને આવ્યા હતા, હવે જોઇશ કેવા ફરે છે !... લે, આ આપણી વાત તું યાદ રાખ કે આ વખતે ઘઉંને એનું પાણી મળશે, એ માટે ભલે જાન વેચવો પડે, હાં."

મોદનને ફરી ગુસ્સો આવ્યો." જોઇશું, ભાઇ સાહેબની વાતોથી કેટલી ઉંમરમાં પરણાય છે તે."– કહીને તેણે હસતાં હસતાં વાત પૂરી કરી.

આમ તો રુલદૂની વાતોથી ખરેખર એના મનને ઉત્સાહ મળતો હતો. આ વખતે પણ એણે કલ્પનાના શીશમહેલ બનાવવાના શરૂ કરી દીધા. ક્યાંક ટ્યૂબવેલ લગાવીને, નવા ઘઉંનો બમણો પાક આપે તેવું બિયારણ લાવીને, નવી જંતુનાશક દવાઓ છાંટીને, વિલાયતી ખાતર આપીને તગતગતા ઘઉં લહેરાતા દેખાવા લાગ્યા... ક્યાંક ઘરમાં હાથણીઓની જેમ ડોલતી બે ભેંસો અને નાગોરી બળદોની જોડી દેખાવા લાગી ! અનાજ અને ઘાસચારાથી અંદર બહાર ઘર બધું ભરેલું દેખાવા લાગ્યું. આ ઘરની સામે ગર્ડરોવાળો દરવાજો અને પાછળ પાકી ચણેલી કોટડીઓ પણ નજરે ચઢવા લાગી. અને ખુલ્લા આંગણમાં રમતું બાળક ! એ પછી નિશાળે જતું, પછી મોટું થઇને 'જમણો હાથ બનતું' અને કુટુંબની જવાબદારી સંભાળતું દેખાયું... અને સૌથી ઉપર, શિખરે દાનીની ચમકતી આંખો અને સ્વચ્છ ચમકતો ચહેરો. ચાંદ–તારાની જેમ ઝળહળ ચમકતો જણાયો.

મોદનને ઘણીવાર સુધી, કેટલાય દિવસો સુધી આ કલ્પનાનો નશો ચઢેલો રહ્યો. જ્યારે શ્રાવણ આવતાં જ પ્રથમ વર્ષા થઇ ત્યારે લૂખી, તરસી ધરતી પાકા ફળની રીતે સુગંધ ઝમતી મધમધવા લાગી અને એનો આ નશો બમણો–ત્રમણો થઇ ગયો. જમીન તૈયાર થતાં જ રુલદૂના બળદ લાવીને જે દિવસે હળ જોડ્યું ત્યારે જાણે એક આખો જન્મ નરક ભોગવ્યા પછી પહેલી વાર, ઊંચી હલકે મિરજા*ની કવિતા ગાઇ. એનો અવાજ રુલદૂએ એક કોસ દૂરથી સાંભળ્યો તો તે ફૂલની જેમ ખીલી ઊઠ્યો.

એ દિવસે સાંજે, પેલા બંનેએ સાથે મળીને નક્કી કર્યું કે આ વખતે રવી પાકની ખેડ સહિયારી કરીશું વાત રુલદૂએ છેડી અને મોદનને તે જચી ગઇ. અને રુલદૂએ ખમચાયા વિના બધી વાત પ્રગટ કરી અને અંતમાં વાત પૂરી કરતાં કહ્યું,"દેખ, સો હાથનું દોરડું હોય પણ ગાંઠ છેવાડે હોય છે. ઝઘડા બધા હિસાબ–કિતાબ પર થાય આવીને ઊભા રહે છે, અને હિસાબકિતાબ ત્યારે ખરાબ હોય છે જ્યારે હૃદયોમાં મેલ

* પંજાબની જાણીતી પ્રેમ-કથા 'મિરજા-સાહિબાં'

હોય છે. જ્યારે એવી કોઇ વાત જ નથી તો આપણે તકરાર થશે કઇ વાતે ?"

છેવટે વાત બહાર તો પડવાની હતી. જ્યારે વાત બહાર પડી ત્યારે આખું ગામ ચર્ચા કરવા લાગ્યું

"ભગવાનની લીલા છે, દોસ્તો !" ચોરામાં માહલુ 'ચતુરે' કહ્યું, "કહે છે કે એક વાર મરદાના અને બાબા નાનક જઇ રહ્યા હતા. મરદાનાને ત્રણ કૂવા દેખાયા. પહેલાં કૂવાનું પાણી સાથેના કૂવાની ઉપર થઇને ત્રીજા કૂવામાં પડી રહ્યું હતું. એણે પૂછ્યું, 'હે સાચના બાદશાહ, આ શું કમાલ છે ?' બાબાએ કહ્યું,'ભાઇ મરદાના આ બધી કલયુગની કમાલ છે. આવું જ થયા કરશે.' જોઇ લો, સાફ આંખે જોઇ લે... ગજબ નથી સજ્જનો ! સગા ભાઇઓનાં મોઢાં અલગ અલગ અને ત્રાહિતની સાથે ભારે...! ઠીક સાચના બાદશાહ ! તારી કળા તું જાણે !"

પરંતુ એ સર્વજ્ઞની કલાના ભેદ શોધવાવાળા ગેબમાંથી ઓછા ઊતરતા હતા ? તેઓ તો અહીં ચોરામાં બેઠા હોય છે અને આ રીતના 'જાણભેદુ' નંદુ ખંડેએ મોઢું વાકું કરીને માહલુને સંભળાવી દીધું,"સિંહ દીકરા, કેમ હજુયે અંધારાનો ભાર લઇને ફરો છો ?... અરે , હવે ભલા, આ પણ કોઇ છાની વાત છે ? જેમ જેમ વંશ વારસો વધતા જાય તેમ તેમ જમીન ઘટતી જવાની. તારા બાપની પાસે ત્રણ હળની ખેતી હતી; તારી પાસે એક જ હળની રહી ગઇ છે. હવે આગળ પર તારા પાંચેય છોકરાઓ ભાગ વહેંચશે તો દરેકને ભાગે પોણા ચાર ચાર આવશે. આવશે કે નહીં ? પછી પણ ભાઇ, જાટને ગુજારો તો આ માટીથી જ કરવાનો છે. શું કરે માણસ ? બધી હેરાફેરી કરીને, કોઇ મહેનતુ ને ચાલાકની સાથે મળીને દિવસ પૂરા તો કરવા જ પડે છે... અને તમારા લોકોના જમાનામાં જેમ ભાઇઓ હતા, એવું આજે નથી. તમે લોકો તો 'ભાઇ–ભાઇ' કરીને પરસ્પર પોતાની ચામડી ઉતરાવતા રહેતા હતા. હવે માણસ વિચારે છે કે દરેક જણ 'ભાઇ–ભાઇ' કહીને અને મીઠો–વહાલો થઇને બીજાને ચામડી ઉતારી લે છે, અને કોઇ જો ઓલિયો હોય તો એની તો મફતમાં જ કલાઇ થઇ જાય છે. એવી શરાફતને શું કોઇએ મધ મેલીને ચાટવી છે ? દુનિયા હવે વિચારતી થઇ છે, ચતુર થઇ ગઇ છે. તમે લોકો બુદ્ધુ હતા, ચામડી ખેંચાવતા જતા હતા; હવે આ રીતે કોઇ ચામડી નથી ઉતરાવતું. હાં. અને પછી તમે લોકો વાતોના વડાં કરતા બેસો છો કે ત્યારે આ હતું ને આ રીતે થતું હતું. અમારો જમાનો સારો હતો..."

"હા, સારાને કંઇ સીમા હતી ?" આ રીતે એક બાજુ ચતુર પરતાપ ઝીપુએ વાતને વિવાદનું રૂપ લેતી જોઇ એને મજાકનું રૂપ આપી દીધું,"એમના જમાનામાં તો એટલા 'શાણા' લોકો હતા ભઇ, કે ક્યાંક ઇંટો ચણાતી હોય તો ત્યાં ગારો લાવવા માટે એક માણસ ઉઘાડી પીઠ કરીને, પીઠ પાછળ હાથોને બાંધીને ગારાવાળાની સામે જઇને નમીને વાંકો ઊભો રહેતો હતો. સામેનો માણસ પાવડા પર મરજી મુજબ ગારો લઇને એની પીઠ પર ઠાલવતો. ગારો લઇ જનારો નમીને જ પાછો ફરતો હતો અને

ઇંટો ચણનારા આગળ પહોંચીને સીધો થઇ જતો હતો. અરે... ભલા, કોઇ તો એ 'શાણા' ઓને પૂછે કે ભઇ, શું તમે ટોપલાને બે હાથા જડી દઇને એના પર ગારો લઇ જઇ શકતા નથી ? અથવા અરે ભલાદમી ! ગારો નાખતી વખતે માણસને કમર પર કંઇ વાગી થાય અથવા ગારામાં કોઇ રોડું, કાંટો કે ફાંસ હોય અને તે ગદાઇ જાય તો પછી જોવા જેવી થઇ જાયને ! પરંતુ આ તો'શાણાઓ' હતા ને !... જો કોઇ અક્કલ આપતું પણ હશે તો એનું ગળું દબાવવાને એ લોકો તૂટી પડતા હશે..."

"આ રીતે તો આ 'શાણાઓ' એ સ્તો, જ્યારે નવી નવી રેલગાડી ચાલુ થઇ હતી ત્યારે કોઇ ગામમાં એક 'ભંગી શીખ' ને માર મારી મારીને પૂરો કરી નાખ્યો હતો; કેમ તે ક્યાંક રેલગાડી જોઇને બતાવી બેઠો કે 'એક ગાડી વગર બળદોએ પણ ચાલે છે.' આ 'શાણાઓ' એ તો પહેલાં એને ગાળો દીધી; પછી જ્યારે તે હઠ કરીને ચર્ચા કરવા લાગ્યો ત્યારે એને ગળામાં સાફો નાખીને મારી નાખીને જેવા ગામમાં ઢસડવા લાગ્યા કે પેલા બીચારાનો ખાત્મો થઇ ગયો. પછી એમણે પંડે જઇને રેલ પોતાની આંખોએ જોઇ, પરંતુ પછી પણ માનતા નહોતા. કહેતા હતા, 'એના એન્જિનમાં ક્યાંક બળદ જોડ્યો હશે... લો, સાંભળી લો આ શાણાઓના 'શાણપણ'ની વાતો કેમ ?... હદ થઇ ગઇ કે નહીં ?"

અને માહલુ કાગડાઓથી ઘેરાયેલા ઘુવડની જેમ આશ્ચર્યચકિત થઇ બેઠો બેઠો ક્રુદ્ધ અને નફફટ થઇને 'વાહ, વાહ' કરતો રહ્યો; પરંતુ આજના જમાનાની સામે એનું કાંઇ નહીં ચાલ્યું આ 'શાણાઓ' અને જમાનાનું સંઘટ્ટન કંઇ નવી વાત નહોતી. ગામના દરેક ડોસાને, દરેક જવાનને એનો પોતપોતાનો અનુભવ હતો. આ નવી વાત તો એ હતી કે જે લોકો આ જમાનાના અગ્રેસરો હતા તેઓ આને સ્વીકૃતિ આપતા નહોતા. જ્યારે માહલુ જેવા બુઢ્ઢા–બુઝૂર્ગને વચમાં ઢસડવો હતો ત્યારે તેઓ સેંકડો વાતો બનાવીને ગપ્પાં મારતા હતા; પરંતુ જેના વિશે આ ઉલ્લુઓને તેઓ ગાળો દેતા હતા એ રીતની વાત જયારે તેઓ ગામમાં થતી જોતા ત્યારે તેઓ પોતે પણ એ 'શાણાઓ'ની પંગતમાં જ જઇને ઊભા રહેતા. જમાનામાં રહેવા છતાં તેઓ 'જમાના'ને ગાળો દેવા લાગતા. આ એક એવું રહસ્ય હતું જેનો પાર કોઇ જાણભેદુ હજુ સુધી પામી શક્યો નહોતો.

"અંદરની વાત તો એ છે કે આ સાલાઓથી બે માણસો આ રીતે જોડાય તે બરદાસ્ત થઇ શકતું નથી. પોતાનો પ્રતિસ્પર્ધી ધરાઇને રોટી ખાઇ લે, રાહતનો શ્વાસ લે એ જાટ બરદાસ્ત નથી કરી શકતો... ઊહું ! નહીં ! કયારેય બરદાસ્ત કરી શકતો નથી."

અને ત્યાં ઘેર બેઠાં રુલદૂ મોદનને જાણે આ રહસ્ય સમજાવી રહ્યો હતો. મોદનને કશું હાથ આવતું નહોતું. પ્રતિક્ષણ એની આ પ્રતીતિ વધી રહી હતી કે તે ગગનચુંબી ઝાડની ટોચ પર મૂકેલી તલવારની ધાર પર ચાલી રહ્યો છે – જરા પણ જો પગ સરકી ગયો તો...

પરંતુ તે દરેક પગલું બહુ સંભાળીને ભરી રહ્યો હતો. વાત ચાલી. એને સાચી પણ લાગી. હા પણ પાડી દીધી; પરંતુ વારંવાર એને એક જુની કહેવત યાદ આવતી રહી :

વિઢ઼ી, સિઢ઼ી, સીર સયાપા
*થોડ઼ી કર લયે, રહે કલાપા.**

પરંતુ માણસ એકલવાયાપણું પણ કેવી રીતે કાપે ? – એ વાત પણ સમજમાં આવતી નહોતી. એકલો હાથ શું કદી કોઇ કામ કરી શક્યો છે ? અંદરનો કોઇ ગુપ્ત ભય આ વાત પર વારંવાર વિચાર કરવાને મજબૂર કરી રહ્યો હતો.

"જે કંઇ કરવું હોય તે સમજીવિચારીને કરવું. આજકાલ દુનિયાનો કોઇ ભરોસો નથી. અંદરથી કંઇ અને બહારથી કંઇ" માએ વાત વાતમાં સ્વાભાવિક ભાવે આમ કહ્યું હતું.

આ વાતે મોદનને કેટલાક દિવસો સુધી વિચારમાં ડૂબેલો રાખ્યો. અને છેવટે જ્યારે કોઇ બીજો રસ્તો સ્પષ્ટ ન દેખાયો ત્યારે એણે હિંમત કરીને ફેંસલો કરી લીધો. રુલદૂ મિત્રોનોયે મિત્ર હતો. માણસ એના પર કેવી રીતે અવિશ્વાસ કરે ? કઇ વાત પર... ?

તીજ (એક તહેવાર) આવી તો છોટુની પત્ની પિયર ચાલી ગઇ. ખબર નહીં, પોતે હવે એકલો હતો તે કારણે અથવા કોઇ બીજા કારણે, તે બીજા ત્રીજા દિવસે મોદનને મળવા આવી જતો હતો. ક્યારેક ખેતરમાં, ક્યારેક ઘર પર પહેલાં તો અહીંતહીંની વાતો છેડતો રહેતો હતો, પછી પોતાનાં રોદણાં રડવા બેસી જતો હતો.

"ભાઇ, અમારો ફેંસલો તારે જ કરાવવો પડશે" એક દિવસ હિંમત કરીને એણે મૂળ વાત મોદનને કહી દીધી.

મોદનને પહેલાં તો ગુસ્સો આવ્યો, પરંતુ પછી સાવધ થઇને ધીમા અવાજે તે બોલ્યો: "ભાઇ, તમારા લોકોમાં ફેંસલો કરાવવાવાળો હું કોણ ?– નહીં ત્રણમાં નહીં તેરમાં..."

છોટુનું મોઢું પડી ગયું. મોદને જાણે પોતાના મોઢા પર સખત તમાચો ચોઢી દીધો હોય અને પોતાની બોલવાની શક્તિ પણ હરી લીધી હોય એવું એને લાગ્યું મોદન પણ સમજી ગયો. એ જ દયા ને માયા ફરીથી જાગી ઊઠ્યાં. કંઇક વિચારીને પૂછ્યું,"તમારે ત્યાં એવો કયો ઝઘડો છે, જે મારા વિના પતી શકે એમ નથી ?"

આ વખતે છોટુની દશા ભરેલો પ્યાલો ઊંધો વળતાં જેવી થાય તેવી થઇ. પૃષ્ટ ચહેરો, બદામી આંખો અને પાતળા લાલ હોઠ પર જાણે રાખ વળી ગઇ અને એનો સુંદર ચહેરો કદરૂપો થતો ગયો રોષભર્યા રડમસ અવાજમાં એણે બધો દબાવેલો ઊભરો કાઢતાં કહ્યું."ભાઇ, તેં જો મારું દિલ કદી ફંફોસ્યું હોત તો ખબર પડત... તું તો મને જાણે હું હજુયે બાળક હોઉં એવી રીતે ઝાટકી નાખે છે ! પછી કોઇ માણસ દિલની

* સહિયારું કામ કરે તો મુશ્કેલી થાય, થોડું કરો તો એકલા પડી જવાય.

વાત પણ શું કરે ? હું કેટલો દુઃખી થઇ રહ્યો છું એની તમને ક્યાં ખબર છે ?..."

મોદનને લાગ્યું કે છોટુ ખરેખર રડી રહ્યો છે – બિલકુલ એ રીતે, જે રીતે તે બચપણમાં એનો તમાચો ખાઇને રડ્યા કરતો હતો. મોદનને લાગ્યું કે કદી છોટુની ખબર કાઢી જ નહીં, એને પોતાની નજીક આવવાની હિંમત પણ કરવા દીધી નહીં એ માટે પોતે દોષિત છે.

"અત્યારે બે મહિના થયા. તકરાર ઊભી થયાને," છોટુ વિવશતાથી મનનો ભાર હળવો કરવા લાગ્યો હતો. "મેં એને કદી બોલાવ્યો નથી, ન કદી એણે મને."

"કેમ ?"

"તેઓ કહે છે ઘણાના છોકરાઓ સાથે સહિયારી ખેતી કરવી છે. હું કહું છું એ સાલાઓની નજીક પણ નહીં ફરકવું... તેં કદી પૂછ્યું પણ છે...?"

"અત્યાર સુધી નજીક ફરકવાનું તો શું, તું એના વિવાહ વગેરેમાંયે ગયો છે."

"તારા આ ભ્રમને કારણે તો હું ભાઇ, ચૂપ રહું છું, થયું કે જો હું કશુંયે કહીશ તો સાચું નહીં માને. એમની સાથે જ્યારથી તને સજા થઇ ત્યાર થી મારે તો બનતું નહોતું. કેટલી વાર કજિયા થતાં થતાં રહી ગયા છે ! પરંતુ ખબર નથી, ભવિષ્યના કયા વિચારો કરીને મૂંગો થઇ જતો હતો. એક મા કશું થવા કરવા દેતી નહોતી. જ્યારે પણ કોઇ વાત હોય, કહેતી 'તી, હવે તું આખા ખાનદાનને ધૂળમાં મેળવશે. તમારા લોકોથી શાંતિથી રોટીનો ટૂકડો નથી ખવાતો ? પહેલાંથી જ ઘરનું ઘર પાયમાલ થઇ ગયું છે. કશું બચ્યું છે... પરંતુ, ભાઇ, જો વિશ્વાસ પડતો હોય તો જુવાનીના સોગંદ ખાઇને કહું છું કે મારું મન કદીયે માન્યું નથી.સજ્જન મોટો હતો. જો એની વાત ન માનું તો વાત વધારે વણસતી હતી. સજ્જન પર આ લોકોએ કઇ ભૂરકી નાખેલી તે ખબર નથી. પહેલાં ઉપર ઉપરનો અથવા દુનિયાદારીના મામલાઓ પૂરતો થોડો ઘણો મેળમેળાવો હતો, પરંતુ હવે તો હાટમાં જઇને બંને સાથે રહીને દારૂ પણ પીએ છે.

"મારાથી આ વાત બરદાસ્ત થતી નહોતી. ભાઇ, ગાયના સોગંદ, મારી પાસે ગુરુદ્વારાના સોગંદ ખવડાવ; હું હવે એની સાથે નહીં ચલાવી શકું... મારો ફેંસલો કરાવી આપ, નહીંતર વાત પંચ સુધી પહોંચશે, પછી ઓર ધમાલ મચી જશે. વળી જો પરસ્પરના સંબંધો બગડી જશે તો એમ જ આખું ઘરનું ઘર કપાઇ મરશે. પેલા સાલાઓ તો તમાશો જોશે... લોકો વેગળા રહીને તુચ્છકાર કરશે..."

મોદનને લાગ્યું કે છોટુ જાણે કોઇ બીજી દુનિયાના બીજા જ લોકોની વાતો કરી રહ્યો છે. જે કંઇ વાતો તે જણાવી રહ્યો હતો તે બધી સાંભળવાની એને કલ્પના સુદ્ધાં નહોતી. છોટુએ આ ક્ષણોએ એનો ચહેરા પર વિચિત્ર જાતના તરંગો ઊઠતા–શમતા નિહાળ્યા અને તે હિંમત કરીને કંઇક વિસ્તારથી બધું જણાવવા લાગ્યો.

"અંદરની વાત તો ભાઇ, એ છે કે એ લોકોએ સજ્જનને ફસાવી દીધો છે... હવે તને શું બતાવું ? –બતાવવાની કોઇ વાત જ નથી... તું જ કહે, સજ્જનના રોજ

ચોરી છૂપીથી ઘણાના નાના છોકરા કરનૈલને ઘેર જાય છે તે શું લેવા જાય છે ? અને ત્યાં પેલી છોકરીનો યાર, એવો જ જંગલી છે... અને વળી જેને ઘરમાં લાવ્યા છે તે પાકિસ્તાન થયું તે વખતે કોઇ જાટના ઘરમાં રાખવામાં આવેલી મુસલમાન બાઇની બેટી છે... લાજશરમ તો સાલા કોઇનેય નથી ! અંદરની વાત આ છે ! ઘર છે પણ તે બીજું નરક બનેલું છે. ભાભીને બધી ખબર છે. જ્યારે બધી વાત સામે દેખાવા લાગે ત્યારે તો છેવટે કોઇ આંધળો નથી હોતો ને ! તે ઘરે સજ્જનના પાછા ફરતાં રોજ તોફાન ઊભું કરે છે, પરંતુ તે સીધો થતો નથી... હવે કહે, આનો શું ઉપાય છે –જ્યારે માણસનો નીતિધર્મ જ ડગી જાય ત્યારે..."

પરંતુ ગુસ્સે થયેલા મોદનને જે ઉપાય સૂઝયો હતો તે અત્યંત અંધકારમય હતો – કાળી, બધિર આંધી સરખો !... 'એણે વિચારની ધરતી' પર ઊગેલી વનસ્પતિને હલાવી 'બધાં પાંદડાં' ખેરવી નાખ્યાં હતાં, બધી કૂંપળો ઝંઝેટી નાખી હતી.

"જો એવી વાત છે તો પછી મારા હાથે એનું મૂળ સોતું જ નિકંદન થશે, બીજું કંઇ નહીં...!"

મોદનની આંખોમાં ખુન્નસ ભરાઇ આવ્યું. છોટુ ડરી ગયો. ખમચાતો ખમચાતો દબાયેલા અવાજમાં બોલ્યો, 'વાત જો આટલી હદે વાજતે ગાજતે આવવાની હોત તો તેઓ સાલા શું મારાથી વધારે બળિયા હતા ? હું તો એમ કહું છું કે સજ્જનનું સચવાય અને આપણું ઘર પણ બચી જાય. મેં તો વિચાર્યું હતું કે ભાઇ, જો હું જુદો થઇશ, જમીન વહેંચાઇ જશે અનેકામ કરવાનું થશે તો આપ મેળે બધું સરખું થઇ જશે. હવે તો ઢોરને મુઠ્ઠીભર ચારોયે નીરતો નથી. હું જાણું કે સીરી જાણે ! એની ઘરવાળી જુદાગરાથી નારાજ છે, હાથથી તણખલું પણ તોડતી નથી... દુઃખી ઘણી છે. હલકા ઘરની છે વિચારવું–બિચારવું કંઇ નહીં"

"કૂતરાની પૂછડી ધૂળમાં દાટયે સીધી થઇ છે ? – ભલે ને બારવરસ નાખી રાખો."

મોદને બીજી કોઇ વાત નહીં કરી, ઊઠીને ઊભો થઇ ગયો. આ પછી છોટુ રોજ આવતો રહ્યો, પરંતુ વાતચીત ના અનુષંગે આ મામલાનો કોઇ ને કોઇ રીતે નિવેડો લાવવાની સૂચનાઓ આપતો રહ્યો. મોદને કદી લાંબી પહોળી વાત કરી નહોતી, પરંતુ રુલદૂના મોઢે છોટુની બાબતમાં જે કંઇ વાતો કહેવાયેલી એનો તાળો મળી ગયો; અને મનમાં એવી ગાંઠ બાંધી કે લાખ પ્રયત્નો કરવા છતાં પણ કોઇ રીતે નહીં ઊકલી. અને આ પછી જ્યારે પણ તે છોટુ સાથે વાત કરતો ત્યારે એને લાગતું કે જાણે તલવારની ધાર પરથી એનો પગ સરી જાય છે...

"છોટુ, તમે લોકો જેવા હો તેવા, પણ કોઇ સમાધાન કરીને મામલાની પતાવટ કરી લો. જો હું વચમાં પડીશ તો વાત વણસી જશે. મને એક કોરાણે જ રહેવા દો." એણે પેલી બીકથી એક દિવસ સભાન થઇને કહ્યું.

છોટુ મૂંગો રહ્યો. એને વાત બિલકુલ ઠીક લાગી, પરંતુ તે મનથી કહેવા માગતો

હતો,''ભાઇ, જો વાત આ રીતે પતી જતી હોત તો તારી આગળ છેડત જ શા માટે?''

આ વાત આ રીતે પતવાની નહોતી ને પતી પણ નહીં જ. છેવટે છોટુએ એક બે પીઢ માણસોની સલાહ લઇને પંચના બે બે માણસોને બોલાવી લીધા અને ઘરમાં બેસીને સજ્જનની સાથે પતાવટ કરવાની કોશિશ કરી. પરંતુ જવાબમાં એણે એવી એવી વાતો કહી અને ગુસ્સામાં જોયું કે છોટુ તે સહન કરી શક્યો નહીં.

''લે ભાઇ, જે હદે વાત લઇ જવાનું મન થતું નહોતું એ હદે હવે વાત પહોંચી ગઇ.'' છોટુએ સૂકા સરકટ જેમ ધ્રૂજતાં કહ્યું,''તેં ઘણા વખત સુધી મારી ચામડી ઉતારી છે, હવે હું વધારે ઉતરાવી નહી શકું. જો તારે ખરેખર સીધા રહેવું હોય તો દસ દિવસમાં અંદરોઅંદર ઘર અને જમીનની વહેંચણી કરી દે, નહીંતર પછી મારાથી જે થશે તે હું કરીશ. આ વખતે જો નિવેડો લાવી દેશે તો જે દઇશ તે જ કબૂલ કરી લઇશ. પરંતુ પછીથી તો જે મોઢેથી માગીશ તે જ લઇને દેખાડીશ– અને જો ન લઇને દેખાડું તો મને પાલાનો નહીં પણ ભંગિયાનો પેટનો કહેજે...''

એ વખતે તો સજ્જન રાતીપીળી આંખો કરીને એની સાથે તકરાર સુદ્ધાં કરવા લાગ્યો, પરંતુ પછીથી જ્યારે 'યારો'ની સાથે શાંતિપૂર્વક બધી વાત કરી જો એ જ આંખો પથ્થર બની ગઇ. ધરતી સાથે બધું લોહીની જેમ ઘૂમતું દેખાવા લાગ્યું (આ પણ ખબર હવે પડી ગઇ કે છોટુને હવે મોદનની સાથે ખૂબ બનવા લાગ્યું છે.).

અને સાતમા દિવસે છોટુને બોલાવીને પહેલાં મીઠી મીઠી વાતો કરી, પરંતુ જ્યારે તેને પોતાની જીદ પર અટલ રહેલો જોયો ત્યારે પંચ એકઠું કરીને મામલાની પતાવટ કરી લીધી. સાડા ચાર ખૂંટ (કિલ્લા) જમીન નહેરની પાસેવાળી અને બીજી, ત્રણ સાડા ત્રણ સાંતી– ઘણાના ટ્યૂબવેલના પાણીવાળી, પોતાના બીજા છેડે આપી દીધી. (આ ટૂકડાનો રસ્તો ઘણાના ખેતરની વચ્ચે થઇને નીકળતો હતો– આ ખ્યાલ છોટુને એ વખતે નહીં આવ્યો.) જે ત્રણ સાંતી ગઇ સાલ સૂરાવાળા ગંડા પાસેથી ખરીદી લીધી હતી, એ બધી તો સજ્જને પહેલેથી જ પોતાના નામે પહાણીપત્રકમાં નોંધાવી દીધેલી હતી. છોટુને આ વાતની ખબર આજે જ પડી હતી. અને આ સાંભળતા જ એના રૂંવે રૂંવે આગ ઉઠી હતી. સુલેહ–શાંતિથી વાત પતાવવાના ખ્યાલથી એ ધીરજથી આ ઘૂંટડો ગળી તો ગયો, પરંતુ પંચને એણે તાકીદ તો કરી જ કે તે ગમે તેમ કરીને આની પતાવટ કરાવશે જ.

જ્યારે વાત ઘરની વહેંચણીની આવી ત્યારે કંઇક રકમ આપવાની સ્વીકારીને, સજ્જને નવા ઘરનો કબ્જો લઇ લીધો અને છોટુને 'મોટા કાકાવાળી' જગા તરફનો ઘરનો ભાગ આપવાને માટે પોતે જ ફેંસલો કરવા બેઠો. પંચ પણ આ વાત પર ખૂબ નારાજ થયું; પરંતુ છોટુએ કંઇક રોષ અને કંઇક ખારથી કહ્યું,''કોઇ વાંધો નથી પંચો, મોટા ભાઇ છે; જે કંઇ કરે મને માન્ય છે– જોકે ભાઇઓ, કોઇ નાનું મોટું હોતું નથી ! જે દિવસે અમારામાં જોર હશે તે દિવસે બરાબર ઊભા થઇને બતાવીશું. અત્યારે ગમે તેમ હોય, વાત પતાવી દો.''

બરાબર ઊભા થવાની આ વાતે એક વખતનો સજ્જનને ધ્રૂજાવી દીધો; પરંતુ એણે પોતાનાં ઊંડાં મૂળિયાંનો વિચાર કરીને કહ્યું,"ભલે !... તમે તો ઊલટા મારા ટેકેદારો થશો."

ખબર નથી મામલો પતી ગયો કે વકર્યો. મોદન પણ એ નહીં સમજી શક્યો. પરંતુ આમ છતાં બધી વાત ઠંડી જરૂર પડી ગઇ. એકવાર તો એવું લાગતું હતું કે બધું શાંત થઇ ગયું છે. પરંતુ પાંચસાત દિવસ પછી તાર ઊલટા વધુ તંગ થઇ ગયા.

છોટુ દરરોજ કોઇ ને કોઇ નવી વાત મોદનને જણાવતો હતો. મોદન બેચેન થઇને વિચારતો રહેતો હતો. ઘણાના છોકરાઓએ જેની બીક હતી તે બખેડો ઊભો કરી દીધો. એમણે છોટુને ખેતરનો રસ્તો આપવાનો ઇન્કાર કરી દીધો. હવે એને ઉપરથી ફરીને આવવું પડતું હતું.

"ગાડા-બાડાના રસ્તાની વાત તો ઠીક છે. તે જોઇ જશે. અત્યારે તને આમ એકલાને ત્યાંથી જવા દેવાની કોણ મનાઇ કરે છે ? તું આટલો ફરીને શા માટે જાય છે ?" મોદને પોતે જ પૂછ્યું.

"ભાઇ, હું ડરું છું."છોટુએ સ્પષ્ટ સ્વીકારી લીધું,"વિચારું છુ કે જો તેઓ ઉશ્કેરી બેસશે તો પછી મારાથી પાછું નહીં હઠાય અને પહેલાંની જેમ, વાતનું કંઇનું કંઇ બની જાય."

મોદન પહેલા તો મૂંગો રહ્યો. પછી ગુસ્સે થઇ ગયો,"ભલા માણસ, આ રીતે તો કાલે ઊઠીને તેઓ ઘરવાળાને નજીકના ખેતરમાં જતાં પણ રોકશે... અંદર ઘૂસેલાઓને છેવટે કોઇ ક્યાં સુધી જવા દેશે ? અને વળી જાટના દીકરાને આટલું બીવું શોભતું પણ નથી... આ રીતે કંઇ ચાલે નહીં."

છોટુ ભયભીત થઇ ગયો. પછી કેટલાય દિવસો સુધી નહીં આવ્યો. દલાલો પાસેથી કેટલાક પૈસા ઉધાર લાવીને એણે મોટા કાકાવાળા ભાગમાં બે કોટડીઓ બનાવવાની પણ શરૂ કરી દીધી અને હવે તે આ કામમાં રોકાઇ ગયો હતો.

સજ્જન તો એકદમ કેરડાના લાકડાની જેમ તૂટીને અલગ થઇ ગયો હતો. હવે એણે જમવાનો અને ચ્હાપાણીનો યે ભાવ કદી નહીં પૂછ્યો. છોટુ પણ વેગળો ને વેગળો રહેવા લાગ્યો હતો. કેટલાક દિવસ મોદનને ત્યાં આવીને જમતો રહ્યો, પણ જે દિવસથી તે કામમાં પડ્યો તે દિવસથી મોદન રુલદૂના છોકરા સાથે ખાવાનું મોકલાવતો હતો. સજ્જનને એમની વધતી જતી નિકટતાની જેમ જેમ જાણ થતી ગઇ તેમ તેમ એનો ક્રોધ બે ગણો-ચાર ગણો થતો ગયો. આ રીતે હૃદયો વચ્ચેનું અંતર સવિશેષ વધતું રહ્યું હતું.

લોકોમાં ફરી ચર્ચા થવા લાગી. એક વાત તો લોકોએ બિલકુલ પાકી કરીને નાનાં છોકરાં સુધી ફેલાવી દીધી હતી કે આ બધી કરામત મોદને આણેલી ચાલાક સ્રીની છે. એણે છોટુ પર કોઇ એવી ભૂરકી નાખી છે કે પહેલાં દસ વરસ સુધી સુખચેનમાં રહેતા બે ભાઇઓ વચ્ચે કુસંપ થયો, અને હવે એને પૂરો વશ કરવાની

વેતરણમાં છે. પરંતુ જો કોઇ ભલા સ્વભાવનો ઓલિયો માણસ જોઇ તપાસીને કહેતો કે "આમ તો ભાઇ એ બહુ નરમ સ્વભાવની છે. એ એવી તેવી તો જણાતી નથી. એની બાબતમાં કોઇ એવી તેવી વાત પણ કદી સાંભળી નથી," તો જવાબમાં કેટલાક સમજુ લોકો એકદમ એની પર તૂટી પડતા હતા ! "અરે ઓલિયાભાઇ, તને શું ખબર છે દેડકો કયા વખતે પાણી પીએ છે ? સ્ત્રીઓની જાતમાં એક સો એક ચરીતર હોય છે. તમારા જેવા લોકોને તો એકનીયે ખબર ન પડે. આ એ વાત થઇ કે *'ઘુગ્ગી ક્યા જાને સતગુરુ દિયાં બાતાં !*[1] એ સ્ત્રી તો આકાશને બાંધી દે આકાશનેય ! આ મીંઢાં માણસ જે હોય છે, એમના મનનો ભેદ પામવો ખૂબ મુશ્કેલ હોય છે. કહે છે ને, *'બડબોલોં ને બોલ બિગાડે, ઘુન્નોંને ગાંવ ઉજાડે !'*..[2] આપણે ભેદ નથી પામી શકતા. અને જે વાત સામે દેખાય છે તે દેખી લો, જે એનામાં મનમાં છે, તે ત્યાં રહેવાની જ છે... પછી ? બોલ હવે !"

એનો જવાબ કોઇ આપે તોય શું આપે ? અંદર શું થઇ રહ્યું છે તેની તો કેમ ખબર પડે ? બધું સાચું પણ હતું. ગમે તે ગમે તેનામાં સાક્ષી પૂરે. વિશ્વાસ તો આજકાલ પોતાનો પોતાને પણ નથી. સાક્ષી પૂરનારાઓ એટલી હદે વિશ્વાસ અપાવતા હતા કે 'હવે તમે લોકો જોજો, કેવો રંગ સામે જામે છે તે. હવે ત્રણ ભાઇઓમાં અંદરોઅંદર લાકડીઓ ઊડશે, નહીંતર પછી ઘણાના છોકરાઓ સાથે આજે નહીં તો કાલે અથડામણ થઇ જ સમજો.'

કહે છે કે લોકોના મોઢામાંથી જે ભવિષ્યવાણી નીકળી જાય છે તે કદી કદી જરૂર સાચી પડે છે. અડધું ગામ આના પર નજર ઠેરવીને બેઠું હતું. આજે કંઇક થશે, અથવા કાલે કંઇક થયું જ સમજો. પરંતુ કશું થયું નહીં વાત ઢીલી પડતાં પડતાં ઠંડી થઇ ગઇ. પરંતુ જે જોષીઓ બધી વાતનો રહસ્યો દેખાડતા ફરતા હતા તે ખૂબ બેચેન હતા. તાણીતૂશીને વાતમાંથી વાત કાઢીને આ તરફ લઇ આવતા હતા અને કહેતા હતા,"તમે લોકો જોજો તો ખરા, શું થાય છે ! આ તો આગ અંદરની અંદર જ સળગી રહી છે. જે દિવસે ભભૂકી ઊઠશે તે દહાડે ભડકા નીકળશે અને બાર ગાઉ સુધી દેખા દેશે..."

પરંતુ હજી સુધી ન કોઇને ધુમાડો દેખાયો હતો, નહીં ભડકો ને નહીં ઝાળ.

છોટુ માથું ઢાંકવા જેવું છાપરું કરીને પત્નીને લઇ આવ્યો હતો. હજુ કામ ચલાવવા માટે, અહીં–તહીં આંટાફેરા માટે તે પોતાના મોટા સાળાનો એક છોકરો સાથે લઇ આવ્યો હતો.

ગુવારનો પાક તૈયાર થવા આવ્યો ત્યારે રસ્તાની સમસ્યા પૂરેપૂરી નજર સામે ઊભી થઇ. એક દિવસ છોટુ ને મોદન તેઓ બંને અર્ધી રાત સુધી ઘરની બહાર, ટેકરાવાળા બાવળની પાસે બેસીને આ વાતો કરતા રહ્યા. જ્યારે ઘેર પાછા

---

1. સતગુરુનો મહિમા શંખલી શું જાણે ?'

2. બટક બોલાઓએ વાણી બગાડી, મીંઢાંઓએ ગામ ઉજાડ્યું !

ફર્યા ત્યારે માએ ચિંતાથી કહ્યું,"ભલા ભાઇ, હવે જે રીતે વાત પતે એ રીતે પતાવી લે, એને વધાર નહીં !"

"મા, અમે લોકોએ તો ટાળવાની ઘણી કોશિશ કરી હતી, પરંતુ તે લોકો વાત વધારવામાંથી અટકતા નથી." છોટુએ કર્કશ અવાજમાં કહ્યું.

દાની ડરપૂર્વક ખાટલામાંથી ઊઠીને ઊભી થઇ અને માથા પર દુપટ્ટો સંભાળતી ઢોરોની હેઠળનું છાણ ખસેડવા લાગી. છોટુ અને મોદન બંનેએ બેચેની પૂર્વક એની સામે જોયું અને ગાયના ઘૂંટણને ધીમેથી પાવડો લગાવીને એને 'રાંડ' એમ કહેતાં પણ સાંભળી. એના અવાજમાં ધ્રૂજારી જેવું લાગ્યું, માથા પર એણે દુપટ્ટાનું ફીડલા જેવું કરીને રાખ્યું હતું.

મોદન એની તરફ જોઇને ખરેખર ગભરાઇ ગયો. જે દિવસથી એ આવી હતી, ત્યાર થી માંડીને આજ સુધીમાં કોઇએ કદી એને આટલો ક્રોધ અને ગભરાટમાં જોઇ નહોતી.

"તને શું થઇ ગયું, સરદારણ !" મોદને હસીને કંઇક મજાકમાં કહ્યું.

"હેં !" દાનીએ ફરીને એની તરફ જોયું અને ચૂલાની નજીકના ઉપરના તાકામાં સળગતા દીવાના શીળા ઉજાશમાં એનું નાક–એની મુખમુદ્રા અનોખી લાગી. "મને ભલા, શું થવાનું હતું ?" કાકી નિહાસીની જેમ તુરત જ મિજાજ બદલીને એણે હસતાં કહ્યું,

"હું તો છાણ ખસેડવા ઊઠી હતી."

દાનીના સૂરીલા, મીઠા બોલનો સોય જેવો તીખો ડંખ મોદન અને છોટુ બંનેએ અનુભવ્યો; પરંતુ વાતને સાંભળી–ન–સાંભળી કરીને તેઓ પંચ બોલાવવા અંગે વિચારણા કરવા લાગ્યા.

કેટલાક વખત પછી છોટુને બહાર, કાકી નિહાલીના ઘર સુધી મૂકવાને માટે મોદન ગયો ત્યારે પાછળથી દાનીએ દીવો બુઝાવી દીધો અને પોતાનો ખાટલો ખસેડીને મોદનના ખાટલાથી દૂર લઇ ગઇ અને દીવાલની આગળ મૂકી ત્યાં સૂઇ ગઇ.

મોદન બારણાની સાંકળ લગાવીને ચૂપચાપ આવી ખાટલા પર આડો પડ્યો. છોટુની સાથે થયેલી વાતોની 'જાળ'માં ફસાઇને એ દાનીનો ખ્યાલ કરવાનું એકદમ ભૂલી ગયો. પરંતુ જ્યારે એનું વ્યસ્ત મન અસ્વસ્થ થઇને પાછું વળ્યું ત્યારે એને દાનીનો ખાટલો પહેલાંની જગાએ નહોતો એ જોઇને પરેશાની થઇ. ઊઠીને પાસે જવાનું મન થયું. કદાચ તે સૂઇ રહી હતી. આ બાજુ પીઠ કરીને હાલ્યા ચાલ્યા વિના પડી હતી; જગાડવાનો જીવ નહીં ચાલ્યો, દિવસભરના કામકાજ પછી થાકીતૂટીને એને મુશ્કેલીએ હવે ઊંઘ આવી હતી.

થોડીવાર પછી દાનીએ પડખું ફેરવ્યું અને સીધી થઇને સૂતી રહી. પાવડા જેવા ટુકડાના આકારનો ચંદ્રમા બાવળની ટોચની ઉપર ઊગ્યો તો જાણે ચાંદનીથી આંગણું ભરાઇ ગયું. ચાંદનીમાં દાનીના વિશાળ થયેલા પેટની તરફ જોયું તો માથાથી માંડીને

પગ સુધી એવી રીતે ધ્રૂજારી વ્યાપી ગઇ કે પગમાંથી જાણે ટાઢ ચઢી રહી હોય. માથા પર રાખેલો હાથ, એનો થાકી ગયેલો લાગ્યો. વક્ષસ્થળ અને ભરાયેલાં અંગોવાળી દાનીની દીર્ઘ પોઢેલી કાયાની તરફ જોઇને એના મનને કોઇ સાંત્વન મળવા લાગ્યું. પરંતુ એને હીબકાં લેતી હોય એમ ઊંડો શ્વાસ લેતી જોઇને તે એકદમ ગભરાઇ ગયો. એ વખતે માના ખાટલા તરફ ક્ષણવાર નજર કરીને (માનું માથું આ તરફ હતું અને વચમાં સાત–આઠ પગલાંનું છેટું હતું) તે ઊભો થયો અને ખુલ્લા પગે જઇને દાનીના ખાટલાની ઇંસ પર જઇને બેઠો.

"તું..." એ બોલવા જતો હતો અને દાનીની આંખોમાં વહેતી આંસુઓની ધારા જોઇને તે સ્તબ્ધ થઇ ગયો.

એક વાર ફરીથી માના ખાટલાની તરફ જોયું, પછી બાવળની ઉપરથી ઊઠતા ચંદ્રમાં તરફ. પહેલાં ચાંદનીની સ્નિગ્ધતા પ્રતીત થઇ, પછી એની ગરમીથી શરીરનું બધું લોહી પીગળવા લાગ્યું, જાણે આગમાં મીણ પીગળતું હોય તેમ. જ્યારે બીજીવાર અવાજ નીકળ્યો ત્યારે શબ્દ ગળામાંથી આંચકા સાથે બહાર નીકળ્યા, "તને ક્યારેક–ક્યારેક આ શું થઇ જાય છે ?" એણે પોતાની આંગળીઓથી દાનીની સજળ આંખોને લૂછતાં સ્નેહથી આર્દ્ર એવા અવાજમાં કહ્યું અને નમીને પોતાના મુખથી એના મુખને સ્પર્શી લીધું.

કેટલી વિચિત્ર વાત હતી કે એ ક્ષણે દાનીનું રુદન ઊછળી આવ્યું. પોતાના પર કાબૂ મેળવવાને માટે એણે પૂરી તાકાત વાપરી, પરંતુ જ્યારે કાબૂ નહીં રહ્યો ત્યારે મોદનને જોરથી પોતાના બાહુપાશમાં ભીંસીને, પોતાનું નાજુક, પાતળું મુખ એના ખભા અને ગરદન વચ્ચેના ભાગમાં છુપાવી લીધું. નીચે એના ગળાની પાસે, બરછટ ચામડીમાં એટલા જોરથી હોઠ દાબ્યો કે મોદનને જાણે એ હોઠ નહીં પણ અંગારા હોય એવું લાગ્યું. મોદન હાલ્યા ચાલ્યા વિનાં, ભઠ્ઠીની જેમ એના તપ્ત દેહ સાથે વળગેલો રહ્યો. દાનીના હાથ અને હોઠોની ભીંસ, છાતીની તાણ, લાંબા વખત સુધી ઢીલી પડી નહીં. પરંતુ પછી અચાનક જ એનાં બધાં અંગો બરફની જેમ ઠંડા પડી ગયાં, ભીંસ ઢીલી પડી ગઇ.

કેટલાક વખત પછી જ્યારે મોદન ડાબો હાથ એની પાંસળી પર હળવે હળવે ફેરવી રહ્યો હતો અને જમણા હાથે એના આર્દ્ર બનેલા ચહેરાને વારંવાર સ્પર્શીને એને બોલાવવાની કોશિશ કરી રહ્યો હતો ત્યારે દાની સૂનકારભરી આંખોથી મૂંગી મૂંગી પ્રત્યેક ક્ષણે વધુને વધુ ઊઘડી રહેલા ચંદ્રમાની તરફ જોવા લાગી. કદી કદી એના હોઠ કંઇક ફરકતા દેખાતા હતા, પરંતુ અવાજ સંભળાતો નહોતો. અને જ્યારે અવાજ નીકળ્યો ત્યારે નખશિખ આખી કાયા કંપી ઊઠી. તેણે મોદનની ડોકમાં હાથ નાખીને એકવાર ફરીથી આલિંગનમાં ભાંસતાં કહ્યું, "ક્યારેક–ક્યારેક મને ગાંડાઓની જેમ બીક લાગે છે."

આ વખતે મોદને એને બાહુમાં લઇ જોરથી એવી રીતે ભીંસી કે જાણે

એના ભય કચડી નાખવા માગતો હોય અને પછી એની પોતાની હસતી આંખો પણ ભીની થઇ ગઇ.

એ રાતે ગેલુને બીજા ખાટલામાં સુવડાવીને પરોઢિયું થતાં સુધી મોદને દાનીને બાળકની જેમ પોતાની સોડમાં સુવાડી રાખી. એ પણ જાણે પ્રસન્ન થઇને સૂઇ ગઇ; પરંતુ મોદનની આંખ જેવી મીંચાવા કરતી કે તે સફાળો જાગી ઊઠતો. ડરી ડરીને ઊઠી જતી દાનીને કેટલાક સમય સુધી નવજાત શિશુની જેમ સુવાડતો રહેતો. એકવાર નીંદર આંખમાંથી સરી જતી તો પછી દાનીની ઘાયલ પંખીની જેમ ફડફડતી ઊઠતી છાતીનો ખ્યાલ બીજી વાર આંખ મીંચાવા દેતો નહોતો.

સવારે ઊઠતાં જ તે રુલદૂના ઘેર ગયો. એની સાથે કોઇ મસલત કર્યા વગર કહી દીધું કે તે દાનીને પિયેર સંદેશો પાઠવે કે તેઓ આવીને અને થોડા દિવસ માટે લઇ જાય, એનો જીવ રાજી થશે. અને જો સુવાવડ ત્યાં જ કરાવી દેવાય તો એ વળી વધારે સારું થશે.

"યાર, તું કેવી ભોળી વાતો કરે છે ?" રુલદૂએ આખો સંકોચતાં, ગુસ્સાથી કહ્યું,"છોકરીના મિત્રો પર કોઇ સમજુ માણસ વિશ્વાસ કરે છે ? જો તેઓ સુવાવડ કરવા જેટલા સંપન્ન હોય તો આ એમને રોટીથીયે મોંઘી થાત ખરી ? અને વળી એનો કાકો તો સગી માનો દુશ્મન છે. હું એના પર કોઇ ભરોસો રાખતો નથી."

"તો પછી જો તેઓ આટલા ભૂંડા માણસ છે તો તેં મને એમાં લપટાવ્યો શા માટે ?"

"વાહ ! વાહ !" રુલદૂ એ વખતે મુખમુદ્રા બદલીને હસતાં હસતાં બોલ્યો,"અરે ગાંડા આપણે એ સાલાઓ પાસેથી શું લેવાનું છે ? આપણને તો હીરા જેવી મળી ગઇ, ભલે પછી તે કાળા ચોર પાસેથી મળી હોય, આપણે શું ? શા માટે ઠળિયા ગણતા કરીએ !..."

મોદન પહેલા હસ્યો, પછી ગંભીર થઇ ગયો. એને જાણે ડર જેવું લાગ્યું અને એ દિવસ પછી એણે કદી આ પ્રકારની વાત છેડી નહીં.

પરંતુ આસો ચઢતાં જ દાનીનો નાનો ભાઇ વરિયામા પોતાની મેળે આવ્યો. એણે જણાવ્યું કે પોતે દાનીને લેવા માટે આવ્યો છે. મોદન ઉદ્વેગમાં પડી ગયો. દબાયેલા અવાજમાં બોલ્યો,"મને તો કોઇ આપત્તિ નથી, તારી બહેનને પૂછી લે."

"સરદારજી, બહેનને શું પૂછવાનું ? તમારી મંજૂરીના વિના ભલા, અમે એને કઇ રીતે લઇ જઇએ ?"

બે છોગાંવાળી પાઘડી, જમીન પર ઘસડાતી લુંગી, કાપેલી દાઢી એ શરબતી આંખોવાળા જુવાન સાળાની જોતાં, આવો માણસ આટલા મમતા ભર્યા મીઠા અવાજમાં આ રીતે વાત પણ કરી શકે છે એ મોદનના માન્યામાં નહીં આવ્યું. પરંતુ તે સાથે જ કોઇ અજ્ઞાત ભયથી એનું દિલ ડૂબતું હોય એવું લાગ્યું.

"મારી મંજૂરીની વળી વાત કેવી ? હું કંઇ તમારા લોકોથી પરાયો તો નથી." એણે ફરીથી એ અસ્પષ્ટ વાત બેવડાવી.

"તમારી બહેન સાથે મસલત કરીને મન ફાવે તે કરો."

પરંતુ એ બાજુ દાનીની પણ આ સ્થિતિ હતી. તે જવા માગતી નહોતી, પરંતુ ભાઇનો આગ્રહ પણ ટાળી શકાતો નહોતો."બહેન, તારી ભાભી ઘણી ઉદાસ છે. કહે છે –એક વાર આવીને મળી જાય. પછી ભલે પછીના દિવસે જ પાછી જાય." તે એક દિવસ અને રાતમાં આજ વાતનું કેટલી વાર પુનરાવર્તન કરી ચૂક્યો હતો.

રાત્રે મોદને એકાંતમાં દાની સાથે ચર્ચા કરી. એ વખતે પણ બંનેની સ્થિતિ ડામાડોળ હતી. બંને એકબીજાને આજ કહેતાં રહ્યાં, "જો, જેવી તારી મરજી, જેમ તું કહે તેમ."

કહેવાનું કે કહેવડાવવાનું કોઇને ક્યાં હતું ? વરિયામાએ વહાલામીઠા બનીને વધારે આગ્રહ કર્યો અને સાત દિવસ પછી પોતે જાતે આવીને મૂકી જવાનો વાયદો કરી, તે દાનીને તેડી ગયો.

રુલદૂ ક્યાંક બહાર ગયો હતો. ચોથે દિવસે પાછા ફરીને જ્યારે તેણે આ સમાચાર સાંભળ્યા ત્યારે એણે મોઢું બગાડીને કહ્યું,"તારે એવું કરવું નહોતું જોઇતું. મને પૂછવું તો હતું... ભલે... જે થઇ ગયું તે ઠીક છે. આમેય તેં અક્કલવાળી વાત નથી કરી– તહેવારને દિવસે ઘરેથી લક્ષ્મીને જવા દઇને. ઠીક... કોઇ વાંધો નહીં."

મોદનને રુલદૂએ કહ્યું ત્યારે જ યાદ આવ્યું કે જે દિવસે દાની ગયેલી એ દિવસ દશેરાનો હતો.

દાનીના વગર આખું ઘર– મકાન જાણે સૂનું થઇ ગયું. જ્યારથી ગઇ હતી ત્યારથી મોદનના દિલમાં ઉચાટ જેવું થયા કરતું હતું. એનું મન કોઇ વાતમાં લાગતું નહોતું. 'પારકો છોકરો' ગેલુ, જેને અહીં રહ્યો ત્યારે તો કદી સરખી રીતે બોલાવ્યો પણ નહોતો, એ હવે અનેક વાર યાદ આવી જતો હતો. કામની મોસમ માથા પર ગાજતી હતી, પરંતુ કામ કરવામાં એનો જીવ બિલકુલ લાગતો નહોતો.

બે,ચાર, દસ દિવસ ચાલી ગયા; પરંતુ કોઇ દાનીને મૂકવા નહીં આવ્યું. ભૂલ્લરોના એક સગા સાથે સંદેશો મોકલ્યો તો સાતમા–આઠમા દિવસે એનો માત્ર એટલો જ જવાબ આવ્યો કે દાનીની નાની ભાભી બીમાર છે, એટલા માટે થોડા દિવસ વધારે રસોઇપાણી માટે રોકાવું પડશે. પહેલાં મોદનને પંડે જઇને ત્યાં તપાસ કરી આવવાનું મન થયું, પરંતુ પછી એનું મન નહીં માન્યું. બીજું, આ વાતમાં નાનમ પણ લાગી.

પરંતુ માત્ર પંદર દિવસો પછી વરિયામાં પોતે જ આવી ગયો. પોતાની પત્નીની બીમારીની બાબતમાં એણે અનેક વાતો વિસ્તારથી કહી અને ફરીથી મોદનને બધી વાત સમજાવીને ખૂબ આગ્રહથી કહ્યું,"જુઓ સરદારજી, આ તમારી રસોઇ–પાણીની

તકલીફની અમને સારી રીતે જાણ છે, પરંતુ અમારું પણ કોણ છે ? મોટી બહેનને ગુજરી ગયે સત્તર વર્ષ થઇ ગયાં; પછી અમે પણ બીજા કોની મદદ લઇએ ? અને વળી અમારું કેટલુંક કામ પણ એવું બગડેલું પડ્યું છે કે તે પાછું ને પાછું ઠેલાતું રહે છે. પરંતુ, ખેર, જો તમે કહેશો તો બહેનને આવતી અમાસ સુધીમાં મૂકી જઇશું, અમને હુકમ દઇ દો. જો કે તમારી સાળાવેલી તો માનતી નથી. કહે છે કે દાનીની સુવાવડ અહીં કરવી છે.''

આ ખ્યાલે મોદનને અચાનક સાવધાન કરી દીધો. જો દાની ત્યાં સુવાવડ કરાવે તો એને સંભાળશે કોણ ? મા તો ચૂલો–રસોડુંય માંડ સંભાળી શકતી હતી. છાણ વાસીદાનું કામ પણ જેમ તેમ કરીને તે પોતે જ કરતો હતો. વારિયામાની વાત સાંભળીને તે મનોમન થોડો ખુશ પણ થયો; કે આ બાબતમાં તો મેં એ વખતેય કહી દીધેલું હતું કે ભઇ, અમે કઇ રીતે તમારાથી પરાયા છીએ. તમે લોકો જેમ કહેશો તેમ કરીશું.

વરિયામા ખુશ થઇને, પૂરા સંતોષ સાથે ગામ પાછો ચાલી ગયો, પરંતુ રુલદૂને જ્યારે બધી વાતની ખબર પડી ત્યારે તે ભડકી ઊઠ્યો,''ભાઇ મોદનિયા, આ વાત ખોટી છે.'' એણે ડમરુની જેમ માથું હલાવીને કહ્યું,''સાચું પૂછો તો હું આ વાત અંગે એકદમ નાખુશ છું. ઓલિયાભાઇ, આ લોકોને તું વધારે ઓળખે છે કે હું ?... જણાવ. એટલે તો તને કહ્યા કરું છું કે ખરેખર તો એ વખતે પણ દાનીને મોકલવી જોઇતી નહોતી. ચાલો, ભલે એ વાત તો હવે ગઇ. પરંતુ હવે તેં એને ત્યાં શા માટે રહેવા દીધી છે ? તારામાં કેવી ધીરજ છે ? શી ખબર, તેઓ સાળાઓ એમ જ બીમારીનું બહાનું કાઢીને એને રોકી રાખતા હોય તો ?''

''એને રોટી જમાડવાનો ઉમંગ છેસ્તો પાછો !'' મોદને હસીને વ્યંગ્યમાં કહ્યું.

''તને આ વાતોની શું ખબર, મોદનસિંહ ?'' મોટા 'અનુભવી–વૃદ્ધ'ની જેમ રુલદૂએ માથું હલાવીને કહ્યું,''આતો ભાઇ પેલી વાત બની–કહે છે કે જેને માથે પડે એ જાણે... ખેર, ભગવાન સુખી રાખે. હું ચાર પાંચ દિવસમાં જાતે ત્યાં જઇશ. જવું જ પડશે... તું તો બસ...''

પરંતુ ચાર પાંચ દિવસને બદલે ચાર પાંચ સપ્તાહ વીતી ગયા. ન રુલદૂ જઇ શક્યો, ન મોદન (આ વખતે એણે પહેલેથી જ રવી પાક સહિયારી રીતે વાવવાની યોજના પાકી કરેલી હતી, જેના કારણે રાત દિવસ તેનો એક પગ આ ખેતરમાં રહેતો હતો અને બીજો પેલા ખેતરમાં). આ ગાળા દરમ્યાન દાનીના પિયરથી એક વાર સંદેશો અને એકવાર કાગળ પણ આવી ગયો હતો, 'દાનીની ભાભી હવે સારી છે, પરંતુ દાની સુવાવડ પછી આવશે. બાકી સૌ કુશળ છે.'

મોદનનું ચિત્ત ઠેકાણે આવી ગયું, અને રુલદૂ પણ એક બે દિવસ કટકટ કરીને પછી ચૂપ થઇ ગયો. પછી બંને કામકાજમાં એટલા પરોવાઇ ગયા કે કેટલાક સમય માટે તો તેઓ જાણે બધી વાત ભૂલી જ ગયા.

પરંતુ એક દિવસ અચાનક જ જાણે ધરતીકંપ થઇ ગયો– આખી ધરતી કાકડીની જેમ ફાટી ગઇ –બધી ચીજો ભાંગીતૂટી ગઇ. છોટુ આવ્યો તો એ રડી પડ્યો. મોદનના વારંવાર પૂછવાથી અને જરા કડકાઇ દેખાડવાથી એણે જણાવ્યું કે ઘણાના મોટા છોકરાએ આજે એને ન કહેવાનું કહ્યું.

''પરંતુ છેવટે કંઇક થયું તો હશે ને ?'' મોદને જાત પર કાબૂ મેળવતાં પૂછ્યું. છોટુ સાવધાની પૂર્વક બોલ્યો,''મેં એના ભાગિયા સાથે વાત કરીને જ્યારે કપાસવાળા ખાલી ખેતરમાંથી ગાડું કાઢ્યું ત્યારે પહેલાં તો તે દૂરથી અણિયાળાં વેણ કહેતો રહ્યો;'કેમ હવે ગુજારો થાય છે ? ખબર પડી ગઇ ને ?...' પછી સીધો જ ગળે પડ્યો, કહેવા લાગ્યો, 'ખબરદાર, અહીંથી ગાડું લાવ્યો' તો ! (છોટુ કદાચ ક્રોધમાં સીધો જ આવી ગયો હતો, એને કદાચ નહોતું વિચાર્યું કે પોતે જઇને ઠંડો પડયા વગર જ મોદનને પહેલે થી વાત જણાવશે તો એના પર આની શી અસર પડશે.)

મોદન એ વખતે ઊઠીને ઊભો થઇ ગયો, અને એણે ઘણાના છોકરાનું નામ લઇને, મા સમાની ગાળ દેતાં, દાંત ભીંસ્યા અને પછી કોટડીની અંદર ચાલ્યો ગયો. છોટુ પોતાની બેવકૂફી પર પસ્તાતો, એને ટાઢો પાડવાની કોશિશ કરતો, ખાટલા પર એને બેસાડીને સમજાવવા લાગ્યો કે જો 'એવું જ કંઇક' કરવા નું હોત તો તે ઘણાના બંને છોકરાઓના મુકાબલામાં કમજોર નહોતો. પરંતુ તે તો કોઇ ને કોઇ રીતે વાતને મોટું રૂપ આપવા માગતો હતો. છોટુના સંભાળ્યાથીયે મામલો કદાચ ન સંભાળી શકાત, પરંતુ સંજોગવશાત્ એ વખતે રુલદૂ આવી ગયો. બધી વાતની ખબર પડતાં એનો નમેલો ચહેરો વધારે કદરૂપો થઇ ગયો.

''ખેર... વાત તો ઘણી ખરાબ બની છે.'' એણે પાઘડીના ખસી ગયેલા બેત્રણ આંટા ફરીથી લપેટતાં જવાબ આપ્યો,'' પરંતુ હવે મૌન રાખીને પણ કામ નહીં બને. કરડતા ઊંટને મોઢે જાળી તો બાંધવી જ પડે છે....''

છોટુ એ રુલદૂના ક્રુદ્ધ ચહેરા તરફ જોયું તો એને ય ગુસ્સો આવ્યો; પરંતુ તે કંઇ બોલ્યો નહીં.

દિવસ આથમતાં જ્યારે છોટુ ઘેર ગયો ત્યારે એનું મન કંઇક ઠેકાણે આવી ગયું હતું, આમ છતાં તે જતી વખતે ઘણે દૂર સુધી પાછળ ફરી ફરીને, જાણે સૂકા પૂળાની કોટડીમાં તણખો ફેંકીને જઇ રહ્યો હોય, એમ ગયો.

મોદન એ રાતે રુલદૂને ઘેર સૂતો. એ બંનેએ પીને ઘણી વાતો કરી. અડધી રાત સુધી ઊંચા ઊંચા અવાજમાં તેઓ બોલતા રહ્યા. રુલદૂએ પોતાની ચતુરાઇ કંઇક એવી દાખવી હતી કે જાણે બધી વાત હવે ટાઢી પડી ગઇ છે. પરંતુ સૂતી વખતે મોદને કહ્યું,''અરે ભાઇ, હવે કોઇ બીક નથી.''

''શેની ?'' રુલદૂએ સ્તબ્ધ થઇને મોદન તરફ જોયું; પરંતુ અંધારી રાત હોવાને કારણે એના ચહેરા પર કોઇ ભાવ પ્રત્યક્ષરૂપે ન દેખાઇ શક્યો.

''કોઇની પણ...!''

રુલદૂ એના અવાજથી સમજી ગયો કે ' જે થવાનું હતું તે થઇ ગયું છે.' હવે તો માત્ર આ મામલાને કોઇ ને કોઇ રીતે ઓછામાં ઓછા નુકસાનથી સમેટી લેવો એ જ એનો ઉપાય હતો. એ પછી મોદન તો કદાચ સૂઇ ગયો, પરંતુ રુલદૂને પ્હોં ફાટતાં સુધી નીંદર નહીં આવી.

બીજા દિવસે જ્યારે મોદન હળ જોડીને રુલદૂના ખેતરમાં ગયો તો રુલદૂ એને ત્યાં સુધી મૂકવા આવ્યો. પાછા ફરતી વખતે, એને બાળકની જેમ સમજાવતાં બોલ્યો, "અરે મોદનિયા, હવે મારા આવતાં સુધી તું અહીં જ રહેજે. બસ, સમજી લે. હું ખળામાં છોકરાને બેસાડી, હમણાં રોટી લઇને આવું છું."

મોદનને જાણે એની કોઇ વાત સમજમાં નહીં આવી. એણે ચૂપચાપ હળ જોડી દીધું અને સૂકી ધરતીમાં દોઢ દોઢ હાથ ઊંડી ધસતી હળપૂણીને જોઇને એના મનને ઉપલક રીતે સાંત્વન મળવા લાગ્યું. ક્યાંક ક્યાંક જ્યાં જમીન નરમ હતી ત્યાં તે હળના હાથાને વધારે જોરથી દાબ દેતો અને હળપૂણી (ચવડા) સાથે હળનો નીચેનો ભાગ પણ માટીમાં ઘૂસી જતો હતો. પરંતુ રુલદૂનો નાનો બળદ એવી તેજી બતાડતો હતો કે એને બરોબર એવે વખતે જ સંભાળવો પડતો હતો. જો એકદમ જોશથી હળ ઊખડી આવે તો બળદના પગને પણ ઇજા થઇ શકે. એ વખતે મોદન બળદના પાતળા ઘૂંટણો અને કાજળકાળી ખરીઓ તરફ નજર રોપીને જોવા લાગતો.... અને એની ખરીઓ લોહીલુહાણ થઇ ગઇ હોય એવું એને લાગતું.

"અરે... સાચવજે, જીઉણ-જોગિયા !" એ વખતે બળદને કાબૂમાં રાખવા માટે રોકતો, બૂચકારતો; પરંતુ કોણ જાણે એના મોઢામાંથી અવાજ કેવી રીતે નીકળતો હતો કે બંને બળદ સંભાળ રાખવાને બદલે વધારે તેજી બતાવવા લાગતા હતા.

એણે માંડ દસ ક્યારીઓમાં હળ ચલાવ્યું હશે. એટલામાં તો સૂરજ બે હાથ વધારે ઊંચે ગયો. પોતાનાં ઘૂંટી-ઘૂંટણોમાં પીડા થવા લાગી ત્યારે બળદોને ઊભા રાખીને તે શેઢા પર બેસી ગયો. એનો નગોરી બળદ તો આંખો મીંચીને વાગોળતો રહ્યો, પરંતુ રુલદૂનો બળદ જંગલી ગાયની જેમ ગુસ્સાભરી નજરથી આજુબાજુ જોતો રહ્યો.

મોદને દૂર સુધી નજર કરી. કોઇ કોઇ ખેતરમાં ઊભેલા કપાસના સુકાયેલા છોડ એને જેલની કોટડીઓના દરવાજાઓના સળિયા જેવા દેખાતા હતા. વચ્ચે વચ્ચે વાવેલા સરસવની લીલીછમ બિછાત, ખેડ્યા વગરનાં સૂકાં ખેતરો વચ્ચે, કોઇ ફુવડ સ્રીએ મેલા જાડા કાપડની સૂરવાળ પર મખમલનું લીલા રંગનું થીંગડું લગાવેલું હોય એવી દેખાતી હતી. પરંતુ રુલદૂનાં નજીકનાં ખેતરોથી વેગમાં દૂર, નહેરની સાથે કતારમાં ઊભેલ ધૂળાનાં સીસમનાં નાનાં વૃક્ષોની પાસે શેરડી, રૂ અને રવીની ફસલની હરિયાળીએ તે સમગ્ર ભાગને બહુ દૂર સુધી- બરોબર ગામની નજીકનાં ખેતરો સુધી, ખીલવી દીધો હતો- જાણે ધરતીનું ભાગ્ય જાગી ઊઠ્યું ન હોય !... પરંતુ જ્યારે એને

ખ્યાલ આવ્યો કે આમાંથી અરધીથી વધારે 'હરિયાળી'નો માલિક ઘણાનો છોકરો અને મીરાબ છે ત્યારે બધી ધરતીમાં ધુમાડા જેવો એક ગોટો નીકળતો દેખાયો, પછી જ્વાળાઓ ઊઠતી જોઇ અને ખરેખર ચોતરફથી એની ઝાળ આવવા લાગી.

એણે જલદીથી ઊઠીને વાગોળ્યા કરતા નગોરી બળદનો ખ્યાલ કર્યા વગર, બંને બળદોને એક એક પરોણો લગાવ્યો. બળદો ડરીને તેજીથી ચાલવા માંડયા ને ત્યારે હળ મુશ્કેલીએ સંભાળી શકાયું.

"લોહી પી જઇશ સાલાઓનું" દાંત પીસીને એણે એક એક પરોણો વધુ લગાવ્યો અને ચાર કનાલ (વીઘાનો ચોથો ભાગ) જમીનમાં ખેડનું ચક્કર આંખના પલકારામાં જ પૂરું કરી દીધું. પરંતુ એ જગા પર પહોંચ્યા પછી એને ફરીથી પોતાના ઘૂંટી ને ઘૂંટણો થાકી ગયેલાં લાગ્યાં. માથું નમાવીને એણે બળદોને બુચકાર્યા અને એમની ચાલ ધીમી કરી દીધી.

આગળની જમીનમાં હળ ચલાવતી વખતે પહેલાં તો આંખોની આગળ તણખાઓ ફૂટવા લાગ્યા અને પછી અનેક લોકોની વિચિત્ર શિકલો દેખાવા લાગી. એકનાં નાક અને દાઢી ઘણા જેવાં હતાં. એકની આંખો દાની જેવી અને શરીર કાકી નિહાલી જેવું હતું એકનો સમગ્ર ચહેરો મહોરો ભૂત જેવો હતો અને પગ ચૂડેલો જેવા ઊલટા...

"વાહે ગુરુ !" એણે ડરીને માથું ઊંચું કર્યું અને પરોણાને ધીમેથી બંને બળદોના વાંસા પર અડાડીને લાડભર્યા અવાજમાં કહ્યું, "અરે, જીવતા રહો મારા રૂડિયાઓ ! સાચવીને, સાચવીને !"

પરંતુ એમને સાચવવાનું કહેતી વખતે એને પોતાના પગ વારંવાર કદીક પડતર જમીનનાં ઢેફાં કચડતા હોવાનો અને કદીક વિના ખેડેલી જમીનના ખૂંટિયાં ભાલાની અણીની જેમ પગમાં ભોંકાતાં હોવાનો અનુભવ થતો હતો. રુલદૂ રોટી લઇને આવી ગયો હતો, પરંતુ એનાથી હજુ સુધી ખેતર અરધું પણ ખેડાયું નહોતું. રોટી ખાવા બેઠા ત્યારે રુલદૂએ મોટા અવાજે હસતાં કાકી નિહાલીના મોટા છોકરાની વાત સંભળાવવી શરૂ કરી દીધી, જેની વહુ સુવાવડ માટે પિયેર ગયેલી હતી.

"સાલો ભોળી ચમારણને ત્યાં અર્ધી રાતે ઘૂસ્યો.... ત્યાં ધોનુંની આંખ ઊઘડી ગઇ. એનું ચમકતું ટાલવાળું માથું જોઇને તે ચકિત થઇ ગયો. કહેવા લાગ્યો, "હું તો માનાં પગરખાંની તપાસ કરવા આવ્યો હતો." એ બાજુ ધોનું એનો પણ બાપ હતો. કહેવા લાગ્યો,"માનાં પગરખાં શું આજે રાતે જ જોઇએ છે ? એક બે દિવસ કામ નહીં ચલાવી શકાય ?" ધોનુંને પાછો હઠતો જોઇને એણે નફફટાઇથી કહ્યું,"એમ તો કામ ચાલી જશે, ચાર-પાંચ દિવસ...." અને તે ત્યાંથી નીચી મૂંડીએ પાછા ફર્યો- સાલો રંડીબાજ ! જંગલીની ઓલાદ. જો પડવું છે તો કોઇ સારી જગામાં તો પડો. કાગડાની જેમ ગંદકીમાં ચાંચો શું કરવા મારતા ફરો છો ? - તું એ ચમારણની શિકલ તો જો. ડાકણ જેવા દાંત છે, સાલા માણસનાયે !"

આ વાત પડતી મૂકી રુલદૂએ બીજી વાત છેડી. પરંતુ મોદનને એવું લાગ્યું કે જાણે રુલદૂ એને ખુશ કરી રહ્યો છે. આ વિચારીને તે ખિજાઇને રોટી ખાવાનું છોડી અધવચ્ચેથી જ ઊભો થઇ ગયો.

એ દિવસે સાંજના, રુલદૂથી છુપાઇને મોદન ઘરમાંથી કાઢેલી શરાબની પોણી બાટલી પી ગયો. તે ઊડઝૂડ વાતો કરતો જ્યારે રોટી ખાઇને ખાટલામાં આડો પડયો ત્યારે મોદન પાસાં ઘસવા લાગેલો. છોટુ એ જણાવેલી વાતો આખા શરીરમાં કાંટાની જેમ ડંખવા લાગી. બેચેની વધતી ગઇ. પછી અચાનક તે ખાટલામાંથી બેઠો થયો.

''શું વાત છે ?'' રુલદૂએ એની અનિદ્રાભરી હાલત જોઇ ગભરાઇને પૂછ્યું.

''વાત તો કશી નથી.'' ધ્રૂજતા હાથે માથે પાઘડી લપેટતાં કહ્યું, ''એમ જ જીવ ગભરાયેલા-શો થઇ ગયેલો હતો !''

''ઘડામાંથી પાણીનો કટોરો લઇ પી લે.'' રુલદૂએ સૂતાં સૂતાં કહ્યું, મોદનનો માથા પર પાઘડી લપેટવાનો ખ્યાલ આવતાં જ તે પણ ઊઠીને બેઠો થઇ ગયો, ''પણ આ સમયે તું કયાં જઇ રહ્યો છે ?''

''ઘેર''

''ઘેર ?''

''હં. ''

મોદન મૂંગો મૂંગો ચાલતો થયો. રુલદૂ ખરેખર નવાઇ પામ્યો. જોડા પહેરીને, પાઘડી લપેટીને તે પણ એની પાછળ પાછળ ચાલી નીકળ્યો. બહારના રસ્તા પર પહોંચીને જોયું તો મોદનના પગ લથડિયાં ખાતા હતા, એણે પોતાની ચાલ ઝડપી કરી, પરંતુ મોદન એટલો ઝડપથી ચાલવા લાગ્યો કે રુલદૂને પોતાની લગોલગ નહીં આવવા દીધો. રુલદૂ થોડા રસ્તેથી જ પાછો વળી ગયો. પછી જ્યારે મોદન બરછી લઇને ચાચી નિહાલીના ઘર સુધી પહોંચ્યો ત્યારે રુલદૂ પણ ગાભરો-ગાભરો ઘેરથી દાંતી લઇને એની સાથે થઇ ગયો. (એનો નશો પણ આજે મોદનની જેમ જાણે હવા લાગવાથી ભભૂકી ઊઠ્યો હતો.)

''લે ભઇ, આજે ફરી તું તારા પોતાનાં રાંઝાને રાજી કરી લે. અમારું તો ઠીક છે...''

એણે પાછળથી મોદનને આશ્વાસન આપ્યું. મોદને ફરીને પાછળની બાજુ જોયું અને સાથે જ ઊંચા અવાજમાં પડકાર કરતાં ગરજ્યો,'' એય,.... ફૂંકી મારીશ સાલાઓને !... છે કોઇ માઇનો પૂત ! આવે મેદાનમાં !... તમારા જમાઇની સામે નીકળીને તો આવે-આવીને સામનો તો કરે...''

અને એકાએક આખું ગામ જાણે ઊજડી ગયું હોય ! લોકો ઘરોની અંદર ચૂપચાપ બેસી રહ્યા; માત્ર ઘણાના ઘરમાંથી શોરબકોર સંભળાતો હતો.

મોદન ગલીના વળાંક આગળથી સીધો ધસીને ઘણાના મોટા દરવાજાની સામે આવી ઊભો અને ઘણાનું નામ લઇને ઊંટની જેમ ગાંગરતાં પડકાર દીધો, ''એ...ય...

આવો ઘણાવાળાઓ, આવો, તમારા ફેરા સીધા કરી દઉં...આવો, કાઢો બહાર તમારા મોટા બહાદુરના બેટાઓને, જેમનાથી અમારા સીધા કરેલા શેઢાને આંગળી સુદ્ધાં અડાડી શકાઇ નથી ! એય.... આવો.... કોઇ તો ટક્કર લો તમારા જમાઇ સાથે-હો...ઓ... ઓ... હિશ... શિ... !'' અને એના દિલમાં વધી જતી જ્વાળા એને અંદર-બહારથી તાવી જઇ રહી હતી.

ઘણાના પાકા દરવાજાની ટોચે કાંગરાની પાછળથી કોઇએ માથું ઊંચું કરીને જોયું અને એ સમયે અંદરથી દબાયેલા અવાજમાં થતો પ્રલાપ પણ સંભળાયો. મોદન દરવાજાની ટોચ તરફ નજર ઠેરવી બે ડગલાં પાછો હઠ્યો અને શેરીની વચ્ચોવચ પૂરી તાકાતથી બરછીને રોપીને એકવાર ફરીથી પડકાર દીધો,''કોઇ છે એ..ય જીવતું, ઘણાના જમાઇ સાથે ટક્કર લેવાવાળું ?''

''લે, પછી ભાગતો નહીં... સાલા...!'' ઘણાના આંગણામાંથી જવાબ આવ્યો અને પછી દરવાજો ઊઘડતાં જ બેનાળી બંદૂકના ગોળીબારનો અવાજ સંભળાયો.

મોદન આંધળા થઇને, બરછી સીધી કરીને દરવાજામાં ઊભેલા ઘણાના નાના છોકરા તરફ ધસ્યો; પરંતુ તે પાછો હઠીને દરવાજાની આડશમાં સરી ગયો. બરછી ચોતરા સાથે અથડાઇને પાછી પડી અને મોહનના પગ ફસડાઇ પડ્યા.

''સાચવજો અરે મોદન !'' પાછળથી રુલદૂનો અવાજ સંભળાયો પરંતુ બરોબર એ વખતે સામેથી, હાથમાં ફરસી લઇને દોડતો આવતો સજ્જન નજરે પડયો. તે ગોળીની દિશામાં, મોદનની તરફ ધપ્યો; પરંતુ વખત હાથમાંથી છટકી ગયો હતો. રુલદૂ નજીક આવી પહોંચે તે પહેલાં જ સજ્જને મોદનને ફરસીના બે ઘા મારી દીધા.

''ઘર ઘરના જ અંદરો અંદર શું કરવા કપાઇ મરો છો ? અરે દુશ્મનો !'' રુલદૂએ સજ્જનના માથે ધસી જઇને એને પડકાર્યો અને સાથે જ દાંતીનો એક ઘા ઊલટી રીતે એના ખભા પર માર્યો.

ફરસી લાગતાં સજ્જન લથડિયાં ખાઇને દીવાલ સાથે ટકરાયો, પરંતુ ઊઠીને તે દાંત પીસતો જ્યારે રુલદૂ પર ધસ્યો ત્યારે રુલદૂએ સીધી દાંતી મારીને એની દાંતીનો હાથો વચમાંથી ગાજરની જેમ કાપી નાખ્યો અને દાંત કચકચાવતો ચિત્કારી ઊઠ્યો,''જતો રહે સજ્જન, આખું ઘર બરબાદ થઇ જશે... મારાથી નહીં કરવાનું કરી દેવાશે.. ચાલ્યો જા...''

સજ્જન લુંગી સંભાળતો ભાગીને ઘણાના ઘરમાં ઘૂસી ગયો. અંદરથી રુલદૂએ એનો બરાડા પાડતો અવાજ સાંભળ્યો,''આજે, દુશ્મને અમારું આખું ઘર બરબાદ કરી નાખ્યું.... અરે... ક્યાંયનો નહીં રાખ્યો... હાય... એ..લ્યા.. મોદનિયા, તને ચાવી ખાવું.. અલ્યા...''

મોદન સાપની જેમ તરફડતો ચોતરા પાસે પડયો હતો. એનું પહેરણ, લુંગી અને પાઘડી લોહીથી લદબદ હતાં. એના પર નજર પડતાં જ રુલદૂના કાળજામાંથી લાંબી જ્વાળાઓ ઊઠી અને એણે પોતાની અંદરથી કોઇ ગર્જના કરતા રાક્ષસનો

અવાજ સાંભળ્યો. આંખો સામે આગની જ્વાળાઓ જેવા મોટા મોટા આકારોએ દેખા દીધી. જવાનીની સાથીદાર, અઢી શેર તેલ પિવડાવીને કાળીમેશ બનાવેલી લાઠી પર જડેલી, અંધારામાં વીજળીની જેમ ચમકતી, પોતાની ફરસીની તરફ જોઇને હૂંકારતો તે પાછો હઠી ગયો અને એકદમ એના આગલા પડકારે તળાવવાળા ઘરડા વડનાં પાંદડાંને ધ્રુજાવી દીધાં...

"આવો... અલ્યાઓ...ઘર ઘરનાંને લડાવી મારનારા નારદો !... આવો ! હવે હું જોઉં તમારી જોટાળી!... જરા બહાર મોઢું તો કાઢો... એક જ ફૂંકારમાં તમને લોકોને ફૂંકી ન મારું તો કહેજો... અલ્યા, આજે તો રુલદૂ જીવતો જ મરી ગયો અલ્યા..."

પરંતુ તુરત જ સામેનું મોટું બારણું બંધ થઇ ગયું અને અંદરથી ઘણાના છોકરાઓની વહુઓ ચીસો નાખી નાખીને સજ્જન અને ઘણાના નાના છોકરાઓને વારતી હોય એવો શોરબકોર સંભળાયો.

"આવી જાઓ ખરી માના પૂત હો તો... બહાદુરો આમ બૈરાંના કહેવાથી અટકતા નથી !... હવે આવો તો ખરા બહાર ભડવીરો ! મારા એકલવાયા દોસ્ત પર ઘા કરનારા બહાદુરો !" રુલદૂનો પડકાર વધારે બુલંદ થઇ ગયો અને આખા ગામની દીવાલો એવી રીતે ગાજી ઊઠી કે જંગલમાં જાણે કોઇ ઘરડો વાઘ ગરજી ઊઠયો ન હોય !

'અલ્યા ગીધડાઓ, બંગડીઓ પહેરીને અંદર ભરાઇ ગયા છો ? હવે ઢાંકણીમાં પાણી લઇ ડૂબી મરો.. માના પેટમાં પેસી જાવ પાછા !' તે ફરીથી ગરજ્યો.

અંદરથી આવતો શોરબકોર મંદ પડયો અને પછી શાંતિ છવાઇ ગઇ.

એ વખતે રુલદૂને પાછળથી દોડીને આવતા કોઇ માણસના પગનો અવાજ સંભળાયો અને પાછા હઠી જઇને ફરસીના હાથાને વધારે મજબૂતીથી પકડ્યો.

"રહેજે, હું આવી ગયો છું, ભાઇ !" ખભા પર કોદાળી લઇને આવતા છોટુએ દૂરથી પડકાર કરતાં કહ્યુંને રુલદૂ પાછો ખસી ગયો.

છોટુએ નજીક આવીને જે કંઇ જોયું એથી એક વાર તો એનો જીવ લેવાઇ ગયો ! ક્ષણવાર સ્તબ્ધ થઇ ગયા પછી તે ચીસ પાડી ઊઠ્યો,"હાય... અરે ભાઇ !- આ તેં શું કર્યું ?.... તારે મને ઇશારો તો કરવો'તો ! જો એમના આગલા-પાછલાઓને પણ જીવતા છોડત તો તારે મારા મોઢામાં થૂંકવું'તું" અને જલદી દાંત પીસીને, આંધળા થઇને છોટુએ પૂરા જોરથી ઘણાના મોટા દરવાજામાં કોદાળી ઠોકીને પડકાર દીધો,"હવે બચીને ક્યાં સંતાશો, તમારા જમાઇથી ?..."

પરંતુ લાંબા સમય સુધી અંદરથી કોઇ અવાજ નહીં આવ્યો, ન કોઇ માણસ બહાર નીકળ્યું. રુલદૂ અને છોટુ કેટલીકવાર સુધી ત્યાં પડકાર ને ગાળો દેતા ઊભા રહ્યા, પછી રુલદૂને પોતાની બેવકૂફીનું ભાન થયું. મોદનના શરીરમાંથી લોહીની ધારાઓ વહી રહી હતી.

"છોટુ, મને મદદ કર, આને ઉઠાવ. ઝડપ કર !" રુલદૂએ બેસીને મોદનના

નિર્બળ હાથને પોતાના ગળામાં નાખી લીધા અને મોહનને સાચવીને પોતાની પીઠ પર ઊંચકીને તે ઊભો થયો.

આ બધી ઘટના પલવારમાં જ ઘટી ગઇ હતી. અને જ્યારે તેઓ મોદનને લઇને ઘેર પહોંચ્યા ત્યારે ઘેર ઓશરીમાં ગામના 'ભદ્ર પુરુષો'ની જમાવટ થઇ ગઇ હતી. મઘ્ઘર બોલો (બહેરો), જીવનસિંહ, રતનો અને સુંદર ધીમો મોદનને ઘેર આવી ગયા હતા તો મીરાબ અને મુખી બંને ઘણાના ઘેર આવી ગયા હતા.

મોદનને ઊંડા ઘા લાગ્યા હતા. ફરસીનો એક ઘા માથામાં, એક ખભા પર અને ત્રીજો જમણા પગ પર લાગ્યો હતો. ફરશીથી પગનું હાડકું ઘણું કપાઇ ગયેલું લાગતું હતું. જોટાળીના બે ત્રણ છરા સાથળમાં પેસી ગયા હતા; એક કદાચ ડાબા ખભામાં પણ હતો. લોહી વહેવાથી એનાં બધા અંગ પીળાં પડી ગયાં હતાં. પરંતુ દૂધ-ઘી પિવડાવવાથી અને ઘા બાંધવાથી તે ભાનમાં આવી ગયો. પરંતુ બાજુની કોટડીમાં હરકોરને વારંવાર મૂર્ચ્છા આવતી હતી. કાકી નિહાલી અને એક બે બીજી સ્રીઓ એને મુશ્કેલીથી સંભાળી રહ્યાં હતાં.

આખી રાત રુલદૂ અને છોટુ મોદનની પાસે બેઠા રહ્યા. ગામના અગ્રણી લોકો તકરારી વાતોની પતાવટ માટે અહીં-તહીં આંટા-ફેરા કરતા રહ્યા. પહેલાં મોદનને હૉસ્પિટલ લઇ જવાની વિચારણા થઇ, પરંતુ એણે ત્યાં જવાનો ઇન્કાર કરી દીધો. જીવનસિંહે સમાધાન કરવાની વાત છેડવા પ્રયત્ન કર્યો તો મોદને લથડતી જીભે કહ્યું,"થાણે નથી જવું, રાજી ખુશીથી લખત પણ આપવું નથી.... પ્રાણ હશે ને જીવતા રહીશું તો સમજી લઇશું. નહીંતર.. નહીં... નહીં...."

બધાએ પોતપોતાની રવીની ફસલ વાવીને અને ખરીફની ફસલ લણી લઇને કામ પૂરું કરી લીધું હતું. પાછળના કપાસની એકાદી વીણણી રહી હતી- તે પણ કોઇ કોઇ ઘરની અને આ ફુરસદની મોસમમાં રુલદૂ અને છોટુ દિવસરાત પરેશાન થઇને ફરતા હતા. બંને એકલા માણસો, સાથમાં રુલદૂનો અલ્લડ જુવાન દીકરો ત્રણ ચાર જગાએ છૂટક છૂટક જમીન હતી; કામ કોઇ રીતે પૂરું થતું નહોતું. રવીના જેટલા પાક વાવવાની વિચારણા કરેલી, એમાંથી અરધા પણ હજુ વવાયા નહોતા. હજી સુધી છોટુનો કપાસ વેચવા માટે પણ જઇ શકાયું નહોતું.

મોદનના આમ તો બધા ઘા રુઝાઇ ગયા હતા, પરંતુ પગના ઘામાંથી હજુ પણ રસી નીકળતી હતી. સોજો કદીક ઓછો થતો તો કદી વધી જતો હતો. લાકડીના ટેકા વિના તે હજુ સુધી થોડોક પણ ચાલી શકતો નહોતો. રાતના ઠંડી વધતાં આખા પગમાં અસહ્ય કળતર થતું હતું.

આ લડાઇના લગભગ ચાર દહાડા પછી વરિયામા ખબર કાઢવા પણ આવ્યો હતો. આખી રાત રહ્યો અને વાતો કરીને એ બધાંનું માથું ખાતો રહ્યો. કદીક માણસો લાવીને ઘણાના છોકરાઓની સીધા કરવાના તરીકાઓ બતાવતો રહ્યો, કદીક

થાણેદારો અને પોલીસ અફસરો સુધીની પોતાની 'પહોંચ'ની વાતો કરતો એ બધાને 'બંધાવી દેવા'ની ડિંગો મારતો રહ્યો અને કદીક કોઇ 'છૂપી રીતે' કોઇ બીજા મામલામાં એ લોકો ફસાવવાની યુક્તિઓ બતાવતો રહ્યો. મોદન અને રુલદૂ મૂંગા-મૂંગા સાંભળતા રહ્યા, પરંતુ આ વખતે મોદનને તે ખૂબ હલકટ અને સામાન્ય માણસ લાગ્યો. તે દુ:ખી થઇ ગયો.

બીજે દિવસે જયારે તે પાછો ફર્યો ત્યારે વિનમ્રતાપૂર્વક તેણે કહ્યું, "બસ, જે દિવસે છોકરી સવા મહિનાની થશે તે દિવસે બહેનને મૂકી જઇશું. આમેય એને તેડાવવાનો આ કોઇ દખત નથી- હજુ સુધી તો આ લડાઇવાળી વાત પણ અમે એનાથી સંતાડીને રાખેલી છે. પરંતુ હવે શું કરવું ? હજી છોકરી માંડ સાત-આઠ વાસાની છે; અને વળી બહેન પાછલા મહિને કંઇક વધારે બીમાર થઇ ગઇ હતી. હવે નબળી પણ ઘણી પડી ગઇ છે.... પછી જુઓ તમે કહો તેમ. અમે કોઇ તમારાથી પરાયા તો છીએ નહીં..."

પરતું એને શું કહી શકાય એમ હતું ? મોદનને પૂરેપૂરો શક હતો કે તે ધરાર જૂઠું બોલી રહ્યો છે અને આ 'છોકરીના જન્મ' વાળી વાત તો બિલકુલ જુઠાણું જ જણાતું હતું. પહેલું બાળક જ છોકરી-આ કેમ બને ? -ભગવાને પથ્થર જ માથે મારવો જોઇતો હતો – આ ઠીક લાગતું નહોતું.

પરંતુ વરિયામાના ગયા પછી રુલદુએ હસીને કહ્યું, "કેમ શું છોકરાઓ તારે ઘેર જ જન્માવવા માટે રાખ્યા છે ? અને વળી છોકરીઓ શું કોઇનું ભાગ્ય લઇ લે છે ? જે 'ઉપરવાળો'કરે તે બરોબર. એની સાથે કોઇ જોર-જબરદસ્તી ઓછી થાય છે ?"

...ચાલો જે ઉપરવાળાને ગમ્યું તે ખરું, હવે આવી ગયેલી છોકરીને પાછી તો વાળવાની નહોતી; પરતું 'છોકરી'નું નામ સાંભળતાં વેંત જ મોહનને લાગ્યું કે પોતે ખાનદાન ગૃહસ્થ માણસ બની ગયો છે. અને કોણ જાણે કેવી અભાગિયણ એ હશે કે એના આવતાં વેંત જ નવો બખેડો અહીં ઊભો થઇ ગયો !

"હું હવે પોતે જ જઇને ખબર કાઢી આવું તો ? સાથે બશેર ઘી પણ આપતો આવીશ !" એક દિવસ રુલદૂએ પોતે જ પૂછી લીધું.

ઘણા દિવસોથી મોદનનું મન પણ આ વાત કહેવા ચાહતું હતું. પરતું ખબર નહીં, પોતે શા માટે મૂંગો થઇ જતો હતો. રુલદૂ જ થોડો ખમચાતો -શરમાતો બોલ્યો, "આમેય હવે છોકરી ઠીક ઠીક મોટી થઇ ગઇ હશે, અગર જો મોકલે તો તું સાથેજ લેતો આવજે... પરંતુ આ વાતની ખબર ન આપતો. નકામી ચિંતા કરશે."

એની આ હાલત જોઇને રુલદૂએ થોડું હસી લીધું.

બધું કામકાજ પડતું મૂકી તે અધવચ્ચે જ ત્યાં ચાલ્યો ગયો. ઘીની વાત ચાલી તો એણે હરકોરને જણાવ્યું કે જો દાનીને તેડીને જ આવવાનું છે તો પછી અહીં બશેર ભેગું કરીને આપીશું. હરકોરને આ વાત ઠીક નહીં લાગી.

પછી ચોથા દિવસે જયારે રુલદુ પાછો ફર્યો ત્યારે તેના મોઢા પરથી તે માંખ પણ ઉડાડી શકતો નહોતો. જાણે કોઇ લાંબી માંદગીમાંથી ઊઠીને આવ્યો હોય એવો લાગતો હતો. સાંજના વખતે આવ્યો હતો, બીજા દિવસે, સવારે તડકો ચઢયો ત્યાં સુધી તે મોદનને ઘેર ન ગયો. અને જયારે ગયો ત્યારે પૂરેપૂરું મન મજબૂત કરીને, પાકો સંકલ્પ કરીને ગયો કે ગમે તે થાય પણ કોઇપણ રીતે આ વાત તો મોહન સુધી ન પહોંચવી જોઇએ. મનને તો એણે દબાવીને અંકુશમાં રાખી લીધું, પરંતુ અંદર સળગતી આગથી તપી રહેલા મોં-માથાને તે કોઇ પણ રીતે છુપાવી શકયો નહીં.

"જો દાની રાજી-ખુશી છે, છોકરી પણ તંદુરસ્ત છે તો તું એને શા માટે તેડીને ન આવ્યો ?"મોદને છૂપી શંકાનાં માર્યા પૂછયું.

"તે લોકો કહે છે કે અમે ચારપાંચ દિવસમાં જાતે જ આવી જઇશું." છેવટે રુલદૂએ જૂઠું બોલી દીધું પરંતુ તે સાથે જ મોહનનો ખૂબજ દૂબળો ચહેરો વધારે ફિકકો પડેલો જોયો અને કપાળ પર પર અસહ્ય વેદનાની કરચલીઓ ઊંડી ગયેલી નિહાળી.

રુલદૂએ વધારેમાં વધારે, જયાં સુધી પોતાની જાતને કાબૂમાં રાખી શકતો હતો ત્યાં સુધી, રાખી પછી કોઇને કશી ખરખબર કર્યા વિના જ તે કયાંક બહારગામ ચાલ્યો ગયો. છોટુએ ત્રીજા દિવસે એને ઘેર જઇને ભાળ કરી તો છોકરીએ જણાવ્યું કે તેઓ માત્ર એટલી જ વાત કરીને ગયા છે કે 'મંડી જાઉ છું અને કાલ સુધીમાં પાછો આવીશ.' હાટમાં તપાસ કરી તો ત્યાંથી પણ પત્તો નહીં મળ્યો.

આઠમા દિવસે તે પાછો આવ્યો કે સીધો મોદનને ઘેર ગયો. મોદન ઢોરવાળી ઓરડીની પાસે તડકામાં ખાટલો ઢાળીને, ખેસ ઓઢીને બેઠો હતો. હરકોર ઘરબહાર કયાંક ગઇ હતી. એના કોઇપણ હાવભાવની પરવા કર્યા વિના રુલદૂ દીવાલ પાસે ઊભો કરેલો બીજો ખાટલો ઢાળીને એની સામે બેસી ગયો. ફરસી ખાટલાની ઇસ પાસે મૂકી અને પાઘડી ઉતારીને, આછાવાળોને હાથથી સંકેલતો, વચમાં જો રોકાઇ જવાશે તો પછી કશું જ નહીં બોલી શકાય એવો ભય હોય જાણે એમ બોલવા લાગ્યો.

"જો ભાઇ સિંહ, જે થવાનું હતું તે થઇ ગયું. પરંતુ હવે એવું નથી કે એ સાલાઓ લહેરમાં રહી શકશે આ વખતે તો આ પાર કે પેલી પાર, એક તો કહી દીધું એને, એ દાનીના જંગલી કાકાને અને સાથે એના બંને મોટા 'એંટવાળા' ભાઇઓના કાનમાં પણ વાત નાંખીને આવ્યો છું. હવે આગલા સોમવાર સુધી જો એમનો કોઇ જવાબ નહીં આવ્યો તો પછી જીઉણાના રુલદૂનું જૌહર જો જો !... અમારી કંઇ વકીલદારી અહીં પાછળ રહી છે, જે અમારી પાછળ અવેરી નહીં જાય?"

અને રુલદૂની આંખો આગિયાઓની જેમ સળગવા-હોલવાવા લાગી. તડકાને કારણે ચહેરો સળગતો લાગ્યો.

મોદનને એની વાત સમજમાં આવી નહોતી. થોડી વાર તો તે ગભરાયો, અસ્વસ્થ, રુલદૂના ધૂળથી રગદોળાયેલા, વાંકા-સૂકા પગ એની અસ્તવ્યસ્ત થઇ ગયેલી દાઢી અને અંગારા જેવી સળગતી આંખોની તરફ વારંવાર જોઇ રહ્યો . પરંતું પછી

રુલદૂ મનના કેટલાય બધા ભેદ બતાવવા લાગ્યો.

અંદરની વાત આ નીકળી કે દાનીના પિયરિયાંએ બે હજાર રૂપિયા લઇને એને બાળક થાય તે પહેલાં જ કોઇ બીજાની સાથે મોકલી દીધી હતી. વરિયામાએ બધી વાત દબાવી દેવા માટે પત્રો-સંદેશાઓનો પ્રપંચ કર્યો હતો અને પોતે પણ એટલા માટે આવ્યો હતો. અંદરો અંદર વાત તો ત્યાં સુધી પહોંચી ગયેલી હતી કે જેની સાથે દાનીને મોકલવામાં આવી હતી તે કોઇ સારો ખાધે પીધે સુખી બદમાશ જાટ હતો, જેની દસ વીઘાં જમીન પર વરિયામાએ જઇને કબજો જમાવી દીધો હતો; અને હવે તે ત્યાંજ ખેતી કરતો હતો. વળી એમ પણ સાંભળ્યું કે એ ગામ કયાંક જીંદ-સંગરૂરની વચ્ચેના પ્રદેશમાં છે. એનું રહસ્ય મેળવવા માટે જ રુલદૂએ આટલા દિવસો સુધી ધક્કા ખાતો ફરતો હતો. છેવટે એને માત્ર એટલી જ સફળતા સાંપડી કે તે એ ગામમાં જઇને કોઇને ઘેર એક રાતનો મહેમાન થઇ શકયો અને ત્યાંના કોઇ હજામ સાથે કંઇક 'વાતચીત' પણ પાકી કરીને આવ્યો.

"આપણને ત્યાં સુધી જવાની જરૂરત જ પડશે નહીં,"રુલદૂએ વાત પૂરી કરતાં કહ્યું "મેં એના કાકાને ખખડાવીને કહી દીધું છે કે ભઇ, જો સરદાર ! જો એનું મને કોઇ સર-સરનામું નહિં મળે તો તારા સાગરીતો સાથે તારાયે ટૂકડે ટૂકડા કરી નાખીશ-અને પોતાનો જીવ તો અમે હથેલીમાં જ લઇએ ફરીએ છીએ. અને તે મારા સ્વભાવને સરસ રીતે જાણે છે, કે જો તે જીવ પર આવી ગયો તો ત્રણ પેઢીઓ સુધી કોઇ કબર પર દીવો સળગાવનારુંય બાકી નહીં મેલે ! .... અને હું એને છોડીશ નહીં, ભાઇ મોદન..."

રુલદૂની આંખો આગિયાની જેમ ચમકીને ઠરી ગઇ. પરંતું મોદનનાં શરીરનું બધું લોહી જાણે પાણી બની ગયું હતું. ઘૂંટણો પર ઓઢેલો ખેસ દબાવીને એણે માથું ઢાળી દીધું અને પછી રુલદૂની સાથે નજર પણ મેળવી શકયો નહીં.

બીજા દિવસે સૂરજ ચઢતાં જ ચા પીને , ખેસ ઓઢીને મોદન લાકડીના ટેકે જયારે ખેતર તરફ જવા લાગ્યો ત્યારે મા એ કંઇક ચિંતા અને કોમળતાથી કહ્યું, "દીકરા, ઘા વકરી જશે. પગને જરા સારી રીતે આરામ તો થવા દે."

પરંતુ મોદનનું શરીર સળગવા લાગ્યું, એણે ક્રોધભર્યા અવાજમાં કહ્યું , "મા, તારી આ ટોકવાની આદત કયારે જશે ? "

એનો અવાજ સાંભળીને હરકોરનો જીવ લેવાઇ ગયો. (ખબર નહીં, આંખ પલકતાંજ, કયાંથી એની આંખો આગળ એ દિવસ અને એ ઘડી આવી ગઇ જયારે દસ-બાર વર્ષ અગાઉ એણે આ રીતે મોદનને ટોકયો હતો. અને એણે આ રીતે શુષ્ક જવાબ આપ્યો હતો. અને એ પછી ઘર પાયમાલ થઇ ગયું હતું.) મોદન બારણાની બહાર નીકળ્યો તો આસ્તે આસ્તે ઢોર તળેથી છાણ હઠાવવાને બહાને, આંખો ખેંચીને હરકોરે બારણા આગળ જતા મોદનની પીઠ જોઇ. એને લંગડાતો જોઇને એની આંખોમાંથી આંસુ વહેવાં લાગ્યાં, જે એક પ્રહર સુધી વહેતાં નહિ રોકાયા.

પરંતુ બારણાની બહાર નીકળતી વખતે ન મોદનને હરકોરનો વિચાર આવ્યો કે ન પોતાના પગનો. ઘૂંટણભરની વધેલી રવીના પાકની લીલોતરીમાંથી નીકળતી વખતે એને એમ લાગ્યું કે જાણે પોતે નિતાંત એકલો છે, અને કોઇ સૂમસામ જંગલમાં જઇ રહ્યો છે- કોઇ અફાટ, કદી જે સમાપ્ત થવાની નથી એવી ધરતી પર, જેનો કોઇ છેડો નથી. મરુભૂમિ જેવું દૃશ્ય હતું. ખેતરમાં પહોંચતાં એના પગમાં તીવ્ર કળતર શરૂ થયું. તે ઢીલો થઇને ખખડધજ પીલુડીના ઝાડવાળા ટેકરા પર જઇને બેઠો. જોડેના ખેતરમાં ચણા હજુ ચાર આંગળ જેટલા ઊંચા થયા હતા. એમની સુકાયેલી ડાંખળીઓની તરફ જોતી વખતે મોદનને આખાય ખેતરમાં કાંટાળા ઝાંખરા ઊગ્યાં હોય એવો ભાસ થયો. દૃશ્ય હજુયે વધારે અપરિચિત-જેવું થઇ ગયું. એણે આંખો પલકાવી અને માથું ઊંચુ કરીને સામે નજર કરી. ઘણાના છોકરાઓનાં ટ્યૂબવેલની નળીનું ખાલી મોં અજગરનાં મોં જેવું પહોળું થયેલું દેખાતું હતું. ખેતર સૂકાં પડયાં હતાં, પરંતુ નજીકમાં ઊગેલા ઘઉં ઘૂંટણભરના થઇ ગયા હતા. 'આ કેવી રીતે ઊગ્યા?' એને ઓચિંતો વિચાર સ્ફૂર્યો. પણ પછીથી એને લાગ્યું કે આ ધરતી જાણે ઘણાનાં લોહીથી ભીંજાયેલી હતી અને ઘઉંમાં પણ લોહી જેવી રાતીચોળ આભા હતી.

નજર ઉપર ઉઠાવી. સૂરજ માથા પર આવી ગયો હતો. ટેકરાની ધૂળ પણ તપી ગઇ હતી. તેણે ઓઢેલી પછેડીમાંથી હાથ બહાર કાઢયા અને ગરમ ધૂળ પર હાથ ટેકવીને હાથનાં જોરે તે જરા પાછલી તરફ ઢળ્યો. પગ ઉઘાડા કરીને માટીમાં લંબાવ્યા પછી ધીમે ધીમે પાછલી તરફ ઢળતો ઢળતો શરીર લંબાવીને આડો પડયો.

ક્ષણવાર એમ લાગ્યું કે જાણે ઊંઘ આવી રહી છે. ઉઘાડા અંગો પરના માટીના સ્પર્શથી એના લોહીમાં એક રસ પેદા થઇને આખા શરીરને જાણે તાજું અને સ્વસ્થ બનાવતો જતો હતો. પછી ધીરે ધીરે તે બાળકની જેમ 'રમત'માં પરોવાઇ ગયો. એમ જ સૂતો સૂતો પહેલાં માટીની મુઠ્ઠીઓ ભરી ભરીને હાથ ઊંચા કરીને એ રીતે એને ઉડાડવા લાગ્યો કે જાણે હવાની દિશા જોતો ન હોય ! પરંતુ કેટલીક વાર પછી મુઠ્ઠીમાં ધૂળ દબાવીને વિના હલનચલન પડી રહ્યો. ઓચિંતા તેનાં બધાં અંગ અકડાઇ ગયાં હતા. તે લાંબા સમય સુધી આ રીતે પડયો રહ્યો.

પછી ઘાની નીચેના ભાગમાં, પીંડીઓમાં અપાર પીડા ઊપડી અને તે ડરીને બેઠો થઇ ગયો. ચીમળાયેલો ચહેરો પીડાથી વધારે ખેંચાઇ ગયો અને તે બહુ વખત સુધી પીડા બરદાસ્ત કરવા માટે, આંખો મીંચી ઘૂંટણો વચ્ચે માથું ઘાલી, પગના બળે બેઠો રહ્યો. લાંબા સમય પછી જયારે માથું ઊંચું કર્યુ ત્યારે સામે અંધારું-ધૂંધળાપણું જોઇને એને લાગ્યું કે દિવસ ડૂબી ગયો છે. જલદીથી લાકડી ઉઠાવીને દાંત ભીંસ્યા અને પગને સીધો કરીને ઊભો થઇ ગયો.

ચાલતાં પહેલાં એક વાર ફરીથી પોતાના ખેતર તરફ નજર નાખી તો ખેડાયેલા અડધા ખેતરમાં રોડાં જોઇને એનું દિલ ખૂબ ઉદાસ અને નિરાશ થઇ ગયું. ચાલતી વખતે, પોતાનાં જૂનાં પગરખાંને નરમ પાળામાં ઘૂસી જતાં જોઇને વળી કંઇક

સંતોષ થયો. મુશ્કેલીપૂર્વક લાકડીનો ટેકો લઇને જે રીતે ગયો હતો એ રીતે ખાલી ખાલી પાછો આવ્યો.

અડધે રસ્તે આવીને એણે પાછળથી બાજું જોયું અને મોટાકાકાના કંગાલ હાથોની લબડતી નસોની જેમ, નીચે સુધી લટકતી જીર્ણ વડની વડવાઇઓ જોઇને એને એમ લાગ્યું કે વૃક્ષના દિવસ પણ હવે પૂરા થઇ ગયા છે. 'આને આ વખતે કાપીને સળગાવી ન લેવાય?' અચાનક મનમાં ખ્યાલ પેદા થયો, પરંતુ પછી આ વાત પોતે જ બહુ ઘૃણાસ્પદ લાગી, અમંગલ લાગી.

ટેકરાવાળા બાવળની પાસે આવતાં ફરી પાછું પગમાં અસહ્ય દર્દ ઊપડયું અને મોહન થંભી ગયો. પછીથી ચાલવા લાગ્યો તો પહેલાંથી વધારે લંગડાવા લાગ્યો. ઘેર આવતાં જ તે ખાટલામાં સૂઇ ગયો. શરીર સગડીની જેમ તપી રહ્યું હતું. કદાચ થાકને કારણે તાવ આવી ગયો હતો.

સાંજના છોટુ તથા રુલદૂ આવ્યા તો એમણે હરકોર પાસેથી મોદનના ખેતરમાં જવાની વાત સાંભળીને એને ઠપકો આપ્યો. પરંતુ કોણ જાણે શાથી, એને પણ એ લોકો પર ગુસ્સો આવી ગયો. ''યાર, તમે લોકો હજી પણ મને ધાવણું બાળક સમજો છો ?'' એણે થોડા ગુસ્સાથી કહ્યું.

અચાનક મોદનની આ રીતે બદલાયેલ મુખમુદ્રા જોઇને બંને ડરી ગયા. એમને પરિસ્થિતિ કંઇક વિષમ લાગી.

બીજે દિવસે ગામના દેશી હકીમ ચૂહડને બોલાવવો પડયો. એણે સારી રીતે જોઇ તપાસીને કહ્યું કે પગનો ઘા ગંભીર બની ગયો છે. એને માટે લાંબો ઇલાજ કરવો પડશે. આ વાતે છોટુ ને સાચેજ ડરાવી દીધો અને બધા એને સમજાવી ઠસાવી બળજબરીથી મંડીમાં આવેલા 'મોટા દાકતર'પાસે લઇ ગયા. એણે પાંચ સાત દિવસ તો ઇંજેક્ષન આપીને ઘણા પૈસા વસૂલ કર્યા અને જયારે વાત હાથની બહાર ગઇ ત્યારે ઢીલું મોં કરીને જણાવી દીધું, ''પતિયાળાની મોટી હૉસ્પિટલમાં લઇ જાઓ.''

અત્યાર સુધી મોદન કશું બોલ્યો નહોતો. પરતું પેલા લોકોની પતિયાળા લઇ જવાની વિચારણાની ખબર પડતાં જ એણે ખિજાઇને કડક અવાજમાં કહ્યું,''મારી માટીને ઠેરઠેર અભડાવવાની કંઇ જરૂર નથી. હું ગામ જઇશ.''

આ બંનેએ એને ઘણું સમજાવ્યો, પરતું પોતાના જિદ્દી મોટા કાકાની જેમ જે જીદ એણે પકડી , તે પૂરી કરીનેજ રહ્યો. ગામમાં આવતાં જ એમને પ્રતીતિ થઇ કે પતિયાળા લઇ જઇને તેઓ સાચેજ એની માટીને અભડાવત. કોણ જાણે કુદરતનું શું કરવું તે હાટથી ગામ સુધી આવતાં આવતાં મોદનની હાલત એકદમ બગડી ગઇ. ગાડામાંથી ખાટલો પણ એ લોકોએ ઊંચકીને નીચે ઉતાર્યો, તે ઊઠી શકયો નહોતો.

હરકોરને બધી વાતની ખબર પડી ત્યારે તેનું દિલ કાબૂમાં ન રહ્યું કાકી નિહાલી ખબર કાઢવા આવી ત્યારે એ પણ મોદનની હાલત'જોઇને હીબકાં ભરવા લાગી.

"લો, હવે એ ઉપરવાળાની આગળ ભલા કોઇનું જોર ચાલે છે ? દાકતરોએ પણ પોતાનું બધું જોર અજમાવી જોયું છે.... જયારે દહાડા માઠા આવે છે ત્યારે બહેન હરકોર તે કોઇને પૂછીને નથી આવતાં. ખેર , હવે શું કરવું ? ..."

પરંતુ એ વખતે એણે પોતાનો ભાવ બદલ્યો અને ઢીલા અવાજમાં સાંત્વન દેતી બોલી, "ના ! પણ 'એને'બધા ઢંગ આવડે છે. જો ભાગ્યમાં લાંબી આવરદા લખી હોયતો બધી મદદ આવી પહોંચે છે. અને તું શું લોકોના દરવાજા આગળ કામણટૂમણ કરતી રહી છે કે ભગવાન તારી કનેથી આ રીતે બદલો લે ? બધું સારુ થઇ જશે. માંદગી શું આવતી નથી ? -લોકોના હાથપગ એકદમ કપાઇ જાય છે તે ફરીથી આભસમા થઇ જાય છે, તો આતો કશું નથી. ભગવાન , દીનદયાળું સાંભળશે... અલી, એને ઘેર શું અંધેર છે ? હેં? "

પરંતુ હરકોરની ઉદાસી અને મોદનની હાલતે પલવારમાં જ એનો ભાવ બદલી નાંખ્યો. લાગણીવશ અવાજમાં તે બોલી, "હરકોર, ભગવાન કેટલાક લોકોને આમ એવું લખીને આપી દેતો હોય છે ને ! ... બસ, તે એમ સમજોને કે 'એય બંદા ! તું આખા જન્મમાં સુખનો શ્વાસ નહીં લઇ શકે...' લે, હવે તું જ કહે. તેં દીકરાઓનું શું સુખ જોયું છે ? પહેલાં બધા જ નાના હતા. જયારે એ બહુ કમાતા થયા ત્યારે તે પોતે જ ચાલ્યા ગયા. પછી ચાલો,આશા હતી કે આ બધું સંભાળીલેશે. પણ તે પોતે જ એવા અવળા ચક્કરમાં આવી ગયો કે ભાઇ, બાર વર્ષની જેલની સજા વેઠવાની થઇ. પછી તેં એમને કેવી સ્થિતિમાં ઉછેર્યા, પરણાવ્યા ! પરંતુ જયારે સુખ આવવાનો વખત હતો ત્યારે પરાઇ કન્યાઓ આવીને પાકી રીતે પગદંડો જમાવીને બેસી ગઇ. એણે પણ તને હવે ધોખામાં નાખી દીધી. લે, છે ને બધું અહીં ડાહ્યામાં નહીં ને ગાંડામાં - એના જેવું ? મેં શું આ બધું થતું મારી આંખો આગળ દેખ્યું નથી ? તેં પણ અવતાર વેઠ્યો છે, નરક ભોગવ્યું છે ...... "

ક્ષણવાર મૂંગી રહીને નિહાલીએ પછી લાંબો નિસાસો નાખ્યો અને માથું હલાવતાં બોલી, " આ એક હતો, જેના પર તું શરૂઆતથી મદાર બાંધીને બેઠેલી. દરેક વખતે આ જ કહેતી'તી, 'મને તો મારો મોદન સુખ આપશે' - અને ન શું આપતો ? પરંતુ આ કિસ્મતના ખેલની કોને ખબર હતી ? આવું કોણ જાણતું હતું કે આ ત્રણ ભાઇઓમાં બાર ભૈયા ને તેર ચોકા જેવું થશે ?.... બાકી આણે તો કશું ઢીલું મૂક્યું નહોતું. જેવું બન્યું તેવું ઘર પણ વસાવી લીધું. ચલો, સારી હતી કે નહીં તે એ જાણે, પણ તને બેસોડીને રોટી તો આપતી'તી ને ! અને બહેન, બાકી રહી તેના સારા હોવાની વાત. જૂઠું કેવી રીતે કહેવાય ? ઘણી સારી હતી ! એની તો પૂંઠ સાંભરે છે, કદી મોઢામાંથી ખોટું વેણ નીકળ્યું સાંભળ્યું નથી. વહુ-બેટીની આથી બીજી શું ફરજ હોય છે ?.... પરંતુ નસીબના લેખ લખનાર આગળ કોઇનું કશું ચાલતું નથી. કોઇ શું કરે, હરકોર ? જો ઇશ્વરે નસીબમાં બે રુડા અક્ષર ન પાડ્યા હોય તો પછી ઊઘડે ક્યાંથી ? તું એ મને કહે."

હરકોર શું કહે ? એણે તો આખી જિંદગી કોઇનું ભૂંડું નહોતું વિચાર્યું; મોઢેથી ખરેખર એક પણ ભૂંડો શબ્દ બોલી નહોતી. આમ છતાં પણ ઇશ્વરે જો એના ભાગ્યમાં કોઇ સુખ નહીં લખ્યું તો આ દોષ એ કોને માથે ચઢાવે ?

અને તે આખી રાત હરકોરે જાગતી આંખે પસાર કરી. એક પગ આ બાજુની કોટડીમાં હતો તો બીજો પગ પેલી બાજુની કોટડીમાં. જ્યારે પાંચ-સાત વાર આવતી કરી ત્યારે છોટુએ તંગ આવી જઇને ધમકાવી, ''મા, તું આરામથી સૂઇ શકતી નથી ? - અને જરૂરત પડયે તું શું ભાઇને સાજી કરી દેવાની છે ટીલું તાણીને ?''

મૂંગી મૂંગી સજળ આંખોએ તે એકલી પોતાના ખાટલા પર જઇને પડી અને ઉદ્વેગમાં પડેલું મન ફરીથી ઊઠવાની હિંમત ન કરી શકયું.

હરકોર ને કદી કોઇના પર એટલો ગુસ્સો નહોતો આવ્યો કે એનો એકઠો થયેલો ભાર ક્યાંક કાઢવા વારો આવે. આખી જિંદગી મનની વાતો મનમાં જ ભંડારીને બસ એક મૌન ધારણ કરીને રહી હતી.'પરંતુ આ મૌનની કોઇએ કદર કરી ? મારું હૈયું પણ કોઇએ ફંફોસીને દેખ્યું...?' આ વિચાર આવતાં એને લાગ્યું કે પોતે આ ધરતી પર વિ-દેહ થઇને જીવી રહી છે. એનો ક્યાંય પણ ભાર પડતો દેખાતો નથી; નહીં ઘરમાં, નહીં બહાર. પરંતુ આમ છતાં આ વાતનો અફસોસ નહીં થયો. હાલ પણ એનો આત્મા વારંવાર મૌનમાં કહેતો રહેતો હતો,'બધું જ છે, મારો મોદન બેઠો થઇ જાય તો. એનું ઘર રૂડી રીતે વસેલું રહે. હું તો પાકું પાન ગણાઉં. આજે નહીં તો કાલે આંખો મીંચાઇ જશે. આ બધા સુખી દેખાતા રહ્યા છે. હું મારી મેળે જ સુખી રહીશ... સુખ બીજું શું હોય છે ?'

પરંતુ મન સ્વયં પછી ઊલટી દિશામાં વહેવા લાગતું તો બીજા જ પ્રકારની વાતો સૂઝવા લાગતી હતી. અંદરથી'કોઇ બીજું' જાણે એને આ કહેતું સામે નજર ચઢતું હતું,'હરકોર જો દુનિયા આશીર્વાદોથી સુખી થઇ જતી હોય તો મુઠ્ઠીભર લોટ માટે ભિખારી જેટલા આશીર્વાદ આપે છે તેટલાથી તો માણસ સાત ભવ સુધી કયું સ્વર્ગ ન ભોગવી શકે ?...' પરંતુ ખબર નથી પડતી,'તે' કઇ વાતો પર પ્રસન્ન છે.... કંઇ ખબર પડે છે એની લીલાની... ?' અને 'તે' જાણે માણસને દુ:ખ ભોગવતો જોઇને જ ખુશ છે- હરકોરને આ વાત પર વિશ્ર્વાસ બંધાઇ ગયો હતો એમ લાગતું હતું; નહીંતર મોદન જેવા દીકરાને 'એણે' શા માટે આ રીતે પીડામાં ધકેલ્યો હતો ?....

સવારે ઊઠીને જયારે મન ઝાલ્યું ન રહ્યું ત્યારે તે મોદનના ખાટલા પાસે જઇને ઊભી રહી. સંયોગવશાત્ છોટુ અને રુલદૂ બંને બહાર ગયા હતા. મોઢા પરથી રજાઇ ખસેડીને તેણે પૂછ્યું,''બેટા, હવે કેવી તબિયત છે તારી ? કયાં પીડા થાય છે ?''

મોદન મહાપ્રયત્ને આંખો ઉઘાડી અને પીડાથી અણુએ અણુ વીંધાયેલા ચહેરાને શાંત પીસીને સંયત કરી તે અપરિચિત જેવા અવાજમાં મુશ્કેલીથી બોલ્યો,''ઠીક છે.''

''હાય, હું તો ડૂબી ગઇ''હરકોરના હૃદયમાંથી હાય નીકળી ગઇ,'હવે

મને મા પણ નથી કહેતો !' પરંતુ બીજી જ ક્ષણે એ માંહ્યલાએ ટપારી,'ના ! મારો મોદન એવો નથી.'

પીડાથી બિલકુલ અશક્ત થઇ ગયો છે. એનાથી જો બોલાતું હોત, તો પછી તો...!''

ઝૂકીને એક હાથ ઘૂંટણો પર રાખીને બીજો હાથ બારણાના ચોકઠા અને ભીંતનો ટેકો લઇને ચૂલાની પાસે આવી તો ધ્રુજારીથી એનું સમગ્ર શરીર સ્તબ્ધ થઇ ગયું. ઝાકળથી ભીનાં લાકડાં ચીરીને ચૂલામાં નાખ્યાં તો લાખ પ્રયત્નેય અંદર દેવતા સળગ્યો નહીં. ધુમાડો થવાથી આંખોમાં પાણી ભરાઇ આવ્યું. પરંતુ એણે પાણી મૂક્યું એટલામાં તો છોટુ અંદરવાળા ઘેરથી ચા લઇને આવી ગયો. એણે આવતાં જ પછી માને ધમકાવી,''મા, તને કેટલીવાર કહ્યું કે આરામથી બેસી જા ! જરૂર બે ખાટલા જોડાજોડ નખાવવાની છે !''

સળગતા દેવતાને એ રીતે જ છોડી દઇને તે અંદર જઇને બેઠી.

દિવસ આથમતાં નીચી નજરે સજ્જન અંદર આવ્યો. એને આવતો જોઇને રુલદૂ બહાર નીકળી ગયો. તે મૂંગો મૂંગો આવીને બીજા ખાટલા પર બેસી ગયો. મોદને એક વાર આંખો ખોલીને એની તરફ જોયું. પછી મુશ્કેલીથી પડખું બદલીને એણે મોં દીવાલ તરફ ફેરવી લીધું.

''ભાઇ, હું તારી કને માફી માગવા આવ્યો છું.'' સજ્જને લાગણીવશ અવાજમાં બીજા ખાટલા પર બેઠાં બેઠાં કહ્યું.

મોદને ફરીથી પડખું બદલ્યું. વગર જોયે જ સજ્જનનો ચહેરો એને અત્યંત ધૃણાસ્પદ લાગ્યો. અને એને એવું લાગ્યું કે સજ્જને પોતાના અવાજને જાણીકરીને ભારે કરી દીધો છે. પરંતુ પછી આપો આપ જ અંતરમાંથી એક ઊર્મિ ઊઠી અને મન ભરાઇ આવ્યું.''જે થઇ ગયું તે ઠીક છે, સજ્જન !' મોહને ઘણી મુશ્કેલીએ કહ્યું,'મારા તરફથી તો તને માફી જ છે, પણ તેં સારું નહીં કર્યું...''

સજ્જન બહુવાર સુધી માથું નમાવીને બેઠો બેઠો આંખો લૂછતો રહ્યો; પછી ઊઠીને મા પાસે ગયો. તે બીજી કોઇ વાત કરી ન શક્યો; ન મોદનની સામે બેસી શક્યો.

એ રાત બહુ મુસીબતે પસાર થઇ. આખી રાત રુલદૂ અને છોટુ જાગતા રહ્યા. પછીનો દિવસ પણ એ રીતે વીત્યો, અને પછી લાંબી રાત આવી.

પરંતુ દિવસ ડૂબતી વેળાએ સૂરજનું અજવાળું હજી થોડું થોડું દેખાતું હતું ત્યારે રુલદૂએ એક અલૌકિક બાબત જોઇ. એને એવું લાગ્યું કે જાણે ખરેખર કોઇ બીજા જન્મની, અથવા 'પરીઓના દેશ'ની અથવા કોઇ સ્વર્ગની વાત છે. તે બહાર, ટેકરાવાળા બાવળની પાસે, મોદનના ખાટલા તળે રાખવામાં આવતું વાસણ માંજવા માટે આવ્યો કે દૂર ગિયાલના ખેતરોમાં થઇને એક સ્ત્રી આવતી જોઇ. તે આશ્ચર્યચકિત

થઇને એ જગાએ ઊભો ઊભો દેખતો જ રહી ગયો. સ્ત્રીએ વધારે નજીક આવીને ઘૂમટો કાઢી નાખ્યો. રુલદૂના તો હોશ જાણે ઊડી ગયા.

"મજામાં છો ને !" સ્ત્રીએ નજીક આવીને, મોઢું જરા બીજી બાજુ રાખતાં, હાંફ ભર્યા અવાજમાં પૂછ્યું. રુલદૂની આંખો સામે તારા જાણે નાચવા લાગ્યા અને જાણે એને વાત બરોબર ન સમજાઇ હોય એમ, તે એને વિસ્ફારિત આંખોએ જોતો રહ્યો.

પરંતુ ખબર નહીં, એના કદ-કલેવરથી અથવા અવાજથી અથવા એવી જ ભીતરની કોઇ ભાવનાથી પ્રેરાઇને હોય, એણે ઉતાવળા થઇને પૂછી દીધું, "કોણ છે ? દાનકોર છે શું ?"

"હા જી." પરંતુ આ વખતે એનો રણકતો અવાજ કંઇક લાગણી ભર્યો થઇ ગયો.

"તું આ વખતે ?"

"તો પછી, દુઃખ ભોગવાને બીજો કયો વખત હોય છે ?" અને ઘૂંઘટ તળેથી વાળને સરખા કરતી તે કંઇક રોકાઇને બોલી,"બીજું બધું ઠીક છે ને ?"

રુલદૂના શરીરમાં જાણે શક્તિ નહીં રહી. એને માથું ઢાળીને ચૂપ ઊભેલો જોઇને દાનીએ થોડો ઘૂમટો ખસેડી એની તરફ જોયું, પરંતુ બાવળની છાયાને કારણે રુલદૂનો ઊતરી ગયેલો ચહેરો દેખવા પામી નહીં.

"કેમ, ચુપ થઇ ગયા ?"

દાનીના અવાજમાં આ વખતે ઊંડી ચિંતામાંથી પ્રગટેલી ઊર્મિઓનો કંપ સ્પષ્ટપણે વરતાઇ રહ્યો હતો, જેના આંતરિક વેગે રુલદૂના પગને પૂરેપૂરા ડગમગાવી દીધા.

"બહુ કવખતે આવી ઓ દાનકોર...." આ શબ્દ બોલતાં જ એનો પણ અવાજ ભરાઇ આવ્યો અને નજરો ઢાળીને ઝડપી પગલે તે એની આગળ આગળ એ રીતે ચાલવા લાગ્યો કે જાણે એ દાનકોરની સામે થોભતાં ડરતો ન હોય !

જે દાની સો ગાઉનો રસ્તો કાપીને, 'સાત સમુંદર' ઓળંગીને પોતાના ઘરના બારણા આગળ આવીને ઊભી હતી તેને માટે અત્યારે ઉંબર ઓળંગવો પહાડ જેવો થઇ ગયો હતો. પરંતુ આ સાગર પાર કરીને જ્યારે અંદર આવી ત્યારે મોદનને જોતાં જ એના હોશકોશ ઊડી ગયા.

"દાની આવી છે મોદન...." ખાટલા નીચે વાસણ મૂકતાં રુલદૂએ પૂર્વવત્ લાગણીવશ અવાજમાં કહ્યું અને પૂંઠ ફેરવીને, પાઘડીના છેડાથી આંખ ચોળતો એ જ પગલે કોટડીની બહાર ચાલ્યો ગયો.

દાનીએ સંધ્યાકાળના અંધારામાં ભયભીત આંખોએ સ્થિર નજર રાખીને મોદનના ચીમળાયેલા ચહેરા તરફ જોયું. પરંતુ લથડતે પગે ખાટલાની ઇંસ પર બેસતી

વખતે એને મોદનના રુક્ષ-શુષ્ક હોઠો પર થરકતા સ્મિતનો ભ્રમ પણ થયો, અને એ હોઠોમાંથી મંદ અવાજ નીકળતો સાંભળ્યો,''તું.... આવી...ગઇ...!''

અવાજ સાંભળીને ક્ષણવાર માટે તો દાની પથ્થરની થઇ ગઇ હોય એ રીતે બેઠેલી રહી; પરંતુ પછી હીબકાં ભરતાં મોદનની છાતી પર માથું ઢીળી દીધું. જ્યારે પોતાનું લોહી અશ્રુરૂપે આંખોથી વહાવવા લાગી ત્યારે મોદનની છાતીની ઊપસી આવેલી પાંસળીઓને પણ અંદરથી આર્દ્ર કરી દીધી... મોદનનો સુકાઇને લાકડી જેવો થઇ ગયેલો હાથ એક વાર પોતાની ડોક અને પીઠ પર સરકતો પ્રતીત થયો. પછી બીજી ક્ષણે નિર્બળ થઇને એક બાજુ ઢળી પડયો.

કોણ જાણે કેટલા વખત પછી જ્યારે ભારે બની ગયેલી આંખોવાળો, હળદર જેવો પીળો ચહેરો અદ્ધર કરીને તે મોદનના 'ચહેરા' ને જોવાને માટે નમી તો કશું જ ન દેખાયું હજુ સુધી કોઇએ દીવો પણ સળગાવ્યો નહોતો. દાનીનો ચહેરો ફરીથી મોદનની છાતી સાથે ટકરાયો.

''ખબર નથી, કઇ રીતે ભૂલમાં આ 'ઘર' બનાવી દીધું હતું ? વંધ્યાથી આ પણ સહન નહીં થયું. માણસખાઉ દુનિયાથી યે આ દેખ્યું ગયું નહીં. મેં કોઇનું શું બગાડ્યું હતું ?'' આક્રંદ કરતી દાની વેદનાથી વીંધાયેલી પોતાના જીવતરની પીડા એ રીતે આંખોથી વહાવતી રહી; પરંતુ મોદને જે એકવાર હોઠ અને આંખ બંધ કરી દીધાં તે ફરીથી ખોલ્યાં નહીં.

સવારે જ્યારે મોદનને ભોંય પર ઉતાર્યો ત્યારે રુલદૂએ હીબકાં ભરતાં આર્દ્ર અવાજમાં કહ્યું,''દાનકોર, આ તો આટલા દિવસથી તારી જ રાહ જોયા કરતો હતો, જાણે....''

પહેલી રાતે રુલદૂ અને છોટુએ દાનીને બધી વાત સમજાવી દીધી હતી: ''જે થવાનું હતું તે થઇ ગયું, હવે તું તારું પોતાનું ઘર ન ગુમાવી બેસતી.'' અને દાની પણ સમજી ગઇ. એ લોકોએ આખી રાત હરકોરને આ બાજુની કોટડીમાં આવવા દીધી નહોતી. રુલદૂએ હરકોરને દાનીના આવ્યાની જાણ પણ થવા દીધી નહોતી; પરંતુ 'અંતકાળે'ન કોઇનાથી સાચવી શકાયું, ન કોઇને સાચવી શકાયું.

''જો આ કરવું હતું તો દુશ્મન, ચાર દિવસની માયા શા માટે લગાડી હતી ? ઓ ભગવાન...!'' જ્યારે દાનીએ હીબકાં લેતાં, છાતી કૂટતાં, ઠુઠવો મૂક્યો ત્યારે આંખો લૂછતા રુલદૂને ભાન આવ્યું. એણે કંઇક લાગણીભર્યા આર્દ્ર અવાજમાં દાનીને ઉપાલંભ આપ્યો,''છે આ બૈરાંની અક્કલ !... ઊઠ, ઊઠ ! સમજુ બન !''

રુલદૂએ એને બાળકની જેમ ઉઠાડીને સાથે લીધી અને હરકોરને ખબર પડે તે પહેલાં એને આંગણાની બહાર લઇ આવ્યો.

બહાર હજુ થોડું અંધારું હતું. આગળ ચાલતાં તે સ્વગત બોલતો જતો હતો,

''ગાંડી, જો આવી રીતે ધરતી ફાટીને જગા દેવા લાગે તો પછી દુઃખ કોણ ભોગવે ?.... કહે છે ને, *'માગી પોત મિલે દરગાહ સે તો દુખિયા કાહે જીવે ?'** કોઇના હાથમાં કશુંય છે ? પછી શું થઇ શકે ?''

પરંતુ બાવળની પાસે, રાતવાળી જગા પર આવીને પલવાર માટે મૌન રહ્યા પછી દાનીને આશ્વાસન આપતાં તે બોલ્યો,

''હવે તું આના અંશને સાચવજે, હાં ?... જ્યારે છોકરી કંઇક મોટી થશે ત્યારે અમે તેડવા આવીશું. એને અમારી અનામત જ સમજજે. હવે તો એની એ જ એક નિશાની રહી ગઇ છે...! કોઇ વાંધો નહીં. ક્યારેક ક્યારેક હું આંટો મારતો રહીશ... જરૂર-જરૂર. દિલગીર નહીં થતી....!''

દાની થોડીવાર ત્યાં ઊભી રહી. રાતની જેમ ઘૂંઘટ તળેના વાળ પાછળ લેતી, આંખોમાં ખૂંચતી કણીને દુપટ્ટાના બીજા છેડાથી સાફ કરતી તે ટેકરા પરથી નીચે ઊતરી પડી. રુલદૂએ એને જતી જોવાને માથું ઊંચું કર્યું તો એનું પાતળું શરીર હવાની થપાટ ઝીલતા તણખલા જેવું નજરે ચઢ્યું; અને તે ડરી ગયો. પછી ઘરડાઓની જેમ પીઠ પાછળ હાથ રાખીને, અચાનક મોટા ડગલે જઇને દાનીને મળ્યો.

''ખરેખર, દાનકોર, તું હવે જશે ક્યાં ?'' લાગણીવશ અવાજમાં એની પાસે જઇને એણે પૂછ્યું.

દાની કેડી પરથી સહેજ ખસીને ઊભી રહી ગઇ. પલવાર કંપતા હાથે ઘૂમટાને સરખો કરતી રહી; પછી પહેલાંની જેમ જ, દુપટ્ટાના છેડાથી આંખો ચોળતાં, અનોખા અવાજમાં બોલી,

''આંધીમાં ઊડતા તણખલાનું પણ કોઇ ઠેકાણું હોય છે ખરું...?'' અને અનાયાસ તેનું રુદન ઊછળી પડ્યું.

રુલદૂનો કંઠ પણ રૂંધાઇ ગયો. મન પણ એટલું બેકાબૂ થઇ ગયું હતું કે એ ઘડી તે જલદી પૂઠ ફેરવીને પાછો વળ્યો અને બાવળની પાસે આવી ક્યાંક સુધી ફાટી-ફાટી આંખોએ તે આમતેમ જોતો રહ્યો. પાછળ ફરીને જોવાની હિંમત એનામાં રહી નહોતી.

અચાનક એને જમણી તરફ આકાશ ભઠ્ઠીમાંની તપતી જાળી જેવું લાલચોળ પ્રતીત થયું. કદાચ મળસકું થઇ રહ્યું હતું. પરંતુ આટલી લાલી ? આ લાલીથી ઉપર ફાટેલ ગોદડા જેવું આખું વાદળ તાજા વહેતા લોહી જેવું દેખાઇ રહ્યું હતું. ડરીને રુલદૂએ ડાબી તરફ ફરીને દૂર નજર દોડાવી, પરંતુ દાની દેખાઇ નહીં. બે એક-વાર આંખો પલકાવી તો જાણે તે કાનાની સૂકી બોરડી પાસેથી જઇ રહી હોવાનો ભ્રમ તેને થયો. આંખો પર હાથ રાખી ધ્યાનથી જોયું તો તે દેખી શકાઇ. પછીની ક્ષણે એને જાણે ભ્રમ થઇ ગયો કે પોતે ધર્મરાજના દરબારમાં ઊભો છે... બોરડીની ઉપર કપાયેલી

* માગ્યું મોત જો દરગાહ પાસેથી મળે તો દુખિયો શું કરવા જીવે ?

ફરસીના ચમકતા ટુકડા જેવો ચાંદ, ધર્મરાજના લોઢા તથા સોનાના ચહેરાનાં લોખંડી જડબાંને જોવા માટે ઊઘડેલી આંખ જેવો લાગ્યો...

'આ પણ કોઈ ન્યાય છે, સિતમગર...!' ઘૃણાભર્યા અવાજમાં તે સ્વગત બોલી ઊઠયો અને ત્યાં પીઠ ફેરવીને ઠંડી ધૂળ પર બેસી ગયો. એને પોતાના પગ અશક્ત થઈ ગયા હોય એવું લાગ્યું.

હવે એનું મોઢું ગામની તરફ હતું. પહેલાં મોદનના 'નિતાંત એકલા' ઘરનો ખુલ્લો દરવાજો નજરે ચઢયો પછી ખાલી સૂમસામ આંગણ. આખા ઘરમાં અંદર-બહાર અંધારું ભરેલું હતું. ગામનાં ધૂળિયાં મકાનો, છજા અને દરવાજાની તરફ જોયું તો તે બધા અજાણ્યાં-પરાયાં લાગ્યાં. એનું પોતાનું એક ઘર આ ઘરોની પાછળ હતું, જ્યાં એનો એકલવાયો દીકરો નિદ્રામાં પડયો હશે...

લાલી હજી વધારે ચમકી ઊઠી. ઘરોનાં છજાં અલગ અલગ રીતે દેખાવા લાગ્યાં; પરંતુ રુલદૂ માથું હલાવતાં રઘવાટભર્યા અવાજમાં ફરીથી બોલ્યો,'ઊંહું...! બધી બાજુ અંધારું જ અંધારું હતું... કહે છે ને...' 'સજણા બાજ હનેરા.' (પોતાના વિના અંધારું જ અંધારું છે.)

પછીની ક્ષણે તે ઘાસના અગ્નિની જેમ ભભૂકતો ઊઠીને ઊભો થઇ ગયો. ગુસ્સામાં દાંત કચકચાવતાં ચિત્કારી ઊઠયો,''પરંતુ સળેકડાંને આગ લગાડીને જવાના કયાં છે, દુશ્મનો ? બતાવ તો ભલા, આ રીતે જશે કયાં..?''

અને તે ખુલ્લા દરવાજાની તરફ એ રીતે ત્વરિત ડગલાં ભરતો ગયો કે જાણે તે સાચે જ રૂઠીને ચાલ્યા ગયેલા મોદનને પાછો લાવવા માટે જઇ રહ્યો ન હોય !

Laser Typesetting by M/s. Taran Comprint, Ahmedabad - 380015 (Gujarat) and
Printed at Unique Printers, NOIDA (UP)